વાર્ષિક લવાજમ
રૂા. ૧૫૦/-

વર્ષ : ૩૮મું
ઓક્ટોબર : ૨૦૧૩
અંક : ૪૨૫

શ્રી કચ્છી જૈન સેવા સમાજ

# મંગલ મંદિર

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદનું માસિક મુખપત્ર




મુખ્ય કાર્યાલય :-
**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ**
માતુશ્રી સાકરબહેન રવજી મોરારજી લાલન (કોડાય-સુથરીવાળા)
**શ્રી કચ્છી જૈન ભવન**
૪૩-૪૪, બ્રાહ્મણ મિત્રમંડળ સોસાયટી, પાલડી, એલિસબ્રીજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬
ફોન : (079) 2657 8892, 2658 1501, 2657 9469 ફેક્સ : (079) 2658 2060
Email : info@kutchijainahd.org • Website : www.kutchijainahd.org

તંત્રી મંડળ :
અશોક મહેતા - મુખ્ય તંત્રી
મનુભાઈ શાહ
દિનેશચંદ્ર મહેતા

navbharat
sahitya mandir
An Icon of literature

**નવભારત સાહિત્ય મંદિર** પ્રસ્તુત કરે છે ખાસ આપના માટે

# "ગૃહ-પુસ્તકાલય યોજના"

ગાંધીજીએ કહ્યું છે કે ઉત્તમ વાંચન એ આત્માનો ખોરાક છે. આપણા પરિવારને ઉત્તમ વાંચન મળી રહે, ઉત્તમ સંસ્કાર મળી રહે તે જવાબદારી આપણી છે. પ્રત્યેક પરિવાર માટે ઉપયોગી બની રહે તથા પ્રત્યેક ગુજરાતી ઘરને પોતિકું પારિવારિક વાંચન મળી રહે તે માટે નવભારત સાહિત્ય મંદિર રજૂ કરે છે 'ગૃહ-પુસ્તકાલય યોજના'. જેમાં દરેક પરિવારને પોષાય તેવા બજેટમાં અમે ખાસ પુસ્તકોના **'પરિવાર વાંચન સેટ'** તૈયાર કર્યાં છે. આ સેટમાં પરિવારમાં વસતાં તમામ લોકોને ઉપયોગી બની રહે તેવાં પુસ્તકોનો સમાવેશ કરવામાં આવ્યો છે.

આ યોજનામાં અમારી સાથે જોડાઓ અને આપના પરિવારને ઉત્તમ વાંચન આપો, કારણ કે ઉત્તમ વાંચન ક્યારેય એળે જતું નથી. શક્ય છે કે અમે મોકલેલી યાદીમાંથી એકાદ-બે પુસ્તકો આપની પાસે પહેલેથી જ હોય, તો એના માટે નિશ્ચિંત રહો. આપની પાસે જે પુસ્તક હોય તે આ સેટ ખરીદતા પહેલાં અમને જણાવી એ જ કિંમતનું અન્ય પુસ્તક પસંદ કરી શકો છો. આ યોજનામાં જોડાવા અમને સત્વરે પત્ર લખો અથવા રૂ-બ-રૂમાં અમારી નીચેની ઓફિસના સરનામે સંપર્ક સાધો :

**દરેક વ્યક્તિને ઉપયોગી વાંચન**

- બાળકોને ઉપયોગી પુસ્તકો
- પરિવારનાં વડીલોને ઉપયોગી પુસ્તકો
- પરિવારનાં ગૃહસ્થને ઉપયોગી પુસ્તકો
- પરિવારનાં ગૃહિણીઓને ઉપયોગી પુસ્તકો
- પરિવારનાં વિદ્યાર્થીઓને ઉપયોગી પુસ્તકો
- ગુજરાતી ભાષાનાં ચિરંજીવી પ્રશિષ્ટ પુસ્તકો

એક જ સેટમાં આખા પરિવારને ઉપયોગી પુસ્તકો એક સાથે તમને મળી રહેશે. એ પણ ખાસ ડિસ્કાઉન્ટ સાથે. દરેક પરિવારને પોષાય તે માટે અમે ખાસ સ્કીમ તૈયાર કરી છે. જેમાં તમને મળશે,

- માત્ર ૧૦૦૦/- રૂ.માં ૧૨૫૦/- રૂ.નાં પુસ્તકો
- માત્ર ૩૦૦૦/- રૂ.માં ૪૦૦૦/- રૂ.નાં પુસ્તકો
- માત્ર ૫૦૦૦/- રૂ. માં ૬૫૦૦/- રૂ.નાં પુસ્તકો

**નવભારત સાહિત્ય મંદિર**
૨૦૨, પેલિકન હાઉસ, આશ્રમરોડ, અમદાવાદ
ફોન : (૦૭૯) ૨૬૫૮૦૩૬૫, ૨૬૫૮૩૩૮૭
ધરણીધર દેરાસર, ગાંધી રોડ, અમદાવાદ
ફોન : (૦૭૯) ૨૨૧૩૨૯૨૧, ૨૨૧૩૯૨૫૩

**આપ કોઈ પણ પુસ્તક માટે સંપર્ક કરો અમારે ઍ.સી. શો-રૂમની મુલાકાત લો.**

e-mail : info@navbharatonline.com web : www.navbharatonline.com



BHARAT B. GALA NAVINCHANDRA D. DEDHIA

SRE Raju ENTERPRISE

RE-ROLLING / S.S. PATTA - PATTI


179 & 323, Unit-2, G.V.M.M., Odhav, Ahmedabad - 382 415.
Telefax : 2290 0896, 2290 0300 Mob. : 93270 05460, 80006 05460

# Available on HIRE

- Gas Engine Driven Generators
  Range : 50 KVA to 10 Mega Watts
- Gas Engine Driven Gas Compressors
  Range : 10 HP to 8000 HP
- Oil & Gas Processing Equipments Readily Available
- Work Over Rig 100 Ton, 50 Ton & 30 Ton Capacity
- 120 kg/cm2 Air Compressors

# We Provide

- Complete equipment Readily Available
- Spare Parts
- Operation & Maintenance
- Engineering Consultancy



**Corporate Office :**

**Deep Industries Limited**

6th Floor, N.G. Tower, Opp. Fun Republic Cinema,
S.G. Highway, Ahmedabad - 380 015.
Tel # 91-79-26862076/78
Fax # 91-79-26862077

**Registered Office :**


**Deep Industries Limited**



Opp. Suryanarayan Bunglows,
State Highway, Motera,
Dist. Gandhinagar.
Phone # 91-79-27571128
Fax # 91-79-27502464
Email info@deepindustries.com

AN ISO 9001 - 2000 COMPANY

# દિવાળીના વૅકેશનમાં પ્રવાસ કરવામાં ડગલે ને પગલે ઉપયોગી પુસ્તકો



## વિદેશ પ્રવાસ

| | | |
|---|---|---|
| મોરેશિયસ અને દુબઈનો પ્રવાસ | સ્વામી સચ્ચિદાનંદ | 70 |
| પૂર્વ યુરોપનો પ્રવાસ | સ્વામી સચ્ચિદાનંદ | 120 |
| ટર્કી અને ઇજિપ્ત | સ્વામી સચ્ચિદાનંદ | 90 |
| રાષ્ટ્રીય તીર્થ આંદામાન | સ્વામી સચ્ચિદાનંદ | 70 |
| સિક્કિમ અને ભુતાનનો પ્રવાસ | સ્વામી સચ્ચિદાનંદ | 60 |
| અમેરિકા એટલે અમેરિકા | વિનોદ ભટ્ટ | 75 |
| યુરોપમાં હરતાં-ફરતાં | પ્રતીક્ષા થાનકી | 180 |
| ચાલતાં ચાલતાં સિંગાપોર | કલ્પના દેસાઈ | 100 |
| યુરોપ-અનુભવ | ભોળાભાઈ પટેલ | 125 |
| સલામ સિડની | ભાનુપ્રસાદ પુરાણી | 90 |

## સ્વદેશ-પ્રવાસ

| | | |
|---|---|---|
| મહાબળેશ્વર | જયંતી ડી. શાહ | 60 |
| નયનરમ્ય નૈનીતાલ | જયંતી ડી. શાહ | 70 |
| લેહ, લદ્દાખ, કારગિલ, કાશ્મીર | સ્વામી સચ્ચિદાનંદ | 40 |
| હિમાલયનાં ચારધામ | સ્વામી સચ્ચિદાનંદ | 35 |
| સ્થાપત્ય અને શૌર્યની ભૂમિ રાજસ્થાન | સ્વામી સચ્ચિદાનંદ | 100 |
| અમરકંટક અને મધ્યપ્રદેશનો મહિમા | સ્વામી સચ્ચિદાનંદ | 50 |
| દેવભૂમિના દ્વારે | કૌશિક પંડ્યા | 250 |
| અમરનાથ યાત્રાનાં સંસ્મરણો | હરીશ ત્રિવેદી | 115 |
| ઉત્તરાખંડ | ચંદ્રસિંહ ઠાકોર | 100 |
| ભારત પ્રવાસદર્શન | કવિતા દાસ | 300 |
| ગુજરાતમાં પ્રવાસન | મહેબૂબ દેસાઈ | 80 |

## ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય

રતનપોળનાકા સામે, ગાંધીમાર્ગ, અમદાવાદ-380001
ફોન : 22144663 ફેક્સ : 22144663
ઇ-મેઇલ : goorjar@yahoo.com

**સંસ્કાર સાહિત્યમંદિર**
5, N.B.C.C. હાઉસ, સહજાનંદ કૉલેજ પાસે,
આંબાવાડી, અમદાવાદ-15
ફોન : 079-26304259

**ગૂર્જર સાહિત્ય પ્રકાશન**
13, શિવરંજની સોસા., ઓવરબ્રિજના છેડે,
અશ્વમેધ બંગલોઝના બસ સ્ટૅન્ડ પાસે,
સેટેલાઇટ, અમદાવાદ-15
ફોન : 26761366 મો. 9825268759

# ROMAN GROUP

## Give Your Society The Best!













- Pest Control
- Water Purifier
- Water Proofing
- Building Facilities
- Silicon Acrylic Paint
- Water Treatment Plant
- Rain Water Harvesting
- Solar Water Heating Systems
- Tank And Ringwell Cleaning
- Property Redevelopment And solutions
- Landscaping And Play Equipment For Gardens

**Roman Group of Companies**
Sant Villa, Road No. 2, Juhu Scheme, Vile Parle (W), Mumbai - 400056
Tel: +91 22 6152 2400 / 6692 6166 / 67 / 68
Email Id: info@romangroup.in
**www.romangroup.in**

# કેર ઈન્સ્ટિટ્યૂટ ઓફ મેડિકલ સાયન્સીઝ

**સંપૂર્ણ સારવાર એક જ સ્થળ પર**

**મલ્ટી-સુપર સ્પેશિયાલીટી ગ્રીન હોસ્પિટલ**


**આપનો વિશ્વાસ...અમારી સારવાર**

**કેર ઇન્સ્ટિટ્યૂટ ઓફ મેડિકલ સાઇન્સીઝ એ અમદાવાદના હાર્દસમા વિસ્તારમાં ૧૫૦ બેડ ધરાવતી અતિ આધુનિક ઉપકરણોથી સજ્જ એક અદ્વિતિય મલ્ટી સ્પેશિયાલીટી હોસ્પિટલ છે.**









## હૃદયની સર્જરી ફક્ત ૩-૪ ઇંચના કાપાથી

**મિનિમલી ઇન્વેઝીવ કાર્ડિયાક સર્જરી (MICS)**




MICS ના અત્યાધુનિક સાધનોથી સુસજ્જ પશ્ચિમ ભારતની પ્રથમ હોસ્પિટલ

આ સૂક્ષ્મ ચીરા સર્જરી (MICS) ના ફાયદા:

ઝડપી રીકવરી ● વહેલા ડીસ્ચાર્જ ● ઓછો દુઃખાવો ● કોસ્મેટીક ફાયદો

**કલાસ ૧૦૦ લેમીનાર એરફ્લો મોડ્યુલર ઓપરેશન થીએટર્સ**

### ૩૦૦૦ થી વધારે હૃદયની સર્જરીનો અનુભવ ધરાવતી કાર્ડિયાક સર્જરી ટીમ

- બાયપાસ સર્જરી
- નબળા અને પહોળા હૃદય માટેની વિશેષ પ્રકારની સર્જરી (SVR)
- વાલ્વ રિપેર અને રિપ્લેસમેન્ટ સર્જરી
- નાના ચેકાવાળી ઓપન હાર્ટ સર્જરી
- પીડિયાટ્રીક કાર્ડિયાક સર્જરી
- થોરાસીક સર્જરી
- મગજ અને હાથ-પગની ધમનીઓની સર્જરી
- હાઇબ્રીડ સર્જરી

### સીમ્સ કાર્ડિયોલોજી ટીમની સિદ્ધિઓ

- ૨૫ વર્ષથી વધારે અનુભવ ધરાવતી ઇન્ટરવેન્શનલ કાર્ડિયોલોજી ટીમ
- ૧૫૦૦૦ થી વધારે એન્જિયોપ્લાસ્ટી અને ૫૦૦૦૦ થી વધારે એન્જીયોગ્રાફીનો અનુભવ
- ઇન્ડિયાની અગ્રણીય ટીમ દ્વારા ૨૪ x ૭ કાર્ડિયોલોજીની સેવાઓ
- પશ્ચિમ ભારતમાં સૌપ્રથમ વાર કાર્ટો-૩ સીસ્ટમ - હૃદયના અનિયમિત ધબકારા ચાલા કરી માટે
- સ્ટેન્ટ/સર્જરીની જરૂર ન હોય ત્યાં દવા, કસરત, યોગ દ્વારા સારવાર
- પ્રથમવાર પીડિયાટ્રીક કાર્ડિયાક ઇન્ટરવેન્શનલ અને સર્જીકલ યુનિટ નિષ્ણાંત ટીમ સાથે

## સીમ્સ કાર્ડિયાક ટીમ

**કાર્ડિયાક સર્જન**

| | |
|---|---|
| ડૉ. ધીરેન શાહ (સંભીયા) | (મો) +૯૧-૯૮૨૫૫ ૭૫૯૩૩ |
| ડૉ. ધવલ નાયક | (મો) +૯૧-૯૦૯૯૧ ૧૧૧૩૩ |

**કાર્ડિયાક એનેસ્થેટીસ્ટ**

| | |
|---|---|
| ડૉ. નિરેન ભાવસાર | (મો) +૯૧-૯૮૭૯૫ ૭૧૯૧૭ |
| ડૉ. હિરેન ધોળકિયા | (મો) +૯૧-૯૫૮૬૩ ૭૫૯૧૮ |

**પીડિયાટ્રીક કાર્ડિયોલોજી**

| | |
|---|---|
| ડૉ. કશ્યપ શેઠ | (મો) +૯૧-૯૯૨૪૬ ૧૨૨૮૮ |
| ડૉ. મિલન ચગ | (મો) +૯૧-૯૮૨૪૦ ૨૨૧૦૭ |

**નીઓનેટોલોજીસ્ટ અને પીડિયાટ્રીક ઇન્ટેન્સીવીસ્ટ**

| | |
|---|---|
| ડૉ. અમિત ચિતલીયા | (મો) +૯૧-૯૦૯૯૯ ૮૭૪૦૦ |

**કાર્ડિયાક ઇલેક્ટ્રોફિઝિયોલોજીસ્ટ**

| | |
|---|---|
| ડૉ. અજય નાઇક | (મો) +૯૧-૯૮૨૫૦ ૮૨૬૬૬ |

**કાર્ડિયોલોજીસ્ટ**

| | |
|---|---|
| ડૉ. અનિશ ચંદારાણા | (મો) +૯૧-૯૮૨૫૦ ૯૬૯૨૨ |
| ડૉ. અજય નાઇક | (મો) +૯૧-૯૮૨૫૦ ૮૨૬૬૬ |
| ડૉ. સત્ય ગુપ્તા | (મો) +૯૧-૯૯૨૫૦ ૪૫૯૮૦ |
| ડૉ. ગુણવંત પટેલ | (મો) +૯૧-૯૮૨૪૦ ૬૧૨૬૬ |
| ડૉ. કેયુર પરીખ | (મો) +૯૧-૯૮૨૫૦ ૨૬૯૯૯ |
| ડૉ. મિલન ચગ | (મો) +૯૧-૯૮૨૪૦ ૨૨૧૦૭ |
| ડૉ. ઊર્મિલ શાહ | (મો) +૯૧-૯૮૨૫૦ ૬૬૯૩૯ |
| ડૉ. હેમાંગ બક્ષી | (મો) +૯૧-૯૮૨૫૦ ૩૦૧૧૧ |
| ડૉ. જોયલ શાહ | (મો) +૯૧-૯૮૨૫૩ ૧૯૬૪૫ |
| ડૉ. રવિ સિંઘવી | (મો) +૯૧-૯૮૨૫૧ ૪૭૭૭૫ |

**CIMS®**

Care Institute of Medical Sciences

સીમ્સ હોસ્પિટલ, શુકન મોલ નજીક, ઓફ સાયન્સ સીટી રોડ, સોલા, અમદાવાદ-૩૮૦૦૬૦.
ફોન :+૯૧-૭૯-૨૭૭૧ ૨૭૭૧-૭૫ (૫ નંબર)
મો : +૯૧-૯૮૨૫૦૬૬૬૬૪, ૯૮૨૫૦૬૬૬૬૮
એપોઇન્ટમેન્ટ માટે ફોન : +૯૧-૭૯-૩૦૧૦ ૧૨૦૦, ૩૦૧૦ ૧૦૦૮
મોબાઇલ: +૯૧-૯૦૯૯૦ ૬૬૫૪૦
ઇમેલ : opd.rec@cims.me વેબ : www.cims.me

**એમ્બ્યુલન્સ અને ઇમરજન્સી :**
**+૯૧-૯૮૨૪૪ ૫૦૦૦૦, ૯૭૨૩૪ ૫૦૦૦૦, ૯૦૯૯૦ ૧૧૨૩૪**

છેલ્લા ૩૮ વર્ષથી દર મહિનાની ૫ તારીખે નિયમિતપણે પોસ્ટ કરવામાં આવતું "શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ"નું મુખપત્ર

**"મંગલ મંદિર"**

**મુખ્ય કાર્યાલય**

**શ્રી કચ્છી જૈન ભવન,**

૪૩-૪૪, શ્રી બ્રાહ્મણ મિત્રમંડળ સોસાયટી,
પાલડી, એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬.
ફોન : (૦૭૯) ૨૬૫૭૮૮૯૨, ૨૬૫૮૧૫૦૧
ફેક્સ : (૦૭૯) ૨૬૫૮૨૦૬૦
ઈ-મેઈલ : kutchi_jainamd@hotmail.com
વેબ-સાઈટ : www.kutchijainahd.org

**તંત્રીમંડળ**

અશોક મહેતા (૯૮૨૫૩ ૨૨૬૮૯) – મુખ્યતંત્રી
મનુભાઈ શાહ (૯૮૨૫૦ ૩૧૫૨૮)
દિનેશચંદ્ર રતિલાલ મહેતા (૯૯૨૪૩ ૪૨૬૨૮)

**વિવિધ વિભાગો**

**વલોવતન**
દિનેશ આર. મહેતા (૯૯૨૪૩ ૪૨૬૨૮)

**સાર સમાચાર**
શાંતિલાલ સંઘવી

**બાલુડેં જ્યું ગાલિયું**
ગુલાબચંદ ધારશી રાંભિયા (૦૭૯-૨૫૪૬૮૧૬૦)

**સુડોકુ અને શબ્દ રમત**
રજનીકાંત પારેખ (૯૮૯૮૦ ૫૩૫૨૧)

## લેખકોને નમ્ર વિનંતી

*'મંગલ મંદિર'માં પ્રગટ કરવા માટે વિપુલ પ્રમાણમાં લેખ સામગ્રી અમને મળતી રહે છે અને એટલે સ્વીકૃત કૃતિઓને પ્રગટ કરવાનું પણ સ્વાભાવિક રીતે વિલંબાય. મંગલ મંદિરના ધોરણને ધ્યાનમાં લઈ, પોતાની રચના મોકલતી વખતે લેખક સ્વવિવેક દાખવે તેવી વિનંતી છે.*

*એક સાથે એકથી વધુ કૃતિઓ ન મોકલવા વિનંતી.*

*ભાષાદોષ અને લાંબા લેખો અસ્વીકાર્ય બનશે તેની નોંધ લેવા વિનંતી. લેખમાં એકની એક વાતનું પુનરાવર્તન (રિપિટેશન) ટાળવું જરૂરી છે. કૃતિની હસ્તપ્રત સ્વચ્છ અને સુવાચ્ય હોવી જોઈએ. આશા છે કે, આ બાબતમાં લેખક મિત્રોનો સહકાર અમને મળી રહેશે.*

*– મુખ્યતંત્રી*

# અનુક્રમણિકા

*લેખ* — *લેખક પાના નં.*

- તંત્રી લેખ :
  સમર્થ નેતાગીરી શું ન કરી શકે? ........ અશોક મહેતા ........ ૯
- આગામી કાર્યક્રમોની એક ઝલક ........ ૧૦
- 'મંગલ મંદિર'નો દીપોત્સવી અંક – સંભારણા વિશેષાંક-૨
  કચ્છનો પાણી પ્રશ્ન ........ ૧૧

*લેખ વિભાગ :*

**કચ્છ**

- કચ્છની મીરાં – જાડેજા કુમારી જેઠીબાઈ
  કચ્છની રસધાર : મણકો-૧૪ ........ દુલેરાય કારાણી ..... ૧૨
- કચ્છમાં જૈન સ્ત્રીઓની સામાજિક પરિસ્થિતિ
  કચ્છમાં જૈન સંસ્કૃતિ – એક દૃષ્ટિપાત : મણકો-૫ ........ ડૉ. નીતા ઠાકર ..... ૧૫

**વિચાર મંથન**

- 'હદ ચાડિયે સજા મેં' ........ ડૉ. ગિરીશ વીછીવોરા ..... ૨૦
- જૈન એકતા – ૨ ........ ડૉ. ધનવંત શાહ ..... ૨૨

**વિચાર વિમર્શ**

- ગિરમીટિયા મજૂર બનશો કે ધરતીનાં છોરુ?
  સંભારણાની સફર : મણકો-૬ ........ ડૉ. સુધા મૂર્તિ (અનુવાદ : સોનલ મોદી) ..... ૨૪

**ધર્મ**

- બૌધ્ધ મતના વિકાસ સામે જૈન મત મર્યાદિત શા માટે? ........ શાંતિલાલ સંઘવી ..... ૨૬

**ઇતિહાસ**

- ઠાકુર કિશોરસિંહ અને રઘુનાથરાય
  ફાંસીના વરરાજાઓ : પ્રકરણ-૮ ........ સ્વામી શ્રી સચ્ચિદાનંદજી ..... ૨૯
- આપણે કેમ હારતા રહ્યા?
  એક સ્થગિત સમાજ : પ્રકરણ-૨ ...... મૂ.લેખક : સુબોધ શાહ, પ્રસ્તુતકર્તા : મુરજી ગડા ..... ૩૦
- શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદનો ઇતિહાસ ..... સંકલન : પ્રતાપ નારાણજી દંડ ..... ૩૫
  પ્રકરણ-૨૨

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના
**"પદાધિકારીશ્રીઓ"**

**મેનેજિંગ ટ્રસ્ટી**
શ્રી અશોકકુમાર સાકરચંદ મહેતા
ઘર : ૩૦૧૫ ૦૦૨૨, મો. ૯૮૨૫૩ ૨૨૬૮૯

**ઉપપ્રમુખ-૧**
શ્રી કાંતિલાલ વેલજી સાવલા
ઘર : ૨૬૫૬૩૩૩૩/૨૬૪૪૯૯૪૪
મો. ૯૮૨૫૦ ૩૬૬૫૧

**ઉપપ્રમુખ-૨**
શ્રી મનુભાઈ ગોવિંદલાલ શાહ
ઘર : ૨૬૪૪ ૬૪૧૩, ઓ. ૨૬૪૦ ૧૧૫૦
મો. ૯૮૨૫૦ ૩૧૫૨૮

**માનદ્ મંત્રી**
શ્રી પ્રતાપ નારાણજી દંડ
ઘર : ૨૬૪૦૫૦૪૭, ઓ. : ૨૬૪૦૧૭૩૫/૪૨
મો. ૯૪૨૬૭ ૨૫૬૧૯

**સહમંત્રી**
શ્રી હસમુખ બાબુભાઈ શાહ (ખાંડવાલા)
ઘર : ૨૬૬૦૩૪૫૮, ઓ. : ૨૬૬૦૫૪૫૩
મો. ૯૮૨૫૦ ૪૦૬૬૬

**ખજાનચી**
શ્રી ચંદ્રકાંત દામજી શાહ (ઘર) ૨૬૬૦૫૨૨૫

**સહ ખજાનચી**
શ્રી રમણિકલાલ કુંવરજી ગોસર
ઘર : ૨૬૬૫૦૨૯૯, મો. ૯૪૨૮૩ ૫૧૩૭૦

**શ્રી કચ્છી વિશ્રામ ગૃહનું સરનામું :**
શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ સંચાલિત
શ્રી ખનિજ વિકાસ નિગમ લિ. પ્રાયોજિત
શ્રી કચ્છી વિશ્રામ ગૃહ
અરિહંતનગર દેરાસરની સામે,
ગાંધી વિદ્યાલયની ગલીમાં, રચના સ્કૂલની પાછળ,
રાજસ્થાન હોસ્પિટલ પાસે, શાહીબાગ,
અમદાવાદ-૩૮૦ ૦૦૪. ફોન : ૦૭૯-૨૨૮૮૪૫૪૭

**સેવા ભવનનું સરનામુ :**
શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ સંચાલિત
માતુશ્રી કંકુબહેન કાનજીભાઈ રવજી (નાની ખાખરવાલા) સેવા ભવન, એસ. ટી સ્ટેન્ડ પાસે, સત્કાર ગેસ્ટ હાઉસની સામે, રૂગનાથપુરા, અમદાવાદ-૩૮૦ ૦૨૨.
ફોન : ૦૭૯-૨૫૪૬૧૨૭૦

*અંકમાં પ્રસિધ્ધ થયેલ લેખો તથા અન્ય વિભાગની માહિતીઓ સાથે તંત્રીમંડળ સહમત છે તેમ માની લેવું જરૂરી નથી. રજૂ થયેલ વિચારો જે તે વ્યક્તિના હોય છે, જેની નોંધ લેવા વિનંતી.*

## વાર્તા

● સીમારેખા .......................... ડૉ. ચંદ્રકાંત મહેતા, પૂર્વ ઉપકુલપતિ, ગુજરાત યુનિવર્સિટી..... ૩૭
● કોને શું કહું? .......... ડૉ. ઊર્મિલા શાહ..... ૩૮

## તંદુરસ્તી

● "હું ફાઈનલ પરીક્ષા નહીં આપી શકું" .................ડૉ. મણિલાલ ગડા, ડૉ. દીપ્તિ શાહ (ગડા) ...... ૪૦

## કૃષિ

● સજીવ ખેતી અને ગાય આધારિત ખેતીના વિચારક - પ્રચારક :
શ્રી ચીનુભાઈ પટેલ .......... કિરણ ચાંપાનેરી 'સેતુ'..... ૪૨

## હળવાશની ક્ષણોમાં

● બાલુડેં જ્યું ગાલિયું ..........સંકલન : ગુલાબચંદ ધારશી રાંભિયા..... ૪૫

## નિયમિત વિભાગો

● આંજો કાગર .......... ૪૬
● અન્ય સંસ્થાઓના સમાચાર .......... ૪૮
● 'મંગલ મંદિર' – પ્રાપ્ત થયેલાં લવાજમ .......... ૫૦
● સાર સમાચાર .......... સંકલન : શાંતિલાલ સંઘવી..... ૫૧
● જાણવા જેવું .......... સંકલન : રજનીકાંત પારેખ..... ૫૨
● શબ્દ રમત-૮૭ .......... સંકલન : રજનીકાંત પારેખ..... ૫૩
● સુડોકુ – ૧૦૪૩ .......... સંકલન : રજનીકાંત પારેખ..... ૫૫
● જાણવા જેવું – ૨ .......... સંકલન : મગનલાલ સંઘવી..... ૫૬
● વલોવતન .......... સંકલન : દિનેશ આર. મહેતા..... ૫૭
● સમાજ દર્પણ .......... ૫૯
● સંસ્થા સમાચાર .......... ૬૧
● તબીબી સારવાર યોજના ફોર્મ .......... ૭૧
● ઉજવો દીપોત્સવી ઉમંગભેર – ૨૦૧૩ : ઓર્ડર ફોર્મ .......... ૭૩
● શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદનો માસિક અહેવાલ .......... ૮૨
● ઊડતી નજરે .......... ૮૬

Printed & Published by : **Mr. Ashok Mehta,** For **Shri Kutchhi Jain Seva Samaj - Ahmedabad**. Printed at **Vinayak Offset,** Dudheshwar, Ahmedabad. Published at **Shri Kutchhi Jain Seva Samaj – Ahmedabad,** 43/44, Brahman Mitra Mandal Soc., Opp. Navchetan High School, Paldi, Ellisbridge, Ahmedabad-380 006. Editor : **Mr. Ashok Mehta ● Yearly Subscription : Rs.150/-**

# તંત્રી લેખ

## સમર્થ નેતાગીરી શું ન કરી શકે?

*– અશોક મહેતા*

ભારતનું અત્યારનું રાજકીય જાહેરજીવન મૂલ્યતાની રીતે ગણીએ તો છેક તળિયે પહોંચી ગયેલ છે. કોંગ્રેસની સરકાર હોય, ભાજપની સરકાર હોય કે અન્ય કોઈ પ્રાદેશિક પક્ષની સરકાર હોય, મૂલ્યતાની રીતે તો બધા જ નીચે ઉતરી ગયેલ છે. પરંતુ ત્યાં પહોંચ્યા પછી કોઈને પણ કોઈ પણ બાબતે ક્ષોભ નથી. ડાઘી પ્રધાનો, કે જેઓને ભ્રષ્ટાચાર બાબતે, ખૂના મરકી બાબતે, મારફાડ બાબતે કે બળાત્કાર બાબતે કોર્ટે સજા ફરમાવેલ હોય તે છતાં પદ પરથી રાજીનામુ આપવાનું તો બાજુએ રહ્યું, પરંતુ તેમ છતાં તેમના મુખિયાઓ તેમને નવી નવી જવાબદારી તો સોંપતા જાય છે પરંતુ વિશેષપણે સત્તા પણ સોંપતા હિચકિચાટ અનુભવતા નથી. આ પરિસ્થિતિમાં આ પ્રશ્ને બખાડો કરવો તે પણ હવે તો જનતાને અવ્યવહારૂ લાગવા માંડેલ છે.

દિલ્હીના કોંગ્રેસ સરકારના બોફોર્સ પ્રકરણ, કોમનવેલ્થ ગેઈમ્સ પ્રકરણ, ૨-જી સ્પેક્ટ્રમ, ૩-જી સ્પેક્ટ્રમ, કેગનો અહેવાલ, કૉલ પ્રકરણ વગેરે એક પછી એક કૌભાંડોની લાઈન લાગી હોવા છતાં, ખરીદેલી બહુમતીના આધારે સત્તા ચલાવવામાં કોઈ અડચણ પડતી નથી. લાલુનો ઘાસચારા પ્રકરણ ગાજી ગાજીને થાકી ગયા બાદ એક તરફ ઠંડોગાર થઈને પડી રહેલ છે. માયાદેવીએ પૂતળા પ્રકરણ તથા અન્ય અનેક કૌભાંડોથી હાહાકાર મચાવી દીધેલ હતો. ઉત્તર પ્રદેશની સપા સરકારના મુલાયમસિંહની વાત પણ કૌભાંડોથી ભરેલી છે. ગુજરાત, આંધ્રપ્રદેશ, તામિલનાડુ એમ કેટકેટલી સરકારના કૌભાંડોની વાત કરીએ. કોઈને પણ લાજ શરમનો છોછ નથી.

સાથે સાથે એકથી એક લીડર નિર્માલ્ય પુરવાર થતા જાય છે. અમેરિકા, ચીન, પાકિસ્તાન, અરે બાંગ્લાદેશ કે શ્રીલંકા સામે પણ આપણી સરકાર ઘૂંટણિયે પડતી ભાસ આવે છે. આ નિર્માલ્ય સરકારો આવતીકાલે આ દેશને ક્યાં લઈ જશે? આઝાદી વખતે ચર્ચિલે કહેલું કે ભારતની પ્રજા આઝાદીને લાયક નથી તે શું અક્ષરસહ સાબિત તો નથી થઈ રહ્યું ને?

આ પરિસ્થિતિમાં ૨૦૧૪ની ચૂંટણીના ડાકલા વાગી રહ્યા છે. મુખ્ય પક્ષ તરીકે એક તરફ કોંગ્રેસ છે તો અન્ય તરફ ભાજપ. કોંગ્રેસના મોવડીઓ સોનિયા ગાંધી, રાહુલ ગાંધી કે મનમોહનસિંહની લડાયક અને મર્દાનગીભરી વાતોનો હજુ આ દેશને અનુભવ થયેલ નથી. અન્ય તરફ ભાજપની બાજપાઈ સરકારે સારી એવી આશા જન્માવેલ હતી પરંતુ 'ઇન્ડિયા શાઈનિંગ'ના કૃત્રિમ નારામાં બધું જ ડૂબી ગયું. અડવાણીજી કે સુષ્માજીની અડગ શક્તિના દર્શન હજુ સુધી આ દેશને થયેલ નથી. એ દરમ્યાન એક લડાયક ચહેરો છેલ્લા દસેક વર્ષમાં ભાજપમાં ઉભરી આવેલ છે. ભાજપે પોતાના પક્ષના પ્રધાનમંત્રીના પદ માટે અડવાણીજી, સુષ્માજી વગેરે સિનિયરોને બાજુ પર રાખી, પ્રમાણમાં જુનિયર એવા નરેન્દ્ર મોદીને આગળ ધરેલ છે.

નરેન્દ્ર મોદી પણ નખશિખ રાષ્ટ્રવાદી કે મૂલ્યવાન નેતા તરીકે હજુ પુરવાર થયેલ નથી. કેટલાક લોકોની માન્યતા અનુસાર નરોડા પાટિયા કૌભાંડ, નકલી એન્કાઉન્ટરના કેસો, હરેન પંડ્યા કેસ વગેરે બાબતે તેમની તરફ આંગળી ચિંધાય છે. આશારામ પ્રકરણે તેમનું મૌન ઘણું ઘણું કહી જાય છે. તો અન્ય તરફ કેટલાકની દૃષ્ટિએ તેઓએ ગુજરાતને વિકાસના પંથે દોડતું કરી દીધેલ છે. અનેક ઉદ્યોગપતિઓ તેઓના મોંફાટ વખાણ કરતા થાકતા નથી.

ગાંધીનગરમાં મુખ્ય પ્રધાનપદે બિરાજમાન થયા બાદ તેઓએ પોતાના વિરોધીઓ એવા કેશુભાઈ પટેલ, કાશીરામ રાણા, ગોરધન ઝડફિયા, સુરેશચંદ્ર મહેતા, શંકરસિંહ વાઘેલા વગેરે સમર્થ નેતાઓને એક બાજુએ હડસેલી દીધેલ છે. તેમની આ શક્તિના દર્શન દેશના એકે એક પ્રદેશે નિહાળેલ છે. આજે આપણે જોઈએ છીએ કે ભાજપની કેન્દ્રીય નેતાગીરીમાં પણ તેઓએ આજે અડવાણીજી, સુષ્માજી વગેરેને મહાત કરી દીધેલ છે. ભારતની પ્રજા દરેક બાબતનું નિરીક્ષણ તો કરતી જ રહેલ છે. આ દૃષ્ટિએ અગર આવતી ચૂંટણીમાં ભાજપ સત્તા પર આવે તો તેને એક લડાયક નેતાગીરીની ઝંખના હતી કે જે અમેરિકા, ચીન, પાકિસ્તાન જેવા દેશો સામે ઘૂંટણિયે ના પડે પરંતુ તેઓને પોતાની ચાણક્ય ચાલથી મહાત કરે.

આવતા દિવસોમાં આપણને નરેન્દ્ર મોદીની ચાણક્યગીરી કે કૂટનીતિના દર્શન થતા રહેશે. તેમના લડાયક મિજાજના દર્શન થતા રહેશે. શક્ય છે કે તેનાથી પાકિસ્તાની આતંકવાદ પરાસ્ત થઈ શકે! શક્ય છે કે ચીન પણ ભારતના સીમાડાને હજમ કરતા બે વખત વિચાર કરે.

સમર્થ નેતાગીરી શું પરિણામ લાવી શકે તેના દર્શન કદાચ આવતા દિવસોમાં ભારતની પ્રજાને નિહાળવા મળશે.

*૨૦૩, સવિતા એન્કલેવ, સમર્પણ બંગ્લોઝની બાજુમાં, જજીસ બંગલો ચાર રસ્તા પાસે,*
*બોડકદેવ, અમદાવાદ-૩૮૦ ૦૧૫. મો. ૯૮૨૫૩ ૨૨૬૮૯ / ૯૪૨૮૦ ૪૦૨૬૧*

## આગામી કાર્યક્રમોની એક ઝલક....

| તારીખ – સમય | સ્થળ | કાર્યક્રમ - આયોજનકર્તા | કાર્યક્રમની વિગત |
|---|---|---|---|
| • રવિવાર, તા. ૬-૧૦-૨૦૧૩ રાત્રે ૮.૦૦ કલાકે | શ્રી કચ્છી જૈન ભવન - પાલડી. | યુવા વિકાસ સમિતિ શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ | નવરાત્ર મહોત્સવ (બીજું નવરાત્ર) ગરબા હરીફાઈ. |
| • શુક્રવાર, તા. ૧૮-૧૦-૨૦૧૩ રાત્રે ૮.૦૦ કલાકે | શ્રી કચ્છી જૈન ભવન - પાલડી. | યુવા વિકાસ સમિતિ શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ | શરદ પૂનમોત્સવ દાંડિયા રાસ હરીફાઈ. |
| • રવિવાર, તા. ૨૦-૧૦-૨૦૧૩ સવારે ૧૦.૦૦ કલાકે | શ્રી કચ્છી જૈન ભવન - પાલડી તથા મેડિકલ સેન્ટર | શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ | શ્રી કચ્છી જૈન ભવન - પાલડી સ્થિત રીનોવેટ કરેલ મેડિકલ સેન્ટરનું ઉદ્‌ઘાટન |
| • સોમવાર, તા. ૪-૧૧-૨૦૧૩ સાંજના ૫.૦૦ કલાકે | શ્રી પ્રેમજી જેઠાભાઈ છેડા (લાયજાવાલા) સાંસ્કૃતિક કેન્દ્ર શ્રી કચ્છી જૈન ભવન - પાલડી. | શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ | નૂતન વર્ષ મિલન સમારંભ |

## એક સત્યકથા

*– વીનેશ અંતાણી*

**દેવી દેવતાઓ અને ભગવાનો જે ચમત્કારો કરે છે તે સાચા નથી હોતા - તે બધી માત્ર વાર્તાઓ હોય છે. પણ માણસના જીવનમાં જે ચમત્કારો બને છે તે સાચા હોય છે.**

અમેરિકામાં રહેતી ટેસ નામની આઠ વર્ષની છોકરીએ એક સાંજે એના મા-બાપને ચિંતાભર્યા અવાજમાં ધીમે ધીમે વાતો કરતા સાંભળ્યા. ટેસને ખબર હતી કે એનો નાનો ભાઈ ગંભીર રીતે બીમાર હતો. એના મગજમાં કશી તકલીફ થઈ હતી અને સર્જરી વગર તેની સારવાર શક્ય ન હતી. પિતા પાસે સર્જરી માટે પૈસા ન હતા. તેમને ક્યાંયથી લોન મળે તેમ પણ ન હતી. મા-બાપ વાત કરતા હતા કે તેઓ પોતાનું અત્યારનું ઘર છોડીને ગરીબ વિસ્તારમાં એકાદ રૂમવાળા ઘરમાં રહેવા ચાલ્યા જશે જેથી તેમની મામૂલી આવકમાંથી જે બચત થાય તેનાથી દીકરાની સારવાર માટે પૈસા ખર્ચી શકાય. બંને જણ ખૂબ નિરાશ થઈ ગયા હતા. ટેસની મા રડતી હતી. એ બોલી, 'હવે તો માત્ર ચમત્કાર જ આપણા દીકરાને બચાવી શકે!'

આ સાંભળીને ટેસ પોતાના રૂમમાં ગઈ. એણે એને વાપરવા મળતા પૈસા બચતપેટીમાં સાચવી રાખ્યા હતા. ટેસે એ પૈસા બહાર કાઢ્યા અને ગણવા લાગી. એની પાસે એક ડોલર અને અગિયાર સેન્ટની બચત હતી. ટેસ એ પૈસા લઈ ઘરની બાજુમાં આવેલી દવાની દુકાને ગઈ. દુકાનદાર કોઈની સાથે વાતો કરતો હતો. ટેસે ઘણીવાર રાહ જોઈ. પણ દુકાનદારે એના તરફ ધ્યાન આપ્યું નહીં. એ તો પેલા ભાઈની સાથે વાતોમાં જ રોકાયેલો હતો. છેવટે ટેસે ખોંખારો ખાઈને એનું ધ્યાન ખેંચ્યું. દુકાનદાર ચીડાઈ ગયો અને પૂછ્યું, 'શું જોઈએ છે?' ટેસે કહ્યું : 'મારે ચમત્કાર જોઈએ છે, કેટલાનો આવશે?' દુકાનદાર વધારે ચીડાયો. 'હું અહીં દવા વેચું છું, ચમત્કાર નહીં.... જા અહીંથી... મારો સમય ન બગાડ. હું કેટલા બધા સમય પછી મને મળવા આવેલા મારા ભાઈ સાથે જરૂરી વાતો કરું છું...'

એની સાથે વાતો કરતા પેલા ભાઈ ટેસની વાત ધ્યાનથી સાંભળી રહ્યા હતા. એણે જરા નીચા વળીને ટેસને પૂછ્યું, 'તને ચમત્કાર શા માટે જોઈએ છે?' ટેસે કહ્યું કે એના નાના ભાઈને મગજમાં કશીક ગંભીર તકલીફ થઈ છે, એનું ઑપરેશન કરાવવા અમારી પાસે પૈસા નથી. મારી મા કહે છે કે હવે તો માત્ર ચમત્કાર જ એને બચાવી શકે તેમ છે. એથી હું ચમત્કાર ખરીદવા આવી છું.' પેલા ભાઈએ કહ્યું, 'તારી પાસે કેટલા પૈસા છે?' ટેસે કહ્યું, 'એક ડોલર અને અગિયાર સેન્ટ છે.' પેલા ભાઈએ એ પૈસા લીધા અને કહ્યું, 'ચાલ, તારે ઘેર, જોઈએ તારા ભાઈને કેવા ચમત્કારની જરૂર છે!'

યોગાનુયોગ એ ભાઈ શિકાગોના સુપ્રસિદ્ધ ન્યુરો સર્જન ડૉ. કાર્લટન આર્મસ્ટ્રોંગ હતા. એમણે ટેસના ભાઈનું ઑપરેશન કર્યું અને સાજો કરી દીધો. ટેસે ડૉક્ટરને કહ્યું, 'તમે આપેલા ચમત્કારના કેટલા પૈસા થાય?' ડૉક્ટરે હસતાં હસતાં કહ્યું, 'માત્ર એક ડોલર અને અગિયાર સેન્ટ.' ડૉક્ટરે એ રકમ ટેસને પાછી આપી અને કહ્યું, 'આમ તો ચમત્કાર બજારમાં મળે નહીં પરંતુ તારા જેવી શ્રધ્ધાવાન છોકરીને મળી જાય તો તેની કશી કિંમત હોતી નથી.' ■

## 'મંગલ મંદિર'નો દીપોત્સવી વિશેષાંક "સંભારણા વિશેષાંક-૨"

## કચ્છનો પાણી પ્રશ્ન

'મંગલ મંદિર'નો નવેમ્બર-૨૦૧૩નો દીપોત્સવી અંક "સંભારણા વિશેષાંક—૨" સ્વરૂપે પ્રગટ કરવામાં આવશે.

મંગલ મંદિરનો ઓક્ટોબર/નવેમ્બર-૨૦૧૧નો અંક "સંભારણા વિશેષાંક-૧" તરીકે પ્રસારિત કરવામાં આવેલ હતો કે જેમાં મંગલ મંદિરની શરૂઆતથી એટલે કે ઓગસ્ટ-૧૯૭૫થી ડિસેમ્બર-૨૦૦૪ સુધીના અંકોમાં પ્રસારિત કરવામાં આવેલ સામગ્રીમાંથી વિવિધ માહિતીસભર લેખો પસંદ કરી, તેને પુનઃ પ્રસારિત કરવામાં આવેલ હતા. આ અંકના બંને ભાગ મંગલ મંદિરના વાચક વર્ગની ઘરની લાઈબ્રેરીમાં આજે પણ વિશેષ માહિતી સ્વરૂપે સચવાઈ રહ્યા છે.

નવેમ્બર-૨૦૧૩નો દીપોત્સવી અંક "કચ્છના પાણી પ્રશ્ન"ના વિષય પર પ્રસારિત કરવામાં આવશે કે જેમાં આ બાબતે મંગલ મંદિરના માર્ચ-૨૦૦૩થી ઓક્ટોબર-૨૦૧૩ સુધી પ્રસારિત કરવામાં આવેલ લેખો પુનઃ પ્રસારિત કરવામાં આવશે.

કચ્છના એકે એક નાગરિક કચ્છના પાણી પ્રશ્નની વિગતવાર માહિતી મેળવી, પોતે પણ તેમાં સક્રિયપણે સામેલ થઈ શકે તે આ આયોજન પાછળનો મુખ્ય હેતુ રહેવા પામેલ છે. અમને આશા છે કે મંગલ મંદિરના દરેક વાચક વર્ગને તે ખૂબજ ઉપયોગી નીવડી શકશે. દરેકે પોતાના અંકની વ્યવસ્થા અગાઉથી કરી લેવાની રહેશે.

જેઓ મંગલ મંદિરના ગ્રાહક નથી તેઓ પણ તેની છૂટક નકલ મેળવવા અમને અગાઉથી પત્ર દ્વારા જણાવી શકશે. છૂટક અંકની પોસ્ટલ ખર્ચ સાથેની કિંમત રૂા. ૫૦/- રાખવામાં આવેલ છે. છૂટક અંકની નોંધણી તા. ૩૦-૧૦-૨૦૧૩ સુધી કરવામાં આવશે. ત્યારબાદ આ અંક મેળવવા ઈચ્છનારે પોસ્ટલ ખર્ચ સહિત રૂા. ૧૦૦/- ચૂકવવાના રહેશે. સ્ટોક હશે ત્યાં સુધી આ અંકનું વિતરણ કરવામાં આવશે.

— *તંત્રીમંડળ*


*M/s. Jethabhai Doongarshi Transport Pvt. Ltd.*



*M/s. J. D. Roadlines*

*M/s. J. D. Logistics*

*M/s. J. D. Transport Co.*



**TRANSPORT CONTRACTORS & FLEET OWNERS**

**DAILY SERVICE FROM**

**RAJKOT, JAMNAGAR, AHMEDABAD, SURAT, VAPI**

**TARAPURE, MUMBAI TO PUNE & CHINCHWAD**

**Full Truck Load Service All Over Maharashtra & Gujarat**

| PUNE | CHINCHWAD | MUMBAI |
|---|---|---|
| 708/18, Bhavani Peth, Gurunanak Nagar, Pune-411 042 | 128/B, Mohan Nagar, Sanghvi Compound, Chinchwad, Pune-411 019. | Khajurwala Chambers, Gr. Floor, 313/315, N.N. Street, Mumbai - 400 009. |
| Ph. : 26434611 | Ph. : 27471378, 27475167 | Ph. : 23426818, 23448705, 23400597 |

| | | | |
|---|---|---|---|
| ● VAPI | : (0250) 3244993, 2023291 | ● VASHI | : (022) 27889527, 69517538 |
| ● SURAT | : (0261) 2367670, 2367287 | ● WAGOLI | : (020) 27052309 |
| ● BHIWANDI | : (02522) 270194, 271987 | ● FURSUNGI | : (020) 26980361 |
| ● ANDHERI | : (022) 28509760, 93703 19692 | ● VADGAON MAVAL | : (02114) 225629, 9372074359 |

E-mail : jdtcompany@gmail.com

કચ્છ

કચ્છ, કચ્છી પ્રજા અને કચ્છીયતને ઉજાગર કરતી ચાલુ રસધાર કથા

# કચ્છની મીરાં – જાડેજા કુમારી જેઠીબાઈ

**કચ્છની રસધાર : મણકો - ૧૪**

● દુલેરાય કારાણી ●

આજથી બરાબર એક સદી પહેલાં એટલે વિક્રમ સંવત ૧૯૨૭ની સાલમાં કચ્છના ભોજાય ગામના જાડેજા કલાજીને ત્યાં એક તેજસ્વી બાળાનો જન્મ થયો. આ બાળાનું નામ જેઠીબાઈ રાખવામાં આવ્યું. એની માતાનું નામ નાનીબા હતું.

બાલ્યકાળથી જ કુમારી જેઠીબાના પ્રત્યેક કાર્યમાં દૈવી ગુણોના દર્શન થતાં હતાં. અણસમજુપણામાં પણ એની વૃત્તિ ઈશ્વરભક્તિ તરફ ઢળવા લાગી હતી. માતા નાનીબા તથા વૃદ્ધ કાકીમા ધર્મપરાયણ હોવાથી જેઠીબાના અંતરમાં પણ ધર્મપ્રેમ અને પ્રભુભક્તિના અંકુર ફૂટવા લાગ્યા હતા. જેઠીબાની યાદદાસ્ત અને બુદ્ધિપ્રભા તેજસ્વી હોવાથી પ્રત્યેક વસ્તુને શુદ્ધ સ્વરૂપમાં એમની દૃષ્ટિ જોઈ શકતી.

આજથી એકસો વરસ પહેલાંની કચ્છની કેળવણી એટલે પાટલા પર ધૂળ નાખીને અક્ષરજ્ઞાન મેળવવાની કેળવણી. અને આ કેળવણી પણ મોટે ભાગે તો વિદ્યાર્થી-ભાઈઓ માટે જ. કન્યાઓને માટે તો એટલી સગવડ પણ ભાગ્યે જ ક્યાંક જોવામાં આવતી! કુમારી જેઠીબાને તો બાલ્યાવસ્થામાં જ કેળવણીની ઝંખના જાગી હતી. મુશ્કેલી એ હતી કે એ કેળવણી મેળવવી ક્યાંથી?

છોકરાઓને માટે પણ જ્યાં પૂરતી સગવડ ન હોય ત્યાં કન્યાઓને માટે તો પૂછવું જ શું? પરિસ્થિતિ આવા પ્રકારની હોવાથી કુંવરી જેઠીબાને કેળવણી કેવી રીતે આપવી તે એક પ્રશ્ન થઈ પડ્યો. પરંતુ થોડા સમયમાં આ પ્રશ્નનો ઉકેલ મળી ગયો. એક વૃદ્ધ કાકીમાને થોડું-ઘણું લખતાં-વાંચતાં આવડતું હતું. તેમણે જેઠીબાના વિદ્યાગુરુ બનવાનું કામ માથે લીધું. એમની પાસે બેસીને જેઠીબાએ થોડા સમયમાં જરૂર પૂરતું અક્ષરજ્ઞાન મેળવી લીધું. પછી તો એમણે જાતે જ પોતાના ગુરુ બનવાનું નક્કી કરી લીધું. આત્મગુરુને આશરે ધાર્મિક પુસ્તકોના વાંચનથી એમણે પોતાના અભ્યાસને આગળ વધારવા માંડ્યો. સંસ્કૃત ભાષાના ધાર્મિક ગ્રંથોના અભ્યાસથી એમણે સંસ્કૃતના અભ્યાસમાં પણ આગળ વધવા માંડ્યું. પ્રત્યેક માનવીનો સાચો ગુરુ તેનો આત્મા છે, એ સૂત્રને આત્મસાત્ કરીને તેમણે જાતમહેનત અને સ્વાધ્યાયથી માતા સરસ્વતીનું શરણું લીધું.

પંચીકરણ, રામાયણ અને ભગવદ્ગીતાનો પણ એમણે અભ્યાસ કર્યો. એટલું જ નહિ, પણ આ અભ્યાસ એમણે એમના જીવનમાં ઉતારવા માંડ્યો. એમનું વાચન-મનન ઉપરછલ્લું ન હતું. દરેક વસ્તુ વાંચી, વિચારી સમજીને તેને પોતાના જીવનમાં વણી લેવાનો એમનો પ્રયાસ સતત ચાલુ હતો. ધર્મ પુસ્તકોનું આ રીતનું એમનું બહોળું વાચન એમના જીવનને વિકાસના પંથે લઈ જવામાં અતિ ઉપયોગી થઈ પડ્યું.

અભ્યાસ કરતાં કરતાં જેઠીબાની ઉંમર સોળ વરસની થઈ. કચ્છ જેવા પ્રદેશમાં અને તેમાં પણ જાડેજા વંશમાં કુંવારી કન્યા સોળ વરસની થઈ જાય એ તો અસાધારણ બનાવ ગણાય. જેઠીબાના સદ્ગુણોની સૌને જાણ થતાં એમનાં સગપણ માટે માગાં આવવા લાગ્યાં. પરંતુ જેઠીબાઈએ પોતાના કુટુંબીજનોને ચોખ્ખું જણાવી દીધું હતું કે, એમનું સગપણ કરવાનો કોઈએ વિચાર જ કરવો નહિ.

જેઠીબાના પિતા જાડેજા કલાજી તો આ પુત્રીનાં લક્ષણ પારણામાંથી જ પારખી ગયા હતા. આજીવન કૌમાર્યવ્રત ધારણ કરવાના પોતાની ધર્મપ્રેમી પુત્રીના પવિત્ર નિર્ણયને એ તો હર્ષપૂર્વક વધાવી લે એવા હતા પરંતુ બીજી બાજુએ લાચાર હતા.

આ લાચારી હતી કચ્છ રાજ્યના કાયદાની. કચ્છના જાડેજા રાજપૂતોમાં ઘણા જૂના વખતથી દીકરીઓને જન્મતાંવેંત દૂધ-પીતી કરી દેવાનો એક અમાનુષી રિવાજ ચાલ્યો આવતો હતો. આ રિવાજ એવો હતો કે કોઈ પણ જાડેજાને ત્યાં પુત્રીનો જન્મ થાય તો તેને તે જ વખતે દૂધની કડાઈમાં ડુબાડીને તેના જીવનનો અંત લાવવામાં આવતો. દીકરીઓને જન્મતાંવેંત જ મારી નાખવાના આ રિવાજની પાછળ ઉદ્દેશ તો ચાહે તે હોય પરંતુ સમસ્ત કચ્છમાં આ ઘાતકી રિવાજ વ્યાપક બન્યો હતો. અંગ્રેજ સરકારનો પગપસારો થતાં તેમણે આ ક્રૂર રિવાજને સદંતર બંધ કરી દેવાનો નિર્ણય કર્યો. આ કારણથી નાના મોટા દરેક જાડેજા ભાયાત પર ચોક્કસ પ્રકારનો અંકુશ મૂકી દેવામાં આવ્યો. આ અંકુશને અમલમાં આણવા કચ્છ રાજ્યમાં એક ખાસ ખાતું ખોલવામાં આવ્યું. આ રીતે જાડેજા ભાયાતોના ઘર પર સતત નજર રાખવામાં આવતી. સરકારી દબાણને લીધે કચ્છ રાજ્યને પણ આ કાયદાનો અમલ કરવા નાછૂટકે સહકાર આપવો પડતો.

કોઈ પણ જાડેજાને ત્યાં પ્રસૂતિનો પ્રસંગ આવે તે પહેલાં જ "બાઈઓના મહેતા" નામે ઓળખાતા અધિકારી દ્વારા તેની નોંધ કરવામાં આવતી. આ કાયદાનો ભંગ ન થાય તે માટે સખત અને ચાંપતી દેખરેખ રાખવામાં

Contact Person : CHAITALI K. GALA (M. : 98333 26660)

Gala Agencies

EXCLUSIVE SAREES

EXCLUSIVE FANCY KOTA
EXCLUSIVELY
(RETAIL ONLY ON SATURDAY)

11/A, Ground Floor,
Old Hanuman 2nd Cross Lane,
Kalbadevi, MUMBAI-02.
Tel. : 22401195 Fax : 40221195

આવતી. ગામની સૂઈયાણીઓ મારફત દરબાર ગઢની સગર્ભા બાઈઓની પણ પૂરી તપાસ કરવામાં આવતી. આ સૂઈયાણી બહેનો બાઈઓના મહેતાને જવાબદાર રહેતી. એમની જુબાનીઓ લેવાતી, સાક્ષીઓ લેવાતા અને ગામોગામની ધોરણસરની આવી ફાઈલો તૈયાર કરવામાં આવતી. આ ફાઈલો સરકારી અધિકારીઓને મોકલવામાં આવતી. આ રીતે આ કાયદો તમામ જાડેજાઓને અને જાડેજા ગરાસદારોને જડબેસલાક બાંધી લેતો હતો. કોઈ ચૂં કે ચાં કરી શકે એમ ન હતું.

કોઈ જાડેજા બાળાનું જન્મતાંવેંત કે નાનપણમાં મૃત્યું થઈ જાય તો તે મૃત્યુ કેવા પ્રકારનું હતું, તેની પણ ચોક્કસ પ્રકારની સાબિતીઓ રજૂ કરવી પડતી. આમાં ખામી આવે તો તે એક મોટું ગુનાહિત કૃત્ય ગણવામાં આવતું. એ વખતે એનો જવાબ આપવો ભારે થઈ પડતો. આવો સખત અંકુશ કચ્છના જાડેજા ભાયાતો પર અંગ્રેજ સરકાર તરફથી ઠોકી બેસાડવામાં આવ્યો હતો. આવા પ્રકારના અંકુશોથી કચ્છના જાડેજા ભાયાતોને જકડી લઈને આ અતિ ભયંકર રિવાજને મહા મુશ્કેલીએ નાબૂદ કરવામાં આવ્યો હતો. આ કાયદાની સાથે સાથે જાડેજા કન્યા ઉંમરલાયક થાય એટલે તેને તરત પરણાવી દેવાનો કાયદો પણ જોડી દેવામાં આવ્યો હતો.

આ સખત પ્રકારના કાયદાએ જાડેજા કલાજી માટે એક મુશ્કેલી ઊભી કરી હતી. કુંવરી જેઠીબા હવે ઉંમરલાયક થયાં હતાં. આમ છતાં લગ્ન સામે એમનો સખત વિરોધ હતો. લગ્ન બાબત જરા પણ વાત નીકળે કે જેઠીબાના મગજનો પારો એકદમ ઊંચે ચડી જતો. લગ્નની વાત પણ એમને ગમતી નહિ. જ્યારે બીજી તરફ એમને પરણાવી દેવા માટે સરકારની ભીંસ દિવસે દિવસે વધતી જતી હતી.

જાડેજા કલાજીને આ ધર્મસંકટ અકળાવી રહ્યું હતું. સરકારનાં દબાણો અને તીખાં લખાણોના જવાબ આપી આપીને કલાજી બાવા હવે કંટાળી ગયા હતા. કુંવરી જેઠીબા પણ હવે કંઈ નાનાં ન હતાં. પિતાની મૂંઝવણ એમની નજર બહાર ન હતી. આથી એક વખત જેઠીબાએ એમના પિતાને જણાવી દીધું કે "હવેથી જે કંઈ સરકારી કાગળો આવે તેના જવાબ તમારે કોઈએ આપવા નહિ. તમારે ચોખ્ખું જણાવવું કે કુંવરી હવે ઉંમરલાયક હોવાથી એ જાતે જ જવાબ આપશે."

પ્રેમાળ પિતાને મોટી મુશ્કેલીમાંથી ઉગારી લેવાની જેઠીબાની આ સલાહ તદ્દન વાસ્તવિક હતી. જેઠીબાના સૂચનને માન્ય રાખીને કલાજીએ પોતાની તમામ જવાબદારી જેઠીબા ઉપર ઢોળવા માંડી. પરિણામ એ આવ્યું કે આજ લગી એકધારા ચાલ્યા આવતા સરકારી બંધારણનો ભંગ થવાનો વખત આવી ગયો. આ કારણથી ખરી હકીકતની તપાસ માટે અને જેઠીબાને સમજાવવા માટે સરકારી અધિકારી જાતે જ ભોજાય ગામે આવી પહોંચ્યો. દરબારગઢમાં જઈને તેણે જેઠીબાને તરત પરણી જવાની શિખામણ આપવા માંડીઃ

"કુંવરી બા, તમે આખા કચ્છના સરકારી કાયદાનું ઉલ્લંઘન કરી રહ્યાં છો. આમ કરીને તમે સરકારને મોટી તકલીફમાં ઉતારી રહ્યાં છો. તમારું આ પગલું તમારા અને તમારા પિતાના હિતમાં નથી."

"સરકારને તકલીફમાં ઉતારવાની અમારી કોઈની જરા પણ ઈચ્છા નથી." જેઠીબાએ ટૂંકો જવાબ આપ્યો.

"તો પછી તમે શા માટે ચાલ્યા આવતા ધોરણનો ભંગ કરીને લગ્નની ના પાડો છો?" અધિકારીએ પોતાની વાતને સ્પષ્ટ કરતાં કહ્યું.

**"આ તો એક વ્યક્તિગત પ્રશ્ન છે ભાઈ, સંસાર વ્યવહારમાં મારે કેમ વર્તવું એ મારે જ જોવાનું છે.** મારી મરજીની જ એ વાત છે. મારે લગ્ન કરવાં નથી. ઓજલ પાળવાની મારી ઈચ્છા નથી." જેઠીબાએ ખુલ્લા શબ્દોમાં જણાવી દીધું.

"સાદી સમજાવટથી નહિ સમજો તો બાસાહેબ, તમારે પરાણે પરણવું પડશે. આ સરકારી કાયદો છે. તમારા કે મારા ઘરનો નથી." અધિકારીએ ભવાં ચડાવીને કહ્યું.

"પરણવું જ પડશે એમ?" આટલું બોલતાં જ જેઠીબાનું મુખમંડળ લાલચોળ બની ગયું. એમની મોટી અને તગતગતી આંખોના કોડા જાણે હમણાં જ બહાર આવી પડશે એવા થઈ ગયા. આખું શરીર ધ્રૂજવા લાગ્યું. સતીમાતાને જાણે સત ચડ્યું હોય એવું જેઠીબાનું સ્વરૂપ બની ગયું. અસુરસંહારક મહાકાલી જાણે કોઈ ભયાનક રૂપ ધારણ કરીને અવનિ પર ઊતરી આવી હોય એવું આ દૃશ્ય જોઈને સૌ સ્તબ્ધ બની ગયા. સરકારી અધિકારી પણ હેબતાઈ ગયો. જેઠીબાના તેજની ઉગ્રતા ઝીલવાનું તેને માટે ભારે થઈ પડ્યું. એ તો બેબાકળો બનીને જેઠીબાનાં ચરણોમાં આવી પડ્યો. પોતાની ભૂલ માટે બે હાથ જોડીને ક્ષમા માગવા લાગ્યો.

આ દૃશ્ય જોઈને જેઠીબાનું આત્મતેજ કેટલું અદ્‌ભુત છે તેની સૌને ખાતરી થઈ ગઈ. નમ્રતાપૂર્વક સૌ કોઈ જેઠીબાને શાંત પાડવા લાગ્યા. ઘણી વાર પછી જેઠીબાના મનનો જ્વાળામુખી શાંત તો થયો પણ આંખો પર આવેલ વધુ પડતી જફાને કારણે એમની આંખની માણકીમાં ફેર રહી ગયો. આ ફેર જીવનભર કાયમ રહી ગયો.

આ રીતે જેઠીબાઈએ પોતાની આત્મશ્રદ્ધા વડે સરકારી કાયદાના અંકુશોને એક પલકમાં દૂર ફેંકી દીધા. એમનાં અને એમના કુટુંબીજનોનાં હૃદય પરથી એક મોટો બોજો ઊતરી ગયો. ત્યારબાદ જેઠીબા શાંતિપૂર્વક પોતાનું જીવન પ્રભુભક્તિમાં પસાર કરવા લાગ્યાં.

સનાતન ધર્મના ચાલ્યા આવતા ગુરુગમના નિયમ અનુસાર જેઠીબાએ દેવા સાહેબના પંથના વાંઢાયના મહાનુભાવ મહાત્મા ઈશ્વરદાસજી પાસેથી ગુરુમંત્ર ગ્રહણ

Upendrabhai (M) 098241 91393 (O) 02646-226292, 222399, 226044 (R) 226506 Amitbhai (M) 098331 92294

PRIYANKA ROADLINES  PRAVIN ROADLINES

15, Matangi Estate,
N.H. No.-8, G.I.D.C., Ankleshwar-393 002.

109, Vardhman Chamber, Kalyan St.
Dana Bunder, Mumbai-400 009.

કર્યો અને એમને ગુરુદેવના સ્થાને સ્થાપ્યા.

જેઠીબાએ ધાર્યું હોત તો એ ખૂબ વૈભવમાં રજવાડી ઠાઠથી રહી શકત. પરંતુ એમનો આત્મા સંસાર વ્યવહારની ખટપટોથી અલિપ્ત એવા એક ઉચ્ચ સ્થાન પર પહોંચી ચૂકેલો હોવાથી એમણે સઘળા વૈભવોને તિલાંજલિ આપીને પોતાનું જીવન સાવ સાદું, સરલ અને આદર્શ રૂપ બનાવી દીધું હતું.

જેઠીબાનું વ્યક્તિત્વ એટલું તેજસ્વી હતું કે કોઈ પણ માનવી પર તેની છાપ પડતી. એમની વાણીમાં પણ એવું જ સામર્થ્ય હતું. જેઠીબાના નામને લીધે ભોજાય ગામની ખ્યાતિ પણ અનેકગણી વધી ગઈ. આજે પણ 'ભોજાય જેઠીબાવાળી' કહેવાય છે.

જેઠીબાનું સમસ્ત જીવન કાચ જેવું પારદર્શક સ્વચ્છ હતું. આ પરમ પવિત્ર જીવનજ્યોતિ વિક્રમ સંવત ૨૦૦૨માં પોતાનો પ્રકાશ સમસ્ત કચ્છમાં ફેલાવીને મહા જ્યોતિમાં મળી ગઈ. લોકો કહે છે એમની ચિતા સ્વયં પ્રગટી હતી.

બા શ્રી જેઠીબા શક્તિમાન હતાં, ભક્તિમાન હતાં અને તેની સાથે એક ઉચ્ચ કોટિનાં કવયિત્રી પણ હતાં. એમનાં રચેલાં પદો આજે પણ ઘણા ભાવથી ગવાય છે. એમનું એક પદ નમૂના તરીકે અત્રે આપવામાં આવે છે.

## ગુરુમહિમા

**(રાગ : પૂનમ ચાંદની ખીલી પૂરી અહીં રે)**

*સાચા દેવ ગુરુની હું ચિદાનંદ બાળકી રે,*
*ગુણિયલ ગુરુજી મારા, સત્ ચિત્ત ને આનંદ,*
*સાચા દેવ ગુરુની હું ચિદાનંદ બાળકી રે.*

*સાખી*

*હરિ હજુ નવ આવિયા, પૂરણ બ્રહ્મ કૃપાલ,*
*નહિ વિસારો નાથજી, નિજ જનના પ્રતિપાલ,*
*પ્યારા બિરુદ સંભાળો, પાળો પૂરણ ટેકને રે*
*ભાવે ભક્તિ આપો, કાપોને ભવ ફંદ — સાચા.*

*સાખી*

*શ્રીગુરુ સમ ત્રણ લોકમાં, નહિ કો સુખનું ધામ,*
*દામ લિયે ના દુઃખ હરે, પૂર્ણ કરે મન કામ*
*તારો તારો અમને, ભવજલ તારણ ભૂધરા રે,*
*ગ્રાહ થકી ઉગાર્યો, આપે જેમ ગયંદ - સાચા*

*સાખી*

*આપ વિના આશ્રય નથી, ત્રિકમ રાખો ટેક,*
*દીન દયાલ દયા કરી, અરજી સુણજો એક,*
*કહે જેઠીબા જગમાં, ઈશ્વર-ગુરુ એક છે રે,*
*રાખો જળમાં જેમ અલિપ્ત રહે અરવિંદ સાચા*

કચ્છની આ મીરાંબાઈને આજે પણ જનતા પૂરા પ્રેમથી યાદ કરે છે. ■

**કચ્છજો માડુ...**

**કચ્છજો માડુ ભુખ્ખ સૈંયેં ડુખ્ખ સૈંયેં, પણ કઢીયેં ન પિંઢજો કંધ;**
**માડુ મીળે હેંમથ વારા, તડેં રશ્મિન્ પુજેતાં પિંઢજે પંધ.**
*– રશ્મિન્ ખોના (મુંબઈ)*

**MAYUR PEER**

**NATIONAL ENTERPRISES**

**CLEARING, FORWARDING**
**SHIPPING & TRANSPORT AGENT**

277, Sahid Bhagat Singh Road, 1st Floor,
Suite No. 16, Hansraj Damodar Trust Building,
Fort, Mumbai-400 038.
**Tel. : (022) 2266 3097, 3254 7879**
**Fax : (022) 2267 3098**
**E-mail : mumbai@burleighintl.com**
**E-mail : mp@nealmp.com**
**Website : www.burleighintl.com**
**Website : www.nealmp.com**

**આ જગમાં થોડા મલે!**

**જાણે ભાષાને ભાવ, અંતરના ઊંડાણથી**
**પ્રગટાવે પુણ્ય પ્રકાશ, આ જગમાં થોડા મલે!**
**લખે લહિયા અનેક, ટેવના પરિણામથી**
**મર્મ માણી જે લખે, આ જગમાં થોડા મલે!**
*– રશ્મિનનો રણકાર, ભાગ-૨માંથી સાભાર*

**Viketa**
**Electronics**
**An ISO 9001-2000 COMPANY**
**MANUFACTURERS OF**
**ELECTRICAL PANEL BOARDS**
4759, GIDC Industrial Estate,
Ankleshwar-393 002. Dist. Bharuch.
**Phone : 02646-226257 Fax : +91-2646-252759**
**Mobile : 9824101111, 9824762141**
**E-mail : viketa53@rediffmail.com**

# કચ્છમાં જૈન સ્ત્રીઓની સામાજિક પરિસ્થિતિ

## કચ્છમાં જૈન સંસ્કૃતિ - એક દૃષ્ટિપાત (મણકો-૫)

● ડૉ. નીતા ઠાકર ●

કચ્છમાં પહેલાં જૈન સ્ત્રીઓની સામાજિક પરિસ્થિતિ કેવી હતી તે અંગે વિશેષ માહિતી ઉપલબ્ધ થતી નથી. પરંતુ ધાર્મિક પરિસ્થિતિની જેમ છુટી છવાઈ નોંધના આધારે થોડી ઘણી માહિતી ઉપલબ્ધ થાય છે. જેમાં ખાસ કરીને મુનિ શ્રી વિદ્યાવિજયજીની કચ્છયાત્રાના સમય દરમ્યાન જે સામાજિક પરિસ્થિતિ તેમની નજર સમક્ષ આવી તેનું તેમણે યથાર્થ વર્ણન કર્યું છે. જે નીચે મુજબનું છે.

કચ્છનો 'કન્યાવિક્રય' જગપ્રસિદ્ધ છે. વીસા, દશા, પાંચા, અઢિયા બધાયે કન્યાવિક્રયના એકજ આરે પાણી પીને ભ્રષ્ટ થઈ રહ્યા છે. બદનામ થઈ રહ્યા છે. કચ્છમાં વિધવાઓની ખાસ કરીને બાળવિધવાઓની સંખ્યા વધુ છે. પરણેલી સ્ત્રીઓના પતિઓ મોટેભાગે પરદેશ રહે છે. તેથી ખેતરોમાં સ્ત્રીઓને કામે જવું પડે છે. વળી, કન્યાવિક્રયના લોભથી કે ગમે તે કારણે છોકરીઓ ખૂબ મોટી થઈ ગયેલી છે. આવા અનેક કારણો છે કે જેના લીધે કચ્છમાં અનિચ્છનીય પરિણામો વધુ જોવા મળે છે. એ શરમજનક કિસ્સાઓ ન કેવળ સમાજમાં દબાયેલા રહે છે. બલકે રાજદરબાર સુધી આવા કેસો જાય છે. જેમાં સાચી કે ખોટી રીતે અનેક ભાઈ-બહેનો સંડોવાય છે.

મુનિશ્રી વિદ્યાવિજયજીએ જણાવ્યું હતું કે આ બધુ કોનું પરિણામ છે? એની શોધ કરી કચ્છના સમસ્ત જૈનોએ પોતાની જાતિના કલંક સમાન આ 'કન્યાવિક્રય'ની પ્રથાને નાબૂદ કરવી જોઈએ. સમય શું શીખવે છે? એ જાણવાની જરૂર છે. સ્થાનિક કચ્છીઓમાં કેળવણીનો ખૂબજ અભાવ છે. જ્યાં સમગ્ર પ્રદેશમાં જ કેળવણીનું પ્રમાણ નજીવું હોય ત્યાં જૈનો માટે તો કહેવું જ શું? એવા અનેક લોકો છે જે અક્ષરજ્ઞાનથી પણ શૂન્ય છે. નોંધનીય છે કે હાલની પરિસ્થિતિમાં ઘણા સામાજિક સુધારાઓ જણાય છે અને શિક્ષણનું પ્રમાણ પણ વધ્યું છે.

ધાર્મિક બાબતમાં મુનિશ્રી વિદ્યાવિજયજીએ સ્ત્રીઓની પ્રશંસા કરી છે. તેમણે નોંધ્યું છે કે કચ્છની બહેનોમાં જૈન ધાર્મિક શ્રદ્ધા છે તેમ ધાર્મિક જ્ઞાન પણ પુરુષોની અપેક્ષાએ અધિક જોવા મળે છે. ભુજ, માંડવી, સુથરી, નલિયા, જખૌ, કોડાય, ભુજપુર, દેવપુર વગેરે ગામોમાં જૈન તત્ત્વજ્ઞાન જાણનાર કેટલીય બહેનો છે. જ્યારે પુરુષોમાં તો ઘણાં એવા પણ જોવાયા કે જેમને શુદ્ધ નવકારમંત્ર પણ નથી આવડતો. ગામમાં ભવ્યમંદિર હોય છતાં પુરુષોમાં દર્શન કરનારા પણ ભાગ્યેજ બે ચાર નીકળે. કચ્છમાં સાધ્વીઓની સંખ્યા જરૂર કાંઈક ઠીક ઠીક પ્રમાણમાં જોઈ શકાય છે, પણ ઘણે ભાગે તે અચળગચ્છની છે અને તે પણ લગભગ કચ્છની જ. થોડીક પાયચંદગચ્છની સાધ્વીઓ સારી વિદુષી અને ખટપટથી દૂર રહેનારી છે, કે જેઓ થોડાંક ક્ષેત્રોને સંભાળી સારો ધર્મોપદેશ કરે છે.

સ્વતંત્ર સંસ્થાઓ તરીકે જૈનોની બે સંસ્થાઓ તો સ્ત્રીઓ દ્વારા સંચાલિત હોવાથી તેમની પ્રશંસા પણ શ્રી વિદ્યાવિજયજીએ કરી છે. જેમાં ડુમરાનું કબુબાઈનું આશ્રમ અને કોડાયમાં પાનબાઈ ઠાકરશી સંચાલિત આશ્રમનો ઉલ્લેખ છે.

### સદાગમ સંસ્થા (કોડાય) ની ત્યાગી અને આત્મકલ્યાણી સ્ત્રીઓ :

### (૧) સેવામૂર્તિ કુમારી પાનબાઈ :

કચ્છ હાલાપુરના વતની પાનબાઈ વીસા ઓસવાળ જ્ઞાતિનાં હતાં. તેઓ શ્રી ઠાકરશી લાધાની સૌથી નાની પુત્રી હતાં. શ્રી લાધાભાઈનો સદાગમ પ્રવૃત્તિ સંસ્થા (શ્રી હેમરાજ ભીમશી સ્થાપિત) તરફ તથા તેના સર્જકો તરફ સદ્ભાવ હતો. સંસ્થાના સ્થાપકો અને વ્યવસ્થાપકો પ્રસંગોપાત હાલાપુર અને નારાયણપુર આવતાં. તેનાથી પ્રભાવિત થઈને તેમણે પોતાના પૌત્ર મેઘજી ભાણજીને સંસ્કૃતના અભ્યાસ માટે કોડાયમાં મૂક્યો હતો. પાછળથી પાનબાઈના મોટાબહેન કંકુબાઈ વિધવા થતાં તે પણ સદાગમ સંસ્થામાં જોડાયાં.

પાનબાઈએ તો હાલાપુરમાં માત્ર અક્ષરજ્ઞાન જ મેળવ્યું હતું. પણ જ્યારે શ્રી પાંચીબાઈ તેમને ૧૪ વર્ષની ઉંમરે કોડાય સદાગમ સંસ્થામાં તેડી લાવ્યાં ત્યારે તેમનામાં જે સુષુપ્ત શક્તિઓ હતી તેના વિકાસને અહીં અવકાશ મળ્યો અને આજીવન બ્રહ્મચર્યવ્રત પાળી સેવા પ્રવૃત્તિમાં જોડાયાં.

તેમનો રાષ્ટ્રપ્રેમ એવોજ ઉજ્જવળ અને પ્રદિપ્ત હતો. બે વખત તો તે જેલમાં ગયાં હતાં. કચ્છીપ્રજા તેમને 'કચ્છની સરોજીની' તરીકે ઓળખે છે. તેમની વાણીમાં વિદ્વતા, મીઠાશ, બુદ્ધિક્ષમતા અને આકર્ષણ શક્તિ હતાં. તેમની વક્તૃત્વ શક્તિ ગજબની હતી. તેઓ વિચારક અને પ્રેરક સાબિત થયાં હતાં. તેઓ સદાગમ પ્રવૃત્તિ સંસ્થામાં ભણ્યાં અને ત્યાંના પવિત્ર વાતાવરણથી ઘડાયાં. ગ્રંથ

સાંઘવ-રત્ન સ્વ. પૂ.શેઠ શ્રી મુરજી રાઘવજી લોડાયાના સ્મરણાર્થે....
MRL CLEARING AND FORWARDING PVT. LTD.
(CHA No. 11/374)
13/B, Sucheta Niwas, 285, Shahid Bhagat Singh Road, Fort, Mumbai-400 001.
Tel. : +91 22 22661380 / 22661600 Fax : +91 22 22703624
E-mail : imp@mrlshipping.com Web : www.mrlshipping.com
Clearing, Forwarding & Shipping Agents
MRL GROUP

વાંચનથી વિદુષી બન્યાં. સત્સંગથી આત્માને જગાડ્યો, જ્ઞાનપ્રભાના ચમકારથી લગ્નજીવનને બદલે આજીવન કૌમાર્યવ્રત ધારણ કર્યું. રાષ્ટ્રપ્રેમથી આઝાદી માટેની લડતમાં ઝુકાવ્યું અને સદાગમ પ્રવૃત્તિ સંસ્થાના પ્રાણ બની રહ્યાં. ત્યાં જ તેઓ સંસ્થાના ટ્રસ્ટી થયા અને લોકલબોર્ડના ઉપપ્રમુખના ઉચ્ચ સ્થાને ચુંટાયાં. તેઓ જ્યારે બીજીવાર જેલમાં ગયા ત્યારે 'કચ્છની સરોજીની' નામનું નવગાથાનું એક કાવ્ય 'વિવેક વાટિકા' કાવ્યસંગ્રહમાં પ્રકાશિત થયું હતું. શ્રી વિદ્યાવિજયજીએ પણ કચ્છયાત્રા સમયે પાનબાઈની પ્રશંસા કરી હતી.

**(૨) કબુબાઈ :**

બાળ બ્રહ્મચારિણી કબુબાઈ (કુંવરબાઈ) કચ્છ ડુમરાના વતની અને વીસા ઓશવાળ જ્ઞાતિનાં હતાં. તેમનાં માતુશ્રી બાળપણમાં જ સ્વર્ગવાસી થતાં તેઓ પોતાની ફઈબા માનબાઈ પાસે વીઢ રહેતા હતાં. ત્યારે સમગ્ર કચ્છમાં શિક્ષણનું પ્રમાણ ઓછું હતું તેથી કબુબાઈ એક ચોપડી ભણ્યાં હતાં. નાની ઉંમરે કબુબાઈનું સગપણ થયું પરંતુ કમનસીબે છોકરો મૃત્યુ પામ્યો. તેથી બીજીવાર કબુબાઈનું સગપણ નારણપુર કરવામાં આવ્યું. આ બાબતે તે ઉંમરલાયક અને સમજુ હતાં. કબુબાઈને લાગ્યું કે ભાગ્યમાં સંસારસુખ હોત તો પહેલીજ વાર સગપણ થયાં ત્યારે લગ્ન થયાં હોત. આ વિચારે તેમણે લગ્ન ન કરવાનો નિર્ણય લીધો. પણ એક તરફ વરપક્ષ કન્યા છોડવા તૈયાર નહોતો. જ્યારે બીજી તરફ સગપણ થયેલી કન્યાને ખાનદાની ખાતર પણ પરણાવી દેવી પડે તેવી સ્થિતિ હતી. આ સંઘર્ષ મહાજન સુધી પહોંચ્યો. અંતે કબુબાઈની મક્કમતા આગળ મહાજને સગપણ રદ કરવાની મંજૂરી આપી.

સં. ૧૯૬૫ (ઈ.સ. ૧૯૦૯) માં તેઓ કોડાય આવ્યાં અને સદાગમ પ્રવૃત્તિ સંસ્થામાં રહેવા લાગ્યાં. અહીં તેમણે ગુજરાતી, સંસ્કૃત, પ્રાકૃત અને પ્રકરણાદિનો અભ્યાસ કર્યો. શાસ્ત્રનું વાંચન કર્યું. તેમના ભાઈશ્રી ખીમજીભાઈએ સં. ૧૯૭૫ (ઈ.સ. ૧૯૧૯) માં કચ્છ ડુમરામાં કબુબાઈ હંમેશને માટે રહી શકે અને શાળાની સેવા કરી શકે તે દૃષ્ટિએ એક શાળા બંધાવી આપી. આ ઉપરાંત ભણનારી બહેનો માટે રહેવાની સગવડ પણ કરી આપી. તેમાંથી શિક્ષણ મેળવી કેટલીય બહેનો શિક્ષિકા તરીકે ફરજ બજાવવા લાગી હતી. આમ ડુમરામાં કબુબાઈએ સ્ત્રીઓના પ્રશ્નોને ઉંડાણપૂર્વક તપાસીને 'શિક્ષણસેવા' ને પ્રાધાન્ય આપ્યું અને એમ કરી તેમણે સ્ત્રી સમાજની એક ઉમદા સેવા કરી છે. શ્રી વિદ્યાવિજયજીએ કચ્છયાત્રા સમયે કબુબાઈની શાળાની પણ પ્રશંસા કરી હતી.

**(૩) આશઇબાઈ :**

શ્રી આશઈબાઈ પુંજાભાઈ એ કચ્છ કોડાયના વતની અને કચ્છી વીસા ઓશવાળ જ્ઞાતિના હતા અને બાળવિધવા હતા. સદાગમ પ્રવૃત્તિ સંસ્થામાં રહી તેમણે નવાવાસ, બિદડા અને કોડાયની ઘણી બહેનોને અક્ષરજ્ઞાન આપી વાંચતી કરી હતી. સદાગમ પ્રવૃત્તિ સંસ્થાના એક મકાનમાં એક રૂમ ૫૦૦ કોરી આપી પોતે લીધી અને જીવ્યાં ત્યાં સુધી તેમાં રહીને આજીવન સંસ્થાની સેવા કરી હતી. બાળવિધવા બહેનો માટે બહાદુરી અને સેવાકાર્યનો ઉમદા આદર્શ તેઓ મૂકતા ગયા. ૯૦ વર્ષનું આયુષ્ય ભોગવી સં. ૧૯૮૮ (ઇ.સ. ૧૯૩૨) ના ફાગણ માસમાં તેમનું અવસાન થયું.

**(૪) શ્રી ભ્રમલમા :**

તેઓ કચ્છ નલિયાના વતની અને દશા ઓશવાળ જ્ઞાતિના હતા. શ્રી આશઈબાઈની જેમ ભ્રમલમાએ પણ બે રૂમવાળું બે માળનું નાનકડું મકાન તૈયાર કરાવી સંસ્થાને અર્પણ કર્યું છે. તેઓ સંસ્થાની બહેનોનો સાચો વિસામો હતાં અને અનેક બહેનોના તે પ્રેરણામૂર્તિ હતાં. સં. ૧૯૮૯ (ઇ.સ. ૧૯૩૩) ના માગશર માસમાં તેઓ કાળધર્મ પામ્યાં.

**(૫) પાંચીબાઈ :**

શ્રી હેમરાજના ભાઈ હંસરાજની તે પુત્રી હતાં. નાની ઉંમરમાં તે વિધવા થયાં હતાં. તેઓ સદાગમ પ્રવૃત્તિ સંસ્થામાં સેવા કરવા માટે રહેવા લાગ્યાં. કોડાય ગામનાં એકે એક ફળિયામાં ઘેર ઘેર જતાં અને જે જે બહેનો અભણ, વિધવા કે દુઃખી જણાય તેઓને પ્રેમભાવથી સમજાવીને અભ્યાસ માટે સદાગમ પ્રવૃત્તિ સંસ્થામાં લઈ આવતાં અને નિરાધાર, વૃદ્ધ, દુઃખી, બીમાર કુટુંબોને અનાજ, કપડાં અને દવા આદિ પોતે પહોંચાડીને સેવાનો આનંદ લેતાં, અભ્યાસ કરનારને સાધનો મેળવી આપતા, સંત - સત્સંગી હોય તેનો આદર સત્કાર કરતાં.

**(૬) રાણબાઈ હીરજી :**

કચ્છ નલિયાના વતની દશા ઓશવાળ જ્ઞાતિના તે બાળવિધવા હતાં. તેને એક પુત્રી હતી. ભ્રમલમાં આ બંને માતા-પુત્રીને સં. ૧૯૭૧ (ઈ.સ. ૧૯૧૫) માં કોડાય સદાગમ પ્રવૃત્તિ સંસ્થામાં લઈ આવ્યાં હતાં. અહીં તેમણે સંસ્કૃતનો અભ્યાસ કર્યો અને શાસ્ત્રનો પણ અભ્યાસ કર્યો. સં. ૧૯૮૨ (ઇ.સ. ૧૯૨૬) સુધી તે કચ્છ કોડાયમાં રહ્યાં પણ પોતાની પુત્રી મૂળબાઈના લગ્ન સં. ૧૯૮૨ (ઇ.સ. ૧૯૨૬) માં કચ્છ કોઠારાના ખીમજી ઘેલાભાઈ સાથે મુંબઈમાં કર્યા. તબિયત નરમ રહેતી હોવાથી જમાઈના આગ્રહવશ તે મુંબઈ રહેવા લાગ્યાં અને ત્યાં પણ સેવામૂર્તિ બની જ્ઞાનની પ્રભાવના કરતાં રહ્યાં.

**(૭) જીવીબાઈ :**

તેઓ કચ્છ કોડાયના વતની હતાં. માત્ર ૧૬ વર્ષની નાની ઉંમરે વિધવા થયાં. આત્મકલ્યાણ અર્થે તેઓ સદાગમ પ્રવૃત્તિ સંસ્થામાં જોડાયાં. આઝાદીની લડત વખતે

Meera Marketing
**Mfg. Exporters & Suppliers of Stainless Steel & Aluminium Utensils**
Specialised in Manufacture of Items of Specific Requirements of Exporters & Institutions
30/2nd Panjrapole Lane, C.P. Tank, Mumbai-400 004. INDIA
Tel. : +91-22-22425857, 22421830 Fax : 91-22-22423281
email id : meeramkt@gmail.com

મહાત્માજીની યશોગાથા સાંભળી જીવીબહેન, માંકબાઈ અને પાનબાઈના સ્વદેશ પ્રેમમાં રંગાઈ ગયા. કેટલીક બહેનો 'નવજીવન' વાંચતી થઈ અને કેટલીક બહેનો રેંટિયો કાંતવા લાગી ગઈ. કેટલીક બહેનોએ ખાદીનું વ્રત લીધું. સં. ૧૯૭૮ (ઈ.સ. ૧૯૨૨) માં આ ત્રણે બહેનો અમદાવાદ કોંગ્રેસમાં સામેલ પણ થયાં હતાં. સં. ૧૯૭૯ (ઈ.સ. ૧૯૨૩) થી તેઓ શ્રી વેલજીભાઈ ઠાકરશીના સેવાકાર્યમાં મદદ કરવા બિદડા 'સાધનાશ્રમ'માં રહ્યાં હતાં.

**(૮) મમ્મીબાઈ :**

મમ્મીબાઈનો જન્મ કચ્છ દેવપુરમાં શ્રી કલ્યાણજી ખેરાજને ત્યાં થયો હતો. બાળપણમાં તેમનું સગપણ થયેલું અને લગ્ન બાદ તેઓ સાસરે ગયાં જ નહીં. તેઓ સદાગમ પ્રવૃત્તિ સંસ્થામાં જોડાયાં. અહીં પોતાનો અભ્યાસ વધાર્યો તથા વૈરાગ્યભાવ વિકસાવ્યો અને વાંચન વિશાળ બનાવ્યું. શ્રીમદ્ રાજચંદ્રની વાણીએ તેમને ખૂબ પ્રભાવિત કર્યા. તેમના જીવનમાં અનેરો રંગ પૂરાયો અને નાનપણથી તેમને ધ્યાનની ધૂન લાગી. સવારના ૧૦ થી સાંજના ૫ વાગ્યા સુધી કોઈ સાથે કશો જ વ્યવહાર રાખ્યા વિના માત્ર નિવૃત્તિમાં જ રહેતાં અને બપોરના ૨ થી ૪ એકાસને ધ્યાનમાં બેસતાં. જીવનનું સાચું દર્શન મેળવવા ધ્યાન અને પ્રભુમાં મગ્નતા એ જ એકમાત્ર અમોઘ ઉપાય છે તેમ તેઓ માનતાં હતાં તેથી તે ધ્યાની તરીકે સુપ્રસિદ્ધ હતાં.

તેઓ કેટલીકવાર તો એટલા બધા ધ્યાનમાં લીન રહેતા કે જમવાનું ભાન જ ન રહેતું. કોઈ કોઈવાર લોટ ફાકી લેતા અને તેમાં પણ આનંદ અનુભવતાં. મમ્મીબાઈ જ્યારે જ્યારે શ્રીમદ્ રાજચંદ્રનું રચેલું 'અપૂર્વ અવસર ક્યારે આવશે' ગાતાં ત્યારે સાંભળનારા સૌ ભાન ભૂલી જતાં અને સૌ શ્રોતાઓને તે રડાવી દેતા. કચ્છના નારીરત્નમાં મમ્મીબાઈ ત્યાગ માર્ગની દેવી સમાન હતાં.

**(૯) માંકબાઈ :**

માંકબાઈ વીસા ઓસવાળ જ્ઞાતિનાં હતાં. તેમના લગ્ન કચ્છ કોડાયમાં થયાં પણ કમનસીબે તેમના પતિ નાનપણમાં ગુજરી ગયાં અને માંકબાઈ બાળપણમાં વિધવા થયાં. તેઓ સદાગમ પ્રવૃત્તિ સંસ્થામાં અભ્યાસ કરવાની ભાવનાથી જોડાયા અને સંસ્થામાં જ રહેવા લાગ્યા. તેમના હૃદયમાં મહાત્મા ગાંધીજી પ્રત્યે ભક્તિભાવ હતો. તેઓ સ્વદેશીના આગ્રહી હોવાથી પોતે રેંટિયો કાંતતા અને ખાદી પહેરતાં. શ્રમનો મહિમા તેઓ બરાબર સમજતા હોવાથી હંમેશ તે સ્વાશ્રયી રહ્યાં.

**(૧૦)મીઠાબાઈ :**

કચ્છ ગોધરાના વતની મીઠાબાઈ શ્રદ્ધા અને ભક્તિભાવને કારણે સદાગમ પ્રવૃત્તિ સંસ્થામાં જોડાયાં. અહીં રહીને તેમણે સંસ્કૃતનો અભ્યાસ કર્યો. ત્યારબાદ તેઓ ખાનદેશમાં જઈને શ્રી માણેકજીભાઈ કલ્યાણજીભાઈને ત્યાં ચાર છ મહિના રહ્યાં અને સંગીતનો અભ્યાસ કર્યો. ત્યારબાદ તેઓ પોંડિચેરી શ્રી અરવિંદ અને મીરાંદેવીના દર્શન કરવા ગયાં. જ્યાં તેઓ આશ્રમમાં બે મહિના રહ્યાં હતાં. પાછળથી મીઠાબાઈ કચ્છ કોડાયની શ્રી ગંગાબાઈ કન્યાશાળામાં હેડમિસ્ટ્રેસ (આચાર્ય) તરીકે ફરજ બજાવતાં હતાં.

**(૧૧)જેવુબાઈ :**

મોટી ખાખર ગામમાં સં. ૧૯૨૪ (ઈ.સ. ૧૮૬૮) માં તાલા નથુને ત્યાં જેવુબાઈનો જન્મ થયો. તેમની માતાનું નામ ઉમઈબાઈ હતું. જેવુબાઈના લગ્ન નાની ઉંમરમાં કચ્છ કોડાયમાં શ્રી જેવત નાગશીના પુત્ર મોણશી સાથે થયાં હતાં. પરંતુ કમનસીબે નાની ઉંમરમાં તે વિધવા થયાં. જેવુબાઈના વૈધવ્ય માટે આખા કુટુંબમાં અરેરાટી ફેલાઈ ગઈ. પણ જેવુબાઈને સદાગમ પ્રવૃત્તિ સંસ્થાની કલ્પલતા મળી ગઈ અને સત્સંગ તથા જ્ઞાનથી તેમનું જીવન ઉજ્જવળ બન્યું. જેવુબાઈએ સંસ્કૃત, પ્રાકૃત અને શાસ્ત્રોનો અભ્યાસ કોડાયમાં કર્યો પણ પછી ભુજ અને અમદાવાદમાં જઈને અભ્યાસ કર્યો. તેઓને આપ્રજનો તો સાધ્વી માનતાં હતાં અને તેઓ હતાં પણ ત્યાગમૂર્તિ સાધ્વીસમા ગુણોનો ભંડાર. સંવત ૧૯૯૦ (ઈ.સ. ૧૯૩૪) ના મહાવદ - ૧ ની રાત્રે સાડાઆઠ વાગે જેવુબાઈનું ૬૬ વર્ષની ઉંમરે અવસાન થયું.

શ્રી હેમરાજભાઈ સ્થાપિત સદાગમ પ્રવૃત્તિ સંસ્થાએ જ્યારે જૈન સમાજમાં વિધવા સ્ત્રીઓની પરિસ્થિતિ નાજુક હતી ત્યારે તેમને સાંત્વન માટે ઘણી જ ઉપયોગી સાબિત થઈ છે. આમ તો સમગ્ર ભારતમાં તે સમયે સ્ત્રીસમાજના દૂષણો પ્રસરેલાં હતાં. જેની સામે સમાજ સુધારકોએ જેહાદ જગાવી સ્ત્રીઉધ્ધારક કાર્યો કર્યા છે. પણ કચ્છનાં એક નાના ગામમાં સદાગમ પ્રવૃત્તિ સંસ્થાએ જે કામગીરી કરી છે તે ખરેખર વંદનીય છે. તે સમયે અબડાસા અને કંઠી વિસ્તારમાં જે જે ભાઈ બહેનો સંસ્કૃત ભણેલા જણાય છે તે બધા કચ્છ કોડાયની સદાગમ પ્રવૃત્તિ સંસ્થામાં જ ભણેલાં હતાં જે નોંધનીય છે. ઉલ્લેખનીય છે કે વીતેલા યુગની કેટલીક જાજરમાન જૈન સ્ત્રીઓમાં કોડાયના ચાંપઈ પટલાણી અને માંડવીના મીઠીબાઈનું સ્થાન વિશિષ્ટ રહ્યું છે. મીઠીબાઈએ સં. ૧૯૩૯ (ઈ.સ. ૧૮૮૩) માં ભદ્રેશ્વરના જીર્ણોધ્ધારમાં મુખ્ય ફાળો આપ્યો હતો.

## જૈન સ્ત્રીઓની સામાજિક સ્થિતિનું યથાર્થ દર્શનરૂપ નવલકથા 'વિદ્યાચંદ્ર અને સુમતિ' (ભાગ - ૧)

જૈન સમાજમાં સ્ત્રીઓની પરિસ્થિતિ વિશે કચ્છનાં જ ગ્રંથકાર (લેખક) શ્રીયુત શીવજીભાઈ દેવશી (દેવસિંહ) એ એક નવલકથા 'વિદ્યાચંદ્ર અને સુમતિ' ભાગ - ૧ લખી છે. આ પુસ્તકનાં ઉપોદ્ઘાતમાં નોંધ્યું છે

AMBA
SHIPPING AGENCIES

CLEARING FORWARDING & SHIPPING AGENTS
HIRALAL DAGHA
401, Rajgor Chambers, 99, Masjid Siding Road, Near Masjid Station (E), Mumbai-400 009. E-mail : ambashipage@rediffmail.com
Cell : 98210 69299 Tel. : 23772744 Telefax : 23710875 Resi. : 24097776

કે જૈન લેખકોની કલમથી નવલકથારૂપે લખાયેલું સચિત્ર આ પ્રથમ જ પુસ્તક ગણાય છે. સંવત ૧૯૬૭ (ઇ.સ. ૧૯૧૧) માં આ નવલકથા પ્રસિદ્ધ થઈ. જૈન સમાજનું પ્રતિબિંબ આ નવલકથામાં સ્પષ્ટ ઉપસી આવે છે. તેના પાત્રો પણ કચ્છીને જ અનુરૂપ દર્શાવ્યા છે. છતાં સમગ્ર ગુજરાતના જૈન સમાજને અસર કરતાં હોય તેમ નિરૂપણ કરવામાં આવ્યું છે.

'વિદ્યાચંદ્ર અને સુમતિ' ભાગ - ૧ નવલકથામાં તેના પાત્રો દ્વારા જૈન સમાજમાં પ્રવર્તતા બાળલગ્ન, વૃદ્ધલગ્ન અને કન્યાવિક્રય જેવા મુદ્દાઓની સમસ્યા રજૂ કરેલી છે અને તેના ઉકેલ માટે મહાજન તેમજ જૈન સમાજ સુધારકોને અપીલ કરવામાં આવી છે. આ ઉપરાંત શિક્ષણના અભાવે અજ્ઞાન સ્ત્રીના કુટુંબ જીવન પર કેવી અસરો પડે છે તેનું વર્ણન કરવામાં આવ્યું છે.

આ નવલકથાના મુખ્યપાત્રોમાં : સરસ્વતી જે કિશોરી સુમતિની માતા છે અને 'કન્યાવિક્રય' નો વિરોધ કરે છે. સુમતિના પિતા મૂર્ખદત્ત જે પોતાની પુત્રીને પૈસા લઈને જીર્ણશેઠ જેવા વૃદ્ધને પરણાવવા તૈયાર થાય છે. જીર્ણશેઠને પણ 'મોતી' નામે એક પુત્રી છે. તે (જીર્ણશેઠ) તેના બાળલગ્ન કરે છે. તેનો પતિ શાંતિચંદ્ર જેને સંસાર શું છે કે પત્ની શું છે? તેનો ખ્યાલ પણ નથી. તેથી શાંતિચંદ્રની માતા અજ્ઞાન હોવાથી પોતાની વહુ મોતી પર અત્યાચાર કરે છે. વિશેષ પાત્ર તરીકે વિદ્યાચંદ્ર છે જે શિક્ષિત છે અને કન્યાવિક્રય, બાળલગ્ન તથા વૃદ્ધલગ્નનો વિરોધી છે. અંતિમ પ્રકરણોમાં ફરી બાળલગ્ન સંદર્ભે 'કસ્તૂરી' નું પાત્ર રજૂ થયું છે. તેની વય ૧૫ વર્ષની છે અને રાયસિંહ ભોજરાજ સાથે તેનું સગપણ થાય છે. જેની ઉંમર ૭૦ વર્ષની છે. આ સમયે 'કસ્તૂરી' કચ્છી વીસા ઓસવાળ જ્ઞાતિ સુધારક સમાજના સેક્રેટરીને એક અરજી કરી ન્યાય માગતી દર્શાવી છે. અંતિમ પ્રકરણમાં કલ્યાણચંદ્ર નામે સત્પુરુષનું પાત્ર રજૂ કરવામાં આવ્યું છે જે સમાજ માટે સદુપદેશ આપે છે. જેમાં તે જણાવે છે કે કચ્છી વીસા ઓસવાળ અને કચ્છી દશા ઓસવાળ કોમના આગેવાનો આ દુઃખદાયક રિવાજોને કાઢી નાખે તો ઉત્તમ સામાજિક કાર્ય ગણાશે. આ ઉપરાંત મહાજન અને દાનવીરોના નામો આપી જણાવ્યું છે કે તે દરેકનો જૈનધર્મના પ્રસાર અને વિકાસમાં ફાળો છે. તેમને હું (કલ્યાણ - ચંદ્ર - પાત્ર) કહીશ તો સ્ત્રીઓની પરિસ્થિતિ સુધારવા આ દૂષણો દૂર કરવા સહકાર આપશે.

ઉપરોક્ત નવલકથામાં સામાજિક દૂષણો અને તેના ઉકેલ માટે સત્પુરુષનું પાત્ર રજૂ કરી જૈનમુનિઓને પણ પ્રયત્નો કરવા માટેની અપીલ સ્પષ્ટ જણાય છે. સમ્મુચય રીતે વિચારતાં સમગ્ર નવલકથામાં સમાજનું આબેહૂબ ચિત્ર રજૂ કરવાનો પ્રયાસ જોવા મળે છે. બાળલગ્ન, કન્યા વિક્રય અને વૃદ્ધ લગ્ન. આ ત્રણ પાસાંઓને અનુલક્ષીને જ સમગ્ર નવલકથા લખાઈ છે. તેથી જ તેને બોધાત્મક નવલકથા કહી છે.

તેઓ (લેખક) પાલિતાણા જૈનબોર્ડિંગ સ્કૂલ, કચ્છી જૈન બાલાશ્રમ, પાલિતાણા જૈન વિધવાશ્રમ, ભાવનગર આનંદ પ્રિન્ટીંગ, મુંબઈ જૈન શ્રાવિકા શાળા, કચ્છી જૈન મહિલા સમાજ, કચ્છમાં અનેક જૈન કન્યાશાળાઓ અને પાઠશાળાઓ, પાલિતાણા શ્રી જૈનધર્મ વિદ્યાપ્રચારક વર્ગ અને વીરશાસન આનંદ સમાજના સ્થાપક છે. અને 'શિવવિનોદ', 'શિવબોધ', 'શિવ પ્રબોધ', 'શિવ વિલાસ' નાં લેખક પણ છે. તેથી સ્વાભાવિક છે કે એક સુધારક તરીકે જૈન સમાજના દૂષણો સમાજ સામે રજૂ કરવા માટે સાહિત્યનો સહારો લીધો હોય.

● **નવલકથાના પ્રત્યાઘાતો :**

પ્રખર વક્તા મુનિશ્રી વિદ્યાવિજયજીએ શ્રી શિવજીભાઈ દેવસિંહનું પુસ્તક 'મારા જીવન પ્રસંગો' ભાગ - ૨ ની પ્રસ્તાવનામાં નોંધ્યું છે કે "શિવજીભાઈ એટલે જૈન સમાજનો ક્રાંતિકારી યોદ્ધો, સંસારનો કયો ક્રાંતિકારી એવો થયો છે કે જેનો સમાજ દુશ્મન ન બન્યો હોય, જેની જાતવાળાઓ દુશ્મન ન બન્યા હોય, જેના સાથીઓ દુશ્મન ન બન્યા હોય?"

ઉપર્યુક્ત મંતવ્ય કેટલું સચોટ છે! કારણ કે ટૂંક સમયમાં જ શ્રી કચ્છી દશા ઓસવાળ જૈન જ્ઞાતિના સેક્રેટરીનો તા. ૨૨મી એપ્રિલ ઇ.સ. ૧૯૧૨ નો (જાવક નં. ૧૫૯-૧૯૬૮) પત્ર શ્રી શિવજી દેવસિંહને મળ્યો. જેમાં જણાવેલું કે 'વિદ્યાચંદ્ર અને સુમતિ' નવલકથાના પ્રત્યાઘાત રૂપે શા દામજી શામજી સલાટ (માંડવી-મુંબઈ) ની દશ વ્યક્તિઓની સહી સાથે તા. ૨૪-૧૨-૧૯૧૧ ની અરજી મહાજનમાં તેની વિરુદ્ધ આવી છે. બીજી અરજી શા પાસવીર રામઈઆની આશરે ૨૦૦ વ્યક્તિઓની સહી સાથે અરજી આવેલી છે. તે સંદર્ભે આપને કંઈ રદિયો આપવો હોય તો તા. ૧૫ મી મે ઈ.સ. ૧૯૧૨ પહેલાં પત્ર લખી મોકલવો. આ બાબતની તપાસ કરવા માટે મહાજનની વ્યવસ્થાપક કમિટિએ એક સબકમિટિ નીમી છે. તેની બેઠક તા. ૧૫ મી મે ૧૯૧૨ ના રોજ યોજાશે તેમાં તમારે હાજર રહેવું.

ત્યારબાદ શ્રી શિવજી દેવસિંહે વિગતવાર પત્ર લખી મોકલ્યો. અને અંતે શિવજી દેવસિંહે રાજીનામું આપ્યું. પરંતુ જૈન મહાજનોની વિચિત્રતા તો એ હતી કે રાજીનામું પાસ કરવાને બદલે દશા ઓસવાળ જ્ઞાતિએ તેમને જ્ઞાતિ બહાર કરવાનો ઠરાવ કર્યો અને દશા ઓસવાળ જ્ઞાતિનો કોઈપણ સભ્ય તેને જમાડે નહિ અને પાણી પણ પીવડાવે નહી. સામાપક્ષે શિવજીભાઈએ આવી ક્રૂરતાને પણ પચાવી પાડી.

મુનિશ્રી કલ્યાણચંદ્રજી મહારાજે (સોનગઢ) લખ્યું છે કે, "શિવજીભાઈ જૈન

**Shree Simandhar Shipping Services**
CLEARING FORWARDING & SHIPPING AGENT
407, 4th Floor, Anna Bhuvan, Devji Ratanshi Marg, Mumbai-400 009.
Phone : (Off.) 91-22-2372 6347 • 2231 2422 • Telefax : 2378 2045
C.H.A. No. 11/1024

સમાજમાં એક વખત ખૂબ વખણાયા અને એક વખત ખૂબ વગોવાયા. છતાં એ તો હંમેશાં પોતાના મંતવ્ય અને સ્વભાવમાં એક સરખા અડગ રહ્યા. જ્ઞાતિ, સમાજ અને છેવટે સંઘ તરફથી પણ ત્યજાયા. આમ છતાં એમનામાં તો જૈની તે જ ખુમારી કાયમ રહી. એમનું અભિષ્ટ કાર્ય એ તો કરતા જ રહ્યા. એમની શૈલી કદી જ બદલાવી નહીં. હરહાલમાં એ મસ્ત રહ્યાં.''

## વર્તમાનકાળે કચ્છની કેટલીક પ્રેરણામૂર્તિ જૈન સ્ત્રીઓ

કચ્છ બહાર વસતા જૈન સ્ત્રી સમાજનો મહત્તમ વિકાસ થયો છે. તેમાં પણ ખાસ કરીને મુંબઈમાં. તેના પ્રમાણમાં કચ્છમાં ક્રમિક વિકાસ જણાય છે. છતાં વર્તમાનકાળે જે સ્ત્રીઓ કચ્છમાં આગળ પડતું અને વિશિષ્ટ સ્થાન ધરાવે છે તેવી કેટલીક જૈન સ્ત્રીઓ વિશે જોઈએ તો :

**(૧) ભુજમાં નલિનીબહેન શાહ**નું એક નારી આદર્શના પ્રતીકરૂપે અગત્યનું સ્થાન છે. ઈ.સ. ૧૯૪૦ કરાંચીમાં જૈન દહેરાવાસી કુટુંબમાં તેમનો જન્મ થયો. અને ભાગલા સમયે તેમનું કુટુંબ કચ્છમાં આવી વસેલ. તેમના પિતા ચુસ્ત ગાંધીવાદી હતાં.

એમ.એ. - બી.એડ. થયેલા નલિનીબહેનની કારકિર્દીની શરૂઆત ઈન્દ્રાબાઈ કન્યાશાળામાં શિક્ષક તરીકે થઈ. ત્યારબાદ આચાર્ય પદે રહ્યાં. શ્રી જૈન મેડિકલ એન્ડ એજ્યુકેશન ટ્રસ્ટ દ્વારા સંચાલિત ભુજની માતૃછાયા કન્યા વિદ્યાલયમાં પણ આચાર્ય પદે રહ્યાં. તેમના આ સમયગાળા દરમ્યાન **ઈ.સ. ૧૯૮૯માં ગુજરાત સરકારે માતૃછાયા કન્યા વિદ્યાલયને શ્રેષ્ઠ શાળા જાહેર કરી નવાજી હતી.**

તેમની વિશિષ્ટ કામગીરીરૂપ ગુજરાત રાજ્ય પાઠ્યપુસ્તકના તજજ્ઞપદે રહી યોગ્ય શિક્ષણનાં વાહક બન્યાં. રાષ્ટ્રીય શિક્ષણનીતિ પરિષદ, આચાર્ય સજ્જતા કાર્ય શિબિર, શિક્ષણ સંવર્ધન અભિયાન, આકાશવાણી પરના વાર્તાલાપો, બાળ ઉપયોગી પ્રકાશનો અને કચ્છમિત્ર વર્તમાનપત્રમાં નારીજગત અને બાલજગત વિભાગનું એક સમયનું સંપાદન કાર્ય પ્રશંસનીય રહ્યું છે. ઈ.સ. ૧૯૯૧ માં ભારત સરકારે તેમના વ્યક્તિગત ખંતને બિરદાવતાં શ્રેષ્ઠ શિક્ષકનું રાષ્ટ્રીય પારિતોષિક અર્પણ કર્યું જે યથાર્થ છે.

આજે પણ તેઓ નિવૃત્તિને પ્રવૃત્તિમય રાખે છે. અપરિણીત હોવા છતાં પરિણીત સ્ત્રીનાં પ્રશ્નોને સહજતાથી સમજી શકે છે. તેમની આગવી સૂઝમાં પણ માનવતાનાં દર્શન થાય છે. અને અહોભાવની લાગણી તો દરેક સ્ત્રી સમાજ માટે આકર્ષક રહે તેવી છે. જૈન સમાજમાં જ નહીં પણ સમગ્ર સ્ત્રી સમાજ માટે તેઓ એક આદર્શ અને પ્રેરણામૂર્તિ બની રહ્યાં છે.

**(૨) ભુજમાં શ્રીમતી તારામતી શાહ**નું પણ કર્મનિષ્ઠ તરીકે અગત્યનું સ્થાન છે. ગુર્જર દશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન કુટુંબ હોવાથી ચુસ્તપણે જૈન ધર્મનું પાલન કરે છે. તેમના પતિ પ્રાણલાલભાઈ સમાજસેવક અને મૂળ ગાંધીવાદી અને આઝાદી પછી કચ્છમાં ગાંધીનીતિના આંશિક વિરોધી અપક્ષના તેઓ સુકાની હતાં.

મૂળ સરકાર અને રાજાશાહી વિરુદ્ધ લખેલ પોતાના પુસ્તકના કારણે તેમને બે વર્ષ કચ્છમાંથી હદપાર કર્યા ત્યારે તારામતી શાહે પતિનું કાર્યક્ષેત્ર સંભાળ્યું અને કચ્છક્રાંતિ, જાગૃત કચ્છ, આઝાદ કચ્છ નામના વાંચનપત્રો પ્રકાશિત કરવા લાગ્યાં. પ્રાણલાલભાઈ લેખ લખી કચ્છ મોકલે અને તારામતી શાહ તેને પ્રકાશિત કરે.

**એક સ્ત્રીમાં કેટલી શક્તિઓ છૂપાયેલી છે તેનું સ્પષ્ટ ઉદાહરણ તારામતી શાહ છે.** તેમણે ઈ.સ. ૧૯૬૨માં વાણિયાવાડ સ્થાને જમીનનો ટુકડો ખરીદેલ. જ્યાં 'જનતાઘર' નામે હોટલ શરૂ કરી. રાજકારણમાં ઓતપ્રેત રહેલા પ્રાણલાલભાઈ જ્યારે ચૂંટણીમાં ઊભા રહ્યા ત્યારે પણ તેઓ પતિ સાથે પ્રચારાર્થે નીકળતાં અને સાથે પોતાના નાના બાળકો પણ હોય. ઈ.સ. ૧૯૮૭માં પ્રાણલાલ શાહનું અવસાન થયું અને સંપૂર્ણ જવાબદારી તેમણે સંભાળી. આજે જનતાઘરની સાથે 'આભા' હોટલ તેમના પરિશ્રમનું પરિણામ છે. તેમના જનતાઘરમાં જૈનધર્મના અનેક મહારાજ સાહેબ તથા સાધ્વીઓ વહોરી ગયા છે. પૂ. છોટેલાલજી મહારાજ, નાગચંદ્રજી મહારાજ, રત્નચંદ્રજી મહારાજ. ઉપરાંત મણિબાઈ અને રતનબાઈ સાધ્વીજી મહારાજ પણ જનતાઘરને પાવન કરી ગયાં છે. **એક સ્ત્રી ધારે તો ઘર અને વ્યવસાય બન્નેનો સુમેળ કઈ રીતે સાધી શકે તેનું ઉદાહરણ તારામતી શાહ છે.** નોંધનીય છે કે ધર્મ અને માનવતાની રુએ તેમણે ૩૦ લાખ રૂપિયાના ખર્ચે ધર્મસ્થાનક પણ બનાવ્યું છે.

આ ઉપરાંત બાબુભાઈ મેઘજી શાહના **સુપુત્રી જાગૃતિ શાહ,** અને **શ્રીમતી હંસાબેન છેડા**નું સ્ત્રી નેતૃત્વ શક્તિની દૃષ્ટિએ અગત્યનું સ્થાન છે. જ્યારે વાગડ વિસ્તારમાં ભચાઉની **ઇલા શાહ**નું સમાજ સેવિકા તરીકે પ્રશંસનીય સ્થાન છે. આમ કચ્છમાં જૈન સ્ત્રીઓનું નેતૃત્વ ક્રમિક રીતે જોવા મળે છે. ■

**☺ મુન્નાએ સ્કૂલમાંથી ગુલ્લી મારી હતી. રસ્તામાં એ દાદાજી સાથે જતો હતો ત્યાં સામેથી સ્કૂલની ટીચર આવતી દેખાઈ.**

**દાદાજી : મુન્ના, સંતાઈ જા. તારી ટીચર આવી રહી છે!**

**મુન્નો : દાદાજી, તમે પણ સંતાઈ જાઓ! કારણકે તમે મરી ગયા છો એમ કહીને જ મેં ગુલ્લી મારી છે!**

॥ ક્ષમા વીરસ્ય ભૂષણમ્ ॥
રાયચંદ કાનજી ધુલ્લા પરિવાર - સુથરી
''ધુલ્લા વિલા'', બંગલા નં.-૨૦, ડ્રીમલેન્ડ સોસાયટી, જયશાસ્ત્રી નગર, એન.આર. હાઈલેન્ડ પાર્ક, મુલુંડ (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૮૨.
ફોન : ૨૫૯૨૪૪૪૬, ૨૫૬૨૪૫૪૪, ૨૫૯૧૪૫૪૪, ૬૬૩૪૩૫૭૭

વિચાર મંથન

# 'હદ ચાડિયે સજા મેં'

• ડૉ. ગિરીશ વીછીવોરા •

મારે ડૉક્ટર નથી બનવું.

કેમ બેટા?

બસ, એમ જ. મમ્મી મારે ડૉક્ટર નથી બનવું, પપ્પાને કહી દેજે.

ઠીક બેટા, તારે ડૉક્ટર નહિં તો શું બનવું છે?

મારે એન્જિનિયર થવું છે.

પછી પપ્પાનું દવાખાનું કોણ સંભાળશે?

દવાખાનું બંધ કરી દેજો. મારે ડૉક્ટર નથી બનવું.

મમ્મી-પપ્પા બંનેએ પળવારનો પણ વિલંબ કર્યા વગર દીકરાને ખાતરી આપી, કે એ, એન્જિનિયરિંગની એને ગમતી શાખામાં ભણી શકશે.

દીકરો ત્યારે આઠમા ધોરણમાં ભણતો હતો.

દીકરો એન્જિનિયર થયો. એને ગમતી ઈલેક્ટ્રોનિક્સ શાખામાં પાવરધો થઈ પ્રગતિના સોપાન સર કરતો થયો. એની પ્રગતિથી એના મા-બાપ રાજી થાય છે. હા, એના પપ્પાને અવારનવાર બે આંસુ યાદ આવી જાય છે. **એવા તે વળી કેવાં બે આંસુ હશે જે ક્યારે પણ ભૂલાતાં નથી?**

પિસ્તાળીસ વર્ષ પહેલાં સાંજના છ વાગે દવાખાને પહોંચી ગયો હતો. જરાવાર થઈ કે દવાખાનાની સામી બાજુએ એક જૂની કાળી મોરીસ માઈનર કાર ઊભી રહી. એમાંથી ઉતરી એક ઊંચી ગોરી સશક્ત વ્યક્તિ. રસ્તો ક્રોસ કરી દવાખાને પ્રવેશી ત્યાં સુધીમાં તો એની ધીમી પણ મક્કમ ચાલ, ખાદીનું સફેદ પાટલુન. એવું જ સફેદ આખી બાંયવાળું બુશશર્ટ, કાળાં બૂટ અને ધવલ કેશે મને પ્રભાવિત કરી દીધા હતા.

એમને આવકાર્યા. બાજુની જ ખુરશી ગ્રહણ કરતાં બહુ જ મૃદુ સ્વરમાં વદ્યા, 'હું ડૉ. ગાંધી. થોડાક દિવસથી તમને મળવાનો વિચાર કરતો હતો. આજે જરા મોડું થયું ને આપણે મળી શક્યા. અહીં બાજુમાં જ લોકસેવા ટ્રસ્ટની શાખા ખોલી છે. એના સંચાલિકા બહેન તો તમને મળી ગયા છે.'

આનંદ ને આશ્ચર્યથી અવાક્ થઈ ગયો. હસ્તધનૂન કર્યું. આવી પ્રખ્યાત વ્યક્તિ મારા જેવા એક સામાન્ય ડોક્ટરના દવાખાને પધારે એ મારે મન મોટી વાત હતી. ત્યારે સાવ નવોસવો, ઘૂંટણિયા તાણતો હતો.

ડૉ. કાંતિ ગાંધી મહાત્મા ગાંધીના મોટા દીકરા હરિલાલ ગાંધીના પુત્ર. હરિલાલની દાસ્તાને મારા મન પર ગહેરી છાપ મૂકી છે. તે એટલે સુધી કે હરિલાલનું જ્યાં મૃત્યુ થયું તે મુંબઈની શીવરીમાં આવેલી આર.પી. ટી.બી. હોસ્પિટલમાં ભણવા જવાનું થયું ત્યારે પ્રથમ હરિલાલ યાદ આવેલા. મનોમન હું હરિલાલને ત્યાં ગોતતો રહ્યો.

ડૉ. ગાંધી થોડો સમય અવારનવાર દવાખાને આવતા. એમણે સ્થાપેલી લોકસેવા ટ્રસ્ટ સંસ્થાની એક શાખા એ વિસ્તારમાં હતી. કામગારોના બાળકોની માવજત કરવા જતો. મારી ઉત્સુકતા એમના પિતાશ્રી વિષે કંઈક વધુ જાણવાની હતી. એકવાર મનની અવઢવ કોરે મૂકી સહેજ વાત ઉપાડી. મને સાંભળતા રહ્યા. હરિલાલ પ્રત્યેની મારી હમદર્દી સમજ્યા. એક શબ્દ બોલ્યા નહિ. એમના મુખારવિંદમાં હૃદયમાં ઉઠેલા ઘમસાણનો પડઘો પડતો ભાસ્યો. જરાવારમાં જ બંને આંખમાં આંસુના બે બુંદ દેખાયા. બુંદ સ્થિર રહ્યા. ન વધ્યા, ન નીચે ઉતર્યા. એ બુંદમાં જાણે હરિલાલના જન્મથી તે મૃત્યુ સુધીની ઘટનાઓનું ચલચિત્ર સળવળાટ કરતું પસાર થઈ ગયું. ડૉ. ગાંધી મારી સામે જોતા રહ્યા. ત્યારના એમના વદન પરની તીવ્ર વ્યથા ક્યારેય ભૂલાશે નહિ. કંઈ પણ બોલ્યા વગર ચૂપચાપ ઊભા થયા ને રજા લીધી. ત્યારબાદ મળવાનું થયું. એ વાત ન નીકળી.

ડૉ. ગાંધીના અશ્રુના બે બુંદ ક્યારેય ભૂલાયા નથી. મોટા દીકરાએ ડૉક્ટર થવાની ના પાડી ને એન્જિનિયર થવાની વાત કરી ત્યારે એ બુંદ યાદ આવ્યા ને તરત હા પાડી દીધી.

મહાત્માજીના જયેષ્ઠ પુત્ર હરિલાલ ૧૮૮૮ના જૂન મહિનામાં જનમ્યા ને ૧૯ જૂન, ૧૯૪૮ના દિવસે અવસાન પામ્યા. મહાત્માજી શહીદ થયા ત્યારબાદ સાડા ચારેક મહિના રહીને. સાઠ વર્ષના આયુષ્યમાં એમણે જે ખતા ખાધા, તે ઈશ્વર કોઈ દુશ્મનને પણ ન ખવડાવે એમ સહેજે કહેવાનું મન થાય.

હરિલાલની જીવન ઝરમર સુજ્ઞ વાચકોને હવે સુવિદિત છે. એમના વિષે થોડાં પુસ્તકો પણ લખાયા. મહાત્માજી વિષે લખાયેલા પુસ્તકોમાં એમનો ઉલ્લેખ દરેક લેખકે યથાશક્તિ કર્યો છે ને ક્યાંક કલ્પનાના ઘોડા દોડાવ્યા છે. નાટકો વિવિધ ભાષામાં થયા. એમની દોહિત્રી નીલમ પરીખે પોતાના નાના વિષે સુંદર પુસ્તક લખ્યું છે. ઘણી અપ્રસિધ્ધ હકીકતો ને પત્રો પ્રસિધ્ધ કર્યા છે. મુખ્ય મુદ્દો હંમેશાં એક જ રહ્યો છે કે આમ કેમ થયું? ગાંધીજી જેવી વિચક્ષણ ને સમજુ વ્યક્તિ આમ કેમ કરી શકે?

ગાંધીજીએ લખ્યું જ છે કે હરિલાલ મારી

Prakash®

**PRAKASH METAL CRAFT PVT. LTD.**

E-56/57, Sarvoday Nagar, 1st Panjrapole Lane, Mumbai-4.
Tel. : 2242 7461 Telefax : 2242 6636
E-mail : prakashmetalcraft@rediffmail.com • Website : www.prakashmetalcraft.com

MFG. ST. STEEL UTENSILS

વિષય વાસનાથી પેદા થયેલ દીકરો છે. જ્યારે બીજા સંતાનો વિચારથી પેદા થયેલા છે. તેઓ જરૂર માનતા કે વિષય વાસનાથી ઉત્પન્ન થયેલ ફરજંદ વિષયી લંપટ ને નાલાયક જ થાય. એ સમજણમાં કેટલું વજૂદ છે તેનો વિચાર ન કરતા એક વૈજ્ઞાનિક સત્યનો આશરો જરૂર લઈ શકાય. જેનેટિક થીયરી પ્રમાણે મા-બાપને અમુક જીન્સવાળા સંતાનો વધુ ગમે ને બીજા ઓછા ગમે યા એમના પ્રત્યે અભાવ હોય. સમજુ ને શાણા મા-બાપ બહારથી ભલે બધાને સરખા ગણે, પણ અંદરખાનેથી એમનો પક્ષપાત અમુક સંતાન પ્રત્યે હોય જ છે, ને તે ક્યારેક છતો થાય છે. અહીં આવું જ હતું. અલબત્ત મહાત્માજીએ અસંખ્યવાર લખ્યું છે કે હરિલાલ એમનું અમૂલ્ય ધન હતું.

હરિલાલ બહુ જ વિચક્ષણ વ્યક્તિ હતા. દક્ષિણ આફ્રિકામાં છોટા ગાંધી તરીકે ખરા ગાંધી જેટલી જ પ્રસિધ્ધિ પામ્યા હતા. સત્યાગ્રહ કરી કારાવાસ પણ ભોગવ્યો હતો. પિતાએ એમની તીવ્ર ઈચ્છા હોવા છતાં ભણાવ્યા નહિ. ઉડવા માટે તત્પર એવા ગગનવિહારી પક્ષીની પાંખો કાપી નાખી. એટલે તો દુઃખી હરિલાલ કહી બેસે છે કે 'તમે અમારા તરફ સરકસના રીંગ માસ્તર અને જનાવરો જેવું વર્તન રાખ્યું છે.' એજ હરિલાલને માતા કસ્તૂરબા તરફ કેટલી મમતા હતી. 'માતા કસ્તૂરબા કી જય' બોલનાર હરિલાલ કરણી સ્ટેશને કેવા પ્રેમથી માને મોસંબી આપે છે ને કહે છે, મા તું જ ખાજે. બીજા કોઈને આપતી નહિ.

આવી લાગણીશીલ ને તેજસ્વી વ્યક્તિને સિધ્ધાંતોના આંચળા હેઠળ કચડવામાં આવી. એનું ફટકી ગયું. 'પદચ્યુતાનામ્ ભવાંત વિનિપાત સતઃમુખઃ' પડે છે ત્યારે બધું પડે છે. હરિલાલ હિમાલયની ટોચથી ગબડ્યા ને પાતાળમાં પહોંચ્યા. છતાં એમને માટે હંમેશાં હમદર્દી જ રહી છે. **હિંદુસ્તાનનું કેટલું કમભાગ્ય! ગાંધીજીના દીકરામાં સવાયા ગાંધી થવાના ગુણ હતા. ખુદ ગાંધીજી જ ઈચ્છતા હતા કે હરિલાલ દેશસેવામાં ઝંપલાવે. જે ન થઈ શક્યું.** એમને યોગ્ય શિક્ષણ, હમદર્દી, પ્રેમ, મમતા મળ્યાં હોત તો? આઝાદી પછીના ભારતમાં એમના યોગદાનની તો ફક્ત કલ્પના જ કરવી રહી.

ડૉ. કાંતિ ગાંધી બાળપણમાં પોતાના પિતાની જેમ આખાબોલા હતા. ડૉ. જે.સી. કુમારપ્પાને ગાંધીજીએ વધુ વેતન આપ્યું. પૌત્ર કાંતિએ તરત પૂછ્યું. એમને કેમ વધુ વેતન આપ્યું? અમે ભણત તો વધુ ઉપયોગી થઈ શકતને!

પુત્રો રામદાસ અને દેવદાસ અને પૌત્ર કાંતિને મોટી ઉંમરે દક્ષિણમાં ભણવાની રજા ગાંધીજીએ આપી. કદાચ એમને મોડું મોડું પણ સત્ય સમજાયું હતું.

ડૉ. કાંતિ ગાંધી અને એમના વીણાવાદક પત્ની સરસ્વતીદેવીએ હરિલાલની બહુ જ સેવા શુશ્રૂષા કરી. હરિલાલ પોતાના વિનિપાતમાં બહુ આગળ નીકળી ગયા હતા.

**ફક્ત બે આંસુ. એક પણ શબ્દ નહિ. જિંદગીના એ અણમોલ સંભારણાએ ઘણીવાર સાચું દિશાસૂચન આપ્યું છે.**

*૫૦/૪, રામસદન,*
*માટુંગા, મુંબઈ-૪૦૦ ૦૧૯.*

**યાત્રા** | **ઈન્ટરનેશનલ ટુર્સ** | **પ્રવાસ**

શિખરજી
સૌરાષ્ટ્ર દર્શન
રાજસ્થાન
પાલિતાણા - પંચતીર્થ
ગીરનાર - સોમનાથ
કચ્છ પંચતીર્થ
જગન્નાથપુરી
નાગેશ્વર (એમ. પી)
પુના -કાત્રજ
કાવી-ગંધાર-ઝગડીયા
કુલપાકજી - હૈદરાબાદ
ચારધામ
પંજાબ પંચતીર્થી

દુબઈ ફારઈસ્ટ ન્યુઝીલેન્ડ કેનેડા
શ્રીલંકા હોંગકોંગ ઓસ્ટ્રેલીયા ચાઈના
મોરેશીયસ માલદીવ્સ યુરોપ અલાસ્કા
PASSPORT ASSISTANCE | VISA
FOREX | OVERSEAS INSURANCE
Chetan Mota's tmt holyday — Bubble gum TOURS & TRAVELS
૨૦૬, નેપ્ચ્યુન અપટાઉન, એન. એસ. રોડ, મુલુંડ (વે).
૯, હેમુ પ્લાઝા, ડી. જે. રોડ, વિલેપાર્લા (વે).
Tel. : 2593 4545 | 2610 1062 | 2612 2270
Email : info@bubblegumtours.com
Web : www.bubblegumtours.com
ભારતભરના તમામ યાત્રા તેમજ ગિરિમથકો માટે વ્યકિતગત કે ગ્રુપમાં ટેલરમેડ કે અમારા બારે માસ ચાલતા આયોજીત ફેમિલિ / હનીમુન પ્રવાસોમાં બધી જ અત્યાધુનિક સગવડતાઓ સાથે...

કાશ્મીર-વૈષ્ણોદેવી
લેહ લડાક-કાશ્મીર
દાર્જીલીંગ-સીકકીમ
હિમાચલ
ઉતરાંચલ
દક્ષિણ ભારત
કેરલા
રાજસ્થાન
હૈદ્રાબાદ-રામોજી સીટી
કોસ્ટલ કર્ણાટક
ભૂતાન-નેપાલ
આંદામાન-નિકોબાર

# જૈન એકતા – ૨

• ડૉ. ધનવંત શાહ •

'પ્રબુદ્ધ જીવન'માં ઉપરના વિષય ઉપર અગાઉ લખેલા લેખનો બહોળો પ્રતિભાવ અને પ્રતિસાદ મળ્યો, એનો આનંદ તો છે જ, પરંતુ એ આનંદ તો જ પરમાનંદમાં પરિવર્તિત થાય જો એ પરિણામલક્ષી બને. હવે માત્ર ચર્ચા નહિ, પરિણામલક્ષી નક્કર કાર્ય શરૂ થાય. શાસન દેવને આપણે સૌ એવા સંપ અને એકતા માટે પ્રાર્થના કરીએ.

એ લેખને આ અંકમાં આગળ વધારવાનું એક કારણ એ છે કે મારી જાણ પ્રમાણે જૈન એકતા માટે જે બે અ-જૈનોએ પોતાના કાર્યથી પ્રયત્નો કર્યા છે એનો ઉલ્લેખ કરવાનું એ લેખમાં રહી ગયું હતું. એક વાચક મિત્ર નેણશીભાઈએ આ હકીકત પ્રત્યે મારું ધ્યાન દોર્યું. એમનો આભાર માની એ અ-જૈનો પ્રત્યે ઋણ સ્વીકાર કરી હૃદયનો ભાર હળવો કરું છું.

રાષ્ટ્રીય સંત પૂ. વિનાબોજીને સર્વ ધર્મનાં ગ્રંથોનો ઊંડો અભ્યાસ કરતાં જાણવા મળ્યું કે અન્ય ધર્મો પાસે પોતાનો એક પ્રતિનિધિ ગ્રંથ છે. જેમકે, ભગવદ્‌ગીતા (વૈદિક સાહિત્યનો સો ગ્રંથોનો સાર), બાઇબલ, કુરાન, ધમ્મપદ (૧૪ ગ્રંથોનો સાર), જપુજી, પરંતુ જૈનો પાસે વિશાળ અને ઊંડાણભર્યું પોતાનું સાગર જેટલું શ્રુત સાહિત્ય હોવા છતાં એમની પાસે પોતાનો આવો કોઈ ખાસ પ્રતિનિધિ ગ્રંથ નથી.

સર્વ ધર્મના અધ્યયનના પરિણામે વિનોબાજીએ આપણને કુરાન સાર, ખ્રિસ્તી ધર્મ સાર, ગીતા પ્રવચનો, જપુજી, ધમ્મપદ, ભગવત ધર્મસાર અને તાઓ ઉપનિષદ જેવા પુસ્તકો આપ્યા, પણ જૈન ધર્મના સાર માટે એમણે પોતે લખવાનું નહિ, પણ એ ધર્મના વિદ્વાનો પાસે લખાવવાનું એમણે વિચાર્યું, કારણકે જૈનધર્મ અનેક સંપ્રદાયોમાં વિસ્તરાયેલો છે અને પ્રત્યેક સંપ્રદાય પાસે પોતાના વિશાળ ગ્રંથો પણ છે.

વિનોબાજી લખે છે, 'હું કબૂલ કરું છું કે ગીતાની મારા ઉપર ઊંડી અસર છે. ગીતા પછીથી મહાવીર ભગવાનથી વધુ બીજી કોઈ પણ વાતની અસર મારા ચિત્ત ઉપર નથી. એનું કારણ એ છે કે મહાવીર ભગવાને જે આજ્ઞા આપી છે તે બાબાને પૂરેપૂરી કબૂલ છે. એ આજ્ઞા છે 'સત્યગ્રાહી બનો.' આજે તો જે આવ્યો એ સત્યાગ્રહી બની નીકળે છે. બાપુએ બાબાને પણ સત્યાગ્રહી તરીકે આગળ કર્યો હતો, પણ બાબા જાણતો હતો કે એ સત્યાગ્રહી નથી, સત્યગ્રાહી છે. દરેક માનવ પાસે એનું સત્ય હોય છે અને તેથી માનવ-જન્મ સાર્થક થતો હોય છે. આમ તમામ ધર્મોમાં, તમામ પંથોમાં અને તમામ માનવોમાં જે સત્યનો અંશ છે તેને ગ્રહણ કરવો જોઈએ. ભગવાન મહાવીરનો આ ઉપદેશ છે. ગીતા પછી બાબા પર એની જ અસર છે. 'ગીતા પછીથી' એમ કહું છું ખરો, પણ જોઉં છું તો મને એ બન્નેમાં કશોય ફરક દેખાતો નથી.' (બાબા એટલે વિનોબાજી પોતે).

મહાવીર વાણીથી વિનોબાજી આટલા બધાં પ્રભાવિત હતા. ઉપરાંત એમણે એ પણ નોંધ્યું છે કે જૈન ધર્મ આચાર પ્રધાન વિશેષ છે, પ્રચાર પ્રધાન નથી. અંતે તો આચાર જ મુખ્ય છે. સમ્યગ્ જ્ઞાન, દર્શન અને ચારિત્ર - આ ચાર જ મોક્ષના દ્વારનું દર્શન કરાવી શકે છે.

જૈન ધર્મના સર્વ સંપ્રદાયોના તત્ત્વને સમાવે એવા ગ્રંથનું સર્જન કરવાનું વિનોબાજીએ વિચારી એક વિશાળ યોજના બનાવી. આખરે વિનોબાજી સત્યગ્રાહી અને સમન્વયકારી તો હતા જ. અને પોતે રચેલા અન્ય ધર્મના સારના પુસ્તકોમાં આ જૈન ધર્મ સારનો ખૂટતો મણકો પણ એમને પૂરવો હતો જ.

અને આ ભગીરથ કમ માટે જૈન ધર્મતત્ત્વના વિદ્વાન બ્રહ્મચારી તપસ્વી જિનેન્દ્ર વર્ણીજી એમને મળી ગયા. વર્ણીજીએ જૈન સંપ્રદાયના બધાં ગ્રંથોનો અભ્યાસ કરી એક પુસ્તક તૈયાર કરી એને 'જૈન ધર્મસાર' શીર્ષક આપ્યું. પહેલાં એક હજાર નકલો તૈયાર કરી જૈન સાધુઓ અને વિદ્વાનોને મોકલાવી. સૂચનો માટે નિમંત્રણ આપ્યું. વિદ્વાનોના સૂચનો આવ્યાં, ગાથાઓ સૂચવાઈ, અને એ ધ્યાનમાં રાખી. બીજું સંકલન શ્રી દલસુખભાઈ માલવણિયાએ કર્યું. ફરી સૂચનો નિમંત્ર્યા, સૂચનો આવ્યા અને વર્ણીજીએ ત્રીજું સંકલન કર્યું અને નામ આપ્યું 'જિણધમ્મ'. દિલ્હીમાં જૈન ધર્મના સર્વ સંપ્રદાયના લગભગ ૩૫૦ વિદ્વાનોની બેઠકમાં આ સંકલન પ્રસ્તુત થયું, તા. ૨૯, ૩૦ નવેમ્બર ૧૯૭૪. બે દિવસમાં ચાર બેઠકો થઈ. ચારે બેઠકોનું અધ્યક્ષસ્થાન સ્વીકાર્યું મુનિશ્રી સુશીલકુમારજી, મુનિશ્રી નથમલજી, મુનિશ્રી જનક વિજયજી તથા ઉપાધ્યાય મુનિશ્રી વિદ્યાનંદજી. આ ચારે બેઠકોને આશીર્વાદ મળ્યા આચાર્ય તુલસીજી, આચાર્ય ધર્મસાગરજી, આચાર્ય શ્રી વિજય સમુદ્રસુરિજી તથા આચાર્ય શ્રી દેશભૂષણજીના. આ ચારે અધ્યક્ષોની સહાયતાથી આત્મ-પ્રકાશી વર્ણીજીએ ગ્રંથને અંતિમ સ્વરૂપ આપ્યું, જે સર્વમાન્ય થયું.

આ સર્વ પ્રક્રિયા પૂ. વિનોબાજીના પ્રત્યક્ષ અને પરોક્ષ માર્ગદર્શનથી થઈ. પણ વિનોબાજીએ ક્યાંય પોતાનો કોઈ આગ્રહ પ્રદર્શિત ન કર્યો. એઓ માત્ર નિષ્પક્ષ દૃષ્ટા જ રહ્યાં કારણ કે એ જાણતા હતા કે એ પોતે અ-જૈન છે. એમનો આંતરભાવ તો સમન્વયનો જ હતો.

પૂ. વિનોબાજીની પ્રેરણા, તપસ્વી વર્ણીજીનો પ્રચંડ પુરુષાર્થ, સર્વ સંપ્રદાયના અનેક વિદ્વાન પંડિતો અને મુનિજનોનું સંશોધન, સર્જન, સંવર્ધન, સંયોજન અને સમર્થને પરિણામે જે જૈન તત્ત્વજ્ઞાનનો પ્રતિનિધિ ગ્રંથ સર્જાયો તે 'સમણસુત્તં' ગ્રંથ, જેનું પ્રકાશન તા. ૨૪-૪-૧૯૭૫ ના મહાવીર જયંતીને દિવસે થયું અને પહેલે જ દિવસે બધી નકલો વેચાઈ ગઈ. આ મહાન કાર્યના

*લાઈનમાં છેલ્લે ઊભા રહેવાનું સામર્થ્ય હોય તે લોકો ધન્યવાદને પાત્ર છે.*

સર્જનનો ઈતિહાસ દીર્ઘ છે. અહીં તો માત્ર પરિચયાત્મક લાઘવ-

'સમણસુત્તં'નું સર્જન એ જૈન ઈતિહાસની ૨૧મી સદીની આ મહાન ઘટના છે.

વિનોબાજીએ સંતોષ વ્યક્ત કરતાં લખ્યું કે 'હવે આગળ ઉપર જ્યાં સુધી જૈન ધર્મ ટકશે અને બીજા વૈદિક તથા બૌદ્ધ ધર્મો પણ હશે ત્યાં સુધી આ 'જૈન-ધર્મ-સાર' 'સમણસુત્તં' નું અધ્યયન થતું રહેશે. છેલ્લાં દોઢ હજાર વર્ષમાં નહોતું થઈ શક્યું તેવું એક બહુ મોટું કાર્ય સંપન્ન થયું. એમાં બાબા માત્ર નિમિત્ત બન્યા, પણ મને પાકી ખાતરી છે કે એ ભગવાન મહાવીરની કૃપા છે.' ૨૫-૧૨-૭૪

ચાર ખંડ - (૧) જ્યોતિમુખ, (૨) મોક્ષ માર્ગ, (૩) તત્ત્વદર્શન, (૪) સ્યાદ્વાદ. ચુમ્માલીસ પ્રકરણો ૭૫૬ (૧૦૮ x ૭) ગાથાઓ, જેમાં જૈનધર્મ, તત્ત્વદર્શન તથા આચાર માર્ગનો સર્વાંગીણ સંક્ષિપ્ત પરિચય આવી જાય છે. મૂળ પ્રાકૃત ભાષાના આ સમણ સુત્તંને શ્રમણ સૂત્રમ્ પણ કહેવાયું, એમાં સમાંતરે સંસ્કૃત ગાથા અને ગુજરાતી, હિંદી, અંગ્રેજી અને મરાઠી ભાષામાં એનું ભાષાંતર પણ થયું છે. આ બધી ગાથાઓ જૈનોના આગમો અને પ્રાચીન ગ્રંથોમાંથી લેવાયેલી છે. કઈ ગાથા કયા ગ્રંથમાંથી છે એ વિનોબાજીના સૂચનથી નથી દર્શાવાયું. **કારણકે જો કઈ ગાથા કયા ગ્રંથમાંથી લેવાઈ છે એ જો જણાવાય તો પાછા સંપ્રદાયોમાં ચર્ચા-કલહ થાય કે અમારા આ ગ્રંથમાંથી આ ગાથા કેમ નહિ, અથવા 'આ' ગ્રંથને કેમ સ્થાન નહિ? વિનોબાજી જૈનોની નસેનસના જાણકાર હશે?**

પરંતુ આપણા વિદ્વાન પંડિતોમાંના એક પ્રકાંડ વિદ્વાન અને આગમોના અભ્યાસી પૂ.ડૉ. સાગરમલજી જૈને ખૂબ જ પરિશ્રમ બાદ શોધી આપ્યું કે કઈ ગાથા કયા ગ્રંથમાંથી છે. પૂજ્યશ્રીને આપણા વંદન. આ શોધ હમણાં બે વરસ પહેલાં જ થઈ.

આ ગ્રંથો છે : ઉત્તરાધ્યયન સૂત્ર, પ્રવચનસાર, સમયસાર, નિયમસાર, દ્રવ્ય સંગ્રહ, ગોમ્મટસાર, પંચાસ્તિકાય, દશ વૈકાલિક સૂત્ર, ભગવતી સૂત્ર, પંચ પ્રતિક્રમણ, વગેરે લગભગ ૬૧ ગ્રંથો.

આ 'સમણસુત્તં' ના સર્જન પહેલાં સંકલન પુસ્તકો તૈયાર થયા હતા, જેમાં શ્વેતાંબર મુનિ ચૌથમલજી દ્વારા, ભગવત ગીતા જેવો ૧૮ પ્રકરણનો 'નિર્ગ્રંથ પ્રવચન', આચાર્ય બુદ્ધિસાગર દ્વારા 'મહાવીર ગીતા' અને 'પંડિત બેચરદાસ' દ્વારા 'મહાવીર વાણી', પરંતુ આ પુસ્તકોમાં લગભગ એક જ સંપ્રદાયનું પ્રતિનિધિત્વ હતું એટલે એ સર્વમાન્ય ન થયા. અને એનો વિશેષ પ્રચાર પણ ન થયો.

પરંતુ **અ-જૈન વિનોબાજીએ 'સમણસુત્તં' દ્વારા સર્વ ફિરકા માન્ય જે વિરાટ કાર્ય કર્યું તેવું જૈન ધર્મના છેલ્લા ૨૫૦૦ વર્ષમાં નથી થયું.** એટલે આ મહાન કાર્ય માટે જૈન શાસન એમનું ઋણી રહેશે.

પરંતુ અતિ પરિશ્રમથી અને સમન્વય દૃષ્ટિથી સર્જાયેલા, સર્વ જૈન સંપ્રદાય સમન્વય જેવા આ 'સમણસુત્તં' જેવા ગ્રંથને જૈનોએ કેટલો આવકાર્યો? ૧૯૭૫માં પ્રકાશિત થયેલા આ ગ્રંથની માંડ દસેક આવૃત્તિ થઈ હશે. એનો અનુવાદ સંસ્કૃત, ગુજરાતી, હિંદી, મરાઠી અને અંગ્રેજી ભાષામાં થયો. અન્ય ભાષામાં થયો હોય તો એની માહિતી મારી પાસે નથી, એટલો આ ગ્રંથનો શાંતપ્રચાર છે. **આવા ગ્રંથને તો હાથીની અંબાડી ઉપર બિરાજાવી ગામેગામ દર્શનીય કરવો જોઈએ. ચતુર્વિધ સંઘમાંથી કોઈ વર્ગે એની ખાસ નોંધ નથી લીધી, લીધી હોય તો આ ગ્રંથ પ્રત્યેક સંપ્રદાયના પ્રત્યેક જૈનના ઘરે, હિંદુઓ જેમ ભગવદ્ ગીતા કે અન્ય ધર્મી પોતાના ધર્મના પ્રતિનિધિ ગ્રંથને રાખે છે એમ રાખ્યો હોત.**

લગભગ બે-ત્રણ વર્ષ પહેલાં મુંબઈમાં મારે આ 'સમણ સુત્તં' ઉપર વક્તવ્ય આપવાનો પ્રસંગ ઊભો થયો હતો, ત્યારે મારું વક્તવ્ય પૂરું થયા પછી **પ્રમુખ મહાશયે કહ્યું કે, આ 'સમણ સુત્તં' માં અમારા સંપ્રદાયના વચનો નથી એટલે અમને માન્ય નથી.' મેં કહ્યું કે, 'સમણ સુત્તં આપણાં પ્રાચીન ગ્રંથોનું દોહન છે, જ્યારે તમે કહો છો એ સંપ્રદાયનો જન્મ જ હમણાં ૧૫૦-૨૦૦ વર્ષ પહેલાં થયો છે. પણ તમારા જે વચનો જેમાંથી અવતર્યા એ મૂળ તત્ત્વો તો એમાં છે જ.' જે મોહને છોડવાનું અને અનેકાંત દૃષ્ટિને અપનાવવાનું તીર્થંકરે કહ્યું છે એ જ 'મોહ'ને આપણે વળગીએ છીએ.**

તો જૈન એકતા માટે અ-જૈન વિનોબાજીનું આ 'સમણસુત્તં' મહા યોગદાન.

બીજા અ-જૈનના યોગદાનને જોઈએ. મુંબઈ-ઘાટકોપરની કે. જે. સોમૈયા સેન્ટર ફોર સ્ટડીઝ ઈન જૈનીઝમે આ 'સમણ સુત્તં' ઉપર ત્રણ દિવસનો સેમિનાર રાખ્યો અને ભારતના વિવિધ પ્રાંતોમાંથી વિદ્વાનોને નિમંત્રી આ સમણ સુત્તંના વિવિધ વિષયો ઉપર બે દિવસનો સેમિનાર યોજ્યો અને Various Facts of 'SAMANSUTRA' શીર્ષકથી અઢીસો પાનાના અંગ્રેજી પુસ્તકનું પ્રકાશન પણ કર્યું.

**આ ઈન્સ્ટિટ્યૂટના સ્થાપક સોમૈયા પરિવાર અ-જૈન અને પુસ્તકના એક સંપાદક ડો. ગીતા મહેતા અ-જૈન અને બીજા કોકિલા શાહ જૈન.**

**મને ખબર નથી કે 'સમણ સુત્તં' ઉપર આવો સેમિનાર કોઈ જૈન સંસ્થાએ કર્યો હોય કે કોઈ ઉપાશ્રયમાં કોઈ એક સંપ્રદાયના મુનિ ભગવંતોએ 'સમણ સુત્તં' ઉપર દીર્ઘ વ્યાખ્યાન આપ્યું હોય.** આવું અગર જ્યાં જ્યાં થયું હોય એ સર્વેને મારા કોટિ કોટિ વંદન.

આ 'સમણ સુત્તં' સર્વ જૈન સંપ્રદાયના જ્ઞાનનો ખજાનો છે, બધાં જૈન સંપ્રદાયના જ્ઞાનનું એમાં પ્રતિનિધિત્વ છે. એ અત્તરના પુમડાં જેવો છે. પ્રત્યેક ઘરમાં આ 'સમણ સુત્તં' ગ્રંથનું હોવું એટલે તમારું 'જૈન એકતા' માટેનું મહાપ્રદાન અને સાબિતી. એ હશે તો એના વાંચનથી ભવિષ્યની પેઢી સંપ્રદાયના વાડાથી મુક્ત થશે, ત્યારે, ક્યારેક જૈન એકતાનો સૂરજ નક્કી ઊગશે જ.

જૈન એકતા માટે આ અ-જૈન મહાનુભાવ અને આ સંસ્થાને આપણે વંદન કરીએ. જૈન એકતાના અભિયાનમાં આ અ-જૈનોએ ઉગતા સૂરજના પ્રથમ કિરણોને પ્રગટાવવાનું પુણ્ય કર્મ કર્યું છે.

*('સમણ સુત્તમ્' યજ્ઞ પ્રકાશન, ભૂમિપુત્ર, હુજરાતપાગા, વડોદરા - ૩૯૦૦૦૧)*

*તમારું કામ પૂરી નિષ્ઠા અને જવાબદારી સાથે પાર પાડવાનું રાખો.*

વિચાર વિમર્શ

# ગીરમીટિયા મજૂર બનશો કે ધરતીના છોરુ?

## સંભારણાની સફર : મણકો - ૬

• ડૉ. સુધા મૂર્તિ (અનુવાદ : સોનલ મોદી) •

'ઈન્ફોસીસ ફાઉન્ડેશન' નામની સેવા સંસ્થાના નેજા હેઠળ અમે જે સખાવતી કાર્યો કરીએ છીએ તેમાં સૌથી જાણીતો તથા મારો અંગત રીતે માનીતો પ્રોજેક્ટ, લાઈબ્રેરીઓમાં પુસ્તકો વસાવી આપવાનો છે. ગામડાંની, ટ્રસ્ટ દ્વારા ચાલતી કે સરકારી શાળાઓને અમે પ્રાધાન્ય આપીએ છીએ. ઘણી વાર નાનકડી લાઈબ્રેરીને વધુ સમૃદ્ધ બનાવીએ અથવા તદ્દન નવી લાઈબ્રેરી બનાવી આપીએ. તે ઉપરાંત યુવાકેન્દ્રો, યુથક્લબો કે મંડળોને પણ આવરી લેવાય. નીચેનો પ્રસંગ લાઈબ્રેરી પ્રોજેક્ટ દરમ્યાન બન્યો હતો.

એક દિવસ હું ઓફિસમાં બેઠી હતી. મારો પ્રિય જૂનો વિદ્યાર્થી સિદ્ધાર્થ મને મળવા આવ્યો. અમુક વિદ્યાર્થીઓ હંમેશ યાદ રહી જાય. તેમાંનો જ આ એક અત્યંત તેજસ્વી, ચપળ વિદ્યાર્થી. ભણવામાં હોશિયાર હોવા ઉપરાંત યુનિયન લીડર, આંતર-કોલેજ સ્પર્ધાઓ યોજવામાં એક્કો. ભાષણ તો એવું સરસ આપે કે ભલભલા પ્રોફેસરો તેને સાંભળવામાં સમયભાન ભૂલી જાય! મને ખાતરી હતી કે સિદ્ધાર્થ જીવનમાં ખૂબ સફળ થશે. પણ મારી ઓફિસમાં જે સિદ્ધાર્થે એન્ટ્રી મારી તે તો જાણે કોઈ બીજો જ. જીવન પ્રત્યે ઉત્સાહ જ નહીં, ફિક્કો, પાતળો અને હવા કાઢી લીધેલ ફુગ્ગા જેવો ફૂસ!

'સિદ્ધાર્થ, ભાઈ, કેમ આવો લાગે છે? તબિયત તો સારી છે ને? કેમ છે તારાં પપ્પા-મમ્મી? આજકાલ શું કરે છે?' મેં પ્રશ્નોનો મારો કર્યો.

સિદ્ધાર્થના બાપુજી શ્રી વેંકટપ્પા માયસોર પાસેના હાસન ગામના મોટા ગજાના જમીનદાર હતા. વર્ષો પહેલાં સિદ્ધાર્થના ક્લાસને હું બેલૂર અને હળેબીડનાં જગપ્રસિદ્ધ પૌરાણિક મંદિરોની મુલાકાતે લઈ ગઈ હતી, ત્યારે અમારી બસ રસ્તામાં ખોટકાઈ હતી. સિદ્ધાર્થનું ગામ નજીકમાં હોવાથી અમે પચીસે જણે તેમના વિશાળ ઘરમાં રાતવાસો કર્યો હતો. અડધી રાત્રે તો અમે તેમના ગામ પહોંચ્યાં, છતાંય સિદ્ધાર્થનાં વાલીઓનો ઉત્સાહ માય નહીં! બીજે દિવસે પણ અમને આગ્રહપૂર્વક રોકી પાડ્યાં. અને આગતાસ્વાગતામાં કોઈ દિલદગડાઈ નહીં! અમે એમની સાથે બે દિવસ રહ્યાં તે દરમ્યાન સાદું પાણી તો પીવા જ ન દીધું. તેમની વાડીનાં સાકરમીઠાં નારિયેળનાં પાણી, કેળાં, પાઇનેપલ અને જેકફ્રૂટના ઢગલા કરી દીધાં. જમવામાં પણ જોઈ-જાણી ન હોય તેવી અનેક વાનીઓ. બધું જ તાજાં ધોયેલાં લીલાંછમ કેળનાં પાન પર પીરસાય. સિદ્ધાર્થના પિતાજી ડાંગર, નારિયેળ, શેરડી, આદુ, કેરીઓ તથા શાકભાજી પકવે. બે દિવસે અમને વિદાય આપી ત્યારે કેટલાંય શાકભાજી ફ્રૂટ જોડે બંધાવ્યાં. એ પ્રેમ અમને બધાંને ભીંજવી ગયો હતો.

સિદ્ધાર્થ ધીમેથી ઢીલુંઢીલું બોલ્યો, 'એ લોકો તો મજામાં છે, પણ હું નથી.'

'કેમ ભાઈ, તારે શી ખોટ છે? પ્રેમાળ માતા-પિતાનો એકનો એક દીકરો છે. ગામમાં ફળદ્રુપ જમીનો છે. ચોખ્ખાં હવા-પાણી અને તારો ઉત્સાહી સ્વભાવ! બીજું શું જોઈએ?'

'બહેન, તમને દૂર રહ્યે બધું સારું લાગે. મારાં બા-બાપુજીએ મને આટલું ભણાવ્યો અને પ્રેમ પણ ખૂબ આપ્યો. હવે એવી આશા રાખે છે કે એમની જેમ હું પણ આખી જિંદગી એ ઉજ્જડ છેવાડાના ગામડાંમાં સડું! બહેન, ત્યાં એક સિનેમાનું થિયેટર પણ નથી. બોલો! આખો દહાડો કરવું શું? એના એ ગામગપાટા અને કંટાળાજનક વાતો. મારી બુદ્ધિ ખેતીમાં અને બળદિયા હાંકવામાં વાપરવાની? સવારની સાંજ થતાંમાં તો હું કંટાળી જાઉં છું.'

'તારે બેંગ્લોરમાં શું કરવું છે, સિદ્ધાર્થ?'

'મારે મુંબઈ-બેંગ્લોર જેવા મોટા શહેરમાં જ સેટલ થવું છે. બહેન, મને તો ફાસ્ટ-લાઈફ જોઈએ. અહીં રોજ કાંઈ નવું નવું થતું હોય! ગામડામાં તો સમય સ્થગિત થઈ જતો હોય તેમ લાગે છે.' - તેણે કહ્યું.

'તું હાલમાં શું કરે છે, સિદ્ધાર્થ?' મેં પૂછ્યું

'બહેન, થોડો વખત એક કોલ સેન્ટરમાં કામ કર્યું. **(Call centre એટલે એવું દોજખ કે જ્યાં ભારતની યુવાન પ્રતિભાઓ વિદેશી લોકોના શાબ્દિક મજૂરિયાની જેમ રાત-દિવસ જોયા વગર કામ કર્યે જાય છે.** આ પણ જૂના જમાનાની ગિરમીટિયા પ્રથા જેવી એક નવી પેઢીની ગુલામી છે. જેમાં મજૂરીના પૈસા ઘણા વધારે મળે છે.) તમે તો કોલ સેન્ટરની નોકરી વિષે જાણતા જ હશો, બહેન! રાત-દિવસ ફોન પર બોલી-બોલીને મને સતત ગળાનો દુઃખાવો રહેવા લાગ્યો. વળી નોકરીથી વીસ કિલોમીટર દૂર રૂમ મળ્યો. પાંચ જણ ભેગાં-ભેગાં પડ્યા રહીએ! નોકરી દૂર પડે, જવા-આવવામાં ઘણો સમય જાય અને રોજના ઉજાગરાને કારણે તબિયત બગડી ગઈ. તેથી હમણાં જ રાજીનામું આપ્યું. હવે તો નવી નોકરીની શોધમાં છું.'

સાબુ, બિસ્કિટ, બ્રેડ, અગરબત્તીના રેપર્સ અને કાર્ટન બનાવનાર
cps કમર્શિયલ પેકીંગ સર્વિસીસ
સ્થાપના ૧૯૫૮
ઓફસેટ પ્રિન્ટર્સ – પેપર કન્વર્ટર્સ
53/54, યુનીક ઈન્ડ. એસ્ટેટ, ડૉ. આર.પી. રોડ, જવાહર સિનેમા સામે, મુલુંડ (વેસ્ટ), મુંબઈ-80.
ફોન : 67993347, 25684567
ફેક્સ : 67993357
E-mail : compack@pin2piano.net

'સિદ્ધાર્થ, હમણાં તારા ક્ષેત્રમાં નોકરીઓનો તોટો નથી. સોફ્ટવેર ટેક્નોલોજીના જમાનામાં નોકરી તો તને તરત મળી જશે, પણ આ મોટા શહેરમાં ટકી જવાય તેટલો પગાર કદાચ ન મળે. અને મળે તો પણ તારા ગામ જેવાં ચોખ્ખાં હવા-પાણી-ખોરાક નહીં જ મળે. મોટાં શહેરોની આ જ તકલીફ છે. ધૂળ-ધુમાડા ને ધૂણી. પોપ્યુલેશન અને પોલ્યુશન. ભાઈ, તું કોલેજમાં કેટકેટલી પ્રવૃત્તિઓમાં ભાગ લેતો હતો! તારું સંગીત ચાલુ છે કે નહીં? જોકે, તારા એ બધા શોખને પોષવાનો તને કોઈ સમય નહીં મળતો હોય. આપણા શોખ ન પોષાય એટલે જીવન પ્રત્યેનો ઉત્સાહ શમી જાય.'

'તમારી વાત સો ટકા સાચી, બહેન, પણ મારે તો બેંગ્લોરમાં જ રહેવું છે. હવે ગામડે જાઉં તો અમારા ગામમાં વાયુવેગે વાત ફેલાય કે 'વેંકટપ્પાનો છોકરો આટલું ભણ્યો તોય શહેરમાં નોકરીય ન મળી, તે ધૂળ ફાકવા પાછો આવ્યો!'

'અરે, સિદ્ધાર્થ, ગામના મોઢે કાંઈ ગરણા બંધાય છે? લોકો તો બંને બાજુ બોલશે. તું એમના માટે જીવે છે? અહીં તને બહુ-બહુ તો પંદર-વીસ હજારની નોકરી મળશે. ગામડે ખેતીમાં આટલું તો તું ચપટીમાં કમાઈ લઈશ. હવે તો ગામડામાં પણ ટી.વી. કમ્પ્યુટર અને ઇન્ટરનેટ કનેક્ટિવિટી થઈ ગઈ છે. તું દુનિયાભરનાં સમાચારો ઘેર બેઠાં જોઈ શકીશ. આમ જુઓ, તો અહીં મોટાં શહેરોમાં આટઆટલાં નાટક-સિનેમા થિયેટરો છે છતાંય રોજ થોડું જવાય છે? ટ્રાફિકથી જ ત્રાસી જવાય છે.'

મારી વાત સિદ્ધાર્થના ગળે ઉતરી નહીં. તેણે ઊભા થઈને ચાલવા માંડ્યું.

બીજા જ દિવસે અમારી ઓફિસમાં લાઈબ્રેરી પ્રોજેક્ટ અંતર્ગત પુસ્તકો મેળવવા એક અજાણ્યો યુવાન આવ્યો. 'જો સમય ફાજલ પાડી શકો તો મારે આપને મળવું છે.' તેવી ચિઠ્ઠી મોકલાવી. મેં તરત જ અંદર બોલાવ્યો.

શિમોગા જિલ્લાના નાનકડા ગામનો તે ચોવીસેક વર્ષનો યુવાન હતો. તેનું નામ ગુરુપ્રસાદ. અસલ ધરતીનો છોરુ! ઉત્સાહી, હસમુખો, પારદર્શક, ફાંકડો જવાન. વાતવાતમાં મને જાણ થઈ કે તે અંગ્રેજી સાહિત્યના વિષય સાથે બી.એ. થયો હતો, ચેસ ચેમ્પિયન હતો. રાષ્ટ્રીય કક્ષાએ પણ રમી આવ્યો હતો. તેનાં માતા-પિતાના બે સંતાનોમાં તે મોટો હતો.

'ગુરુ, ગામડે ગમે છે? તારો સમય શી રીતે પસાર કરે છે?' મેં પૂછ્યું. 'બહેન, એવું વિચારવાનો પણ સમય નથી મળતો. કેટકેટલાં કામ હોય! હું મશરૂમ (બિલાડીના ટોપ) ની ખેતી કરું છું. રોકડિયો પાક, પણ સતત ધ્યાન માગી લે. માલની સામે જ પૈસા મળી જાય. તરતદાન ને મહાપુણ્ય! રોજના ચારથી પાંચ કલાક ધ્યાન રાખવું પડે. ઘરનું ઘર છે. ઘણું મોટું છે. અડધું તો ખાલી રહે છે તેથી ત્યાં લાઈબ્રેરી ચાલુ કરી છે. ઓસરીમાં ગામનાં બાળકોને રોજ સાંજે ચેસનું મફત કોચિંગ આપું છું. મારા દોસ્તો પણ લાઈબ્રેરીના કામમાં મદદ કરે છે. સમાજસેવાની બીજી પ્રવૃત્તિઓ પણ કરી શકીએ છીએ. સુલેખન સ્પર્ધા, સ્વચ્છતા અભિયાન, બાળકો માટે ચિત્રસંગીત-વક્તૃત્વ સ્પર્ધા, બહેનો માટે સ્વાસ્થ્ય જાગૃતિ અંગેની સમજણ, વગેરે. આપની ઓફિસ આવવાનું મુખ્ય કારણ અમારી લાઈબ્રેરી માટે પુસ્તકો મેળવવાનું હતું. હવે તો અમારા પડોશનાં ગામોમાં નવાં પુસ્તકાલય શરૂ કરવા, મારાં સલાહસૂચન મેળવવા મને આમંત્રણ મળે છે. અમુક ગામોમાં યુથક્લબ ચાલુ કરવાની હોય ત્યારે વિચારવિમર્શ માટે ત્યાંથી યુવાનો અમારા ગામે આવે છે.'

'ગુરુ, આ મશરૂમની ખેતીમાં આજકાલ ખૂબ બરકત છે, ખરું?' મેં પૂછ્યું. 'બહેન, એમાં તો તમે કેટલું મૂડીરોકાણ કરો છો તેની પર આધાર. દસ રૂપિયાના ચાલીસ તો સહેજે મળે. શેરબજારના ઉતારચઢાવ કરતાં ઘણો સારો ધંધો છે. મેં મોટરસાઈકલ અને મોબાઈલ ફોન રાખ્યાં છે. શહેરમાંથી ઓર્ડર આવે એટલે માલની ડિલિવરી કરી દઉં. અમુક ઘરાક તો કાયમી છે. આ તમારી બેંગ્લોરની બધી ફાઈવ સ્ટારમાં આપણા જ મશરૂમ જાય છે, હોં કે! મને તો ગામડે જ ફાવે. એય ચોખ્ખાં હવા-પાણી-ખોરાક ને ગમતું કામ. કોઈની સાડાબારી નહીં.'

નાનપણમાં વાંચેલી એક કવિતા મને યાદ આવી ગઈ.

*'વસંતઋતુમાં ટહુકવા માટે*
*કોયલને રામના હુકમની જરૂર ખરી?*

*મધમાખીને મધ મેળવવા*
*ફૂલોની રજા લેવાની હોય ખરી?'*

ખરેખર, કુદરતના ખોળે રહેલી સાદગીમાં પણ એક અનેરી મજા છે. મને સિદ્ધાર્થ યાદ આવી ગયો. ઘરઆંગણે બધાં જ સુખ-સગવડ હોવા છતાં બેંગ્લોરમાં ટિચાતો હતો! અને શિમોગાનો આ ગુરુપ્રસાદ જંગલમાં ઊગેલું એક ફાંકડું મજબૂત વૃક્ષ. ■

**☺ છોકરા છોકરીએ એકબીજાને જોઈ લીધા પછી વડીલો વચ્ચે લગ્નની વાતો ચાલી રહી છે.**

**લડકેવાલે : લડકી હમે પસંદ હૈ. શાદી કબ કરેંગે?**

**લડકીવાલે : લડકી અભી પઢ રહી હૈ.**

**લડકેવાલે : તો હમારા લડકા ભી બચ્ચા થોડા હૈ જો કિતાબેં ફાડ દેગા?**

★

**અમદાવાદી લગ્નની કંકોતરીમાં નીચે RSVP લખ્યું હોય તો એનો શું મતલબ સમજવો?**

**'રોકડા સાથે વહેલા પધારજો....'**

DEEP JYOT
DEEP JYOT
STATIONERY MART
MFG. OF : EXERCISE & ACCOUNT BOOKS & ALL TYPES OF OFFICE FILES
JAYESH S. PAREKH
M. : 98241 06623
FACTORY : Plot No. 4601, G.I.D.C., Ankleshwar-393 002.
Ph. : 253137

# ધર્મ બૌધ્ધ મતના વિકાસ સામે જૈન મત મર્યાદિત શા કારણે?

● શાંતિલાલ સંઘવી ●

આપણે સૌ જાણીએ છીએ કે વર્ધમાન મહાવીર તથા ગૌતમ બુદ્ધ બન્ને સમકાલીન હતા. ગૌતમ બુદ્ધનો જીવનકાળ (ઈ.સ. પૂ. ૫૬૦ - ૪૮૦ ગોમંડલ કોશ અનુસાર) મનાય છે. જોકે બુદ્ધના જીવનકાળ વિશે ઘણા મતભેદ છે. મહાવીરનો જીવનકાળ ઈ.સ. પૂર્વે ૫૯૯ - ૫૨૭ માન્ય ગણાય છે.

**આપણે સૌ જાણીએ છીએ કે મહાવીરના જૈન મતની સરખામણીએ બૌદ્ધ મતનો વિકાસ અને વિસ્તાર અનેકઘણો થયો છે.** આ લખાણનો હેતુ એના કારણો તપાસવાનો છે. એક ડોક્ટર પાસે જ્યારે કોઈપણ મનુષ્ય ચિકિત્સા હેતુ આવે છે ત્યારે ડોક્ટર એની નાત-જાત-ધર્મ-કોમ પૂછતા નથી. પણ માત્રને માત્ર રોગ અને એના કારણો તથા ઉપાયનો જ વિચાર કરે છે. ગૌતમ બુદ્ધના ઐતિહાસિક જીવનચરિત્રમાં કથાતત્ત્વનું પ્રમાણ લગભગ નથી. તેમના જીવનના છેલ્લા દિવસો વિષે પણ પાલી ગ્રંથોમાં પૂરી વિગતો સચવાયેલી મળે છે. જ્યારે મહાવીરનું ઐતિહાસિક જીવનચરિત્ર લગભગ લુપ્ત થયેલું છે. માત્ર કથા આધારિત જીવન ચરિત્ર મળે છે. વાસ્તવિક જીવનમાં ચમત્કારો ઉમેરવા હોય એટલા ઉમેરી શકાય છે. રામના તથા કૃષ્ણના જીવનચરિત્રોમાં અગણિત ચમત્કારો દર્શાવવામાં આવ્યા છે તે આપણે સૌ પ્રાચીન પુરાણગ્રંથો દ્વારા જાણીએ છીએ. આવા તમામ ચમત્કારોને વાસ્તવિક જીવન સાથે કશો સંબંધ હોતો નથી. ડોક્ટરો કદી પણ આવી વાર્તાઓ અને ચમત્કારોના આધારે રોગની ચિકિત્સા કરે નહીં. દવા કડવી લાગશે કે મીઠી એની ચિંતા પણ સારો ડોક્ટર કરે નહીં.'

પ્રથમ પ્રશ્ન એ છે કે જૈન મતનો વિકાસ અને વિસ્તાર આટલો ઓછો કેમ? તેના કારણો તપાસીએ. મહાવીરના નિર્વાણ સમયે તેમનાં પ્રમુખ શિષ્યો ગૌતમ સ્વામી તથા સુધર્માસ્વામી બન્ને હયાત હતા. મહાવીરનો માર્ગ અને એમના ઉપદેશ વિશે સૌથી વધારે અને પ્રમાણભૂત જ્ઞાન તેમની પાસે હતું. પરંતુ તેમણે તે જ્ઞાનને કંઠ પરંપરા અને સ્મૃતિ પરંપરામાં રહેવા દીધું. તેમણે મહાવીરના ઉપદેશને તાત્કાલીન ધોરણે ગ્રંથબદ્ધ, લિપિબદ્ધ કરવાનો પ્રયત્ન કર્યો નહીં. ત્યારપછીના સમર્થ આચાર્યોએ પણ **મહાવીરવાણીને બને તેટલી ઝડપથી સંવાદિત ગ્રંથ રૂપે સર્વેલોકોને તેમનો ઉપદેશ પ્રમાણભૂત રૂપે સુલભ થાય એવો પ્રયત્ન કર્યો નહીં.** ખાસ્સા ૮૭૦ - ૯૦૦ વર્ષ પછી પાંચમી સદીમાં તેમને લિપિબદ્ધ કરવામાં આવ્યા. આ સંપાદનને દિગંબરોએ તેની પ્રમાણભૂતતાને પડકારીને અસ્વીકાર કર્યો અને ત્યાં જ જૈન મતમાં અગત્યની તિરાડ પડી.

કથા મુજબ પ્રખર દિગંબરાચાર્ય કુંદકુંદાચાર્ય સદેહે મહાવિદેહ ક્ષેત્રમાં ગયા. ત્યાં સીમંધર સ્વામીને મળ્યા, સાચું જ્ઞાન પ્રાપ્ત કર્યુ અને પાછા આવીને તામિલનાડુના બંદેવાસી ગામની પુનટમલય નામની ગુફામાં બેસીને તેમણે 'સમયસાર' તથા 'નિયમસાર' વગેરે ગ્રંથોની રચના કરી. તે સમયે શ્વેતાંબર તથા દિગંબર બે પંથો અલગ પડ્યા.

મહાવીરે વસ્ત્રોનો ત્યાગ કર્યો. અપરિગ્રહનો એ સર્વોત્તમ આદર્શ ગણાય. મહાવીર પાસે પોતાના ઈશ્વરે આપેલા શરીર ઉપરાંત પરિગ્રહમાં કશું જ ન હતું. પરંતુ એનું એક પરિણામ એ આવ્યું કે મહાવીર વિશાળ લોક સમુદાય સુધી પહોંચી શક્યા નહીં અને તેમને આકર્ષી શક્યા નહીં. અને નિર્વસ્ત્ર અવસ્થાના કારણે લોકો પણ તેમના સુધી પહોંચવા માટે ઉત્સાહિત બન્યા નહીં. સમગ્ર સ્ત્રીવર્ગ મહાવીરથી દૂર રહ્યો.

કથા મુજબ ઘણી સ્ત્રીઓએ સાધ્વી ધર્મ સ્વીકાર્યો. પણ એ વાસ્તવિકતા નથી. જો વિશાળ સ્ત્રીવર્ગ સુધી મહાવીર પહોંચી શક્યા હોત તો અગણિત પૂરા કુટુંબો જૈન બની શક્યા હોત. મહાવીર પછીના ગાળામાં સમર્થ જૈન આચાર્યો પણ ખૂબ નાના વિસ્તારમાં પ્રવૃત્તિશીલ રહ્યા. દેશના વિશાળ ભૂમિભાગ પર ફરી વળ્યા નહીં. તેમણે પોતાની જાતને નાનકડા કુંડાળામાં મર્યાદિત કરી નાખી.

મહાવીરે બતાવેલા અને પછીના આચાર્યોએ પણ યથાતથ સ્વીકારેલા ખાણી, પીણી, રહેણીકરણી અને **આચારના નિયમો એટલા બધા કડક અને અઘરા હતા કે સામાન્ય લોકો એને સ્વીકારી શક્યા નહીં.** (આજે પણ કોઈ સમર્થમાં સમર્થ આચાર્ય પણ સો ટકા તે મુજબના નિયમો પાળતા નથી - પાળી શકે એમ નથી.) મહાવીર પછીના આચાર્યોએ સામાન્ય લોકો માટે કશી જ છૂટછાટ મૂકી નહીં. દરેકે દરેક પ્રજાની ખાણીપીણી તથા રહેણીકરણી અને આચારો અલગ અલગ હોય છે. એ બધાનો આધાર જે - તે પ્રદેશના લોકોની પરંપરા, સ્થાનિક પરિસ્થિતિ, આબોહવા, માન્યતાઓ, તેમની આદતો, વગેરે ઉપર હોય છે. બધા એક જ પ્રકારના નિયમો સ્વીકારીને જીવી શકે નહીં. દા.ત. વાળને લોંચ કરવાનો નિયમ બહુ જ ઓછા લોકો સ્વીકારે.

જૈન આચાર્યોએ લગભગ ૯૦૦ વર્ષ સુધી જિનવાણીને ગ્રંથબદ્ધ તો ન કરી પણ ત્યાર પછી પણ જૈન આગમો અને અન્ય **સાહિત્યને દેશની અને પરદેશની જુદી જુદી ભાષાઓમાં એનું ભાષાંતર ન કર્યું.** એથી પણ મોટી ભૂલ એ કરી કે પરદેશના જે વિદ્વાનો આપણા દેશમાં આવ્યા તે સૌ બૌદ્ધોના પરિચયમાં આવ્યા. આવા પરદેશી વિદ્વાનોને આકર્ષવામાં તથા તેમને જૈનમતથી પરિચિત કરવાનો કોઈ ઉદ્યમ તેમણે ન કર્યો. તેઓ તેમના કિલ્લામાં જ પૂરાયેલા રહ્યા.

વિનોબાજીના કહેવા પ્રમાણે ઈશુ ખ્રિસ્ત ઠેઠ કાશ્મીર સુધી આવેલા. કાશ્મીરમાં રહેલા. ત્યાં બૌદ્ધસાધુના પરિચયમાં આવીને તેમણે તે

*એક સાથે અનેક કામ કરવાથી એકાગ્રતા અને ઉત્સાહ ઘટે.*

ધર્મની વિશેષતા સ્વીકારેલી અને ત્યારબાદ તેઓ જેરૂસલેમ ગયા અને ત્યાં પછી તેમણે પોતાનો ઉપદેશ આપવાની શરૂઆત કરેલી.

ચીનના તથા આરબ વિદ્વાનો પણ આપણા દેશમાં આવેલા. પણ તેઓ મોટે ભાગે જૈન મતથી અજાણ્યા જ રહ્યા. બીજાપણ કેટલાક મહત્ત્વના કારણો છે પરંતુ આટલેથી અટકીને બૌદ્ધ મત કેમ આટલો વિસ્તર્યો તેની વિચારણા કરીએ. સૌપ્રથમ તો બુદ્ધના નિર્વાણની સાથે જ તેમના ઉપદેશોને તેમની જ ભાષામાં લિપિબદ્ધ કરવામાં આવ્યા. સિકંદરની ચડાઈ (ઈ.સ. પૂર્વે ૩૧૩) પછી મિનેન્દર બૌધ્ધ મિલિંદ બની ગયો. તેણે ગ્રીસથી ઉત્તમ કારીગરોને બોલાવીને ગૌતમ બુદ્ધની જોતાંની સાથે જ મન પર પ્રભાવ પાડે એવી વિવિધ મુદ્રાની બુદ્ધની પ્રતિમાઓ ઠેર ઠેર બનાવી. થોડાક જ સમય પછી સમ્રાટ અશોક થકી તેમને રાજ્યાશ્રય મળ્યો, જેનો તેમણે ભરપૂર લાભ ઉઠાવ્યો. ચારે દિશાએ તેમના ધર્માચાર્યો ગયા. ત્યાંની ભાષા શીખ્યા. ત્યાંની ભાષાઓમાં પોતાના ગ્રંથોના અનુવાદો કર્યા અને કરાવ્યા. પરદેશી વિદ્વાનો અને મુસાફરોને આવકાર આપ્યો. ઠેરઠેર વિદ્યાપીઠો ઊભી કરી અને ઉત્તમ શિક્ષણ સંસ્થાઓ ઊભી કરી. સમગ્ર પૂર્વ એશિયા અને અગ્નિ એશિયામાં તથા તિબેટ, લંકા અને પશ્ચિમમાં ઠેઠ સિરિયા સુધી તેઓ ફરી વળ્યા. હજારોના હિસાબે વિહારો બનાવ્યા. પરંતુ આ બધા કારણો કરતાં પણ વિશેષ મહત્ત્વનું કારણ બીજું જ હતું. **ભારતીય બૌદ્ધ ધર્મગુરુઓ જે જે દેશમાં ગયા ત્યાંના લોકોની ખાણી-પીણી-રહેણી-કરણી અને આચારો-પરંપરાઓ-માન્યતાઓ વગેરે અંગે તેમણે બિલકુલ દખલગીરી ન કરી.** લોકો માત્ર બૌદ્ધ સિદ્ધાંતોને સમજે અને સ્વીકારે એટલી જ ઈચ્છા તેમણે રાખી. અને આ બાબત લોકોને ખૂબ અનુકૂળ આવી.

**બીજું મહત્ત્વનું કારણ એ બન્યું કે દાર્શનિક તત્ત્વજ્ઞાનની બુદ્ધે સંપૂર્ણ ઉપેક્ષા કરી હતી.** આ દુનિયા કોણે બનાવી, કેમ બનાવી, શા માટે બનાવી, કેવી રીતે બનાવી, દુનિયાની શરૂઆત ક્યારે થઈ, અંત ક્યારે આવશે, સ્વર્ગ-નરક, પુનર્જન્મ, પરમાત્મા, ઈશ્વર, મોક્ષ, વગેરે તમામ બાબતો જેને ખરેખર કોઈ જ જાણતું નથી તે તમામ દાર્શનિક સિદ્ધાંતો અને વાદોને બુદ્ધે એકી ઝાટકે રદ કરી નાખ્યા. અને ધર્મને સિદ્ધાંતોના ઝાડી ઝાંખરામાંથી મુક્ત કરી દીધો. પરલોકની અને ગયા ભવની અને આવતા ભવની ચિંતા છોડો, સદાચરણ કરો અને આલોક સુધારો. ધર્મને તત્ત્વજ્ઞાનમાંથી મુક્ત કરીને તેમણે લોકો માટે સરળ - સાવ સરળ - બનાવી દીધો. દરેક દેશની પ્રજાને આ બાબત શીરાની જેમ ગળે ઉતરી ગઈ. પરદેશોમાં પણ બુદ્ધની મૂર્તિઓ અને મંદિરો બન્યા. પણ બુદ્ધ મંદિરોમાં ખાસ કોઈ જ કર્મકાંડ નહીં. બુદ્ધ મૂર્તિને કોઈ ઉત્તમ વસ્ત્રાલંકારોની સજાવટ નહીં.

બધા ધર્મમતોમાં બને છે તેમ બૌદ્ધ મતમાં પણ સંપ્રદાયો તો બન્યા પણ ખૂબ જ થોડા, માત્ર ૩-૪.

જૈન મતમાં માત્ર શ્વેતાંબરોમાંજ દેરાવાસીઓના ૮૪ ગચ્છ છે. સ્થાનકવાસી સંપ્રદાયના ક્રિયોધ્ધારક સંત તરીકે જીવરાજજી સ્વામીનું નામ જાણીતું છે. તેમના ૯૯ શિષ્યો હતા. જીવરાજજી સ્વામીના કાળધર્મ પામી ગયા પછી તેમના શિષ્યોએ ૨૨ સંપ્રદાયો બનાવ્યા!

બુદ્ધ વિશે જેને પણ જીજ્ઞાસા થાય તે ઐતિહાસિક માહિતી મેળવી શકે છે. બુદ્ધના ગુરુઓ કૌડિલ્ય, રામધ્વજ, સુદત્ર વગેરે હતા. તેમના શિષ્યોમાં ધમ્મ સેનાપતિ, સારિપુત્ત, મહામોગલ્લાત, મહાકશ્યપ, આનંદ વગેરે વિશે પાલી ગ્રંથોમાં આધારભૂત હકીકતો જણાવેલી છે.

બુધ્ધનું જોઈને જૈનોએ પણ મૂર્તિઓ બનાવવાની શરૂઆત તો કરી પણ વ્યવહારિક મુશ્કેલી નડી. બધાજ તીર્થંકરોની એક સરખી મૂર્તિઓ બનાવવી પડી. જૈન મૂર્તિ વિધાન બૌધ્ધ ગ્રીક મૂર્તિવિધાન જેટલું આકર્ષક નીવડ્યું નહીં એટલે મૂર્તિની ભવ્ય સજાવટ કરવાની જરૂર પડી. છતાં તે લોકોને આકર્ષવામાં સફળ નીવડી નહીં.

ઈ.સ.ની બીજી સદીમાં ઓરિસ્સામાં ખારવેલના સમયમાં જૈનોને રાજ્યાશ્રય મળ્યો પણ જૈનો તેનો પૂરો લાભ ઉઠાવી શક્યા નહીં. દિગંબર સંપ્રદાય પણ મુખ્યત્વે દક્ષિણ ભારતમાં વધારે રહેલો છે. દિગંબર સંપ્રદાયના કન્નડ કવિ બાપન્નાએ ઈ.સ. ૧૧૮૦માં સૌપ્રથમવાર બાહુબલી (ઋષભદેવના પુત્ર) ની કથાની રચના કરી, જેને સમસ્ત જૈન સમાજે સ્વીકારી લીધી. ઋષભદેવના બંને પુત્રો ભરત-બાહુબલીની કથા ખૂબ જાણીતી અને જૈનોમાં પ્રિય છે. જૈન મત શરૂ થયો ત્યારથી આજ દિવસ સુધી જૈન આચાર્યોએ પોતાના પાળવાના આચારોની છૂટ અન્ય પ્રાંતોના તથા અન્ય દેશોના લોકો માટે મૂકી નથી. ખુદ મહાવીરના જીવનમાંથી ચમત્કારોને બાદ કરવામાં આવે તો જગતના લોકો આજે પણ મહાવીરના ચરિત્રથી અવશ્ય પ્રભાવિત થાય પરંતુ ચમત્કારોને કારણે લોકોમાં ખાસ રૂચિ જાગતી નથી.

ડૉ. આંબેડકરની સાથે લાખો દલિત લોકોએ બૌદ્ધ ધર્મ સ્વીકાર્યો એ જાણીતી હકીકત છે. ફરી લાખેક દલિતો નજીકના ભવિષ્યમાં જ બૌધ્ધ ધર્મ સ્વીકારવાના છે. જૈનોને આ વાતની સહેજ પણ પડી નથી. આપણા જ દેશના લોકો જૈન મતથી કેમ આકર્ષાતા નથી?

બધા પ્રદેશોના જાતિ-વર્ણ-કોમ પ્રદેશ વગેરેના લોકોને પોતાની રીત - પરંપરા મુજબ જીવવાની છૂટ મળે તો વાંધો પડે?

જો કે હવે જૈનો ધીરેધીરે થોડા જાગ્યા છે. આપણા લાખો હસ્તલિખિત ગ્રંથોના એક પછી એક સંપાદનો થઈ રહ્યા છે. આગમગ્રંથોના અન્ય ભાષાઓમાં પણ અનુવાદો થઈ રહ્યા છે.

જૈન આચાર્યોને પ્રવાસની છૂટ મળવી જોઈએ. ૨૬૦૦ વર્ષ પહેલાં જે જરૂરી હતા તેવા આજે જે જરૂરી નથી એવા નિયમો દૂર થવા જોઈએ. સંયમમાં રહીને વિવેકથી આધુનિક ટેકનોલોજીનો ઉપયોગ કરવો જોઈએ. જૈન મત નહી પણ ખુદ જૈનો આજે બંધિયાર બની ગયા છે. જૈન વિદ્વાનોએ અને આચાર્યોએ દુનિયાની વિવિધ ભાષાઓ શીખવી જોઈએ. દુનિયાના લોકો સાથે તેમની ભાષામાં વાત કરવી જોઈએ. જુદી જુદી ભાષાઓ શીખવામાં પાપ નથી જ.

શું આપણે - આપણા આચાર્યો -

*ક્યારે બોલવું તે તો સૌ કોઈ જાણતા હોય છે પરંતુ ક્યારે ન બોલવું તે બહુ ઓછા લોકો જાણે છે.*

ખરેખર ઈચ્છીએ છીએ કે જૈનમત જગતમાં વિસ્તરે? કે પછી ખાબોચિયામાં જ સંતુષ્ટ છીએ? વિદ્વાન જૈન આચાર્યોએ, ખાસ કરીને આઠમી - નવમી સદી પછી, સેંકડો નહીં, હજારો નહીં, પણ લાખોની સંખ્યામાં એક એકથી ચડે એવા ઉત્તમ ગ્રંથોની રચના કરી અને આ ગ્રંથો પણ માત્ર એક જ ધર્મ વિષયક નહીં પરંતુ અન્ય અનેક વિષયો પર લખાયા. **પણ અફસોસની વાત એ બની કે આ તમામ ગ્રંથો ગ્રંથભંડારોમાં વર્ષો સુધી પડી રહ્યા. એ તમામ જ્ઞાન લોકો સુધી પહોંચ્યું જ નહીં.** જૈનો પાસે પોતાના જે મૌલિક પારિભાષિક શબ્દો છે તેવા શબ્દો અન્ય કોઈ ભાષા પાસે નથી. પણ હજુ સુધી કોઈએ એ વિષયમાં પી.એચ.ડી. કરેલ નથી. કેટલાક જૈન સાધ્વીઓએ જુદાજુદા વિષયમાં પીએચ.ડી. કરેલ છે પણ જૈન સાધુઓ વિશે જાણકારી નથી.

જૈન સાધુ-સાધ્વી-શ્રાવક-શ્રાવિકાઓએ દેશની અને પરદેશની વિવિધ ભાષાઓ શીખવી જોઈએ. બધાએ સંગીતનું ઉત્તમ જ્ઞાન મેળવવા કોશિશ કરવી જોઈએ. ખુદ મહાવીર ઉત્તમ સંગીત જ્ઞાતા હતા. તેમણે સમવસરણ વખતે પોતાનો ઉપદેશ રાગ માલકૌંસમાં ગાઈને સંભળાવ્યો હતો. (જુઓ 'પ્રબુદ્ધ જીવન' આગમ વિશેષાંક, ઓગસ્ટ-સપ્ટેમ્બર ૨૦૧૨) તો પછી સાધુ-સાધ્વીઓ શાસ્ત્રીય સંગીત કેમ શીખતા નથી? શ્રાવકો શાસ્ત્રીય સંગીત કેમ શીખતા નથી?

અને બુદ્ધે શું કહ્યું હતું એક વાર? વૈશાલીના સિંહ સેનાપતિના પ્રશ્નના જવાબમાં બુદ્ધે કહેલું : "જ્યારે તમારા અસ્તિત્વનો પ્રશ્ન હોય, ઘરબાર તથા સ્ત્રી બાળકોને બચાવવાનો પ્રશ્ન હોય ત્યારે શસ્ત્રો ઉઠાવવામાં કે લોહી રેડવામાં કશું જ ખોટું નથી" (જુઓ ગાર્ગી વૈદ્ય, 'નયા માર્ગ' તા. ૧-૯-૧૨) જગતમાં બૌદ્ધમત ખૂબ ફેલાયો તેના હજુ બીજા પણ થોડા મહત્ત્વના કારણો છે પણ ક્યાંક થોભવું જરૂરી છે.

આ સમગ્ર લખાણ ભાવિક-શ્રદ્ધાળુ-ભક્તની દૃષ્ટિથી લખાયો નથી પણ ચિકિત્સકની દૃષ્ટિએ લખેલ છે. જૈનોમાં સંપ્રદાયવાદ એ કેન્સરની બિમારી છે. એમાંથી ક્યારે છૂટકારો મળશે? આજે જગતમાં મહાવીરને જાણવાવાળાની સંખ્યા અતિ ઓછી છે જ્યારે બુદ્ધને જાણવાવાળાની સંખ્યા ખૂબ વધારે છે. દુનિયામાં અત્યારે બુદ્ધ પછી બીજો નંબર ગાંધીનો છે. કેટલાક સંશોધકોના મત મુજબ મહાવીર જિંદગીભર-જીવનના અંત સુધી - ખૂબજ દુ:ખી હતા. બ્રાહ્મણો અને ક્ષત્રિયો દ્વારા 'દેખો ત્યાં મારો' એવો વર્તાવ હતો. છતાં મહાવીરે ન કદી ગુસ્સો કર્યો, ન કોઈ બદલાની કે વેરની ભાવના રાખી.

જો મહાવીરના કથાત્મક જીવન ચરિત્રમાંથી ચમત્કારોને બાદ કરીને - દેવી દેવતાઓની ભ્રામકવાતોને બાદ કરીને વાસ્તવિક ઐતિહાસિક જીવન ચરિત્ર લોકોને જણાવવામાં આવે તો લોકોનો મહાવીર પ્રત્યેનો ભક્તિભાવ દસ ગણો વધી જાય. જૈનો આજે પણ 'ભવ્યાતિભવ્ય' બાહ્ય ક્રિયાકાંડોથી મુક્ત નથી. બૌદ્ધમાર્ગમાં ક્રિયાકાંડોની લગભગ ઉપેક્ષા છે. બૌદ્ધમત જગતભરમાં ફેલાયો. જૈનમત આપણા પોતાના દેશમાં પણ થોડાક વૈશ્યો પૂરતો મર્યાદિત રહ્યો. કોઈપણ બૌદ્ધમાર્ગી ગમે ત્યારે **બૌદ્ધ સાધુ જીવનમાંથી ગૃહસ્થ જીવન તથા ગૃહસ્થ જીવનમાંથી સાધુજીવન કશી ગૂંચવાડાભરેલી વિધિ વગર સ્વીકારી શકે છે, ગમે ત્યારે ફેરબદલ કરી શકે છે. જૈનમતમાં આ પ્રકારની વ્યવસ્થા નથી.** બૌદ્ધ પ્રભાવનું મુખ્ય કારણ આચારોની વિવિધતામાં ઉદારતા, ક્રિયાકાંડોનો અભાવ, દાર્શનિક તત્ત્વજ્ઞાનના અર્થહીન મતભેદો અને વિવાદોમાંથી મુક્તિ, આત્મા-પરમાત્મા તથા મોક્ષની માયાજાળમાંથી મુક્તિ, પરલોકની ચિંતામાંથી મુક્તિ. આત્માના કલ્યાણની ચિંતામાંથી મુક્તિ. જૈનોએ હકીકતમાં લાખોની સંખ્યામાં મહત્ત્વના ગ્રંથો નિર્માણ કર્યા. વિધર્મી આક્રમકો દ્વારા મોટાભાગના ગ્રંથોનો નાશ કરવામાં આવ્યો. છતાં હજુ લાખો ગ્રંથોની હસ્તપ્રતો જૈન ભંડારોમાં જળવાઈ રહેલી છે.

કેટલાક જૈન મહાપુરુષોએ અમુક જડ ધાર્મિક ગણાતા નિયમો અને બંધનોનો ત્યાગ કરીને દેશમાં તેમજ પરદેશમાં માનવસેવાના ક્ષેત્રમાં તથા વિશ્વને જૈનીઝમના સિદ્ધાંતોની સમજણ આપવાના કાર્યમાં મહત્ત્વનું પ્રદાન કરેલ છે, જેવા કે સુશીલમુનિ, ચિત્રભાનુ, મુનિશ્રી જિનવિજયજી, સંતબાલજી, ચંદનાજી, સુખલાલજી, અમરમુનિ, બંધુત્રિપુટી વગેરે.

**આ બધા ઉપકારી મહાપુરુષોને આપણે અંતરથી આવકારવાને બદલે અળગમાથી દૂર કર્યા એ બહુ જ મોટી ભૂલ કહેવાય.** ખેર, જાગ્યા ત્યાંથી સવાર. હવે જૈન પ્રતિભાશાળી વિદ્વાન મહારાજશ્રીઓએ દેશની તથા પરદેશની કેટલીક ભાષાઓ શીખીને વિશ્વની જુદી જુદી અનેક યુનિવર્સિટીઓમાં જૈનીઝમના સિદ્ધાંતો જેવાં કે સત્ય, અહિંસા, જ્ઞાન, દર્શન, ચરિત્ર, તપ, સંયમ વગેરે વિષય ઉપર પ્રવચનો આપવા અને જૈન સિદ્ધાંતો વિશે સાચી સમજણ આપવા જવું જોઈએ. જે કામ સ્વામી વિવેકાનંદે હિન્દુ મત વિશે કર્યું અને જે કામ વીરચંદ ગાંધીએ જૈનીઝમ વિશે કર્યું તે કામ ફરીથી હવે ઉપાડી લેવું જોઈએ. હવે જૈનમતને સ્થાનક ઉપાશ્રયથી બહાર કાઢીને વિશ્વભરમાં ફેલાવવા માટે મહારાજશ્રીઓ અને સમજદાર શ્રાવકોએ પ્રયત્નો કરવા જોઈએ. આ કાર્યમાં જે પ્રાચીન જડ નિયમો છે તે બદલવાની જરૂર લાગે ત્યાં તુરત બદલવા જોઈએ. દેશના અને પરદેશના વિદ્વાનોને જૈનોએ આમંત્રણ આવીને ઉપાશ્રયમાં કે સ્થાનકમાં તેમના પ્રવચનો તથા વાર્તાલાપો ગોઠવવા જોઈએ. જૈનીઝમને વિશાળ અને ઉદાર કરવાની જરૂર છે. સંકુચિતતાને જડતાનો ત્યાગ કરવાની જરૂર છે. બીજાની વાતને પણ સાંભળવી જોઈએ.

*આર.એચ.-૨, પુણ્યશ્રી એપાર્ટમેન્ટ*
*કાશીરામ અગ્રવાલ હોલની પાસે,*
*અમદાવાદ - ૩૮૦ ૦૧૫.*
*ફોન : ૨૬૩૦૧૭૨૯*

**Inter**
**PLASTICA PVT. LTD.**
AN ISO 9001 : 2000 CERTIFIED COMPANY

SHAILESH V. HARIA
Director

MFG. : HDPE JERRY CANS, DRUMS 20 LTRS TO 160 LTRS.
NARROW MOUTH, WIDE MOUTH, FULL OPEN TOP DRUMS

Plot No. 1103/1104, G.I.D.C. Estate, Ankleshwar-393 002 (Gujarat)
Tel. : 225861, 221126 Fax : (02646) 252861 Mo. : 098241 34499
E-mail : info@interplastica.com • Website : www.interplastica.com

ઇતિહાસ

# ઠાકુર કિશોરસિંહ અને રઘુનાથરાય

## ફાંસીના વરરાજાઓ : પ્રકરણ-૮

• સ્વામી શ્રી સચ્ચિદાનંદજી •

જીવનમાં સૌથી મોટી પ્રેરણામૂર્તિ નારી બનતી હોય છે - પછી તે માતા હોય, પત્ની હોય કે બહેન હોય, પણ તેનામાં પૂરેપૂરું નારીતત્ત્વ ખીલ્યું હોવું જોઈએ. નારી બે રીતે ખીલતી હોય છે : શરીરથી અને મન-બુદ્ધિથી. પ્રથમ રીતે તો લગભગ બધી નારીઓ ઉંમર પ્રમાણે ખીલતી દેખાતી હોય છે. કિશોરાવસ્થા પાર થતાં જ નારીનું શરીર ખીલવા લાગે છે. તે એવું ખીલે છે કે તેને સંતાડ્યું સંતાડી ન શકાય. જેટલું નારીનું શરીર ખીલે છે તેટલું નરનું નથી ખીલતું. નરમાં માત્ર મૂછનો દોરો જ દેખાવા લાગે છે, બીજું કાંઈ નહીં; કદાચ કુદરતી વ્યવસ્થા અને પ્રેરણા હશે કે નારી-શરીર હવે પુષ્પિત થવા તૈયાર છે. ઉંમરલાયક થવા છતાં પણ જે નારીનું શરીર ખીલતું નથી તે મહાદુઃખી હોય છે. તેની અંતર્વ્યથા તેને કોરી ખાતી હોય છે. પણ શરીર ખીલવા-માત્રથી જીવન ખીલી જતું નથી, મન-બુદ્ધિ પણ ખીલવાં જરૂરી હોય છે. **જેનાં મન-બુદ્ધિ ખીલતાં નથી તે સામાન્ય નારી થઈને ચીલાચાલુ જીવન જીવતી રહે છે.** અંતે મરી જાય છે. તેનામાં અને પશુ-માદામાં કોઈ ફરક ન કહેવાય. પણ કેટલીક નારીઓનાં મન-બુદ્ધિ પણ ખૂબ ખીલ્યાં હોય છે. તે નર કરતાં પણ સવાઈ બનતી હોય છે.

મધ્યપ્રદેશમાં દામોહ જિલ્લામાં હિંડોરિયા નામનું એક રજવાડું. ત્યારે ૧૮૫૭ના વિપ્લવમાં બધાં રજવાડાં અંગ્રેજોની વિરુદ્ધ વિદ્રોહી બન્યાં હતાં. નાના-મોટા બધા દરબારો અંગ્રેજો સામે બંડખોર બન્યા હતા. માત્ર દામોહ જ શાંત હતું. દામોહના ઠાકુર કિશોરસિંહ તટસ્થ હતા. સત્ય અને અસત્યની વચ્ચે તટસ્થ થવું એટલે અસત્યનો સાથ આપવા જેવું થયું. તટસ્થતા મોટા ભાગે કાયરતા જ હોય છે. સ્વરક્ષાને જ મહત્ત્વ આપનારા તટસ્થ થઈ જતા હોય છે, જેથી ગુંડાઓ જીતી જતા હોય છે. ઠાકુરની આવી તટસ્થતા તેમનાં પત્ની ઠકરાણીને જરાય પસંદ ન હતી. ઠકરાણીએ એક વાર ઠાકુરને ખૂબ પ્રેરણા આપી કે “તમે આ વિપ્લવમાં કેમ કૂદતા નથી?”

ઠાકુરે જવાબ આપ્યો કે “મને કોઈએ નિમંત્રણ આપ્યું નથી.” ઠકરાણીએ કહ્યું કે “આઝાદીના આવા કામમાં નિમંત્રણની રાહ ન જોવાય.”

ઠકરાણીની પ્રેરણાથી ઠાકુર કિશોરસિંહ જંગમાં કૂદી પડ્યા. તેમણે પોતાના સ્ટેટની નાની સરખી સેના લઈને દામોહના અંગ્રેજી મથક ઉપર હુમલો કરી દીધો. ૧૦-૭-૧૮૫૭ ના રોજ અંગ્રેજી સેનાને હરાવીને મુખ્યાલય કબજે કરી લીધું. અંગ્રેજી અધિકારીઓ ભાગી ગયા અને નરસિંહપુરમાં આશ્રય લીધો.

અંગ્રેજો ચૂપ ન રહ્યા. તેમણે સેના ભેગી કરી, પૂરી તૈયારી કરીને પ્રત્યાક્રમણ કરી દીધું. ૨૫-૭-૧૮૫૭ ના રોજ તેમણે દામોહ પાછું લઈ લીધું. હવે સેના ઠાકુર કિશોરસિંહની પાછળ પડી. કિશોરસિંહ દામોહ છોડીને પોતાના રજવાડા હિંડોરિયા આવી ગયા. અંગ્રેજ સેના ત્યાં પણ પાછળ પડી. ઠાકુરને લાગ્યું કે હવે બચી શકાશે નહીં. તે જંગલમાં ભાગી ગયા. અંગ્રેજોએ તેમની ખૂબ શોધ કરી પણ હાથમાં ન આવ્યા. તેમનું બાકીનું પૂરું જીવન જંગલમાં જ વીત્યું.

તેમના ગયા પછી પણ તેમના સાથીદાર રઘુનાથરાયે અંગ્રેજો સાથે યુદ્ધ ચાલુ રાખ્યું, પણ તે લાંબો સમય ટકી શક્યા નહીં. તે પકડાઈ ગયા. તેમના ઉપર કેસ ચલાવ્યો અને અંગ્રેજોએ શ્રી રઘુનાથરાયને ફાંસી પર લટકાવી દીધા.

*ભક્તિ નિકેતન આશ્રમ,*
*મુ.પો. દંતાલી, તા. પેટલાદ,*
*જિલ્લો : ખેડા.*

★ શરીરમાં બનતું લોહી, રોટલીની સંખ્યા પર એટલું નિર્ભર નથી જેટલું પાચનશક્તિ પર નિર્ભર છે. પાચનશક્તિ જ જો નબળી છે તો છ રોટલી પણ નકામી છે. પાચનશક્તિ જો મજબૂત છે તો એક રોટલી પણ તાકાતપ્રદ છે.

પ્રસન્નતાની અનુભૂતિ રૂપિયાની સંખ્યાને એટલી બંધાયેલી નથી જેટલી સંતુષ્ટ ચિત્તવૃત્તિને બંધાયેલી છે. આ સત્ય આપણી શ્રદ્ધાનો વિષય જેટલું વહેલું બની જાય એટલું આપણા લાભમાં છે.

★ કસરત કરવાનો મારી પાસે સમય નથી અને છતાં મારે તંદુરસ્તી જાળવવી છે!
પેટ્રોલ પંપ આગળ ગાડીને ઊભી રાખવાની મારી તૈયારી નથી અને છતાં મારે મંજિલે પહોંચવું છે!
ધર્મ મારે કરવો જ નથી અને છતાં સુખ મારે જોઈએ છે! કરુણતા જ છે કે બીજું કાંઈ?

★ મારી પાસે સંપત્તિ જેમ જેમ વધતી ગઈ છે તેમ તેમ મારા મિત્રોની સંખ્યામાં ઘટાડો અને દુશ્મનોની સંખ્યામાં વધારો થતો જ ગયો છે. સદ્‌ગુણો મારી પાસે જેમ જેમ વધતા જાય તેમ તેમ મારા ચાહકોની સંખ્યામાં વધારો અને દુશ્મનોની સંખ્યામાં ઘટાડો થાય છે એ બાબતમાં મને કોઈ જ શંકા નથી અને છતાં સંપત્તિ ઘટાડવા હું તૈયાર નથી, સદ્‌ગુણો વધારવા હું તત્પર નથી. મારી આ મૂર્ખાઈનું કરવું શું?

*સાભાર : “શિખર સાથે વાતો”*

*આગળ વધવા માટે ઉંમર નહિં, હિંમત જોઈએ.*

# એક સ્થગિત સમાજ (પ્રકરણ-૨)

• મૂ.લેખક : સુબોધ શાહ (પ્રસ્તુતિ : મુરજી ગડા) •

ગયા અંકમાં આપણે ત્રણ મોટા અને મહત્ત્વના તફાવતોની વાત કરી જેમને આપણા પરાજયો અને પછાતપણા સાથે સીધો સંબંધ છે. હવે આપણા પરાજયના કારણો જોઈએ.

કેટલાક લોકોમાં એક ખોટી માન્યતા છે કે ભારતીયો શારીરિક રીતે પડછંદ કે મજબૂત ન હોવાથી યુદ્ધમાં પાછા પડે છે. વાસ્તવિક્તા એ છે કે નેપાલના ગુરખાઓ ઠીંગણા હોવા છતાં ખ્યાતિ પામેલા સૈનિકો છે. વાયવ્ય ભારતની પંજાબી, જાટ, રાજપુત વગેરે કોમો આક્રમણખોર પ્રજાઓ કરતાં કોઈ રીતે ઉતરતી ન હતી. એમની સામે સદીઓ સુધી પ્રાચીન યુગમાં એમણે ટક્કર ઝીલી હતી. દક્ષિણ ભારતની કેટલીક કોમો લડાયક છે. મરાઠા કોમે સર્જેલો ઇતિહાસ તો આપણે બધા જાણીએ જ છીએ. ઠીંગણા જાપાનીઝોએ ઊંચા રશિયન / કોકેસિયનને પરાભુત કરેલા છે. મજબૂત બાંધાના ફ્રેન્ચ અને અમેરિકન લોકોને ઠીંગણા વિએટનામીઝ સામે મુશ્કેલી પડી હતી. દેહબળ કરતાં બુદ્ધિબળ, શસ્ત્રબળ, જુસ્સો, વ્યૂહરચના એવી એવી બાબતો આધુનિક સમયમાં વધુ નિર્ણાયક નીવડે છે. સત્ય એ છે કે આપણા પરાજયનાં કારણો શારીરિક નથી, બૌદ્ધિક છે. ભૌતિક કરતાં સામાજિક વધારે છે, ને ઊંડા વધું છે.

## ૧. એકતાનો અભાવ :

**ઇતિહાસકારોએ અંદર અંદરના કુસંપને આપણા પરાજ્યોનું મોટું કારણ ગણાવ્યું છે.** લગભગ બધા ભારતીયો એ જાણે છે, માને છે. તેથી એમાં થોડા ઊંડા ઉતરવાની જરૂર છે.

રાજપુત કોમના હાથમાં દેશના રક્ષણની જવાબદારી હતી. આ કોમ બહાદુર, ઉદાત્ત ને આદર્શઘેલી હતી. છતાં ઘણાબધા રાજપુત રાજાઓ હંમેશાં ક્ષુદ્ર, ક્ષણિક અને સ્થાનિક બાબતોમાં એકબીજા સાથે ચડસાચડસીમાં અટવાયેલા રહેતા. તેઓ અંગત વફાદારીના, ખાનદાનીના ને ટેકીલાપણાના ખોટા ખ્યાલોમાં રાચતા. **કાનપુરનો જયચંદ રાઠોડ એના માસિયાઈ ભાઈ પૃથ્વીરાજ ચૌહાણ સામે લડ્યો ને એ બંનેનો મહંમદ ઘોરી સામે પરાજય થયો.** જયપુરનો રાજા માનસિંહ ઉદયપુરના રાણા પ્રતાપ સામે અકબર તરફથી લડ્યો. મિરઝા રાજા જયસિંહ શિવાજીની સામે ઔરંગઝેબના પક્ષમાં મોગલોને વફાદાર હતો. દક્ષિણ ભારતના પાંચ નાના મુસ્લિમ રાજ્યોએ એકઠા થઈ, મુખ્યત્વે હિંદુ એવા સૈન્યોની મદદથી વિજયનગરના મહાન સામ્રાજ્યનો નાશ કર્યો. ૧૮૫૭માં મોટાભાગની આમપ્રજા અને ભારતના રાજા-મહારાજાઓ અંગ્રેજો સામે લડવામાંથી અલિપ્ત રહ્યા.

આટલા બધા કુસંપનું કારણ શું? આપણા સામાજિક અને જાહેર જીવનમાં એકતાનો અભાવ કાયમથી એટલો બધો દેખાય છે કે કુસંપ એ આપણા કલ્ચર અને સંસ્કારોનું અવિભાજ્ય અંગ બની ગયેલો લાગે છે. ભારતમાં આજે જોઈએ છીએ એવા વિખવાદો મૂળભૂત રીતે ઉપરના ઐતિહાસિક બનાવો કરતાં બહુ જુદા નથી. બે રાજ્યો વચ્ચે નદીનું પાણી તો ઠીક, પણ નાનકડા કોક ગામની સરહદો વિશેના વિવાદ દસકાઓ સુધી ઉકેલી શકાતા નથી. **કેબિનેટની જવાબદારી 'સામૂહિક' ગણાય છે, છતાં કેબિનેટના પ્રધાનો ખાનગીમાં નહિ, જાહેરમાં ઝઘડે છે.** ધાર્મિક કે સાંસ્કારિક પ્રવૃત્તિઓના પ્રચાર માટે રચાયેલી ભારતીય સંસ્થાઓના હોદ્દેદારો, માત્ર વ્યક્તિઓના અહંને પોષવા ખાતર જ, અતિ અસંસ્કારી રીતે ઝઘડીને છૂટા પડે છે. કો-ઓપરેટીવ હાઉસિંગ સોસાયટી એક પણ મિટીંગનું સંચાલન સહકારથી કરી શકતી નથી. કુટુંબોમાં ક્ષુલ્લક કારણોથી જામેલા ઝઘડા પેઢી દર પેઢી ચાલુ રહેતા આપણે બધાએ જોયા છે. આ બધાને શું કહેશો? સંકુચિત માનસ? અહંકાર? ટૂંકી દૃષ્ટિ? ગમે તે કહો, પણ બહુમતીના હિત ખાતર એકબીજા સાથે રહી સહકારથી કામ કરવાની અશક્તિ આપણામાં ઊડીને આંખે વળગે તેવી છે.

## ૨. સાધન સંપત્તિનો અયોગ્ય વિનિયોગ :

માનવીય શક્તિઓ અને દુન્યવી સામગ્રીને એકત્રિત કરી યોગ્ય રીતે ઉપયોગમાં લેવાય નહિ તો કોઈ યુદ્ધ કદી જીતાય નહિ. આ બાબતમાં આપણી નબળાઈ જાણીતી છે. પ્રાચીન સમયમાં વાહન અને સંદેશ વ્યવહારનાં સાધનો ટાંચા હતા ત્યારે ભારતને ઉત્તરમાં હિમાલયનું અને બાકીની ત્રણે દિશાઓમાં દરિયાનું કુદરતી રક્ષણ હતું. શસ્ત્રસામગ્રી સાથે મોટાં લશ્કરો વહન કરવામાં માનવજાત જેમ જેમ પ્રગતિ કરતી ગઈ, તેમ તેમ આ સંરક્ષણનું મહત્ત્વ ઓછું થતું ગયું ને ભારતના વાયવ્ય દિશાના દરવાજા કાયમ માટે ખૂલી ગયા. મહત્ત્વનો પ્રશ્ન આ છે : હજારો માઈલ દૂરની ઓછી વસતિવાળા પ્રદેશોમાંથી આવેલા આ આક્રમકો હતા. એમને અજાણ્યા દુશ્મન દેશમાં પર્વતો અને રણ ઓળંગીને આવવાનું હતું. દરિયા જેવડાં લશ્કરોને કૂચ કરવાની હતી. મહિનાઓ ને વર્ષો સુધી એમને પુરવઠો પૂરો પાડવાનો હતો. તેઓ એ બધું જ કરી શક્યા. બીજી બાજું, આપણો દેશ ગીચ વસતિવાળો હતો, પ્રદેશ આપણો જ ને જાણીતો હતો,

તીર્થ પટ
હરીભાઈ ભીખાભાઈ પેઈન્ટર
જૈન ધર્મના કેન્વાસ પેઈન્ટીંગ, તીર્થપટ, માર્બલ કાર્વિંગ તીર્થપટ - તીર્થ રચના બનાવનાર
★ તળાવ એરીયા, પ્રાઈમરી સ્કૂલ સામે, પાલીતાણા-૩૬૪ ૨૭૦. ★ ૧૩, બાલમંદિર શોપીંગ સેન્ટર, તળેટી રોડ, પાલીતાણા.
Tel. : (02848) 252454 • Mo. 94262 46176, 99240 36761

દેશ સમૃદ્ધ હતો, તો પછી આવી સાધનસામગ્રી આપણે કેમ ઊભી કરી, વસાવી, વાપરી ન શક્યા?

બંને વિશ્વયુદ્ધોમાં બ્રિટન અને અમેરિકાએ માનવ શક્તિનું સંચાલન અને સાધન સામગ્રીનો વિનિયોગ કેવી અદ્‌ભુત કુશળતાથી ને ઘનિષ્ટતાથી કર્યો એની કલ્પના ભારતમાં બહુ ઓછા લોકોને છે. પુરુષોનાં અનેક નાગરિક કામો સ્ત્રીઓએ ઉપાડી લીધા. યુદ્ધમાં જોડાવાની પણ અમેરિકન સ્ત્રીઓએ શરૂઆત કરી. જર્મનો બહાદુર હતા પણ અમેરિકાની સાધન સર્વોપરિતાને તેઓ આંબી શક્યા નહિ. જાપાને કામીકાઝી નામે ઓળખાતા આત્મઘાતી સમર્પણનો આશરો લીધો હતો. યુદ્ધના દેવને એ જાતની આહુતિઓ ધરાવવી પડે છે અને એ સુદ્ધાં ઘણીવાર ઓછી પડે છે.

આપણું યુદ્ધ સંચાલન આ બધાની સાથે સરખાવવા જેવું છે. આપણી સંરક્ષણ વ્યવસ્થા ઊલટા કરેલા પિરામિડ આકારની હતી.... સાંકડા પાયા ઉપર પહોળી હોય. ક્ષત્રિયો વસતિના પાંચેક ટકા જેટલા. એ કેટલું ટકી શકે? સમાજ એના અડધા હિસ્સા (સ્ત્રી શક્તિ)ને તથા વિશાળ બહુમતી (બિન ક્ષત્રિય) પ્રજાને જ્યારે સંરક્ષણ કાર્યથી દૂર રાખે, ત્યારે તે સ્વરક્ષણ કેવી રીતે કરી શકે? વર્ણભેદથી સડેલા આપણા સમાજમાં બ્રાહ્મણો રાજનીતિ ઘડે, રાજપૂતો લડે, સ્ત્રીઓ રડી કે બળી મરે, બીજા બધા તમાશો જુએ ને ટીકા કરે. વિચારે તે લડે નહિ, લડે તે વિચારે નહિ. અલબત્ત, કોક ભવ્ય અપવાદો જરૂર હતા જ. પણ યુદ્ધમાં અપવાદો નહિ, સમગ્ર પ્રજાનું હીર નિર્ણાયક ઠરે છે. ઝાંસીની રાણી જેવા અપવાદો બહુ બહુ તો બાવલાં બનીને પૂજાય છે. હલદીઘાટના યુદ્ધમાં અકબરના ૭૫,૦૦૦ સૈનિકો સામે વીર શિરોમણિ રાણા પ્રતાપ પાસે ફક્ત ૨૨,૦૦૦ સૈનિકો હતા. જેમાંના ઘણાબધા તીરકામઠાંથી લડવાવાળા આદિવાસી ભીલ લોકો હતા. મોગલ સૈનિકોના લોખંડના બખ્તરને ભાગ્યે જ જૂનાં તીરો ભેદી શકે. આવા કામચલાઉ લશ્કરો જમાવતાં પણ રજપૂતોને મુશ્કેલી પડતી. આપણા મોટાભાગના રાજ્યોને નાણાંની અને શસ્ત્ર સરંજામની સખત તંગી ભોગવવી પડતી હતી. મરાઠાઓ જ્યાં જીતે ત્યાં ચોથ ને સરદેશમુખી ઉઘરાવે, સુરત શહેર લૂંટે, પણ કાયમી આવક ક્યાં? આર્થિક વ્યવસ્થાપન નહિ, કરવેરાનું આધારભૂત માળખું નહિ, કાયમી આવકનાં સાધનો નહિ. પરિણામે, લશ્કરોનો મોટો ભાગ ઉતાવળે જમા કરેલા સ્વયંસેવક સૈનિકોનો હોય. શિસ્ત, તાલીમ, લાંબી યોજના કે પ્રેરક ધ્યેય મળે નહિ. અને આ બધું કેવા જમાનામાં? જ્યારે દુશ્મનો ધંધાદારી પગારદાર સૈન્યો રાખતા. જ્યારે વફાદારીથી કામ થતા, જ્યારે સત્તા, સંપત્તિ કે માન મરતબો મેળવવા ખાતર જ યુદ્ધો લડાતા, રાષ્ટ્રપ્રેમ ખાતર નહિ.

### ૩. બૌદ્ધિક ને સાંસ્કારિક વલણો :

ઉપર વર્ણવી છે તેવી અનેક નબળાઈઓ સમજવા ખાતર જરૂરી એવી બુદ્ધિમત્તા, એવી માન્યતાઓ અને એવાં વલણો આપણા સમાજમાં હતા ખરાં? યુદ્ધ જીતવા રાજકીય - મુત્સદ્દીગિરી જોઈએ, લાંબાગાળાની નીતિ નક્કી કરીને યોજનાઓ ઘડવી પડે, એનો અમલ કરવા સંસ્થાકીય માળખું ઊભું કરવું પડે. માનવીય સંગઠન ને શસ્ત્રાસ્ત્રોની પૂરતી તૈયારીઓ જોઈએ. આમાનું કશું જ કરી શકવા આપણે અશક્ત નીવડ્યા. **જીતવા માટે સૌથી પ્રથમ તો વૈચારિક સ્પષ્ટતા જોઈએ. પણ આપણે તો દ્વિધાઓમાં કાયમ અટવાયેલા હતા. હિંસા કે અહિંસા? આ લોક કે પરલોક? શત્રુને ક્ષમા કે શિક્ષા? પહેલાં થડ કાપવું કે ડાળીઓ? ફક્ત સંરક્ષણ કરાય કે સંરક્ષણના હેતુથી આક્રમણ યોગ્ય ગણાય? આપણી ફિલસૂફીમાં જ પાર વગરની ખાંચખૂંચ. પ્રશ્નોનો પાર નહિ, તર્કનો પાયો નહિ. બુદ્ધિનો આધાર નહિ. શ્રદ્ધા અનરાધાર.**

થોડી વિગતો તપાસીએ. આપણા યોદ્ધાઓ બહાદુર પણ એકલવીર હતા. એકલા ગીત ગાવું અને ઓરકેસ્ટ્રામાં સમૂહગાન ગાવું એ બે તદ્દન જુદા પ્રકારની આવડત માગી લે છે. આપણાં સૈન્યોમાં શિસ્તના કાયમના અભાવ વિશે, અંધાધૂંધી ને અવ્યવસ્થા વિશે, કોઈ બેમત નથી. **વ્યક્તિગત બહાદુરી માત્રથી યુદ્ધો જીતવાનો જમાનો મહાભારત કાળમાં હશે, હવે નથી.** ઝાંસીની રાણી લક્ષ્મીબાઈ કેડમાં બાળકને બાંધીને લડી હતી, એવી વાતોનું ગૌરવથી રટણ કરનાર પ્રજા ફક્ત વીરપૂજક જ નહિ, પણ બાલીશતાની પણ પૂજક ગણાવી જોઈએ. શૂરવીરતા ગમે તેટલી હોય પણ શિસ્ત અને શસ્ત્ર સામે લાચાર બને છે. નવા કે સુધારેલા શસ્ત્રો સામે એનું બહુ ઉપજતું નથી. સિકંદરની ઝડપી અશ્વારોહી સેનાએ વરસાદમાં જેલમનું પૂર ઓળંગી વીર પોરસની હાથીસેના પર સરસાઈ સિદ્ધ કરી હતી. બાબર પહેલીવાર દારૂગોળો લઈ આવ્યો હતો. આપણે તીર અને તલવારને વળગી રહ્યા. મોગલ સામ્રાજ્યની સ્થાપનાના બે જ વર્ષ પછી જ્યારે એ ડગમગતું હતું ત્યારે મેવાડના રાણા સંગ નીચે રાજપૂતો એકત્ર થયા. **બહાદુર રાણા સંગની વિશાળ રજપૂત સેના બાબરના નાના સૈન્ય સામે હારી ગઈ. બાબર પાસે તોપ હતી, રજપૂતો પાસે ભાલા, તલવાર ને તીર હતા.** આપણા નાજુક મગજ યુદ્ધકળાની બદલાતી આવશ્યક્તાઓને સમજી ન શક્યા. નાનકડાં પણ શિસ્તબદ્ધ યુરોપિયન સૈન્યો આપણાં લશ્કર નામે ઓળખાતાં ટોળાઓને સહેલાઈથી હરાવવા માંડ્યા ત્યાર પછી જ આપણા સુલતાનો જાગ્યા. આપણાં લશ્કરોને તાલીમ આપવા ટીપુ, સિંધિયા અને રણજિતસિંહ જેવાઓએ યુરોપિયન લોકોને રોકવા માંડ્યા ત્યારે તો ઘણું મોડું થઈ ગયું હતું. આવા યોદ્ધાઓની નિઃશંક મહાનતા બ્રિટિશ પૂરને ખાળી શકી નહીં.

ઘણા બધા વિદ્વાન પુરુષો સુદ્ધાં સમજ્યા

TEJ WALA

નથી કે અઢારમી સદીનું ભારત એક પાકા ફળ જેવું હતું. જે માત્ર હાથ અડાડવાથી જ તૂટી પડવાની રાહ જોતું હતું. એક અંગ્રેજ કહે છે : 'અર્ધા જાગતા, અર્ધા ઘેનમાં જ અમે સામ્રાજ્ય જીતી બેઠા.' જે યુદ્ધથી ભારતમાં બ્રિટિશ સત્તાનો પાયો નખાયો, તે પ્લાસીના નિર્ણાયક યુદ્ધ (૧૭૫૭)નો દાખલો જુઓ. લગભગ એક લાખના હિંદી લશ્કરને હરાવ્યું ત્યારે બ્રિટિશ ખુવારી કેટલી થઈ? ફક્ત ૧૫૦ માણસોની... મરાઠી સત્તાનાં અંતિમ વર્ષોમાં અંગ્રેજોએ યુદ્ધગિરી કરતાં વધારે તો મુત્સદ્દીગિરીમાં મરાઠા સરદારોને હરાવ્યા હતા. પશ્ચિમિયા પવનનું એક જ મોજું આવ્યું ને આપણા સુલતાનો પળવારમાં પીગળી ગયા. સરખાવો આની સાથે. અમેરિકામાં સોળમી સદીની શરૂઆતમાં કોર્તેઝ ને પિઝારો જેવા સ્પેનિશ વિજેતાઓએ શું કર્યું? રેડ ઈન્ડિયનોનાં આઝટેક અને માયા સામ્રાજ્યોનાં અર્ધો - પોણો લાખનાં લશ્કરોને પાંચસો હજાર યુરોપિયનોએ સર કર્યા. વિજેતા પ્રજા યુરોપિયન એક જ. હારનારી બંને પ્રજાઓ ઇન્ડિયન – એક રેડ ઇન્ડિયન, બીજા આપણે. સરખામણી આપણા માટે બહુ શોભાસ્પદ તો નથી જ.

યુરોપમાં ૧૭૫૬થી ૧૭૬૩ના સપ્તવાર્ષિક વિગ્રહ પછી ૧૮૧૫ના વોટર્લુના યુદ્ધ સુધીના સમયગાળામાં બ્રિટિશરો આખી દુનિયામાં ભારે ભીડમાં હતા. અમેરિકન કોલોનીઓમાં બળવો થયો. ફ્રાન્સમાં નેપોલિયન જાગ્યો. ભારતમાં નાના ફડનવીસે મરાઠા રાજ્યને પાણીપત પછી ફરી ઊભું કરેલું. સિંધિયા, ટીપુ, નિઝામ ત્રણે મજબૂત હતા અને ફ્રેંચ સત્તાનો એમને પૂરો ટેકો હતો. ફ્રેંચોના ટેકાનો પૂરેપૂરો ફાયદો અમેરિકન લોકોએ લીધો (૧૭૭૬થી ૧૭૮૩) અને બ્રિટિશ સત્તાને પાણીચું આપ્યું. આપણે આ બધી પરિસ્થિતિનો કોઈ લાભ ન લઈ શક્યા. સામ, દામ, ભેદ અને દંડથી, વ્યૂહરચના અને મુત્સદ્દીગિરી વાપરી, થોડાક અંગ્રેજોએ આપણા રાજકર્તાઓને વશ કર્યા. કેનેડા, યુરોપ અને ભારત – ત્રણેય ખંડોમાં તેઓ લડ્યા ને જીત્યા. ભારતમાં તો અંગ્રેજ રાજાએ નહિ, એની વ્યાપારી પેઢી ઈસ્ટ ઇન્ડિયા કંપનીએ આપણા રાજાઓ પર વિજય મેળવ્યો.

વ્યક્તિઓની વાત કરીએ તો, એકબાજુ થોમસ જેફરસન, બેન્જામિન ફ્રેંકલીન અને વિલિયમ પીટ (બ્રિટિશ વડાપ્રધાન) જેવી પશ્ચિમની વિભૂતિઓ અને બીજી બાજુ આપણા જાણીતા પુરુષો નાના ફડનવીસ, બાજીરાવ પેશ્વા અને ગંગાધર શાસ્ત્રી કે રામશાસ્ત્રીને મૂકી જુઓ. કારણકે તેઓ બધા સમકાલીનો હતા. કયા પક્ષે બુદ્ધિ કે શક્તિ વધુ જણાય છે? આપણા મહાપુરુષો પ્રત્યે માથું નમાવીને પણ સ્વીકારવું જ પડે કે તેઓ અતિશય વામણા હતા એ દીવા જેવી સ્પષ્ટ હકીકત છે. બધાનાં જીવનચરિત્રો હાથવગા છે. પાણીપતની ત્રીજી લડાઈ પહેલા જ મરાઠા સરદાર સેનાપતિ સદાશિવરાવ ભાઉના દુર્વર્તનથી જાટ રાજા પોતાની સેના લઈ જતો રહ્યો અને મરાઠાઓને જીવલેણ ફટકો પડ્યો એ જાણીતી વાત છે. મરાઠી સત્તાના સૂર્યાસ્ત સમયે પેશ્વાના ધર્મચુસ્ત બ્રાહ્મણ વર્તુળ તરફથી એક પ્રશ્નમાં ગરમાગરમ વિવાદ થયો : ચંદ્રસેન કાયસ્થ પ્રભુ (CKP) નામે ઓળખાતી ઉપજ્ઞાતિ એ બ્રાહ્મણ કહેવાય કે ના કહેવાય? પેશ્વાનો જ એક મોટો સરદાર એટલે ઇંદોરનો હોલ્કર. ને એના ઉપર એ જ્ઞાતિનો પૂર્ણ પ્રભાવ. પરિણામ ભયાનક આવ્યું. હોલ્કરે પેશ્વાની રાજધાની પૂનામાં આવી એને લૂંટ્યું.

સાફ પરિપ્રેક્ષ્ય (Prospective)માં મૂકીને સાદી, સીધી ને સાચી વાત કહેવી હોય તો તે એક જ છે : **આપણા કરતાં આપણા શત્રુઓમાં ઘણી વધારે બુદ્ધિ, કુનેહ અને સમજ હતી. આ એક જ વાત આપણા ડહાપણની ડાહી ડાહી વાતોને બાજુએ મૂકીને આત્મનિરીક્ષણ પ્રેરવા માટે બસ છે.** આપણી પ્રજામાં લોકપ્રિય થયેલા કુસંપના બહાના કરતાં આ હકીકતમાં સત્યનો અંશ ઘણો વધુ છે. આપણા કુસંપનો લાભ તેઓ લઈ શક્યા, એમના કુસંપનો લાભ આપણે ન લઈ શક્યા. વામન બુદ્ધિની વ્યક્તિઓનો અતિ સંકુચિત દૃષ્ટિવાળો આપણો સમાજ હતો. પરદેશીઓએ તોડ્યો એ પહેલાં જ અંદરથી એ તૂટવા માંડ્યો હતો. બૌદ્ધ, જૈન શૈવ, વૈષ્ણવ ધર્મના ઝઘડાઓ અનેક હતા. **અહિંસાના ઉપદેશથી સમાજ બિનલડાયક વલણવાળો બન્યો હતો. સંતોષના ઉપદેશથી સાહસ ને સિદ્ધિની અભિલાષા ઊડી ગઈ હતી.** જૌહર, સતીપ્રથા, શુકન-અપશુકન, નસીબ ને ભવિષ્યકથન જેવા વહેમોએ સમાજને અંદરથી કોરી ખાધો હતો. તપ, ત્યાગ, બ્રહ્મચર્ય, નિર્મોહી જીવન, નિષ્કામ કર્મ – આ બધી માન્યતાઓએ લાંબાગાળે આપણા દુશ્મનોને જ મદદ કરી.

### ● ગીતા અને યુદ્ધનું તત્ત્વજ્ઞાન :

નિર્મોહી જીવન અને નિષ્કામ કર્મ એ ગીતાનું હાર્દ છે અને ગીતા એ હિંદુત્વનું હાર્દ છે. ગીતા એ સાધારણ પુસ્તક નથી. સદીઓથી એણે આપણા સંસ્કારોનું અને જીવનનું ઘડતર કર્યું છે. તેથી થોડાક સામાન્ય બુદ્ધિના વાસ્તવિક સવાલો પૂછવા જરૂરી છે. નિર્મોહી જીવન અને નિષ્કામ કર્મના આદર્શો વ્યક્તિગત જીવનમાં અવશ્ય ઉપયોગી થઈ શકે પણ એક કલ્પના કરો : મારો શત્રુ એના ધર્મમાં ને ધ્યેયમાં કટ્ટર રીતે પ્રતિબદ્ધ છે. કોઈ પણ રીતે જીતવાના એકમેવ હેતુથી તે મરણિયો થઈને લડે છે. બીજી બાજુ હું, નિર્મોહી ને નિષ્કામ છું. હાર કે જીત બંનેને હું સરખા ગણું છું. મારી ફરજ છે એમ માનીને લાગણી વિના હું લડું છું. ધારો કે બીજી બધી પરિસ્થિતિઓ સમાન હોય, તો કોનો જીતવાનો સંભવ વધારે છે? મારો કે મારા શત્રુનો? જવાબમાં જરાય શંકા નથી. ને આ કલ્પના પણ નથી. આવી પરિસ્થિતિમાં શત્રુ જ જીતે.... **મુસ્લિમો મધ્ય**

સ્થાપના : ૧૯૮૪
કે.કે.
સ્ટીલ ઇન્ડસ્ટ્રીઝ
હરખચંદ ગડા (મો. ૯૩૨૮૪ ૪૦૦૪૦) ★ નીલેશ ગડા ★ રીતેશ ગડા
લગ્નપદ, ઘરવપરાશ, લ્હાણી તથા હોટલ કેન્ટીન વાડી ફરાસખાના માટેના મોટા વાસણોના હોલસેલ વેપારી
એલ/૧૦૪૦/૭, વિજય ટ્રાન્સપોર્ટ પાસે, જી.આઈ.ડી.સી., અંકલેશ્વર. ફોન : ૦૨૬૪૬-૩૨૯૩૦૩, ૨૨૦૯૪૨
E-mail : kaykay_industries@yahoo.com

**યુગમાં આ રીતે જ હિંદુઓ સામે જીત્યા છે ને જીતતા આવ્યા છે.** આપણે જોઈએ, વિચારીએ, શત્રુને પણ ચાહીએ, કારણ આત્મા એક છે ને અમર છે. શત્રુ કાંઈ ના વિચારે, ફક્ત તલવાર ચલાવે. કૃષ્ણએ અર્જુનને લડવા પ્રેર્યો, એ શા માટે? એ તારી ફરજ છે માટે અને આમેય તે કોઈ કોઈને મારતું નથી, કારણ આત્મા અમર છે. ભાર છે ફિલસૂફી ઉપર, વ્યવહાર ઉપર નહિ. લડવું તે સ્વબચાવ માટે નહિ, શત્રુ ખરાબ છે માટે નહિ, એને જીતવા માટે નહિ. મધ્યયુગમાં મુસ્લિમ જિહાદ માનીને લડતો હોય અને હિંદુ ધર્મયુદ્ધ માનીને લડતો હોય, એટલે બંને પોતપોતાના ધર્મ માટે લડે છે એ તો સરખું જ થયું. ફરક માત્ર એટલો જ કે એક માણસ 'કાફીર'ને દિલથી ધિક્કાર છે, બીજો શત્રુમાં પણ અમર આત્મા નિહાળે છે. કોણ જીતશે? હિંદુ એની ફિલસૂફીમાં જીતશે, મુસ્લિમ એની જિહાદમાં. સંતોષ અને સફળતામાં શો ફરક? એ જ કે આપણને સંતોષ મળ્યો, શત્રુને સફળતા. દુનિયામાં બધી જાતના લોકો હોય, કેટલાક મરવા માટે તૈયાર હોય, કેટલાક એમ કરવામાં એમને મદદ કરવા માટે. બીજા વિશ્વયુદ્ધનો નામાંકિત અમેરિકન જનરલ પેટ્ટન એના સૈનિકોને શું કહેતો હતો તે સાંભળો : **'આપણે દેશ માટે યુદ્ધમાં મરી ફીટવા આવ્યા નથી. આપણે તો પેલા શયતાન શત્રુ એના દેશ માટે મરી ફીટે એવું કરવા આવ્યા છીએ.'**

આપણો આદર્શ વીર અર્જુન છે. યુદ્ધ પહેલાં જ એ પાણીમાં બેસી જાય છે. મહાયુદ્ધ તો ઘણા સમયથી નક્કી થયેલું ને ચર્ચાતું હતું. બધાને રૂબરૂ સામે ઊભેલા જોયા પછી જ એને ખ્યાલ આવ્યો કે એને પ્રિય કુટુંબીજનો સામે લડવાનું છે! યુદ્ધની પૂર્વતૈયારીઓ દરમ્યાન શંકાઓ હોય તે સારું હોઈ શકે, પરંતુ એકવાર નિર્ણય લેવાઈ ગયા પછી યુદ્ધ જાહેર થાય, સેનાઓ સામસામે આવી જાય, ત્યારે યુદ્ધભૂમિ ઉપર જ સેનાપતિ આનાકાની કરે, એ પરિસ્થિતિ માત્ર અયોગ્ય જ નહિ, અત્યંત હાનિકારક છે. દ્વિધાગ્રસ્ત વીર યુદ્ધ જીતી શકે એવો સંભવ ઓછો, કદાચ જીતે તો પણ અંતે તો કરુણાંતિકા જ સર્જાય. પછી એ હીરો હેમ્લેટ હોય કે અર્જુન; વ્યક્તિ હોય કે સમાજ. ભાવનાઓની ભૂલભુલામણીમાં ફસાયેલો એ સેનાપતિ છે. શેક્સપિયરનો હેમ્લેટ જ જોઈ લો : "To be or not to be, that is the question." દુશ્મનને ચાહતો અર્જુન આપણો નેતા છે. શ્રેષ્ઠ અને શૂરવીર પણ આદર્શો વિશે દ્વીધાગ્રસ્ત. હિંદુઓ લડે છે ખરા, પણ ખોટા કારણથી, ખોટા ધ્યેયો ને આદર્શો માટે. બીજાઓ જીતવા માટે લડે છે, આપણે ફરજ બજાવવા લડીએ છીએ. બીજાને જોઈએ છે સફળતા, આપણને જોઈતું કાંઈ નથી. બીજાઓ નિષ્ફળતા વેઠી નહિ લે, આપણે બધું વેઠી લઈશું. અરે કોકવાર સફળતા પણ વેઠી લઈશું. જો એ ભાગ્યમાં ભટકાઈ જાય તો! આપણે શત્રુને ધિક્કારતા નથી, એ આપણને છોડતા નથી. આપણને આ લોક ગમતો નથી, તેઓ આપણને પરલોક મોકલે છે. આપણે આપણને બચાવી શકતા નથી, પણ અમર આત્માને તો બચાવીએ છીએ ને? શું પ્રાચીનકાળની આ ફિલસૂફી વર્તમાનમાં હિંદુ સમાજને બચાવી શકે?

કોઈપણ યુદ્ધના ધ્યેય અને હેતુઓ શા છે? એમની માંડણી ને રજૂઆત કેવી રીતે થાય છે? એના ઉપર એ યુદ્ધના પરિણામનો ઘણો આધાર હોય છે. જૂના સમયમાં રાજા, દેશ અને સન્માન માટે લોકો લડતા, મુસ્લિમો જિહાદ માટે લડ્યા, ક્રુઝેડો ધર્મ માટે લડ્યા, બે વિશ્વયુદ્ધો લોકશાહી બચાવવા લડાયા. સારા કે ખોટા પણ ધ્યેય અને હેતુઓ સ્પષ્ટ હતા. દૂધ-દહીંમાં પગ રાખીને લડાય નહિ, લડાય તો જીતાય નહિ. દ્વિધા અને અનાસક્તિનો યોગ યુદ્ધમાં અશક્તિ ઉત્પન્ન કરે. ધ્યેયબદ્ધતા, એકમેવ લક્ષ્ય, નિર્ણયાત્મક નેતૃત્વ, પ્રતિબદ્ધ પ્રજાશક્તિ — આમાંનું કંઈપણ ખૂટતું હોય તો યુદ્ધ જીતાય નહિ. આ પ્રકારના ગુણો હિંદુ માનસમાં કેળવાયા જ નહિ એ એમના સદીઓ જૂના પરાજયોનું મહત્ત્વનું ને મૂળભૂત કારણ છે.

લડાઈમાં હાર થાય એ લાંબાગાળે ખરેખર મોટી આપત્તિ હોય પણ ખરી, ના પણ હોય. પરંતુ તાર્કિક કારણો કાઢીને હારને અનિવાર્ય ગણવી, વાજબી ઠરાવવી એનાથી એ હાર ખરેખરી ને કાયમી આપત્તિ બને છે. નસીબવાદ, માયાવાદ અને અનાસક્તિયોગ જેવાં તત્ત્વજ્ઞાનનાં તોરણો બાંધીને ભારતમાં આ કામ થયું છે. **બિનવ્યવહારિક અને નકારાત્મક અભિગમ આપણા માનસતંત્રમાં જામી ગયેલ છે. આવાં વલણોથી પરલોક કદાચ જીતાય. આ લોકનાં યુદ્ધો જીતાય નહિ. યુદ્ધમાં તો વિજયાકાંક્ષા અનિવાર્ય છે, ધ્યેયનિષ્ઠા વિધાયક છે, સુસજ્જતા નિર્ણાયક છે. આપણામાં એકેય નહોતાં. આપણામાં તો હતી એક અદમ્ય ઈચ્છા આ અસાર સંસારથી છૂટવાની. એમાં આપણા શત્રુઓએ સહાય કરી. આપણે શાસ્ત્રો ટાંક્યા, એમણે શસ્ત્રો તાક્યા. આપણે તપ આદર્યા, એમણે તલવાર ચલાવી. શું વધુ કારગત નીવડ્યું એની સાક્ષી ઇતિહાસ પૂરે છે.**

### • ફક્ત સો વર્ષ પહેલાની ભારતની વાસ્તવિક્તાઓ :

ચોખ્ખી ચણક વાત છે કે આપણી સમાજ વ્યવસ્થા પરદેશીઓના પડકાર સામે ઊભી રહી શકી નહિ. પુનરપિ પરાજય, પુનરપિ પરાજય, એ કદી અકસ્માત ન હોઈ શકે. આપણી હાર માત્ર એક નબળાઈ ન હતી, એ તો રાજકીય, નૈતિક, ધાર્મિક, સામાજિક, સમગ્ર તંત્ર વ્યવસ્થાની નિષ્ફળતા હતી. કોઈને આ વિશે હજી પણ શંકા હોય તો માત્ર સોએક વર્ષ પૂર્વેના (૧૮૫૦થી ૧૯૦૦) ભારતની પરિસ્થિતિ પર નજર ફેંકવાથી ખાતરી થશે.

Aristo™ STAINLESS STEEL

**Mfrs. of Aristo Brand Stainless Steel Utensils**

**ARISTO PLUS**
177/A, Panjrapole Road, Opp. Sarvoday Nagar, Mumbai-400 004.
Tel. : 2242 6555 / 2242 2666 • Fax : 2242 7324
E-mail : aristo_steel@yahoo.co.in • www.aristosteel.com

એના સાક્ષી પુરાવા હાજર છે. અંદાજો બાંધવાની કે કલ્પના કરવાની જરૂર નથી.

એ સમયે અંગ્રેજી શિક્ષણની શરૂઆત થયેલી પણ પ્રચાર નહિ. વીજળી કે વિમાન ન હતા. મોટરગાડી કે ફોન પણ નહિ, એટલે સમાજ ઉપર આજના જેવી પાશ્ચાત્ય અસરો નહિવત હતી. તેથી જૂનું ભારત આધુનિકતાથી લગભગ અસ્પૃષ્ટ દશામાં જોવાની તક અહીં મળે છે. આજે પણ આપણા ગામડાંમાં આમાંનું ઘણુંબધું દૃષ્ટિએ ચડે છે.

કેવું હતું એ ભારત? ૮૫ ટકાથી વધારે વસતિ ગામડાંમાં રહેતી. અંગુઠાછાપ, અભણ, શ્રદ્ધાળુ. પુરાતન પદ્ધતિથી ખેતી કરતી. પીવાના પાણી માટે ગામમાં એક કૂવો ઉપલાં વર્ણો માટે, બીજો નીચલાં વર્ણો માટે, ત્રીજો અસ્પૃશ્યો માટે. દરેક જ્ઞાતિ પોતપોતાના અલગ લત્તાઓમાં રહે. ક્યાંય પણ જવું હોય તો કાચા રસ્તા પર કાદવ-કીચડમાં ચાલતા જવાનું. ઉપલા વર્ગના બેચાર પૈસાવાળા કુટુંબો કે દરબાર જેવા પાસે ઘોડો હોય. મોટા ખેડૂતો બળદગાડાં રાખે. સુથાર, લુહાર, મોચી ને કુંભાર જેવા વંશપરંપરાના જૂના ધંધાઓ ઉપર ગામડાં નભે જાય. ઔદ્યોગિકરણનું નામ નહિ. અસ્પૃશ્યતા સર્વત્ર ને સ્વાભાવિક. દવાખાનું ભાગ્યે જ હોય, હોય તો પોસાય નહિ. એટલે ડોશીમાનું વૈદું ને આયુર્વેદ વનસ્પતિઓ એ દરેક રોગની દવા. ચેપી રોગોની ભરમાર, વહેમો બેસુમાર. બાળજન્મ ને બાળમરણ બંને ઊંચા, આયુમર્યાદા અતિશય નીચી. પિંઢારા ને ઠગોની ટોળીઓ અંગ્રેજ સત્તાએ હમણાં હમણાં જ જેર કરેલી પણ બહારવટિયા ને લૂંટારાનો કાયમનો ત્રાસ. તેથી ડાહ્યા માણસો ઘરમાં ખાડા ખોદી પૈસા દાટે. ગાયભેંસનું છાણ ભેગું કરવું એ સ્ત્રીઓની રોજની ઉપયોગી આર્થિક પ્રવૃત્તિ કારણ છાણાં કે લાકડું એ જ બળતણ હતું. કૂવેથી પાણી ભરી લાવવું, ઢોર સાચવવા, રસોઈ કરવી, એ સ્ત્રીઓની મુખ્ય પ્રવૃત્તિઓ. બાળકો ખેતી ને પશુપાલનમાં મદદ કરે. ગામમાં શાળા જો હોય તો પ્રાથમિક ચારેક ધોરણ પૂરતી, પણ હાજરી પાંખી. શાળાએ જવું ન ગમતું હોય એવા કોઈ છોકરાને બેચાર મોટા છોકરાઓ ટાંગાટોળી કરી ઊંચકીને શાળાએ લઈ આવે, ને માસ્તર સાહેબ નેતરની સોટીથી એની બરાબર ખબર લે. સ્ત્રીશિક્ષણની શરૂઆત હજી થઈ ન હતી. વિધવા વિવાહ નીચલી નાતોમાં ખરો, ઉપલી નાતોમાં અકલ્પ્ય. વિધવાઓની સ્થિતિ દયનીય. બાળલગ્નો બહુ જ સામાન્ય ને પ્રચલિત. **લોકમાન્ય ટિળકની એક નાની સરખી વાત જુઓ : ૧૨ વર્ષથી ઓછી ઉંમરની સ્ત્રીઓનાં લગ્નો ઉપર પ્રતિબંધ મૂકતા કાયદાને એમણે ટેકો આપવાની ના પાડી. તેથી સુધારક મિત્ર આગરકરથી એ છૂટા પડ્યા. અને ટિળક તો એ જમાનામાં ક્રાંતિકારી નેતા ને સમાજ સુધારક કહેવાતા!**

મેં પોતે બીજા વિશ્વયુદ્ધ પહેલાં આમાંનું લગભગ બધું નાનપણમાં નજરોનજર જોયેલું છે. અને આ તો આપણી અવદશાનું એક આછું એવું જ રેખાચિત્ર છે. આજના ઘણા શિક્ષિત યુવાનોએ ગામડું જોયેલું હોતું નથી. એમને આવી હકીકતોથી આશ્ચર્ય સાથે આંચકો લાગે છે. વધુ વિગતો વધુ આઘાતજનક થશે. આ જ સમયના યુરોપ કે અમેરિકાની આધુનિક પ્રગતિની જરાક પણ કલ્પના જેને હોય એને શું થશે એ મને ખબર નથી. આવા અતિશય નિરાશાજનક સમાજતંત્રમાં આપણે સદીઓ સુધી શાથી સપડાયા? અને હજી કેમ છીએ? એનાં કારણો આપણી પરંપરાગત માન્યતાઓ - સંસ્કારોમાં ઊંડા દટાયેલાં છે. એની વાત હવે પછીના પ્રકરણમાં.

*(ક્રમશઃ)*

*('Culture can Kill'ના એક પ્રકરણમાંથી)*

*૧, શ્યામ વાટિકા સોસાયટી,*
*વાસણા રોડ, વડોદરા-૩૯૦ ૦૦૭.*

★ "જેટલા રૂપિયા છે મારી પાસે એટલી વાર તો મારે પ્રભુનું નામ લેવું જ છે. અને એ શક્ય નહીં બને તો જીવનમાં જેટલી વાર મેં પ્રભુનું નામ લીધું છે એટલા રૂપિયા રાખી લઈને બાકીના રૂપિયા મારે સારાં કામોમાં વાપરી દેવા છે."

આટલું નક્કી કરી દેવાની આપણી તૈયારી ખરી?

★ જીવનનાં આટલાં વરસોના અનુભવોએ મને એક વાત બરાબર સમજાવી દીધી છે કે અનિષ્ટને કાલ કરતા આજે છોડી દેવું વધારે સરળ છે અને ઈષ્ટને આજ કરતાં આવતીકાલે કરવું વધારે કઠિન છે. આમ છતાં કોણ જાણે કેમ, મન સતત એમ જ સમજાવતું રહે છે કે અનિષ્ટ હું આવતીકાલે છોડી જ દઈશ અને ઈષ્ટના સેવન માટે તો આખી જિંદગી પડી છે!

શું કરૂં આ ચાલબાજ મનનું?

★ જે જે દુર્ગુણોનું સેવન મારા જીવનમાં ગુપ્તપણે ચાલુ છે એ જ દુર્ગુણોના સેવન બદલ સામી વ્યક્તિ જ્યારે પકડાઈ જાય છે ત્યારે મારા હૈયામાં ઊંડે ઊંડે એક જાતનો આનંદ અનુભવાય છે.

સમજાતું તો મને એ નથી કે આ આનંદના અનુભવના મૂળમાં છે શું? સામી વ્યક્તિ બે-આબરૂ થઈ ગઈ એ કે હું બે-આબરૂ થતો બચી ગયો એ?

★ પ્રભુના મંદિરમાં ૧૦ની નોટ મૂકવા હું તૈયાર તો થઈ ગયો. ખિસ્સામાં હાથ નાખ્યો. એક સાથે ૧૦ની બે નોટ બહાર આવી. એક નોટ ગંદી હતી. બીજી નોટ એકદમ નવી નક્કોર હતી.

પળનીય વાર લગાડ્યા વિના મેં ગંદી નોટ પ્રભુના મંદિરમાં મૂકી દીધી! એમ સમજીને કે 'અહીં તો બધુંય ચાલી જાય!'

હું આટલો બધો નિર્લજ્જ...?

*સાભાર : "શિખર સાથે વાતો"*

શિખરજીની એકમાત્ર અને સર્વપ્રથમ
★★★ જેવી અદ્યતન એ.સી. હોટલ
SHIKHARJI Continental

ફાર ઈસ્ટ
All Inclusive Rs. 69,999/-
10 Days • Dep. : 21 Apr., 01, 12, 22 May, 1 June
સીંગાપોર • મલેશિયા • થાઈલેન્ડ

યાત્રા પ્રવાસ ક્ષેત્રે આધુનિક પ્રણાલીકાઓના પ્રણેતા
TAK MAK® TOURS & TRAVELS
મુલુંડ ● દાદર ● પાર્લા
✆ : 93233 60708 / 25903514 • 5 • 6

# શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદનો ઇતિહાસ

## પ્રકરણ-૨૨

• સંકલન : પ્રતાપ નારાણજી દંડ •

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના મેડિકલ ચેક-અપ સેન્ટર તરફથી ગાંધી જયંતિ નિમિત્તે તા. ૨-૧૦-૨૦૦૫નાં રોજ મહિલા ઉત્કર્ષ સમિતિ તથા તબીબી સહાય સમિતિના સંયુક્ત ઉપક્રમે કેન્સર નિદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું.

કેમ્પનું ઉદ્‌ઘાટન એક નવતર પધ્ધતિથી કરવામાં આવ્યું હતું. દીપ પ્રાગટ્યનું શુભ કાર્ય મેડિકલ સેન્ટરમાં સેવા આપી રહેલ ડૉ. રાજેન્દ્ર ટોપરાણી, ડૉ. કેતકીબહેન તથા મેડિકલ સ્ટાફનાં સભ્યોનાં હસ્તે કરાવવામાં આવ્યું હતું. સારી સંખ્યામાં દર્દીઓએ લાભ લીધેલ હતો. આ કેમ્પનો હેતુ કેન્સર સામે લોક જાગૃતિ લાવવાનો હતો.

તા. ૮-૧૦-૨૦૦૫નાં દિવસે શ્રી કચ્છી જૈન ભવન - પાલડી ખાતે રાત્રે નવરાત્રિ નિમિત્તે ગરબા તથા દાંડિયા રાસનો પ્રોગ્રામ મ્યુઝીકલ ઑરકેસ્ટ્રા સાથે યોજવામાં આવ્યો હતો. સમાજનાં અંદાજિત ૨૫૦ સભ્યોએ આ કાર્યક્રમમાં ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. અવ્વલ નંબરે આવનારને વિવિધ ઈનામોથી નવાજવામાં આવ્યા હતા.

તા. ૧૭-૧૦-૨૦૦૫ના રોજ શરદપૂનમ નિમિત્તે શ્રી કચ્છી જૈન ભવન - પાલડી ખાતે ગરબા તથા દાંડિયા રાસનો કાર્યક્રમ યોજવામાં આવેલ હતો. જાણીતા કલાકાર શ્રી વાલજીભાઈ ભટ્ટી વાદ્યવૃંદ તથા ગાયકવૃંદનો કાર્યક્રમ રાખવામાં આવેલ હતો. સમાજનાં ૧૫૦થી ૨૦૦ સભ્યોએ શરદ પૂનમનો કાર્યક્રમ માણ્યો હતો. કાર્યક્રમના અંતે દાંડિયા રાસમાં અલગ અલગ વય જૂથના સારું રમતા સભ્યોને ઈનામોથી નવાજવામાં આવ્યા હતા. દૂધ પૌંઆની મિજબાની સાથે કાર્યક્રમ પૂર્ણ કરવામાં આવ્યો હતો.

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદે વિક્રમ સંવત ૨૦૬૨નાં નૂતન વર્ષ નિમિત્તે તા. ૨-૧૧-૨૦૦૫નાં રોજ નૂતન વર્ષાભિનંદનનો કાર્યક્રમ ધામધૂમથી ઉજવ્યો. અમદાવાદનાં તે સમયે વરાયેલા મેયર શ્રી અમિતભાઈ શાહની ઉપસ્થિતિમાં તેમના વરદ્ હસ્તે મંગલ મંદિર પુરસ્કાર યોજના સપ્ટે.-૨૦૦૫ તથા ઓક્ટોબર-૨૦૦૫ના વિજેતાઓને પારિતોષિકો અર્પણ કરવામાં આવ્યા હતા. સમાજના લગભગ ૨૫૦થી પણ વધારે સભ્યોની હાજરી હતી.

તા. ૨૦-૧૧-૦૫નાં રોજ શ્રી કચ્છી જૈન ભવન ખાતેના મેડિકલ સેન્ટરમાં આંખના ફ્રી નિદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. લગભગ ૧૦૫ વ્યક્તિઓએ આ કેમ્પનો લાભ લીધેલ હતો. જેમાંથી ૨૯ વ્યક્તિઓને મોતિયા હોવાનું નક્કી થયેલ હતું કે જેઓના ઑપરેશનો ત્યારબાદના દિવસોમાં ૫૦% કન્સેશનનાં દરે કરી આપવામાં આવ્યા હતા. કેમ્પનું ઉદ્‌ઘાટન શ્રી શાંતિલાલ છગનલાલ શાહનાં વરદ્ હસ્તે કરવામાં આવ્યું હતું. સમાજના ઘણા બધા મહાનુભાવો તે સમયે હાજર રહ્યા હતા.

કચ્છ ડેવલપમેન્ટ કાઉન્સિલનાં નેજા હેઠળ તથા ચેમ્બર ઑફ કોમર્સ - માંડવીના સહકારથી માંડવી ખાતે તા. ૧૧-૧૨-૨૦૦૫નાં દિવસે ‘માંડવી બંદર અને તેના જહાજવાડાનાં વિકાસ’ ઉપર એક સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં શ્રી માહીમ પાંધીએ વક્તવ્ય આપેલ હતું. જ્યારે ખનિજ આધારિત ઉદ્યોગો પર શ્રી જે.વી. ભટ્ટે વક્તવ્ય આપેલ હતું. માંડવીમાં બહોળી સંખ્યામાં લોકોએ હાજરી આપેલ હતી.

તા. ૨૧-૧૨-૨૦૦૫નાં રોજ કચ્છ ડેવલપમેન્ટ કાઉન્સિલ તથા ફેડરેશન ઓફ કચ્છ ઈન્ડસ્ટ્રીઝ એસોસિએશનના સંયુક્ત ઉપક્રમે કચ્છમાં સ્થાપિત ઉદ્યોગકારો તથા આ વિષયે રસ ધરાવનારા મહાનુભાવોની એક મિટીંગ હોટલ ઈન્દર રેસિડેન્સી - અમદાવાદ ખાતે મળેલ હતી. પ્રથમ સેશનમાં કચ્છ ડેવલપમેન્ટ કાઉન્સિલ તથા ફોકિયાના કાર્યકર્તાઓ ઉપરાંત અદાણી, સાંઘી, એન્કર, યુરો, આરતી ગ્રુપ, વેલસ્પન તથા શાહ ઍલોયઝ વગેરે ઉદ્યોગોનાં પ્રતિનિધિઓ તથા અન્ય મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. લંચ બાદના બીજા સેશનમાં ગુજરાત સરકારશ્રીના વિવિધ વિભાગોના અધિકારીશ્રીઓ ઉપસ્થિત રહેલ હતા. મુખ્ય ચર્ચાનો વિષય ઉદ્યોગોના પાણીના પ્રશ્ને હતો. ઘણા બધા લોકોએ આ સંવાદમાં ભાગ લીધેલ હતો.

તા. ૨૩-૧૨-૨૦૦૫નાં રોજ અંજારના રોટરી ક્લબ હોલ ખાતે ‘ખેતી આધારિત ઉદ્યોગો’ પર આ વિષયનાં નિષ્ણાત શ્રી લલિત મૈશેરીનો વાર્તાલાપ રાખવામાં આવ્યો હતો. આજુબાજુના ગામડાંઓમાંથી લગભગ ૨૦૦ ખેડૂતો આ વાર્તાલાપમાં હાજર રહેલ હતા તથા તા. ૨૪-૧૨-૦૫નાં ભુજનાં રોટરી ક્લબ ખાતે પણ ઉપરોક્ત વિષયે વાર્તાલાપ રાખવામાં આવ્યો હતો. જેમાં ૧૫૦ ખેડૂતો હાજર રહ્યા હતા.

**શ્રી કચ્છી જૈન સેવા સમાજનો વયસ્ક યોજનાનો પ્રથમ કાર્યક્રમ તા. ૧૩-૧-૨૦૦૬નાં રોજ શ્રી કચ્છી જૈન ભવનના સાંસ્કૃતિક હોલ ખાતે યોજવામાં આવ્યો હતો.** કાર્યક્રમની શરૂઆત શ્રીમતી કેતકી નિખિલ મહેતાના મધુર કંઠે ગવાયેલ સુગમ સંગીતથી કરવામાં આવી હતી. ત્યારબાદ શીઘ્ર વક્તૃત્વ સ્પર્ધા યોજવામાં આવી હતી. જેમાં ૬ વડીલોએ ભાગ લીધેલ હતો. આ વક્તૃત્વ હરીફાઈમાં પ્રથમ નંબરે આવનાર વડીલ શ્રી શાંતિલાલ રામજી ગાલાનું બહુમાન કરવામાં આવેલ હતું. ત્યારબાદ ડૉ. કુમારપાળ દેસાઈનું પ્રસંગને અનુરૂપ પ્રવચન રાખવામાં આવેલ હતું. લગભગ એક કલાક ચાલેલ આ પ્રવચન ઉપસ્થિત રહેલ સૌ વડીલોએ ખૂબજ ધ્યાનપૂર્વક સાંભળેલ હતું. સમૂહ

*ગુસ્સો હંમેશાં જીવનમાં સર્વનાશ જ લાવે છે.*

ભોજન સાથે આ કાર્યક્રમની પૂર્ણાહુતિ કરવામાં આવી હતી.

શ્રી કચ્છી જૈન સેવા સમાજે ભારતનો ૫૭મો પ્રજાસત્તાક દિવસ તા. ૨૬-૧-૨૦૦૬નાં રોજ શ્રી કચ્છી જૈન ભવન - પાલડી ખાતે ઉજવેલ હતો. કાર્યક્રમની શરૂઆતમાં સવારનાં ૯.૦૦ કલાકે શ્રી કચ્છી જૈન ભવન - પાલડીના પટાંગણમાં અમદાવાદના પ્રથમ નાગરિક એવા મેયર શ્રી અમિત શાહનાં વરદ્ હસ્તે ધ્વજવંદન કરાવવામાં આવ્યું હતું. કુ. કાજલ ગાલાએ ધ્વજ વંદનની વિધિ કરાવેલ હતી. શ્રી કચ્છી જૈન ભવનને ખુલ્લું મૂકાયે ૯ વર્ષ પૂર્ણ થઈ ૧૦મા વર્ષમાં તે દિવસે પ્રવેશ પામેલ હતું. તેની પણ ઉપસ્થિત લોકોમાં ખુશાલી પ્રવર્તી રહેલ હતી.

પ્રાસંગિક પ્રવચન કરતાં મેયરશ્રીએ આપણી સંસ્થાની કાર્યવાહીને બિરદાવી હતી અને જણાવ્યું હતું કે આપની સંસ્થા એક સારી સંસ્થા છે, જેની સૌ નોંધ લે છે. તેમજ આપની સંસ્થાએ આજુબાજુના વિસ્તારોમાં પણ ખૂબ જ સુવાસ ફેલાવેલ છે. અમદાવાદ મ્યુનિ. કોર્પો.ના કમિશ્નરશ્રીએ પણ સંસ્થાની મુલાકાત લીધેલ છે અને સંસ્થાની કામગીરીની સારી નોંધ લીધેલ છે. પ્રાસંગિક પ્રવચન બાદ દેશ ભક્તિનાં ગીતો ગાવાની હરીફાઈ ત્રણ વિભાગમાં યોજવામાં આવી હતી. ઉપરોક્ત કાર્યક્રમમાં સમાજના સભ્ય બહોળી સંખ્યામાં હાજર રહ્યા હતા. સૌએ પ્રજાસત્તાક દિવસની ઉજવણી ખૂબજ હોંશથી માણી હતી.

કચ્છ ડેવલપમેન્ટ કાઉન્સિલનાં નેજા હેઠળ કચ્છના ૯ તાલુકાઓમાં તા. ૧-૧-૨૦૦૬થી તા. ૯-૧-૨૦૦૬ સુધીમાં કચ્છમાં રતન જ્યોત 'જેટ્રોફા'ના વાવેતર વિષયે વાર્તાલાપ યોજવામાં આવ્યો હતો. દરેક તાલુકાના તાલુકા મથકે જે તે તાલુકાનાં અગ્રણી ખેડૂતોની હાજરીમાં જેટ્રોફાનાં નિષ્ણાતોના વાર્તાલાપના કાર્યક્રમ ખૂબજ અસરકારક રહ્યા હતા. દરેક તાલુકામાં ખેડૂતોની સંખ્યા સારા પ્રમાણમાં રહેવા પામી હતી.

***(ક્રમશઃ)***

# મા-બાપનું માનશો નહીં

તાજેતરમાં 'દિવ્ય ભાસ્કર'ના ઉપક્રમે 'ભાસ્કર ઉત્સવ'નો કાર્યક્રમ ઉજવાયો. જેમાં વિવિધ ક્ષેત્રના અગ્રણીઓને વક્તવ્ય માટે બોલાવવામાં આવેલ. આ કાર્યક્રમ હેઠળ આઈ.સી.આઈ.સી.આઈ. બેંકના વડા કે.વી. કામતને બોલાવાયા હતા. કાર્યક્રમના અંતમાં પ્રશ્નોત્તરી રાખવામાં આવી હતી. શ્રોતાઓએ તેમને વિવિધ પ્રશ્નો પૂછ્યા હતા. આ બધામાં નવી પેઢી માટેનો એક સરસ સવાલ તેમને પૂછવામાં આવ્યો હતો. આજના યુવાનો માટે કારકિર્દીને લગતી કઈ સારી લાઈન છે? કામતે આ પ્રશ્નનો વિસ્તારથી જવાબ આપ્યો હતો અને પરંપરાગત કારકિર્દી કરતાં અન્ય ઘણી તકો હોવાનું પણ જણાવ્યું હતું. પરંતુ સૌથી મહત્ત્વની વાત એ હતી કે તેમણે એવી સલાહ આપી હતી કે આજની યુવા પેઢીએ આગળ વધવા અથવા તો પોતાની કારકિર્દી નક્કી કરવામાં પોતાના મા-બાપનું કહ્યું માનવું જોઈએ નહીં.

કંઈક અંશે આ વાત સાંભળ્યા પછી સ્વાભાવિક એ છે કે મા-બાપમાં ચિંતાનું મોજું ફરી વળે. જોકે કામતે જ સ્પષ્ટતા કરી હતી કે મા-બાપનું કહ્યું નહીં માનવું તેનો અર્થ એ નથી કે તેમને બિલકુલ સાંભળવા જ નહીં. તેમનો કહેવાનો મતલબ એ હતો કે આજે વિશ્વ ઘણું વ્યાપક બની ગયું છે. પરંપરાગત ડૉક્ટર, એન્જિનિયરના બદલે અન્ય ઘણી કારકિર્દીની તકો જોવા મળે છે. નાણાંકીય ક્ષેત્રથી લઈ કોમ્પ્યુટર અને સર્વિસ સેક્ટર તેમાં અગ્ર સ્થાને છે. જૂના જે લોકો છે તેમને કદાચ આ નવી લાઈનનો ખ્યાલ નથી અથવા તો બાળકને સંરક્ષણાત્મક રીતે રાખવા તેઓ પરંપરાગત લાઈનનો આગ્રહ રાખે છે. હકીકતમાં કોમ્પ્યુટર, નાણાંકીય સેવા અને સેવા ક્ષેત્રમાં આજે વિપુલ તકો છે. એટલું જ નહીં, તેમાં નાણાં પણ ઘણાં સારા મળે છે. જૂની પેઢીને આ બધી બાબતોનો ખ્યાલ નથી. એટલે કદાચ તેઓ ના પાડતા હોય, પણ આવી સ્થિતિમાં યુવા પેઢીની એ ફરજ છે કે તેઓ નવી લાઈન અંગે પોતાના વડીલોને વિશ્વાસમાં લે. તેમને શાંતિથી સમજાવે તથા ભવિષ્યમાં તેમાં કેટલું આગળ વધી શકાય તેમ છે તેનો પણ ખ્યાલ આપે તો કદાચ વડીલો નવી લાઈન પણ સ્વીકારે. થાય છે એવું કે જૂની પેઢીને નવી પેઢી પર વિશ્વાસ નથી અથવા તો તેમને મન તેમનાં સંતાનો હજી પણ નાના જ હોવાથી તેઓ આજે ઝડપથી મેચ્યોર થઈ જતી યુવા પેઢીને સમજી શકતા નથી. આ કારણે સદીઓથી ચાલી આવતી જનરેશન ગેપની સમસ્યા વધુ વ્યાપક બનતી જાય છે. હકીકતમાં સંવાદને આધારે જ આ સમસ્યાનો ઉકેલ આવી શકે તેમ છે. એવી ઘણી બધી વસ્તુઓ છે કે જેમાં જૂની પેઢીને ટપ્પી પડતી નથી.

યુવા પેઢીની એ ફરજ છે કે તેઓ તમામ વાતોથી તેમને વાકેફ કરે. આ સંદર્ભમાં કામતની ટિપ્પણી ઘણી જ પ્રસ્તુત છે. કોઈ પણ મેનેજમેન્ટ ગુરુ કે મોટીવેશનલ ગુરુ એવી સલાહ ક્યારેય ન આપે કે તમારા વડીલનું સાંભળો નહીં. કયા સંદર્ભમાં આવી સલાહ અપાતી હોય છે તેનું પણ ધ્યાન રાખવું જોઈએ. સમય, સંજોગ એ ઘણી મહત્ત્વની વસ્તુ છે. આજે જે કંઈ પણ આપણે જોઈએ છીએ કે અનુભવીએ છીએ તે તેનું જ પરિણામ છે. સમય અને પરિસ્થિતિની સાથે યુવા પેઢીથી લઈ જૂની પેઢીએ પણ બદલાતાં રહેવું જોઈએ.

***– અજય નાયક***

**JNK Lifters Pvt. Ltd.**
Rental of Telescopic and Crawler Cranes, Hydras and Boomlifts

Kunal Gala - Director
Cel : +91 9833118836

Jayantilal Gala - Director
Cel : +91 9821070747

302, Godrej Coliseum, 3rd Floor, Somaiya Hospital Road, Off Eastern Express Highway, Sion (E), Mumbai-400 022.
Tel. : (022) 24013311 • Fax : (022) 24013322
E-mail : info@jnklifters.com • Web : www.jnklifters.com

વાર્તા

# સીમારેખા

• ડૉ. ચંદ્રકાંત મહેતા, પૂર્વ ઉપકુલપતિ, ગુજરાત યુનિવર્સિટી •

'તમે આંધી જોઈ છે ને?' બસ! તો તો તમે સંધ્યાના સ્વભાવની કલ્પના તરત જ કરી શકશો. સંધ્યા એક આંધી હતી. એક તોફાની પવન, એક ઊછળતું મોજું, કડાકા કરતી એક વીજળી, વર્ષાકાળે ઘેલી બનેલી એક નદી!

તમે પૂછશો કે સંધ્યા માટે એક સામટાં વિશેષણો વાપરી દીધાં? હા, એનું વ્યક્તિત્વ જ એવું હતું કે એને આજે પણ હું યાદ કરું છું ત્યારે મારું મન તોફાની બની જાય છે.

ભગવાન સોમનાથના પાય પખાળતા દરિયે મેં એને પહેલી વાર જોઈ. તે વખતે મારો બાબો અસિત ખૂબ જ નાનો હતો. પાપા પગલીએ ચાલતો ચાલતો એ સંધ્યા પાસે જઈ પહોંચ્યો ... બસ, પછી તો પૂછવું જ શું? મારા નાનકડા અસિતને લઈને એ ખૂબ નાચી, કૂદી. બાળકની જેમ એની સાથે ખેલતી રહી અને બે-ચાર કલાકમાં તો અસિત જોડે તેની દોસ્તી એટલી બધી પાકી થઈ ગઈ કે 'સંધ્યા આન્ટી' ને એ પળવાર પણ છોડવા તૈયાર નહોતો. મારા આગ્રહને વશ થઈને એ અમારી સાથે જ રોકાઈ. રાત્રે ભોજન કર્યા બાદ મેં તેને પૂછ્યું 'સંધ્યા, તારાં મા-બાપ શું કરે છે?'

એક ઊંડો નિશ્વાસ મૂકી એણે કહ્યું, 'એ ભગવાનને ઘેર તોફાન કરતાં હશે! હું તોફાની છું ને ... મારાં મા-બાપ પણ તોફાની હશે!' એ ખડખડાટ હસી પડી. ને ફરી પાછી ગંભીર થઈ ગઈ અને કહેવા લાગી : 'વૈશાલી બહેન, મારાં મા-બાપ કેવાં હતાં એ મને બિલકુલ યાદ નથી! એમનાં મૃત્યુ સમયે હું ખૂબ નાની હતી. અમારા ઘરમાં આગ લાગી, ત્યારે હું અને ભાઈ બંને બચી શક્યાં ને મારાં માતા-પિતા એ ગોઝારી આગમાં ખાખ થઈ ગયાં, એવું મોટાભાઈએ મને પાછળથી કહેલું. ત્યારથી માંડીને આજ દિન સુધી મને મોટાભાઈએ ખૂબ જ હૂંફ આપીને મોટી કરી... ભણાવી.. ગણાવીને ગ્રેજ્યુએટ બનાવી... હવે નોકરીની શોધમાં છું!'

બીજે દિવસે સંધ્યા અમારાથી છૂટી પડી અને જરૂર પડે તો નોકરીમાં મદદ મેળવવા અમદાવાદ આવવા અમે તેને નિમંત્રણ આપ્યું. એણે અમારું સરનામું લીધું અને હસતાં હસતાં કહ્યું : 'હવે 'અસિત' ના નાનાભાઈને લઈને આવતા વર્ષે સોમનાથનાં દર્શને આવજો હોં.' મેં એના ગાલ પર ટપલી મારતાં કહ્યું 'ચૂપ રહે ચિબાવલી! શરમાતી નથી!' અને અમારી ટેક્સી વિદાય થઈ. અસિત ચોધાર આંસુએ રડી રહ્યો હતો.

એ પછી બરાબર એક વર્ષે સંધ્યાએ રાત્રે દસ વાગે મારા બારણે ટકોરા માર્યા. મેં એને પ્રેમથી આવકારી. એણે કહ્યું, 'ફરી આવી પહોંચીને! વાવાઝોડાની જેમ! મેં નહોતું કહ્યું કે, મારી સાથે ઓળખાણ ના રાખશો! માથે પડવાની કળામાં હું એક્સપર્ટ છું! વાત એમ છે કે ભાભી, મને અમદાવાદમાં એક પ્રતિષ્ઠિત કંપનીમાં ટેલિફોન ઑપરેટરની નોકરી મળી છે. આમ તો કંપનીના સેક્રેટરીએ મને કંપનીના ગેસ્ટ-હાઉસમાં ઊતરવાનું કહ્યું, પણ મેં ના પાડી... અસિત યાદ આવી ગયો અને અહીં દોડી આવી.' અસિતના ગાલ પર ચૂમી ભરતાં તેણે કહ્યું અને મારા તરફ શરારત ભરી નજર કરતાં પૂછ્યું : 'અસિતનો નાનો ભાઈ?' મેં તેના મોઢા પર હાથ મૂકી બોલતાં રોકી દીધી અને પીઠ પર ધબ્બો મારતાં કહ્યું, 'તારી છોકરમત ક્યારે જશે? પચ્ચીસ વરસ થયાં તને?'

'હા, ભાભી, પૂરાં પચ્ચીસ! તોય હજી ખીલે બંધાઈ નથી ખરુંને? પણ મારા જેવી મારકણી ગાયને બાંધે પણ કોણ? અને આજકાલના દમ વગરના ગોવાળિયાનું ગજું પણ શું? અરે હા! ભૂલી ગઈ! મેં તો ખાધું જ નથી! ઓ મારાં અમદાવાદી ભાભી! જરા ભોજન અંગે તો પૂછો!'

સંધ્યા સાથે વાતો કરવાની તલ્લીનતામાં હું પ્રાથમિક વિવેક પણ ચૂકી ગઈ હતી. પણ એમ મને વિવેક ચૂકવા દે, તો એ સંધ્યા શાની? ત્યારથી સંધ્યા મારે ઘેર જ રહેવા લાગી. ઘર સાથે એ એટલી હળી-મળી ગઈ હતી કે પારકી છે એવો તુચ્છ ખ્યાલ અમારા મનમાં સહેજ પણ રહ્યો ન હતો.

અને એક દિવસ મને કમરમાં ભયાનક દર્દ ઊપડ્યું. આકરા દર્દને કારણે હું બેહોશ થઈ ગઈ. સંધ્યાએ ટેલિફોન કરી સત્કારને ઘેર બોલાવ્યો અને મને નર્સિંગહોમમાં ખસેડવામાં આવી. એક્સરે, બ્લડટેસ્ટ, એમ અઠવાડિયું ભારે ધમાલ ચાલી. સત્કાર ખૂબ જ ચિંતિત હતો. ત્યાં ડોક્ટરે એને મારી ખાતર રૂમની બહાર બોલાવ્યો. હું પાસું ફેરવીને સૂતી હતી, તેથી સત્કારે માની લીધું કે હું ઊંઘું છું. રૂમના બારણા પાસે ઊભા રહી બન્ને જણા ધીમેથી વાતો કરતા હતા. 'કેન્સર' શબ્દના વારંવારના પ્રયોગના કારણે મેં મારા રોગની ભયાનકતાનું માપ ક્યારનુંયે કાઢી લીધું હતું! ડોક્ટરની સલાહ અનુસાર એક મહિના બાદ મને બોમ્બેની મોટી હોસ્પિટલમાં ખસેડવાનો નિર્ણય કરવામાં આવ્યો. મને 'કેન્સર' થવાની વાત મારા અને સત્કાર સિવાય કોઈનેય ખબર નહોતી.

જ્યારથી હું માંદી પડી, સંધ્યા ઓફિસમાંથી રજા લઈ રાતદિવસ મારી સેવાચાકરી કરતી હતી. નાના બાબા અસિત અને મારા પતિ સત્કારની પણ એ ખડે પગે દરકાર રાખતી! મોડી રાત સુધી સત્કાર ઓફિસના કામમાં પરોવાયો હોય, ત્યારે સંધ્યા જાગતી બેસી રહે. એને કૉફી બનાવી આપે અને સત્કાર સૂઈ જાય, પછી એ પોતાના શયનખંડમાં સૂવા જાય! સંધ્યા જાણે તોફાની વાયુ મટીને આહ્‌લાદક લહેર બનવા મથી રહી ન હોય!

મારા મૃત્યુ બાદ અસિત અને સત્કારનું શું થશે? એ ચિંતા મારા વિષાદને ઘેરો બનાવી રહી હતી. ફરીફરીને એક જ વિકલ્પ મારા મનમાં ઘોળાયા કરતો. સત્કાર સંધ્યાને અપનાવી લે તો? પણ સત્કારની મારા તરફની અપાર મમતાના કારણે હૈયે રમતા વિચારો

*(અનુસંધાન : જુઓ પાના નં.-૩૯ ઉપર)*

*ગમે તેવી ખરાબ પરિસ્થિતિમાં પણ હિંમત ન હારવી.*

# કોને શું કહું?

• ડૉ. ઊર્મિલા શાહ •

ઘડિયાળમાં દસના ટકોરા થયા ને હું ચમક્યો. હજીય સુમી પરવારી નથી? છેલ્લા કલાકથી એની રાહ જોતો આ મેગેઝિન હાથમાં લઈને બેઠો છું... હવે તો એના પાનાં ઉથલાવી ઉથલાવીનેય થાક્યો. તોય સુમી ન પરવારી. આનાં કરતાં તો લગ્ન થયાં એ પહેલાં મને સુમીની કંપની સારી મળતી હતી. રોજ સાંજ પડે કેવાં અમે બેઉ દૂર દૂર સુધી ફરવા નીકળી પડતાં! પશ્ચિમ આકાશમાંથી નમતાં સૂરજનાં સોનેરી કિરણોથી સંધ્યા ખીલી હોય, ત્યારે દૂર સુદૂર સુધી વૃક્ષો અને હરિયાળી કાંઈ નવું જ રૂપ ધારણ કરે, ત્યારે સુમીના સાંનિધ્યમાં આ નિસર્ગના સૌંદર્યને માણવાની કંઈ અનેરી મઝા હતી. અને તેમાંય સુમી સાથે રસભરી વાતો. મારા જીવનના એ સોનેરી દિવસો. ને હું ભાવિ સુખનાં શમણામાં રાચતો હતો. વિવાહ અને લગ્ન વચ્ચેના આઠ માસનો ગાળો આ સંવનન અને સાંનિધ્ય માણવામાં ક્યાં વહી ગયો તેય ખબર ન પડી ને અમારાં લગ્ન લેવાયાં. અમે પ્રભુતામાં પગલાં પાડ્યાં. અમે સંસાર શરૂ કર્યો.

હવે સુમી આ ઘરની ગૃહલક્ષ્મી બની હતી. ઘરમાં નવવધૂ બનીને આવી હતી એટલે એણે જુદી જુદી ભૂમિકાઓ ભજવવાની હતી, તેમાં ગોઠવાવાનું હતું. અત્યાર સુધી તો એ માત્ર મારી પ્રેયસી હતી. હવે એ મારી પત્ની તો બની હતી પણ તે સાથે ગૃહિણી પણ. એટલે એને બેવડી ભૂમિકા ભજવવાની હતી. તે ઉપરાંત તે નોકરી પણ કરતી હતી. એટલે એ એની ત્રીજી ભૂમિકા. સુમીમાં ઉત્સાહ અને ઉમંગ ઘણાં હતાં. નાની હતી ત્યારથી 'મારે પણ એક સરસ મજાનું ઘર હોય' એવા સ્વપ્નમાં એ રાચતી હતી અને એટલે લગ્ન પછી એણે એની ગૃહિણીની ભૂમિકાને સૌથી વધુ પ્રાધાન્ય આપ્યું હતું. ઘરનાં લોકોની નાનામાં નાની સગવડો સાચવી સૌનાં દિલ જીતી લેવા તે હંમેશાં આતુર રહેતી. 'હું છું ને!' હું છું ત્યાં સુધી કોઈને કોઈ જ રીતે અગવડ પડવી ન જોઈએ. **ઘરમાં મંદિર જેવું પવિત્ર ને પ્રફુલ્લિત વાતાવરણ સર્જવા તે સતત મથામણ કર્યા જ કરતી.** આ બધું કંઈ એમ ને એમ ન થાય. તે માટે તે સતત મથામણ કરતી. એ ભાવનાશાળી હતી.

સવારે છ પહેલાં ઊઠી સુમી કામે લાગી જતી. ઘરમાં બે દિયર, સાસુ, સસરા – શું કામ ન હોય! દસ વાગે તો તેને ઓફિસે જવા નીકળી જવું પડે. ક્યારેક તો એમ થઈ જાય કે ભગવાને આ દિવસ પણ કેટલો ટૂંકો કર્યો છે! સરસ રીતે ઘર ચલાવવું અને સાથે સાથે નોકરી પણ કરવી કાંઈ સહેલી વાત નથી. પળેપળનો વ્યવસ્થિત રીતે ઉપયોગ કર્યા વિના ચાલે એમ ન હતું. પહોંચાય તેમ જ ન હતું. ક્યારેક તો ઓફિસે જતાં પહેલાં જમવાનો ય સમય રહેતો નહીં પણ ઘરમાં કોઈનેય ખ્યાલ સુધ્ધાં ન આવે કે સુમી આજે જમ્યા વિના ઓફિસે ગઈ છે એવી રીતે તે નીકળી જતી. સાંજે આવે ને હાથ-મોં ધોતાં જ સીધી રસોડામાં. તેના હૃદયમાં એક જ રટણ હતું : મારે મારા કુટુંબને પ્રસન્ન રાખવું છે. ઘરને મંદિર બનાવવું છે. અને એ માટે મારે ધૂપસળી બની એને સુખ-શાંતિ ને સમૃદ્ધિથી મહેકાવવું છે. પણ આ સાધના કંઈ નાનીસૂની નથી. ઘર સરસ રીતે ચલાવવું ને નોકરી પણ નિષ્ઠાપૂર્વક કરવી એ કાંઈ સહેલી વાત નથી. એ સમય પણ માગી લે, શ્રમ પણ માગી લે. ફક્ત ગૃહિણી અને વ્યવસાયની ભૂમિકાઓમાં જ સુમીનો સમય ને શક્તિ એટલાં ખરચાઈ જતાં કે રાતે દસ પછી સુમી રૂમમાં પ્રવેશે ત્યારે એના મોં પર સખત થાક સિવાય કશું જ વરતાતું ન હોય. વહેલી સવારથી ઊઠીને સુમીએ એકધાર્યું જે કામ કર્યું હોય તેને કારણે તેનું મોં થાકથી સાવ કરમાઈ ગયું હોય. હું તો તેના સાંનિધ્યની રાહ જોતો બેઠો હોઉં. પણ આવી થાકેલી સુમીને રૂમમાં પ્રવેશતી જોઉં ને મારો ઉત્સાહ ભાંગી પડે. મને એમ થાય 'આજે સુમી ખૂબ થાકી ગઈ છે. કંઈ નહીં કાલે નિરાંતે વાતો કરીશું.' ને જોતજોતામાં તો સુમી પથારીમાં પડતાંવેંત જ ઘસઘસાટ ઊંઘી જાય. અસહ્ય થાક લાગે ત્યારે એ બિચારી કરે પણ શું? સાવ નિશ્ચેતન જેવી થઈ એ સૂતી હોય. હું બાજુમાં જ સૂતો હોઉં પણ હું આંખનું મટકું ય મારી શકતો ન હોઉં ... મારા મનમાં વિચારોનું પ્રલય ધમસાણ ઊમટે.

કેવા હતા એ દિવસો! જ્યારે હું ને સુમી સુરખીભરી સંધ્યામાં સાંનિધ્ય અને એકબીજાના વિચારોનું સહચાર્ય માણતાં હતાં. કેવા સરસ હતા એ દિવસો! સુમી કેટલી ભાવનાશીલ! કેટલી સંવેદનશીલ હતી ત્યારે! કેવું જીવંત ને ધબકતું ને નિરાળુ વ્યક્તિત્વ હતું તેનું! હું ક્યારેક તો મનોમન મારી જાતને નસીબદાર માનતો. મને સુમી જેવી સર્વગુણ સંપન્ન જીવનસંગિની મળવા બદલ હું ભગવાનનો પાડ માનતો. પણ લગ્ન થયાં ને બધું જ બદલાઈ ગયું. સુમીની ભૂમિકાઓનો અગ્રતાક્રમ બદલાઈ ગયો. હવે એ પ્રથમ ગૃહિણી હતી ને પછી પત્ની. તેમાં વળી વચ્ચે નોકરી તો ખરી જ. ગૃહિણી અને નોકરી એ બે ભૂમિકામાં જ તેની લગભગ મોટાભાગની શક્તિ ખરચાય પછી મારે માટે તો સુમીની હું અપેક્ષા જ કેવી રીતે રાખું? હજી તો લગ્નને માંડ છ મહિના થયા છે ને હું ને સુમી માનસિક રીતે દૂર ને દૂર થતાં જઈએ છીએ. મને ક્યારેક થાય છે આનો ઉપાય શો? આમાં દોષ કોનો?

સુમી તો એની ફરજ પ્રત્યે પૂરી જાગ્રત છે. પરણી એ જ દિવસથી એણે તો એનું સર્વસ્વ મારે ચરણે ધરી દીધું છે. હું જાણું છું એ ખૂબ ભાવનાશીલ છે, એ ખૂબ સંવેદનશીલ છે અને મને યોગ્ય ન્યાય નહીં આપી શકવાથી તેને દુઃખ પણ થાય છે. વસવસો પણ થાય

*ધનથી સદ્‌ગુણ ન મળે, પણ જો સદ્‌ગુણ હોય તો જ ધન મળે.*

છે. પણ સમય અને શક્તિની મર્યાદા તેને નડે છે. તે પણ લાચાર છે. કોઈ દિવસ એણે ક્યારેય અકળામણ વ્યક્ત નથી કરી. ગુસ્સો નથી કર્યો, પણ કાલે એ રાતે રૂમમાં આવી. એને દૂધનો ગ્લાસ આપવા કહ્યું ત્યારે એ છેડાઈ પડી. 'હવે તમે લઈ આવો. હું તે કંઈ મશીન છું?' ને મને ચમકારો થયો. સુમી કેટલી થાકી ગઈ હશે કે તે આવા શબ્દો બોલી હશે! તેની સહનશક્તિની ય મર્યાદા બહારનો શ્રમ તે કરે છે. તે આમ અકળાય એમાં એનો શો દોષ? અને એટલે મેં મનોમન નક્કી કર્યું, 'કાલથી મારે સુમીને મદદ કરવી છે. થોડોક યથાશક્તિ હાથટેકો કરું તો એને કેટલી રાહત રહે! એને કેટલું સારું લાગે!'

અને સવારે ચા પીને હું મારો કપ રસોડામાં મૂકવા ગયો ત્યાં તો મમ્મીએ ભવાં ચડાવ્યાં 'કેમ? સુમી નથી? તારે કપ ઉપાડવાની શું જરૂર હતી?' મને મનમાં તો થયું કે મમ્મીને કહું કે સુમીને મદદ કરું છું. એ થાકી જાય છે પણ ત્યાં તો મમ્મીનું મોં જોઈ હું અટકી ગયો. નાહકની ગેરસમજ ઊભી થશે ને અનર્થ ઊભો થશે માની હું ચૂપચાપ રસોડાની બહાર નીકળી ગયો. સુમીએ એક વેધક નજર નાખી મોં ફેરવી લીધું.

સાંજે મમ્મી બહાર ગયાં હતાં. સુમી ઓફિસેથી આવીને તરત રસોડામાં પેસી ગઈ હતી. મને થયું લાવ, મમ્મી નથી. એને થોડી મદદ કરું. ને હું શાકની થાળી લઈ બહાર આવ્યો. ત્યાં તો બાજુવાળા પુષ્પાબહેન આવ્યાં. 'શું વાત છે? હવે તો તમે શાક સમારવા માંડ્યાં ને કાંઈ? સુમીય નસીબદાર છે હોં! આ તારા કાકાએ તો ક્યારેય પાણીનું પવાલુંય ભર્યું નથી. સુમી તેં તો દસેય આંગળીએ ભગવાન પૂજ્યા હશે ત્યારે આવો ધણી મળ્યો છે. નહીંતર શાક સમારવું એ તે કાંઈ મરદ માણસનું કામ છે? 'ભણેલાં બૈરાં પતિને પતિવ્રતા બનાવી દે છે ખરાં' ને હું મૂંઝાયો. પુષ્પાબેનની ટીકાએ મારા મનને ટકોર્યું, મારામાં રહેલો પુરુષ સળવળ્યો. ને હું શાકની થાળી ચૂપચાપ રસોડામાં મૂકી આવ્યો.

તે દિવસે સુમી ઓફિસેથી ઘેર આવી. તેનું માથું સખત દુખતું હતું. આવતાંવેંત જ પથારીમાં માથું બાંધી સૂઈ ગઈ. 'સહન નથી થતું આ સુનિલ.' હું તો રાહ જોતો બેઠો હતો કે સુમી આવશે એટલે ચા બનાવશે એટલે ચા પીશું.

કારણ સુમી આવે તે પહેલાં અડધો કલાક પહેલાં જ હું ઓફિસેથી આવતો. એટલે હું રોજ જ સાંજે ચા માટે તેની વાટ જોતો. પણ એ દિવસે તો સુમીના માથાનો દુખાવો અસહ્ય હતો. મને થયું, લાવ હું જ ચા મૂકી દઉં. બા મંદિરે ગયાં હતાં એટલે હિંમત કરી હું રસોડામાં ગયો. ચાનું પાણી મૂક્યું, ફ્રીજ ખોલી દૂધ નાંખ્યું ને ખાંડ ચા શોધતો હતો ત્યાં તો બા આવી પહોંચ્યા. 'કેમ તું ચા મૂકે છે? સુમી નથી?'

'છે ને... એનું માથું દુઃખે છે એટલે સૂતી છે.'

'ઓ હો હો. એવું તે કેવું માથું દુખે છે તે જરા ચા પણ ન મુકાય? આ ક્યાં પારકાને ચા પાવાની છે? પોતાની ને પોતાના ધણીની ચાય એ ન મૂકી શકે? કે તમ જેવા પુરુષ માણસને માથે આવું કામ આવી પડે? તું લાજતો નથી? આજુબાજુવાળા જુએ તો કોઈ ટીકા ન કરે? વહુને બહુ લાડ લડાવવા સારા નહીં સમજ્યો?'

ને હું ચૂપચાપ રસોડાની બહાર નીકળી ગયો. એ દિવસે ન સુમીએ ચા પીધી કે ન મેં. મારા મનમાં ય ઘણું દુઃખ થયું કે 'સુમીને માથું દુખે છે. ચા સાથે માથાની ટીકડી આપી હોય તો તેને રાહત થાય.' પણ એ ચા મૂકે કોણ! બાના વર્ચસ્વ આગળ હું નિઃસહાય હતો, લાચાર હતો. મારા અને સુમીની વચ્ચે અંતર વધતું જતું હતું.

અમારું દાંપત્ય ડગમગી રહ્યું હતું.

ભાવનાશાળી સુમી દિવસે દિવસે વધુ ઉદાસ રહેતી હતી અને હું કહેવાય નહીં ને સહેવાય નહીં એવી વ્યથામાં અટવાતો હતો. કોને કહું? શું કહું?

***૨૫, પાર્થ બંગલોઝ,***
***એસ.જી. હાઈવે, અમદાવાદ-૩૮૦ ૦૧૫.***
***મો. ૯૯૭૯૨ ૩૦૪૦૪***

# સીમારેખા

**(અનુસંધાન : પાના નં.-૩૭ ઉપરથી ચાલુ)**

હું હોઠે લાવી શકતી નહોતી. કોઈક ઉચિત પળે સંધ્યા અને સત્કારની હાજરીમાં આ વાત મૂકવી, એમ વિચારી હું યોગ્ય તકની રાહ જોવા લાગી.

એક અઠવાડિયા બાદ સંધ્યાની વર્ષગાંઠ આવતી હતી, એની મને ખબર હતી. એની વર્ષગાંઠના દિવસે મારાં સોનાનાં કંકણ એને ભેટ આપી સત્કાર સાથે લગ્ન કરીને આજીવન તેને સાથ આપવાનું સંધ્યા પાસે વચન લેવું, એ મેં મનોમન નક્કી કરી નાંખ્યું.

બુધવારની સાંજે મેં ચૂપચાપ ઊઠીને તિજોરીમાંથી કંકણ કાઢીને મારા ઓશીકા નીચે મૂકી દીધાં. અને સંધ્યાના જન્મદિવસ ગુરુવારના મંગલ પ્રભાતની હું પ્રતીક્ષા કરવા લાગી. હા, એ મંગલ સવાર, જે મને મારા મરણ બાદની અસિતની ચિંતામાંથી મુક્ત કરવાની હતી.

કોણ જાણે કેમ પણ બુધવારે રાત્રે સંધ્યા મને મળ્યા સિવાય જ પોતાના શયનખંડમાં ચાલી ગઈ. મેં વિચાર્યું કે કામના કારણે ખૂબ જ થાકી ગઈ હશે, તેથી નહીં આવી શકી હોય!

રાત્રિ વીતી અને પ્રભાતનાં રંગીન કિરણો બારીમાંથી ડોકાવા લાગ્યાં. હું હરખઘેલી બની સંધ્યાને જન્મદિનની મુબારકબાદી પાઠવવા તેના ઓરડામાં ગઈ. ત્યાં ખાટલામાં સંધ્યાને બદલે એક ચિઠ્ઠી જોઈ મને આશ્ચર્ય થયું. મેં ચિંતાભર્યા હૈયે ચિઠ્ઠી ઉપાડી. સંધ્યાએ લખ્યું હતું :

*"દીદી, તમે માંદાં પડ્યાં, ત્યારથી સત્કારભાઈની નજીક આવવાની મને તક મળી છે. એમના તરફ કાંઈક ન સમજાય તેવું આકર્ષણ મારા મનમાં વધી રહ્યું છે. તમારી આશ્રિત થઈને તમારી અમાનત ઉપર નજર બગાડું એનાથી મોટી બેઈમાની શી હોઈ શકે? હું સ્વભાવે તોફાની અવશ્ય છું, પણ સીમાહીન નથી. એમ લાગે છે કે, અહીં રહીને હું મારા મન પર નિયંત્રણ નહિ રાખી શકું. તેથી ચૂપચાપ ચાલી જાઉં છું. તમારી પાસે જે સુખ મળ્યું, તે મારા વેરાન જીવન માટે વીરડી સમું બની રહેશે. મારી શોધ ન કરશો."*

***– તમારી સંધ્યા***

*સમજ્યા વગર કોઈને પસંદ ન કરતા, ના સમજમાં કોઈને ગુમાવી ના દેતા.*

તંદુરસ્તી

# "હું ફાઈનલ પરીક્ષા નહીં આપી શકું"

• ડૉ. મણિલાલ ગડા – ડૉ. દીપ્તિ શાહ (ગડા) •

• **કેસ સ્ટડી :**

૨૪ વર્ષની રૂપલે એના કાકા જોડે અમારા કન્સલ્ટિંગ રૂમમાં દાખલ થતાં જ કહ્યું, ડૉક્ટર અંકલ,

(૧) હું અભ્યાસ કરું છું પણ ભણવામાં એકાગ્રતા (Concentration) રહેતી નથી.

(૨) વાંચેલું બીજે દિવસે યાદ રહેતું નથી.

(૩) મેં આગળ અભ્યાસ કર્યો છે પણ બધું ભૂલી ગઈ છું.

(૪) આખો દિવસ વાંચું છું પણ ગ્રહણશક્તિ (grasping) ખૂબ જ ઓછી થઈ ગઈ છે.

(૫) દોઢેક મહિના બાદ સી.એ. (C.A.)ની ફાઈનલ પરીક્ષા છે પણ હું પરીક્ષા નહીં આપી શકું.

રૂપલના કાકા પણ સી.એ. હતા. રૂપલ જોડે સહમત થતાં કાકાએ જણાવ્યું કે આ પહેલાની દરેક પરીક્ષા રૂપલે સારા માર્કસ મેળવીને પ્રથમ પ્રયાસે (first attempt) પાસ કરેલ છે. અમે બધા કુટુંબીજનોએ રૂપલને ખૂબ સમજાવવાનો પ્રયત્ન કર્યો છે પણ રૂપલ સમજતી નથી. ત્રણ દિવસ અમે એને બહારગામ પણ લઈ ગયા હતા. જેથી એનું મન પ્રફુલ્લિત - આનંદિત રહે! પરંતુ આ બધાનું પરિણામ શૂન્ય આવ્યું છે. રૂપલની મમ્મી આને લીધે રડ્યા કરે છે. અમને બધાને લાગે છે કે રૂપલે પરીક્ષાનું ટેન્શન વધારે પડતું લઈ લીધું છે. ડોક્ટર તમે કાંઈક કરો, એનું કાઉન્સેલિંગ કરો જેથી રૂપલ પહેલાની જેમ વ્યવસ્થિત અભ્યાસ કરી, પરીક્ષા આપે અને પ્રથમ પ્રયાસે સી.એ.ની પરીક્ષા પાસ કરે.

રૂપલની કેસ હિસ્ટરી, વ્યક્તિત્વ - સંવેદનશીલતા, અપેક્ષાઓ, ભાવનાત્મક આંક (emotional Quatient - E.Q.) સમવયસ્ક મિત્રો તથા બહેનપણીઓ, મોજશોખની રૂચિ તથા અભ્યાસ વિષેની માહિતી ઊંડાણમાં મેળવી. અન્ય લક્ષણો તથા કેસને લગતી મહત્ત્વની વૈદ્યકીય તથા મનોચિકિત્સાની માહિતી નીચે પ્રમાણે છે.

• **અન્ય લક્ષણો :**

★ રૂપલની ભૂખ ખૂબ જ ઓછી થઈ ગઈ હતી

★ મનમાં ખૂબ બેચેની રહેતી હતી.

★ નાની નજીવી બાબતોમાં રૂપલ ચિડાઈ જતી હતી.

★ ઊંઘ ઓછી થઈ હતી. ઊંઘમાં વારંવાર ખલેલ પડતી હતી.

★ વારંવાર વિચારોમાં ખોવાઈ જતી હતી. ભવિષ્યમાં કાંઈ સારું નહીં થાય, સી.એ.ની પરીક્ષા ક્યારેય પાસ નહીં કરી શકે. હંમેશાં નકારાત્મક વિચારો આવતા હતા.

★ મનગમતી પ્રવૃત્તિઓ - ટી.વી. કાર્યક્રમ, સ્ટોરી બુક વાચવામાં રસ રહ્યો ન હતો.

★ વજન બે એક કિલ્લો ઘટી ગયું હતું.

• **વ્યક્તિત્વ (Personality) :**

રૂપલનું વ્યક્તિત્વ સંવેદનશીલ, લાગણીપ્રધાન હતું. નકારાત્મક લાગણીઓ મનમાં ને મનમાં દબાવી દેતી હતી. નકારાત્મક ભાવનાઓ વ્યક્ત કરવાની આવડત તથા હિંમત ન હતા. આથી ટેન્શન મનમાં વધી જતું.

પોતાની નિર્ણયશક્તિ (decision making) પણ ઘણી જ ઓછી હતી. બીજાના અભિપ્રાય તથા નિર્ણયો પ્રમાણે પોતાના નિર્ણયો ઘણી વખત બદલતી.

અભ્યાસ બાબતમાં બીજા વિદ્યાર્થીઓ જોડે પોતાની તુલના (comparision) કરતી. મારા કરતા બીજાને વધારે આવડે છે અને મને ઓછું આવડે છે એવી ભાવના સતત રહ્યા કરતી. આને લીધે સ્ટ્રેસમાં/ટેન્શનમાં વધારો થતો.

સી.એ.ની ફાઈનલ પરીક્ષાની પહેલા ચારેક પરીક્ષાઓ વખતે પણ રૂપલને તકલીફ થયેલી. દરેક વખતે વ્યવસ્થિત અભ્યાસ કર્યો હોવા છતાં રૂપલના મનમાં ચિંતા રહેતી કે પરીક્ષાના કેન્દ્રમાં જવાબ યાદ નહીં આવે અને પેપર કોરું (blank) મૂકીને આવશે. પરીક્ષા દરમ્યાન આ ચિંતા સતત રહેતી. આવું હજી સુધી કોઈ વખત થયું ન હતું (Performance anxiety).

પરીક્ષા વખતના આ લક્ષણોને સામાન્ય નોર્મલ ગણવામાં આવ્યા હતા. રૂપલ તથા કુટુંબીજનોએ ગંભીરપણે આ લક્ષણો પ્રત્યે ધ્યાન આપ્યું ન હતું. પરીક્ષા બાદ બધું વ્યવસ્થિત થઈ જતું એટલે આ લક્ષણો બીમારીના છે અને એની સારવાર કરવી જોઈએ એવું ધ્યાન સામાન્ય રીતે કોઈને આવતું નથી. પરંતુ આ પ્રકારના લક્ષણો એ વ્યક્તિને બીમારી તરફ ધકેલે છે તથા ભવિષ્યમાં મનની બીમારી થવાની શક્યતા ખૂબ જ વધી જાય છે.

• **નિદાન :**

રૂપલનો કેસ સ્ટ્રેસ ડિસઓર્ડરનો (stress disorder) છે. જેમાં મનના કાર્યો -

LIC
ભારતીય જીવન બીમા નિગમ
LIFE INSURANCE CORPORATION OF INDIA

ચંદ્રકાંત વીરજી ભાણજી દેઢિયા (ગઢશીશા)
L.I.C. એજન્ટ
સાયન, મુંબઈ. • ફોન : 24023429, મો. 9819861440

એકાગ્રતા, ગ્રહણશક્તિ, યાદશક્તિ, વિચારો, મુડ, વર્તણૂક વગેરે કાર્યોમાં ખલેલ પહોંચે છે તથા શારીરિક કાર્યો - ભૂખ, ઊંઘ, શારીરિક શક્તિ પર પણ નકારાત્મક અસર થાય છે.

- **સારવાર :**

(૧) બીમારી તરીકેનો સ્વીકાર : રૂપલના કેસમાં સારવારનું પ્રથમ મહત્ત્વનું પગલું હતું કે રૂપલ તથા કુટુંબીજનો એ સ્વીકારે કે ઉપરોક્ત લક્ષણો મનની બીમારીના છે. આ માટે સમજણ તથા કાઉન્સેલિંગ કર્યું. એમની જોડે ચર્ચા કરી કે આ બીમારીમાં મગજ (Brain) માં આવેલા મનના (Mind) અવયવો લિમ્બિક સીસ્ટમ, એમિગડેલા, હિપોકેમ્પસ, પ્રિફ્રન્ટલ કોરટેક્ષ, હાઈપોથેલામસ વગેરેમાં કદ અને રચનામાં (શારીરિક) ફેરફારો થાય છે. જેથી ન્યુરોટ્રાન્સમિટર્સની માત્રામાં ફેરફારો થાય છે. જેને લીધે મનના કાર્યો એકાગ્રતા, ગ્રહણશક્તિ, યાદશક્તિ, આત્મવિશ્વાસ વગેરે પર નકારાત્મક અસર થાય છે જે રૂપલના કેસમાં થતું હતું. આ જાણકારી તથા સમજણથી સારવારના બીજા પગલા માટે સાથ અને સહકાર મળ્યો.

(૨) દવાઓનો સ્વીકાર : રૂપલને મનની બીમારી થઈ છે. એ સ્વીકાર થવાથી દવાઓ શરૂ કરવામાં સરળતા થઈ. આ બીમારીમાં ન્યુરોટ્રાન્સમિટર્સ તથા હોર્મોન્સની માત્રામાં ફેરફારો થાય છે (જેવી રીતે ડાયાબિટીસની બીમારીમાં ઈન્સ્યુલિનની માત્રામાં ફેરફાર થાય છે.) સ્ટ્રેસ પ્રતિરોધક દવાઓ (Anti-stress medication) દ્વારા આ નકારાત્મક ફેરફારો પૂર્વવત નોર્મલ કરાય છે. જેને લીધે રૂપલના કેસમાં ઉપરોક્ત લક્ષણો પર કાબૂ મળ્યો તથા સુધારો થયો.

આ દવાઓની આડ અસર લગભગ નથી. આ દવાઓથી ઊંઘ નોર્મલ થાય છે વધારે ઊંઘ આવતી નથી. આ દવાઓના બંધાણી નથી થવાતું.

(૩) કાઉન્સેલિંગ : દવાઓની હકારાત્મક અસરથી રૂપલમાં એકાગ્રતા, ગ્રહણશક્તિમાં વધારો થયો. મનોબળ તથા આત્મવિશ્વાસમાં વધારો થયો.

કાઉન્સેલિંગમાં ચર્ચાયેલા મુદ્દાઓ દરદી અમલમાં મૂકી શકે એ માનસિક શક્તિ આવ્યા બાદ જ કાઉન્સેલિંગ શરૂ કરી શકાય. એ માટે દવાઓની શરૂઆતની હકારાત્મક અસર ખૂબ જ મહત્ત્વની છે. રૂપલના કેસમાં આ મનોબળ આવ્યા બાદ કાઉન્સેલિંગ કર્યું.

(૧) અન્ય વિદ્યાર્થીઓ જોડે સરખામણી (comparison) કરવાના વલણમાં બદલાવ લાવ્યો. (૨) પરીક્ષા જેવો માહોલ ઊભો કરી, પ્રશ્નોના ઉત્તરો એટલા જ સમયમાં લખવા માટે પ્રેક્ટીસ રૂપલે કરી. આ ઉત્તરો પ્રોફેસર પાસે તપાસવા આપ્યા જેથી લખતી વખતે થતી ભૂલો સુધારી શકાય. (Mock Examination) (૩) શારીરિક જરૂરિયાતો ઊંઘ તથા જમવા પર પણ ધ્યાન આપ્યું.

કુટુંબીજનોનું પણ કાઉન્સેલિંગ કરી રૂપલને ભણવા બાબત તથા અન્ય કોઈ બાબત માટે સલાહ ન આપવા સમજાવ્યું.

ઉપરોક્ત સારવારથી (દવાઓ તથા કાઉન્સેલિંગથી) રૂપલની અભ્યાસમાં એકાગ્રતા, ગ્રહણશક્તિ, યાદશક્તિ વધ્યા. મનોબળ, આત્મવિશ્વાસ વધ્યા. દસ દિવસમાં તો નોંધપાત્ર ફરક થયો. રૂપલ ફાઈનલ પરીક્ષા આપવા સરળતાથી ગઈ.

બે મહિના બાદ અચાનક રૂપલનો ફોન આવ્યો "ડોક્ટર અંકલ હું સી.એ. પાસ થઈ ગઈ છું."

- **સ્ટ્રેસ ડિસઓર્ડર (Stress Disorder) :**

સ્ટ્રેસ ડિસઓર્ડર એક મનની બીમારી છે. જેમાં મનના કાર્યોમાં એકાગ્રતા, ગ્રહણશક્તિ, યાદશક્તિ, આત્મવિશ્વાસ, કાર્યશક્તિ વગેરે કાર્યોમાં ખલેલ પહોંચે છે તથા શારીરિક કાર્યો - ભૂખ, ઊંઘ, શારીરિક શક્તિ (નબળાઈ) પર નકારાત્મક અસર થાય છે.

ટાઈફોઈડ કે મેલેરિયાથી પીડાતા દર્દીનો તાવ પર કાબૂ હોતો નથી. તેવી જ રીતે સ્ટ્રેસ ડિસઓર્ડરથી પીડાતા દર્દીનો એકાગ્રતા, ગ્રહણશક્તિ, યાદશક્તિ વગેરે કાર્યો પર કાબૂ હોતો નથી.

સારવારમાં દવાઓ મહત્ત્વનો ભાગ છે. ત્યારબાદ કાઉન્સેલિંગ કરવાથી દર્દીને ધાર્યા પ્રમાણે પરિણામ મળે છે.

સ્ટ્રેસ ડિસઓર્ડર વિષે વધુ જાણકારી આવતા લેખમાં મેળવીશું.

- **સારાંશ :**

(૧) ભણતરમાં મન ન લાગવું, ભણતરમાં ધ્યાન ન રહેવું – આ મનની બીમારીના લક્ષણો છે.

(૨) આ બીમારીમાં મનના અવયવોમાં ન્યુરોટ્રાન્સમિટર્સના ફેરફારો થાય છે.

(૩) યોગ્ય સારવારથી (દવાઓ તથા કાઉન્સેલિંગ) આ લક્ષણોમાં ક્ષમતા પ્રમાણે સુધારો કરી શકાય છે.

(૪) સારવાર ન કરવાથી વ્યક્તિત્વ પર નકારાત્મક અસરો થાય છે.

*મનોસ્મૃતિ પોલીક્લિનિક 'પ્રભુકૃપા'*
*એલ.બી.એસ.માર્ગ*
*સર્વોદય હોસ્પિટલની અને હોટલ રાધાકૃષ્ણની બાજુમાં,*
*ઘાટકોપર (વેસ્ટ), મુંબઈ - ૪૦૦ ૦૮૬.*
*ફોન : (૦૨૨) ૨૫૧૪૮૮૫૯*

**☺ ગટુની નોટમાંથી શાળાના શિક્ષકની સૂચના લખેલી નીકળી : 'બાળકને નવડાવવીને મોકલવાનું રાખો.'**

**ગટુની મમ્મીએ એની નીચે લખી મોકલ્યું : 'બાળકને ભણાવવાનું રાખો, સૂંઘવાનું રહેવા દો.'**

**JAYANT STEELS** — **જયંત સ્ટીલ્સ**
179-A, Kandori Building, Opp. Sarvoday Nagar,
Panjarapole Road, Bhuleshwar, Mumbai-400 004.
Ph. : (022) 2242 2463 • 2242 7263
૧૭૯/એ, પાંજરાપોળ રોડ, સર્વોદય નગરની સામે,
મુંબઈ-૪૦૦ ૦૦૪. ★ ફોન : ૨૨૪૨૨૪૬૩ / ૭૨૬૩ / ૭૩૯૦
સુંદર - સુઘડ રસોડાના રાચરચીલાનું પ્રાપ્તિનું પ્રેરણા સ્થાન

કૃષિ

## સજીવ ખેતી અને ગાય આધારિત ખેતીના વિચારક-પ્રચારક

# શ્રી ચીનુભાઈ પટેલ

• કિરણ ચાંપાનેરી 'સેતુ' •

અમદાવાદના ધરતી વિકાસ મંડળમાં 'લોકસેવા ટ્રસ્ટ' યોજિત પાટીદારો - ખેડૂતોના કાર્યક્રમમાં તા. ૩૧-૩-૨૦૧૩ના રોજ એક મહાનુભાવનો પરિચય થયો. હાથમાં નાનકડી પુસ્તિકાઓ અને સૌને મળતા રહે. કૃષિ અને ગાય માતાને બચાવવાની વાતો કરે. વાતો કરતા કરતા 'સજીવ ખેતી, વિજ્ઞાન, ધર્મ' પુસ્તિકા સૌને પ્રેમથી આપે. સજીવ ખેતી, બળદ આધારિત ખેતી અને ગૌ-માતાની ચિંતા કરનાર એ મહાનુભાવનું નામ છે શ્રી ચીનુભાઈ ન. પટેલ (ગોરજ). પર્યાવરણ, ગૌસેવા, જીવદયા, ધર્મ અને સંસ્કૃતિને બચાવવી એ તેમનું જીવન ધ્યેય છે. 'ઈશ્વરીય ન્યાય મંદિર'ના સ્વપ્નને તેઓ સાકાર કરવા માગે છે. ગુજરાત ગૌ સેવા આયોગના પ્રથમ અધ્યક્ષના નાતે અને ભારતીય ગૌવંશ રક્ષણ, સંવર્ધન પરિષદના રાષ્ટ્રીય મહામંત્રી તરીકે તેઓએ ગુજરાત અને ભારતના ભ્રમણ દરમ્યાન ખેતી અને ગાય માતાનાં તલસ્પર્શી અભ્યાસમાંથી જુદા જુદા વિષયના બારેક પુસ્તકો લખ્યા છે. કૃષિ ગોવિજ્ઞાન સંશોધન પ્રતિષ્ઠાનના અધ્યક્ષ અને 'સજીવ ખેતી' આંદોલનના સંયોજક શ્રી ચીનુભાઈ (મો. ૯૮૨૪૪ ૮૦૪૯૩) સાથે તા. ૧૨-૪-૨૦૧૩ના રોજ પુનઃ મુલાકાત થઈ. તેઓશ્રી સાથે થયેલ ઋષિકૃષિ અને ગાય આધારિત ખેતીની વાતો માણીએ...

સેતુ : સજીવ ખેતી શા માટે?

શ્રી ચીનુભાઈ : એકવીસમી સદીની સૌથી મોટી સમસ્યા કેમિકલ ફર્ટીલાઈઝરો અને ઝેરી જંતુનાશકોની રાસાયણિક ખેતીના પ્રચારની છે. આ ભ્રામક પ્રચારની આંધીમાં આધુનિકતા, વિજ્ઞાન, ટેકનોલોજી અને ગ્રીન રિવોલ્યુશનના નામે ખેડૂતો જમીન, પાણી, હવા અને સમગ્ર પર્યાવરણનો વિનાશ કરી રહ્યા છે. રાસાયણિક ખેતીમાંથી ઉત્પન્ન શાકભાજી અને ફળો ખાનારી સમગ્ર માનવજાતને ડાયાબિટીસ, બ્લડપ્રેશર અને કેન્સર જેવા રોગોના ભોગ બનાવ્યા છે. જમીનને બિનફળદ્રુપ અને સત્ત્વહીન બનાવી છે. ક્લાયમેટ ચેઈન્જની સમસ્યા વધારી છે. ત્યારે હવે સજીવ ખેતી ઋષિકૃષિ તરફ પાછા વળવું પડશે. સાદી ખેતી અપનાવવી પડશે.

સેતુ : ઋષિકૃષિનો મર્મ અને ધર્મ શું છે?

શ્રી ચીનુભાઈ : પ્રાચીન હિંદુ કૃષિ પરંપરા સમગ્ર પર્યાવરણને અનુરૂપ હતી. જૈવિક વિવિધતા સાચવી રાખી સ્વાસ્થ્યવર્ધક અને આરોગ્યકારી હતી. શ્રમપ્રધાન તેમજ રોજગાર નિર્માણ કરવાવાળી હતી. ઓછી મૂડીથી વધારે ગુણવત્તા આપવાવાળી હતી. ચિરંજીવી અને અહિંસક સર્વહિતકારી હતી. આપણી કૃષિ એ ઋષિ કૃષિ હતી. વૈદિક કૃષિ હતી. સજીવ તેમજ નિરામય હતી. એ સૃષ્ટિ અને પ્રકૃતિનું સંતુલન કરનારી તથા પ્રકૃતિનું દોહન કરનારી હતી. તેમાં સર્વોદયનું તત્ત્વજ્ઞાન સમાયેલું હતું. ઋષિકૃષિમાં સ્વાર્થ કરતા પરમાર્થ વધારે હતો. પ્રકૃતિ અને પર્યાવરણનું સર્વ રીતે રક્ષા કરીને સૌનું કલ્યાણ અને મંગલ કરનારી દૈવી કૃષિ પધ્ધતિ હતી. તેમાં શોષણ મુક્તિનો મંત્ર સમાયેલ છે. સજીવ ખેતી પ્રકૃતિ અને પરમેશ્વરની પૂજા છે.

સેતુ : સજીવ ખેતી એ પરમેશ્વરની પૂજા કેવી રીતે?

શ્રી ચીનુભાઈ : સજીવ ખેતી એ કુદરત સાથે નિરંતર આદાન પ્રદાન કરનારી તેમજ બધા પરિબળો વચ્ચે સમન્વય સાધીને એકબીજાને પૂરક બનીને સર્વ જીવ સૃષ્ટિનું રક્ષણ કરે છે. બહુજન હિતાય, બહુજન સુખાય એ એનો જીવનમંત્ર છે. 'સર્વ સુખીનઃ સંતુ, સર્વ સંતુ નિરામયા' એવું તત્ત્વજ્ઞાન એમાં સમાયેલું છે. સજીવ ખેતીમાં સમગ્ર સૃષ્ટિના સંતુલનનો મહામંત્ર સમાયેલ છે. આમ સજીવ ખેતી એ યજ્ઞ કાર્ય છે. કૃષિ એ એક પ્રકારની સાધના છે. ખેતરો પ્રકૃતિના મંદિરો છે અને ખેડૂત તેનો પૂજારી છે.

સેતુ : ખેતરો મંદિર અને ખેડૂતો પૂજારીની વાત વિગતે સમજાવશો?

શ્રી ચીનુભાઈ : કૃષિ એ યજ્ઞ કાર્ય છે. કૃષિ મનુષ્યો, જીવજંતુઓ અને પશુ-પક્ષીઓનું પોષણ, રક્ષણ અને સંવર્ધનનો મહાયજ્ઞ છે. કૃષિ કાર્ય એ સર્જનાત્મક અને ભાવાત્મક કાર્ય છે. ભગવાન વિશ્વકર્માજીએ કૃષિનું જ્ઞાન અને વારસો ખેડૂતોને સોંપ્યો હતો. ખેડૂત ઠંડી, ગરમી અને વરસાદમાં રાત-દિવસ કઠિન પરિશ્રમ કરી, તપસ્યા, સાધના અને ઉપાસના કરે છે. કૃષિ માત્ર ધંધો કે વ્યવસાય નથી. તેમાં સ્વાર્થ કરતાં પરમાર્થ વધુ છે. આ રીતે ખેડૂતો ખેતી દ્વારા ધરતી માતાની પૂજા, અર્ચના, વંદના કરે છે. ખેતી એનો ધર્મ અને સ્વભાવ છે. ખેતરો પ્રકૃતિના મંદિરો સમાન અને ખેડૂતો તેનાં પૂજારી છે. એટલે જ ખેડૂતને જગતનો તાત કહેવાયો ને!

સેતુ : ગાય - બળદ આધારિત સજીવ ખેતી શું છે?

શ્રી ચીનુભાઈ : સૃષ્ટિના સંતુલનની વાત આપણે અગાઉ કરી. આપણી

*માનવીનું જીવન એટલે ગણિતનો દાખલો.*

ઋષિ કૃષિ શ્રમનો મહિમા વધારનારી પશુ આધારિત ખેતી હતી. ગાયના મૂત્ર - છાણથી ધરતીમાતા સદાય તૃપ્ત અને પ્રસન્ન રહેતી. તેના બદલામાં ધરતી અમૃત જેવું અન્ન આપતી. જેમાંથી માનવજીવન પુષ્ટ અને નિરામય બનતું. ભગવાને પૃથ્વી ઉપર ગાય, ભેંસો વગેરે પશુઓ એટલા માટે જ સર્જન કર્યા છે કે તેમના છાણમાંતી વનસ્પતિ પાકોને ખોરાક મળે. તેમનું પોષણ, રક્ષણ અને સંવર્ધન થાય. ભગવાને વનસ્પતિ એટલા માટે ઉત્પન્ન કરી છે કે તે ખાઈને પશુઓ જીવી શકે. વનસ્પતિનો ખોરાક પશુ - પક્ષીઓની છાણ - હગાર છે. પશુઓનો ખોરાક વનસ્પતિ છે. આમ બંને એકબીજાનું જીવન છે અને બંને માનવ જીવનનો આધાર છે. ગાય માતા બળદ આપતી જે ખેતીમાં ઉપયોગી થતા બળદ ગ્રામ દેવતા ગણાતો. બે ગાય કે બે બળદ રાખવાથી ખેડૂતો તેના છાણમૂત્રથી ૨૦ વીઘા જમીનમાં આરામથી સજીવ ખેતી કરી શકે. ૫૦% પાણીની બચત, ૫૦% ખર્ચમાં બચત કરી ઓછા ખર્ચે મબલખ પાક ઉતારી શકાશે. ગાય અને બળદ જ ખેતી અને ખેડૂતને જીવાડશે. તે જ ખેડૂતના સાચા સાથીદારો છે.

સેતુ : સજીવ ખેતીના પાયાના સિધ્ધાંતો શું છે?

શ્રી ચીનુભાઈ : સજીવ ખેતીમાં સર્વે જીવોનો ખ્યાલ રાખવાનો, સઘળા પર્યાવરણની વિચારણા કરી સાદી ખેતી કરવાની, પશુ-પક્ષીઓ, સૂક્ષ્મ જીવાતો, અળસિયા... પ્રકૃતિના દરેક જીવનો સ્વીકાર અને રાસાયણિક જંતુનાશકો અને ખાતરનો ત્યાગ એ સજીવ ખેતીનો પાયાનો સિધ્ધાંત છે. ખેતરની ચારેબાજુ ગ્લેરેસીડિયા, બોગનવેલ, મહેંદી જેવી વનસ્પતિની જીવંત વાડ બનાવવી. શેઢા પાળે આંબલી, આંબા, વડ, પીપળો, ગરમાળો જેવા મોટા વૃક્ષો વાવવાથી ખેતરનું તાપમાન જળવાઈ રહે છે. હજારો પંખીઓનો આશરો બને છે. પંખીઓની હગાર ઉત્તમ ખાતર બને છે. પાકને નુકસાન કરતી જીવાત - કીડાને પક્ષીઓ ખાઈને રક્ષણ કરે છે. બળદોથી જ ખેતી કરવી. ટ્રેક્ટરોનો ઉપયોગ ન કરવો.

કપાસ, મકાઈ, બાજરી, જુવાર, ઘઉં, આંબળા, ચીકુ, આંબા વગેરેમાં તુવેર, મગ, મઠ, ચણા જેવા કઠોળ વર્ગના આંતર પાકો લેવાથી જમીનમાં નાઈટ્રોજનનું પ્રમાણ વધશે. જમીનમાં પોષક તત્ત્વોની સમતુલા જળવાઈ રહેશે. એ જ પ્રમાણે પાકની ફેરબદલી કરતા રહેવું જોઈએ. જેનાથી ઉત્પાદન વધુ મળે છે.

જમીનમાં થતા પાકોને અનાજ - ફળો લઈ લીધા પછી પાંદડાં, ડાળીઓ તથા ફળોના છોડા, શેરડીના કૂચા વગેરે બધા જ પદાર્થો જમીનને પાછા આપવા. તેને જમીન ઉપર પાથરીને મલ્ચીંગ કરવાથી જમીન તપતી અટકશે. જમીનનો ભેજ જળવાઈ રહેશે. વનસ્પતિના આ બધા પદાર્થોનું ભેજ અને પાણીથી કોહવાઈને ખાતર બનશે, જમીન ફળદ્રુપ બનશે.

પેસ્ટીસાઈડ અત્યંત ઝેરી છે. તેનાથી જમીનના બેક્ટેરિયા જેવા કરોડો જીવો મરી જાય છે, જમીન નિર્જીવ બની જાય છે. જમીન પાણી, હવા તથા પર્યાવરણ ઉત્પાદનો ઝેરી બને છે. જમીન, પાણી, હવા તથા પર્યાવરણ પ્રદૂષિત થાય છે. ઉત્પાદન ઘટે છે અને ખર્ચા વધે છે. તેના બદલે ગૌમૂત્રમાં આકડો, લીમડો, કણઝી, તમાકુ વગેરે કડવી વનસ્પતિનાં પાંદડા નાખી કુદરતી જંતુનાશકો બનાવી છાંટવા.

જમીન કે ખાતરોને સૂર્યપ્રકાશથી તપાવવા નહિ. ટપક સિંચાઈ પધ્ધતિ અપનાવવી. ખેતરોને પ્રકૃતિના મંદિરો સમજી જાતે ખેતી કરવી. ખેતરમાં ખેડૂત જેટલા પગલા અને પરસેવો પાડશે તેટલું ઉત્પાદન વધશે.

હાઈબ્રિડને બદલે દેશી બી વાવવા. બીજને પંચગવ્ય સંસ્કાર કરવા. ખેતરમાં અઠવાડિયે અગ્નિહોત્ર કે યજ્ઞ કરવાથી ઉત્પાદન વધે છે. છાશ અને દૂધના ઉપયોગથી પાકોની વૃધ્ધિ થાય છે. મધમાખી ઉછેરથી પણ ઉત્પાદન વધે છે. છોડને ગાયત્રી મંત્રો કે મધુર સંગીત સંભળાવવાથી પાકમાં વૃધ્ધિ થાય છે અને વનસ્પતિના લીલાં-સૂકાં પાંદડાં, ડાળા, નિંદામણને ખેતરમાં બાળવા નહીં. આગ લગાડવાથી સૂક્ષ્મ જીવો, અળસિયા મરી જાય છે. જમીનનો ભેજ સૂકાઈ જાય અન ફળદ્રુપતા નાશ પામે છે.

સેતુ : સજીવ ખેતીમાં ઉત્પાદન ઓછું આવવાની ખેડૂતોની માન્યતા સાચી કે ખોટી?

શ્રી ચીનુભાઈ : સજીવ ખેતીમાં ઉત્પાદન ઓછું આવવાની ખેડૂતોની માન્યતા સાવ ખોટી છે. ઉલટાનું છાણ-મૂત્ર અને વનસ્પતિના છાણિયા સંપૂર્ણ પરિપક્વ ખાતરોમાં નાઈટ્રોજનનું પ્રમાણ ૩%થી વધારે હોય છે. ઉપરાંત પોટાશ અને કેલ્શિયમનું પ્રમાણ પણ સપ્રમાણ હોય છે. પાકોને જરૂરી તમામ તત્ત્વો છાણિયા ખાતરમાં હોય છે. તેના ઉપયોગથી બે કે ત્રણ વર્ષ પછી ભરપૂર ઉત્પાદનો લઈ શકાય છે. બીજું, છાણ મૂત્રની વાસની અસરથી પાકોમાં જીવાત કે રોગ આવતા નથી. જો કદાચ રોગ આવે તો ગૌમૂત્રમાં આકડો, લસણ, તમાકુ અને લીમડા જેવી વનસ્પતિઓ નાખી જંતુનાશક બનાવી રોગ અને જીવાત ઉપર સંપૂર્ણ નિયંત્રણ મેળવી શકાય છે.

***કાર્યકુશળ વ્યક્તિ માટે ધન અને કીર્તિની કોઈ કમી નથી હોતી.***

અમેરિકામાં ૧૦૯ વર્ષના પ્રયોગોના આધારે સાબિત થયું છે કે સજીવ ખેતી અને રાસાયણિક ખેતીના ઉત્પાદનોના જથ્થામાં લેશમાત્ર ફરક પડતો નથી. ક્યુબા દેશ ગરીબ અને બેહાલ થઈ ગયો હતો. સજીવ ખેતી અપનાવતા આજે આરોગ્યની દૃષ્ટિએ ક્યુબા દુનિયાનો સર્વશ્રેષ્ઠ દેશ છે. અન્નની દૃષ્ટિએ સ્વાવલંબી છે. પર્યાવરણ શુધ્ધ બન્યું છે. ખેતીનો ઉદ્યોગ તરીકે વિકાસ કરી ખૂબ જ પ્રગતિ કરી જમીનની ફળદ્રુપતા વધતા ઉત્પાદન પણ વધ્યા છે.

સેતુ : બધા ખેડૂતોને છાણિયા ખાતરો મળી રહે ખરા?

શ્રી ચીનુભાઈ : આપણા દેશમાં કુલ ૨૦ કરોડ ગૌવંશ ઉપરાંત ઘેટાં, બકરાં, ઊંટ, પાડા, ખચ્ચર, હાથી, મરઘા-બતકા વગેરે થઈને ૫૦ કરોડથી વધુ પશુધન છે. આ ઉપરાંત વનસ્પતિના પાંદડાં, ડાળખાં, મૂળ, ફળ-ફૂલ, ખેતરનું નિંદામણ, એગ્રીકલ્ચર પ્રોડક્ટનો વેસ્ટ, શેરડીના કૂચા, ડાંગરના ફોતરા, કપાસના ઠાલિયા, રસોડાનો શાકભાજીનો કચરો, શહેરનો સેન્દ્રિય કચરો, વડ-પીપળો કે ખીજડા જેવા મોટા વૃક્ષો નીચેની માટી, સ્મશાનની રાખ અને મંદિરના ફૂલો વગેરે મળીને મોટા પ્રમાણમાં સેન્દ્રિય ખાતર બની શકે. એટલે કે બધા જ ખેડૂતો સજીવ ખેતી કરે તો પણ તૂટો ન આવે. બીજું પશુઓના મળ-મૂત્રની જેમ માણસોના મળ-મૂત્રમાં પણ કેલ્શિયમ, નાઈટ્રોજન અને પોટાશ વગેરે સારા પ્રમાણમાં હોય છે. ચીન અને જાપાન જેવા દેશો ખેતીમાં માણસોના મળ-મૂત્રનો ઉપયોગ કરી ભરપૂર ઉત્પાદનો મેળવે છે. આપણા દેશમાં કરોડો માણસોના મળ-મૂત્રનો ઉપયોગ જો ખેતીમાં ખાતર તરીકે કરવામાં આવે તો દેશની ખાતરની સમસ્યા હલ થઈ જાય. બધા સજીવ ખેતી કરી શકે.


સેતુ : વર્તમાનકાળે ખેડૂતોને શું સંદેશો આપશો?

શ્રી ચીનુભાઈ : ખેડૂત મિત્રો! ખેતી, ખેડૂત એકલાનો જ પ્રશ્ન નથી. તેનાથી ઉત્પન્ન અન્ન, શાકભાજી, ફળો ખાનારાઓના સ્વાસ્થ્ય ઉપર અસર થાય છે. તેનો પણ ગંભીરતાથી વિચાર કરવો જોઈએ. ખેતી માત્ર ધન કમાવાનું સાધન નથી. તેની સાથે કેટલાયે લોકોની જિંદગીના સ્વાસ્થ્યનું હિત જોડાયેલ હોય છે. લોકોના સ્વાસ્થ્યને નુકસાન થતું હોય તો તે કુદરતી નીતિ, ન્યાય અને ધર્મની વિરૂધ્ધ છે. તેથી ખેડૂતોએ સર્વજન હિતાય, સર્વજન સુખાયનો નિરામયનો મંત્ર ચરિતાર્થ કરવા લોકકલ્યાણ માટે સજીવ ખેતી, કુદરતી ખેતી અને અહિંસક ખેતી કરી પોતાનો સ્વધર્મ, રાષ્ટ્રધર્મ અને યુગધર્મ બજાવવો જોઈએ....


*૧૦૪/૧૮૪૨, કૃષ્ણનગર, સૈજપુર બોઘા,*
*અમદાવાદ-૩૮૨ ૩૪૬. મો. ૯૬૬૨૮ ૩૩૨૬૮*


## શ્રીહરિ ડેન્ટલ ક્લીનીક
### ઉપલબ્ધ સારવાર

- (Implant Dentistry)
- દાંતમાં ચાંદી તથા દાંતના કલરનું (Composite) ફીલીંગ કરવું.
- દાંતમાં મૂળની સારવાર કરવી. (Root Canal Treatment)
- દાંતમાં કવર તથા કઢાવી નાંખેલ દાંત ફીટ કરવા (મેટલ, સીરામીક, ઝરકોનીયા તથા સોનાના બ્રીજ દ્વારા ફીટ કરવા).
- દાંતના ચોકઠા બનાવવા. (Complete or Partial Removable Dentures)
- દાંત સાફ કરવા (Ultrasonic Scaler દ્વારા)
- Depigmentation of Gums





- પાયોરીયા, ફુલેલા પેઢા, ઉતરી ગયેલા પેઢા વગેરેના ઓપરેશન. (Flap Surgery with / without bonegrafting) Guided tissue
- દાંત કાઢવા, ડહાપણ દાઢ કઢાવવી.
- જડબામાં કેન્સરની ગાંઠ, રસોળીની ગાંઠ વગેરેના ઓપરેશન.
- દાંત, જડબાના ફ્રેક્ચરનું ઓપરેશન.
- બાળકોના વાંકા ચૂકા દાંત સીધા કરવા તેમજ તેમાં ચાંદી ભરવી, મૂળની સારવાર તથા કવર કરવા વગેરે.
- X-ray સુવિધા ઉપલબ્ધ છે.
- દાંતમાં Dimond Fit કરવા.

**ડો. (મીસીસ) રૂપાંગ નાકરાણી**
(B.D.S., M.D.S.)
**દાંત તથા જડબાના રોગોનાં નિષ્ણાંત સર્જન**
Sr. Lecturer નૂતન ડેન્ટલ કોલેજ. વિસનગર
Prof. અમદાવાદ ડેન્ટલ કોલેજ
૩-બી, મિલેનીયમ પ્લાઝા, સ્વામિનારાયણ મંદિર સામે,
માનસી ચાર રસ્તા, વસ્ત્રાપુર, અમદાવાદ.
ફોન : (ક્લીનીક) ૨૬૭૩૦૮૯૧
મો. : ૯૨૨૮૧૪૧૮૦૧, ૯૨૭૫૦૩૮૮૯૭
સમય : સવારે ૧૦ થી ૧, સાંજે ૫-૩૦ થી ૯

**ડો. દિનેશભાઈ નાકરાણી**
(B.D.S., M.D.S.)
**દાંત તથા જડબાના રોગોનાં નિષ્ણાંત સર્જન**
પહેલો માળ, જય જલારામ કોમ્પ્લેક્ષ,
નવદીપ મેડીકલની ઉપર, ઈન્ડીયા કોલોની રોડ,
બાપુનગર, અમદાવાદ.
ફોન : ૯૮૨૫૦૨૦૪૦૭ મો. : ૯૮૨૫૩૭૯૭૧૩
સમય : સવારે ૧૦ થી ૧, સાંજે ૫ થી ૯

www.shriharidentalclinic.com
rupangn@yahoo.co.in



# બાલુડેં જયું ગાલિયું

સંકલન : ગુલાબચંદ ધારશી રાંભિયા

## બચુડો

અધા : પુત્તર બચુડા?

બચુડો : કો અધા કુરો કમ આય?

અધા : પાંજે સામેજી સોસાયટી મેંજા ગટુ અજ કીં સવાલ પૂછેલા આવ્યો વો તડેં નટુ કીં જવાબ પણ ડેને પણ પોય ગટુ, નટુજે મોં તે તમાચો મારેને હલ્યો વ્યો.... સે કુરો થ્યો, જરા તપાસ કે ને ચો....

બચુડો : (તપાસ કરેનેં ચે) ગટુ કોઈ ખરાબ કે હલકો સવાલ ન પૂછે વેં પણ અંગ્રેજીમેં પુછેં વે ક 'સ્લેપ મી ઑન માય ફેસ'જો અર્થ કુરો થીયે? તડેં નટુ ચેં 'મુંજે મોં તે તમાચો માર.' અતરે ગટુ અનજે મોંતે તમાચો મારે લાથે.

## ખિલજા મ ભલા

પરેશ : કઈ રમત લગ્ન સાથે સામ્ય ધરાવે છે?

નરેશ : ચેસની રમત.

પરેશ : કાંઈ સમજ ન પડી.

નરેશ : એમાં રાજાએ એક જ ચાલ ચાલવાની હોય છે જ્યારે રાણીને તમામ ચાલ ચાલવાની છૂટ હોય છે.

☺ ☺ ☺ ☺ ☺

આદિત્ય : પપ્પા, લોકો લગ્ન કરીને હેરાન થાય છે. તો પછી લગ્ન કરે છે શા માટે?

કૌશલ : બેટા, અક્કલ માત્ર બદામ ખાવાથી જ નહીં પણ જાતજાતની ઠોકરો ખાવાથી જ આવે છે.

☺ ☺ ☺ ☺ ☺

રમણલાલ : અલ્યા જીવણ, તેં આ અતિ અઘરું કામ પેલા મોહનને કેમ સોંપ્યું? એ તો મહા આળસુ છે.... તારું કામ ક્યારેય પૂરું જ નહીં થાય.

જીવણ : મેં સમજી વિચારીને જ એ કામ મોહનને સોંપ્યું છે. કારણકે આળસુ માણસ જ કોઈપણ કામનો સહેલો ઉપાય શોધી શકે છે.

☺ ☺ ☺ ☺ ☺

શિક્ષક : ભારત અને અમેરિકામાં પડતા વરસાદ વચ્ચે શું તફાવત છે?

આદિત્ય : અમેરિકામાં વરસાદ પડ્યા પછી પાંચ મિનિટમાં રોડ પરથી પાણી અદશ્ય થઈ જાય છે. જ્યારે ભારતમાં પાંચ મિનિટ પછી રોડ અદશ્ય થઈ જાય છે.

☺ ☺ ☺ ☺ ☺

ચીન્ટુ : અલ્યા મોન્ટુ, આજકાલ તું ખૂબ ખુશખુશાલ લાગે છે... કોઈ લૉટરી લાગી છે કે શું?

મોન્ટુ : ના... ના... એવી વાત નથી... પણ બે દિવસ પહેલા જ મેં એક અમેરિકન પઝલ - કોયડો ઉકેલી નાખ્યો છે, જેની પાછળ મેં ૧૨ મહિના સુધી મહેનત કરી હતી.

ચીન્ટુ : બાર મહિના લાગ્યા તોય આટલો ખુશ છે?

મોન્ટુ : હાસ્તો.... પઝલના બોક્ષ પર લખ્યું હતું 'બે થી પાંચ વર્ષ માટે!!'

☺ ☺ ☺ ☺ ☺

પિતા : બેટા, દરેક પરીક્ષામાં તારા આટલા ખરાબ માર્ક આવે છે. કેમ?

પુત્ર : ના પિતાજી, આ તો જ્યારે જ્યારે પરીક્ષા આપું છું ત્યારે જ આવું થાય છે.

☺ ☺ ☺ ☺ ☺

રાજીવ : આ ફેસબુક પણ જબરી છે. મેં લખ્યું કે વોન્ટેડ વાઈફ.

સંજીવ : શું જવાબ આવ્યો?

રાજીવ : ફક્ત બે છોકરીઓએ લાઈક કર્યું અને ૩૬૦ પુરુષોએ લખ્યું, 'મારી લઈ લો.'

☺ ☺ ☺ ☺ ☺

શિક્ષક : માણસ એને કહેવાય જે બીજાના કામમાં આવે.

પર્વ : પણ સાહેબ, પરીક્ષામાં તો તમે પણ કાંઈ મદદ નથી કરતા અને બીજાને પણ મદદ નથી કરવા દેતા!


*૮/૨૬, ગંગામણિ ફ્લેટ્સ, વસંત નગર સોસાયટી, ગોપાલચોક, મણિનગર, અમદાવાદ-૩૮૦ ૦૦૮. ફોન : ૨૫૪૬૮૧૬૦*

★ પ્રત્યેક કળીને ફૂલ થવાનો અધિકાર છે. ફૂલ થતાં પહેલા જ જો કોઈ તેને તોડી દે કે ચૂંથી નાખે તો તે મહાપાપી કહેવાય. સ્ત્રી ફૂલ છે અને તેની કન્યા-અવસ્થા કળી છે. કળીને આપણે કુમારિકા કહીએ છીએ. તેને બ્રાહ્મણ કરતાં પણ વધુ પવિત્ર માનીએ છીએ. તેથી આપણે કુંવારિકાઓને પૂજીએ તથા જમાડીએ છીએ. કળીઓને ન સૂંઘાય, ફૂલને સૂંઘાય.

★ પ્રત્યેક નગરમાં થોડાં આનંદ પ્રમોદનાં પણ સ્થાનો હોવા જરૂરી છે. જો તે ન હોય તો નગર અધૂરું ગણાય.

*સ્વામી સચ્ચિદાનંદજી*
*(કચ્છી કથાઓમાંથી)*

*મન, કર્મ, વચનથી જીવન સુંદર હોવું જોઈએ.*




## પંડિત શ્યામજી કૃષ્ણવર્માની વિગતે સ્પષ્ટતા

'મંગલ મંદિર'ના માસ ઓગસ્ટ-૨૦૧૩ના અંકના પાના નં.-૩૭ ઉપર 'શ્યામજી કૃષ્ણવર્માના પત્ની ભાનુમતીબેન, ભાટિયા જ્ઞાતિના હતા અને તેમણે મહારાણી હોલકર તથા વાઈસરોય લોર્ડ કર્ઝન વચ્ચે દુભાષિયાની સેવા બજાવેલ હતી....' એવી માહિતી શ્રી શાંતિલાલ સંઘવી દ્વારા ઉપલબ્ધ કરાવવામાં આવી છે.

આ વિધાન અંગે ખરી હકીકત એવી છે કે ભાનુમતિ વર્મા ભાટિયા જ્ઞાતિના ન હતા પણ મરાઠીભાષી ભાનુશાલી જ્ઞાતિના હતા. એમના પિતાશ્રીનું નામ છબીલદાસ લલ્લુભાઈ ખોત (જમીનદાર) હતું. તેઓનો કટપીસ વગેરેનો મોટો વેપાર હતો.

વિશેષમાં જણાવવાનું કે, આ લખનારે 'પંડિત શ્યામજી કૃષ્ણવર્મા' નામનું ઝીણી ઝીણી વિગતોવાળું એક પુસ્તક સને ૧૯૮૭માં લખેલ છે. આ માટે આ લખનારે માંડવીમાં રહી દોઢ વરસ સુધી સંશોધન કરેલ અને ખૂટતી કડીઓ મેળવી હતી. આ હકીકતો અત્યાર સુધી શ્યામજી કૃષ્ણવર્માના કુટુંબ અંગે અપ્રગટ હતી તેને તે પુસ્તકમાં ઉજાગર કરેલ છે. અત્યારે લગભગ લેખકો એ પુસ્તકને રેફરન્સ તરીકે રજૂ કરે છે. આ પુસ્તકની બે આવૃત્તિ પ્રસિધ્ધ થઈ છે અને ત્રીજી આવૃત્તિ તૈયાર થાય છે.

આ અંગે તા. ૧૩-૧૨-૨૦૧૦ના રોજ ભાનુમતી વર્માના ભત્રીજાઓ શ્રી વીરસેનભાઈ અને શ્રી સંજયભાઈ ક્રાંતિતીર્થના લોકાર્પણ સમયે ભુજ પધારેલા એ સમયે આ લખનારે એમની પાસેથી કેટલીક સ્પષ્ટતાઓ માંગેલ.

છબીલદાસના સંતાનો રામદાસ, ભાનુમતિ, કરશનદાસ, જનમેજય, ભદ્રસેન હતા. આ ભદ્રસેનના બે પુત્રો એટલે શ્રી વીરસેનભાઈ અને શ્રી સંજયભાઈ. મોટાભાઈ રામદાસ અને શ્યામજી મુંબઈમાં સાથે ભણતા એટલે અભ્યાસના કામે શ્યામજીનું છબીલદાસભાઈને ત્યાં આવવા જવાનું રહેતું. તા. ૧૦મી એપ્રિલ, ૧૮૭૫ના ૧૩ વર્ષની ભાનુમતીના ૧૮ વર્ષના શ્યામજી સાથે લગ્ન થયા. આ આખું કુટુંબ મહારાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતમાં કેળવણીને લગતી પ્રવૃત્તિઓ કરે છે.

આ બધી હકીકતો મારા પુસ્તકમાં ઉપલબ્ધ છે. ખૂટતી કડીઓ તરીકે ઉપરની હકીકત 'મંગલ મંદિર'માં પ્રસિધ્ધ કરવા વિનંતી છે.

*ધનજી ભાનુશાળી 'કડક બંગાલી', એડવોકેટ - ભુજ*

★

## 'મંગલ મંદિર' – પ્રતિભાવ

'મંગલ મંદિર'નો ઓગસ્ટનો દળદાર - માહિતીસભર અંક મળ્યો. ભારતના ત્રિરંગાની પ્રતીતિ કરાવતું ટાઈટલ કવર સુરૂચિપૂર્ણ અને નયનરમ્ય છે.

કચ્છ અતિ પ્રાચીન પ્રદેશ હોતાં તેમાં અનેક જોવાલાયક - માણવાલાયક સ્થળો હોય એ સ્વાભાવિક છે. અને કચ્છનો આ પુરાતત્ત્વીય વૈભવ વારસો 'કચ્છ નહીં દેખા તો કુછ નહીં દેખા'ના પ્રચાર સૂત્રને યથાર્થ ઠેરવે છે.

ભારતના રાષ્ટ્રધ્વજ વિશે જાણી-અજાણી અવનવી માહિતી પ્રસ્તુત કરાઈ છે. સંકલનકારને અભિનંદન.

આપણો ભારત દેશ ખેતી પ્રધાન દેશ ગણાય છે. એટલે ખેત પેદાશોની ખૂબ અગત્યતા છે. પણ આજના જમાનામાં - માહોલમાં, કૃષિ પેદાશોનું 'વેલ્યુ એડેડ' સ્વરૂપે જ માર્કેટિંગ કરાય તો તે કૃષિકારો માટે આશીર્વાદરૂપ બને.

જૈન એકતા અંગેનો શ્રી ધનવંત શાહનો લેખ નિરાંતે વાંચીને વિચારવાલાયક તથા શક્ય તેટલા પ્રમાણમાં આચરણમાં મૂકવાને સૂચક છે. લેખકને હાર્દિક અભિનંદન.

કોટિ વૃક્ષ અભિયાનના પ્રણેતા બિદડા (કચ્છ)ના શ્રી એલ.ડી. શાહે પ્રકૃતિમય જીવન જીવવા માટે નવી માર્ગદર્શિકા દાખવી છે.

કચ્છી મેળા તરીકે દેશ વિદેશમાં જાણીતી થઈ ગયેલી ખારેક વિષે, ભાઈ માણેક સંગોઈએ અવનવી અને વિસ્તૃત માહિતી દર્શાવી છે. પણ આ બાબતે વધારે પ્રમાણભૂત - વૈજ્ઞાનિક માહિતી મેળવવા ઈચ્છનારે, કચ્છના માંડવી તાલુકાના રાયણ ગામે સજીવ ખેતી - ઓર્ગેનિક ફાર્મિંગ કરતા તથા ટપક પધ્ધતિ અને વર્મિક પોસ્ટના આરાધક શ્રી વિજયભાઈના 'ન્યુટેક ફાર્મ'ની મુલાકાત લેવી પડે. વિજયભાઈ ટીસ્યુ કલ્ચરથી, ખારેકની ઉચ્ચ ગુણવત્તાવાળી ખારેકની ખેતી કરે છે. શ્રી વિજયભાઈ અને તેમના પત્ની કુસુમબેનના ફાર્મ - વાડી પર અનેક ગૌ-માતાઓનો સુપેરે ઉછેર અને લાલન-પાલન થાય છે. વિશેષમાં આ પ્રગતિશીલ દંપતી, વિપશ્યના ધ્યાન પધ્ધતિના મોટા ગજાના સાધક છે.

MILAN® MASALA

K. K. MASALAWALA
31, K.N. ROAD, MASJID (W), MUMBAI-400 009.
TEL. : 2377 4209 2375 7674
TELEFAX : 2379 0883

MILAN® MASALA

કલ્પસર અને ઉદ્યોગો માટે ડી-સેલિનેશન પ્લાન્ટનો પ્રોજેક્ટ અભેરાઈએ મૂકાઈ ગયો હોવાની લાગણી બળવત્તર બની રહી છે.

*લાહિરી શાહ - હૈદ્રાબાદ*

★

## ઉત્તમ વાર્તા માટે ડૉ. ઉર્મિલાબેનનો આભાર

ડૉ. ઉર્મિલાબેનની વાર્તા 'માતૃત્વની મનેય ઝંખના છે....' અંગેનો પ્રતિભાવ વાંચ્યા પછી એ વાર્તા વાંચી. જાણે મારી જ વાત વાંચતી હોઉં એવી લાગણીથી આંખો ભીંજાઈ ગઈ. ડૉક્ટરબેનની વાર્તાનો મુદ્દો ખરેખર સ્તુત્ય અને સમયસરનો છે. મારા જાત અનુભવની જ જાણે આ વાત છે. કૌટુંબિક કલેશ દરમ્યાન ગર્ભાધાન થવાથી આવનાર સંતાનને જીવનભર સહન કરવાનું થાય છે, એના વાંક વિના.

હવે થનારી દરેક ભાવિ માતાને અને તેમના નાથ જેવા વહાલા પતિદેવોને નમ્ર વિનંતી છે કે પૂરેપૂરી શારીરિક ક્ષમતા કેળવાય અને ઘરનું વાતાવરણ અત્યંત પ્રસન્ન - ખુશખુશાલ જ રહે તેનું જરૂર ધ્યાન રાખશો.

બીજું યાદ રાખો કે પારકી દીકરી તમારે ઘરે આવી છે. હવે તમે વરરાજા જ એને માટે સર્વસ્વ છો. આપના પરિવાર અને ખાસ તો આપની ઉપર વિશ્વાસ મૂકીને તેણે પોતાના માતા-પિતા, ભાઈભાંડુઓ, સગાંસ્નેહીઓ, વહાલી સહેલીઓ અને પડોશીઓને — સૌને, અરે જ્યાં મોટી થઈ તે વતનને પણ 'આવજો' કહી દઈને, નવા અને અજાણ્યા વાતાવરણમાં ગોઠવાઈ જવાનું સ્વિકાર્યું છે! તમારા ભરોસે. માવતરને ત્યાં મળેલો તેવો પ્રેમ, તેમાં તમારી લાગણીઓ અને ખુશીઓ ઉમેરીને એને આપજો, દોસ્ત. વરરાજા તરીકે તમારી આ ફરજ બને છે. જૂના સિનેમાની પંક્તિ ટાંકું? 'સસુરાલમેં તુઝે ઈતના પ્યાર મિલે (કિ) ઉસે માયકા (પિયર) યાદ ન આયે...' વાહ ભાઈ, વાહ. બધે આવું થતું હોય તો?

પરિવારમાં નવાંગતુકને તમે આટલો પ્રેમ આપી શકો તો ઘર સ્વર્ગ બની જશે. ઘણા કુટુંબો આવું કરે પણ છે, અને ત્યાં સ્વર્ગીય આનંદ હાજર છે. પણ કેટલાક પરિવારો આવું નથી કરી શકતા. ત્યારે ને ત્યાં મારા જેવી વ્યથા - દર્દ ને દુઃખની દાસ્તાનો સર્જાય છે. જોકે, આજે ૭૭ વર્ષની ઉંમરે એ વ્યથા-કથા ઈતિહાસ થઈ ગઈ છે, પણ કથાના મુખ્ય પાત્ર તરીકે એ વાતો ભૂલી ભુલાતી નથી.

છેલ્લે, સૌ પુત્રવધૂઓ, વરરાજાઓ અને સૌ પરિવારજનોને મારા શુભાશિષ પાઠવું છું.

*— એક માતા*

*(નોંધ : પત્ર લખનારનું નામ, સરનામું કાર્યાલયમાં જણાવવામાં આવેલ છે.)*

## યુવાન વયે – અકાળે મૃત્યુ.... શા માટે?!

'ખબર પત્રિકા'ના પ્રથમ પાને છપાતી મરણ ખબરોમાં યુવાન વયનાં, અકાળે મૃત્યુ પામનારાઓની દિવસે દિવસે વધતી સંખ્યા સમગ્ર સમાજને માટે ચિંતાનો વિષય બનતી જાય છે. તેમના ડૂસકાં - ચમકતાં ફોટાં જોતાં તો એવું લાગતું નથી કે તેમનાં નખમાંય કોઈ રોગ હોય!! તો તંદુરસ્ત દેખાતા સૌને અચાનક એવો તે કયો રોગ કે બીમારી થઈ આવી કે આમ ભરયુવાન વયે કે અકાળે સમય પહેલાં મૃત્યુને શરણે થતા જાય છે?

સમાજનાં દરેકે દરેકને આ બાબતે વિચાર કરવાની, મનોમંથન કરવાની તાતી જરૂર છે.

મારા મતે આપણે આહાર-વિહાર અને આરામ અર્થાત્ પ્રકૃતિનાં કે સૃષ્ટિનાં સુદ્રઢ ચક્રને તોડી પાડતાં, તેનાં વિરુદ્ધનું આચરણ કરવાથી તથા સત્ત્વશીલ ખોરાકને બદલે કેમિકલયુક્ત સત્ત્વહીન ખોરાક ખાવાને લીધે તેના કડવા પરિણામો ભોગવવાનો વારો આવ્યો છે. તેમાં પણ આયોજિત નાના-મોટા ખુશીનાં પ્રસંગો દરમ્યાન ઊભા ઊભા ઢોરની જેમ હાલતા - ચાલતાં - ભટકતાં - ચાવ્યા વગર જે આવે તે પેટમાં પધરાવવાની રીતને લીધે તથા શાંતિથી એક જગ્યા પર પલાઠી વાળીને - પ્રભુનું નામ સ્મરણ કર્યા વગર દિવસ - રાત્રિની મર્યાદા રાખ્યા વગરના આચરણને લીધે આપણું શરીર વધુને વધું નબળું અને રોગ કે બીમારીઓનો શિકાર બને છે.

અન્ય મહત્ત્વની વાત તરફ સમાજનું ધ્યાન દોરતાં આપણે રમત-ગમત, સ્પોર્ટસ કે યોગ આસનોની અમૂલ્ય વિદ્યાથી વિમુખ બનતા જઈએ છીએ. આપણી સુસંસ્કૃતિ તથા તેના ફાયદાઓ જોઈ પશ્ચિમી દેશો યોગાસનો, ધ્યાન - જપ - મેડિટેશનને સહર્ષ અપનાવી રહ્યાં છે અને આપણે પશ્ચિમીઓનું આંધળું અનુકરણ કરતાં અંતે નખમાંય રોગ ન હોય એવા અચાનક ગંભીર બીમારીઓનો ભોગ બનતાં, ડોક્ટરો, ક્લિનિકો, હોસ્પિટલો, તેમનાં વિવિધ પરીક્ષણો, દવા-ટોનીકોનાં બાટલા, ગોળીઓના ખોખા અને ઈન્જેક્શનોની સિરીંજોના ચક્રવ્યૂહમાં ફસાતા અંતે પત્રિકાનાં પ્રથમ પાને આવી જઈએ છીએ!!

એકંદરે પ્રકૃતિનાં ચક્ર પ્રમાણે - 'જાગ્યા ત્યાંથી સવાર' સમજીને આહાર-વિહાર - આરામ - રમતગમત - વ્યાયામ, જુડો, કરાટે જેવી વિદ્યાઓ, ધ્યાન - મેડિટેશનને પુનઃ અપનાવી લઈશું તો ઉપરોક્ત સંખ્યામાં જરૂરથી ઘટાડો નોંધાશે. પ્રકૃતિને અનુરૂપ જીવનશૈલી અપનાવનાર પશુ-પક્ષી કે પંખીઓ એક વખત જમી લીધા બાદ કે સૂર્યોદય પહેલા અને સૂર્યાસ્ત પછી આહાર કરતાં નથી - તેમની પાસેથી કંઈક શીખ લેવાની આપણને ખાસ જરૂર છે. અન્યથા પ્રકૃતિનાં વિરુદ્ધના આચરણ બાદ કડવા પરિણામ ભોગવ્યા સિવાય છૂટકો નથી.

*શેઠિયા ધનજી ખીમજી (લાખાપુરવાળા) - મુંબઈ*
*મો. ૯૩૨૪૬ ૮૪૬૨૨*

**GLOBAL MERCANTILE PVT. LTD.**

45/A, Mittal Tower, 4th Floor, "A" Wing, 210, Nariman Point, Mumbai-21.
Tel. : +91-22-4213 1900 (99 Lines) • Fax : +91-22-4213 1919
E-mail : global45a@yahoo.com

# અન્ય સંસ્થાઓના સમાચાર

## 'મેગેઝિન ક્લબ'ની કારોબારી સમિતિના નિર્ણયો

તા. ૫-૯-૨૦૧૩ના દિવસે સાંજના ૬ કલાકે 'ઉમિયા જ્યોત' સામયિકના સૌજન્યથી સ્કૂમ શિક્ષણ સંકુલ - અમદાવાદ ખાતે મેગેઝિન ક્લબની કારોબારી સમિતિના સભ્યોની બેઠક શ્રી પી.કે. લહેરીના અધ્યક્ષ સ્થાને મળી હતી. આ બેઠકમાં કારોબારી સમિતિના ૧૭ જેટલા સભ્યો હાજર રહ્યા હતા.

પ્રારંભે સ્કૂમ સંસ્થાના શિક્ષણ સમિતિના ચેરમેન અને ઉમિયા જ્યોતના તંત્રી ડૉ. પ્રભુદાસ પટેલે સંસ્થા વતી સૌને આવકાર્યા હતા. મંત્રી સ્થાનેથી શ્રી ભીમજી નાકરાણીએ સંસ્થાએ થોડા સમયમાં કરેલા કાર્યો જણાવીને મેગેઝિન ક્લબને વધુ સંગઠિત કરવા અને જનજાગૃતિના માધ્યમ તરીકે તેની ઉપયોગિતાની વાત કરી હતી.

અધ્યક્ષ સ્થાને શ્રી પી.કે. લહેરીએ સમય સાથે તાલ મિલાવી, સામયિકોને આધુનિકતા તરફ દોરી જઈ મલ્ટી મીડિયાના ઉપયોગ દ્વારા ડિજિટીલાઈઝેશન માટે અપીલ કરી હતી અને સંસ્થાના સહમંત્રી ડૉ. હર્ષદ પટેલને આ કામ માટેના કો-ઓર્ડિનેટર તરીકે નિમણૂક કરી હતી. ઉપરાંત સામયિકોને સાંપ્રત સમસ્યાથી લોકોને જાગૃત કરવા માટે મહત્ત્વની ભૂમિકા નિભાવવા માટે સૌને એકમત થવા જણાવ્યું હતું.

મેગેઝિન ક્લબના તમામ સભ્યો માટે દર ત્રણ મહિને બેઠક યોજવા બાબતે ચર્ચા થઈ હતી, જે માટેના એક વર્ષના દાતાઓના નામ પણ જાહેર કરાયા હતા. આ ઉપરાંત કારોબારી અને જિલ્લા કન્વીનરની બેઠક હાલ દર બે મહિને યોજવાનો ઠરાવ કરવામાં આવ્યો હતો. આ સાથે ગુજરાતભરના સામયિકોને તંત્રી - સંપાદકોને સભ્યપદ લેવા અપીલ કરવામાં આવી હતી તેમજ કારોબારીના સૌ સભાસદોને વિવિધ જવાબદારી સોંપવામાં આવી હતી. અંતમાં શ્રી વાસુદેવભાઈ પટેલે આભારવિધિ કરી હતી.

આજની આ બેઠકમાં સર્વશ્રી અશોક મહેતા, ભરત ઓઝા, જોરાવરસિંહ જાદવ, પ્રાણજીવનભાઈ પટેલ, સોમભાઈ પટેલ, મણિભાઈ પટેલ, હંસરાજ કંસારા, જિતેન્દ્ર પટેલ, ઘીસુભાઈ મહેતા, મનુભાઈ શાહ, યશવંત મહેતા, સૌરભ કામદાર, અતુલ સોની, ડૉ. હર્ષદ પટેલ અને નટવર પટેલે હાજરી આપી હતી, તેમ મેગેઝિન ક્લબની એક પ્રેસનોટમાં જણાવાયું હતું.

નોંધ : દરેક પ્રકારના સામયિકોની સમસ્યાઓ તેમજ વિવિધ પ્રશ્નોના ઉકેલ અર્થે સૌના સંગઠન માટે મેગેઝિન ક્લબ દ્વારા આ પ્રથમ પ્રયાસ કરવામાં આવેલ છે. એટલે કોઈપણ તંત્રીશ્રી, સંપાદકશ્રી તેમજ પ્રકાશકશ્રી એક અવાજે તન-મન-ધનથી આ ક્લબમાં જોડાવાનો પાક્કો નિર્ણય કરે અને તેના સંગઠનને ટેકો આપે તે ખૂબ જરૂરી છે.

સ્ટોલ ઉપર વેચાણ ધરાવતા સામયિકોના પ્રકાશકો, તંત્રીઓ તેમજ સરકારી, અર્ધ સરકારી સામયિકોના સંપાદકો પણ આ ક્લબના સભ્ય બનીને તેના સંગઠનને મજબૂત બનાવે તેવી અપીલ છે. જ્યારે વ્યવસાયિકો - સરખી પ્રવૃત્તિ ધરાવનારા એકત્ર થતા હોય ત્યારે તેને સહયોગ આપવો એ માનવીય ગુણોની પહેલ છે. સંગઠન અને સહયોગથી હંમેશાં ફાયદો થાય છે. એટલે આપ સૌ તેને જરૂરી ટેકો આપશો તેવી અપેક્ષા સેવવામાં આવે છે.

## વિશ્વ વાત્સલ્યના શ્રી દેવચંદ સાવલિયાને "જાગૃતજન ઍવોર્ડ"

ગુજરાત રાજ્યના અલ્પ વિકસિત અને અંતરિયાળ ગામડાંઓમાં ગ્રામ વિકાસ, શિક્ષણ અને બાળ વિકાસની પ્રવૃત્તિ દ્વારા રાષ્ટ્ર ઉત્થાપન માટે કાર્ય કરનારા કર્મશીલોને તા. ૧૫મી ઓગસ્ટના દિવસે રાષ્ટ્રવંદના કાર્યક્રમ સાથે જાગૃતજન ટ્રસ્ટ, અમદાવાદ દ્વારા રૂા. ૫૧,૦૦૦/- અને સન્માનપત્ર આપી દર વર્ષે ૩ વ્યક્તિઓને ઍવોર્ડ આપવામાં આવે છે. વર્ષ ૨૦૧૨-૧૩નો જાગૃતજન ઍવોર્ડ બગસરાના ગ્રામ્ય વિસ્તારમાં કામ કરનાર ગાંધીવાદી કર્મશીલ શ્રી દેવચંદ સાવલિયાને તાજેતરમાં એનાયત કરવામાં આવ્યો હતો.

વિશ્વવાત્સલ્ય ટ્રસ્ટ, બગસરાના પ્રમુખ શ્રી ભીમજી નાકરાણીએ જણાવ્યું હતું કે ગાંધી વિચાર ધરાવનાર આ યુવાન કર્મશીલ ૧૯૯૭થી કોઈપણ સરકારી સહાય વિના ૩૦-૪૦ ગામોમાં ગ્રામ વિકાસ, બાળ કેળવણી અને મહિલા ઉત્કર્ષની નમૂનેદાર અને પરિણામલક્ષી પ્રવૃત્તિઓ કરી રહ્યા છે.

આ સંસ્થાને આ અગાઉ નાબાર્ડ, લોકસેવા, ગોંદિયા જેવી સંસ્થાઓ દ્વારા પણ ઍવોર્ડ આપવામાં આવ્યા છે. આ સંસ્થાનું સૂત્ર છે 'જીવન જીવવાલાયક બને, ગામડાં રહેવા લાયક બને' અને આ માટેના સાર્થક પ્રયત્નો આ નાનકડી સંસ્થા દ્વારા થઈ રહ્યા છે, તેમ લોકસેવા ટ્રસ્ટની એક પ્રેસનોટમાં જણાવાયું હતું.

## જાયન્ટ્સ ગ્રુપ - ભુજ

જાયન્ટ્સ ગ્રુપ - ભુજ દ્વારા તેના જાયન્ટ્સ હોલ ખાતે રવિવાર, તા. ૧૫-૯-૨૦૧૩ના સાંજના ભાગે "કચ્છના પાણી પ્રશ્ને" એક વાર્તાલાપ યોજવામાં આવેલ હતો. મુખ્ય વક્તા તરીકે કચ્છ ડેવલપમેન્ટ કાઉન્સિલના ચેરમેન શ્રી અશોક મહેતા ઉપસ્થિત રહેલ હતા. આ પ્રસંગે શ્રી શશીકાંતભાઈ ઠક્કર, શ્રી પ્રતાપ નારાણજી દંડ, શ્રી નરેન્દ્ર

*બાણમાંથી નીકળેલું તીર માત્ર સામેની વ્યક્તિને જ અસર કરે છે. મોંમાંથી નીકળેલો શબ્દ બંનેને અસર કરે છે.*

છ. શાહ તથા જાયન્ટ્સ ગ્રુપ - ભુજના શ્રી કાંતિભાઈ વીરાણી સ્ટેજ પર ઉપસ્થિત રહેલ હતા.

કચ્છના પાણી પ્રશ્ને ચર્ચા કરતા શ્રી અશોકભાઈ મહેતાએ ૧૨મી સદી અગાઉની કચ્છની પરિસ્થિતિ કે જ્યાં આજનો રણ વિસ્તાર છે ત્યાં સિંધુ, સરસ્વતી, જેલમ, બિયાસ તથા સતલજ નદીના પાણી ઠલવાતા. ત્યારબાદ ૧૨મી સદીના ભૂકંપ બાદ આ નદીઓ પશ્ચિમમાં ખસી ગઈ અને સરસ્વતી નદી લુપ્ત થઈ ગઈ. ત્યારબાદ ૧૮૧૯ના ભૂકંપમાં કચ્છના અબડાસા વિસ્તારમાં આવતી સિંધુ નદીની શાખા પણ બંધ થઈ ગઈ, વગેરે વાતો સવિસ્તાર સમજાવેલ હતી.

૧૯૪૭ની આઝાદી બાદ ૧૯૫૪, ૧૯૫૫ કે ૧૯૬૦ની પાકિસ્તાન સાથેની વાટાઘાટોમાં કચ્છે સિંધુ તટપ્રદેશ તરીકેનો હક્ક ગુમાવ્યો. ત્યારબાદ ઈંદિરા કેનાલના પાણી પણ ના મેળવી શકાયા. ત્યારબાદ એકમાત્ર આધાર નર્મદા નદીના પાણી પર રહ્યો. ૧૯૬૯થી ૧૯૭૯ના જળપંચના સમય દરમ્યાન પણ કચ્છ જાગૃત ના રહી શક્યું અને કચ્છને માત્ર ૦.૨૧ M.A.F. નિયમિત પાણી મળ્યું કે જે સુધારીને પાછળથી ૦.૫ M.A.F. કરવામાં આવ્યું. ત્યારબાદ નર્મદા નદીના વધારાના પાણીમાંથી કચ્છને ૧.૦૦ M.A.F. પાણી ફાળવવામાં આવ્યું – વગેરે વાતો શ્રી અશોકભાઈ મહેતાએ સવિસ્તાર સમજાવેલ હતી.

ઉત્તર ગુજરાત, સૌરાષ્ટ્ર અને કચ્છ એ ત્રણેય પ્રદેશ અછતના અને ખેતીના તથા પીવાના પાણીની તકલીફના હોવા છતાં કચ્છ જાગૃત ન રહેવાના કારણે ઉત્તર ગુજરાત અને સૌરાષ્ટ્ર કરતાં કચ્છના કામો પર વિશેષ ધ્યાન આપી શકાતું નથી, તેની વાતો પણ વિગતવાર સમજાવવામાં આવી. ડી-સેલિનેશન પ્લાન્ટ બાબત જે અજાગૃતતા પ્રવર્તે છે તેની વાતો પણ આ પ્રવચનમાં આવરી લેવામાં આવી.

કચ્છમાં દર વર્ષે સરેરાશ જે ૧૪" વરસાદ વરસે છે એ ૬.૨ M.A.F. પાણી થાય. અગર કચ્છની પ્રજા આ પાણી ચેક-ડેમ, જળસંચય યોજના, બંધારા વગેરેના આયોજનો કરી આ પાણી સાચવી શકે તો કચ્છનું ભવિષ્ય ઉજળું બની રહે તેની વિગતો પણ ઉપસ્થિતો સમક્ષ આપવામાં આવી.

પોતાના પ્રવચનની સમાપ્તિમાં કચ્છના દરેક નાગરિકે વરસાદી પાણીના સંચય માટે પ્રયાસો આદરવા જોઈએ તેવી વાતો રજૂ કરી શ્રી અશોક મહેતાએ પોતાનું પ્રવચન પૂરૂં કરેલ હતું.

આ સમગ્ર કાર્યક્રમનું આયોજન જાયન્ટ્સ ક્લબ - ભુજના અધ્યક્ષ શ્રી કાંતિભાઈ ઠક્કરે કરેલ હતું. સર્વોદય અંતાણી, નરસિંહ ગોગારી, ગિરીશ વૈષ્ણવ તથા નિષદ મહેતાએ મહેમાનોનું સ્વાગત કર્યું હતું. કાર્યક્રમનું સંચાલન ચંદુભાઈ પટેલે કરેલ હતું. આભારવિધિ શ્રી નરસિંહભાઈ ગોગારીએ કરેલ હતી. શ્રી શશીકાંતભાઈ ઠક્કરના સૂચનથી આ કાર્યક્રમનું આયોજન ગોઠવવામાં આવેલ હતું.

## ભારતીય ભાષા સમાચારપત્ર સંગઠન (ઈલના)

ભારતીય ભાષા સમાચારપત્ર સંગઠન (ઈલના)ની ૭૨મી સામાન્ય વાર્ષિક બેઠક તાજેતરમાં આગ્રામાં પૂરી થઈ. જેમાં દેશભરમાંથી આવેલા ૧૬૦ પ્રકાશકોએ ભાગ લીધો અને પ્રકાશનમાં અવરોધક બનતી સમસ્યાઓ ઉઠાવી. બેઠકમાં ઈલનાના વર્તમાન અધ્યક્ષ શ્રી પરેશ નાથના નેતૃત્વમાં સંપૂર્ણ વિશ્વાસ વ્યક્ત કરતાં તેમને એકવાર ફરી સર્વાનુમતે અધ્યક્ષપદે ચૂંટવામાં આવ્યા.

અધ્યક્ષશ્રીએ પોતાના વક્તવ્યમાં ભાષાઓના મહત્ત્વ પર પ્રકાશ પાડતા કહ્યું કે ભાષાકીય સમાચારપત્ર જ દેશની લોકશાહીનો જીવ છે. આ ભાષાઓ વિના આપણા કોઈ પણ બંધારણીય અથવા કાયદાકીય અધિકાર સુરક્ષિત નથી. તેમણે પ્રકાશન વિશ્વ, નાનામોટા અથવા ભાષાઓના જુદા જુદા સમૂહમાં વિભાજિત થતા ચિંતા વ્યક્ત કરી અને પ્રકાશકોને સતર્ક કર્યા કે પ્રકાશકોની વચ્ચે વધી રહેલું અંતર પ્રકાશનો માટે જોખમી છે.

ઈલનાના અધ્યક્ષે ગયા વર્ષની પ્રવૃત્તિઓ અને ઉપલબ્ધિઓ પર પ્રકાશ પાડતાં કહ્યું કે ૨૦૧૨માં ડી.એ.વી.પી. દ્વારા નાની નાની ખામીઓના પગલે આશરે ૨૦૦૦ સમાચારપત્રોનું નવીનીકરણ રદ કરી દેવામાં આવ્યું હતું. ઈલનાએ વિરોધ કરતાં તેનું નવીનીકરણ થઈ શક્યું. ઈલના દ્વારા પ્રકાશકોની રેલવે અને પોસ્ટ ઓફિસ સંબંધી સમસ્યાઓના નિરાકરણનો રિપોર્ટ આપવામાં આવ્યો.

ઑફસેટ પ્લેટોની આયાત પર ૩૦ ટકા સુધી વધારાના આયાત કર (એન્ટી ડમ્પિંગ ડ્યુટી)નો ઈલના દ્વારા થઈ રહેલા વિરોધની જાણ કરવામાં આવી. ઈલના સભ્યોએ ઑફસેટ પ્રિન્ટીંગ મોંઘું થવા પર વિરોધ વ્યક્ત કર્યો. આ મુદ્દા પર રાજ્યસભાના સભ્ય શ્રી વિવેક ગુપ્તાએ બેઠકને વિશ્વાસ અપાવ્યો કે તેઓ સંસદમાં આ મુદ્દાને ઉઠાવશે.

અધ્યક્ષે રેલવે વિભાગ પર ચર્ચા કરતાં સભ્યોને જણાવ્યું કે દેશમાં ૭ હજાર રેલવે સ્ટેશનોમાંથી માત્ર ૩૦૦ સ્ટેશન પર જ બુકસ્ટોલ છે. ઈલના રેલવે સ્ટેશનો પર બુકસ્ટોલ વધારવાના પ્રયત્નો કરી રહી છે અને જો જરૂર પડશે તો ઈલના જાતે તેમને ચલાવવા ઈચ્છશે. જેથી લોકોને વાંચનસામગ્રી સહેલાઈથી ઉપલબ્ધ થઈ શકે.

ઈલનાના પૂર્વ દિવંગત કોષાધ્યક્ષ ચંદ્રકાંત ભાવેની યાદમાં એક પુરસ્કાર ઈલના દ્વારા શરૂ કરવામાં આવ્યો છે : "ચંદ્રકાંત ભાવે વરિષ્ઠ પ્રકાશક સન્માન પુરસ્કાર." આ પુરસ્કાર આ વર્ષે આગામી ઈલના કાર્યક્રમમાં વિજય બૌદ્રિયાને આપવાની જાહેરાત કરવામાં આવી, તેમ ઈલનાની એક પ્રેસ નોટમાં જણાવાયું હતું.

*સૌથી અઘરી પરીક્ષા 'જિંદગી' છે. જેમાં ઘણા લોકો નાપાસ થાય છે. કેમકે તે બીજા લોકોની જિંદગીની નકલ કરે છે અને તેમને તેનું જ ભાન નથી હોતું કે જિંદગીની પરીક્ષામાં દરેકનું પ્રશ્નપત્ર અલગ અલગ હોય છે.*

*ધર્મ સડે છે ત્યારે નીતિ બની જાય છે, નીતિ સડી જાય છે ત્યારે રાજનીતિ.*

## ગૌરક્ષક ગીતાબેન રાંભિયાની શહાદતને ૨૦ વર્ષ પૂર્ણ થયા



**ગૌરક્ષક ગીતાબેન રાંભિયા**

શ્રીમતી ગીતાબેન રાંભિયાના ગૌરક્ષા અભિયાનને કારણે આંબાવાડી સર્કલ પર આજથી બરાબર ૨૦ વર્ષ પહેલા એટલે કે તા. ૨૭-૮-૧૯૯૩ના રોજ કરપીણ હત્યા કરવામાં આવેલ હતી. આ શહાદતને ૨૦ વર્ષ પૂરા થતા શ્રી ગીતાબેન રાંભિયા સ્મૃતિ અહિંસા ટ્રસ્ટ તથા શ્રી ગીતાબેન રાંભિયા પરિવાર ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા મંગળવાર, તા. ૨૭-૮-૨૦૧૩ના રોજ અહિંસા ચોક ખાતે એક શ્રધ્ધાંજલિ કાર્યક્રમ ગોઠવવામાં આવેલ હતો કે જ્યારે અહિંસા ક્ષેત્રના અનેક મહાનુભાવો તથા સાધુ સંતો ઉપસ્થિત રહેલ હતા.

આ પ્રસંગે માતૃભૂમિ કાજે શહીદ થયેલ તેમજ પોલીસ જવાનો તથા ફાયર બ્રિગેડના શહીદ થયેલ જવાનોના પરિવારજનોના સન્માનનો કાર્યક્રમ યોજવામાં આવેલ હતો. ગૌરક્ષા કાજે શહીદ થયેલ હોય તેના પરિવારજનોના સન્માનનો કાર્યક્રમ પણ યોજવામાં આવેલ હતો.

## "મંગલ મંદિર" – પ્રાપ્ત થયેલાં લવાજમ

**સપ્ટેમ્બર – ૨૦૧૩ દરમ્યાન નીચે મુજબ લવાજમ પ્રાપ્ત થયેલ છે.**

### નવાં પ્રાપ્ત થયેલ લવાજમો

**૧ વર્ષનું લવાજમ**

- પોપટલાલ પ્રેમજી ભેદા — ભુજપુર, કચ્છ
- કિશોર કાનજી ચંદન — નખત્રાણા, કચ્છ
- વિનોદચંદ્ર કાંતિલાલ મહેતા — બોરીવલી (ઈસ્ટ), મુંબઈ
- દિલીપ નાગડા — ડોંબીવલી (ઈસ્ટ), મુંબઈ
- જિજ્ઞેશ કુંવરજી છેડા — મુંદ્રા, કચ્છ

**૩ વર્ષનું લવાજમ**

- રમેશ વેરશીભાઈ રોશિયા — દેવપુર (ગઢશીશા), કચ્છ
- હંસરાજ એમ. બોરીચા — શ્રીગંગાનગર, રાજસ્થાન
- બિપીન ભવાનજી શાહ — અલીબાગ, મહારાષ્ટ્ર

**૫ વર્ષનું લવાજમ**

- ધીરજલાલ કેશવજી ગડા — દાદર (ઈસ્ટ), મુંબઈ

**આજીવન**

- વિપુલ શાંતિલાલ શાહ — ભુજોડી, કચ્છ

## રૂપિયો અમુક દેશનાં ચલણ સામે ઝૂક્યો તો કેટલાંકની સામે ટટ્ટાર રહ્યો

**આપણાં કેટલાંક મોટાં માથાઓએ સોનાના સટ્ટામાં ઘણું કમાઈ લીધુ**

તા. ૨૮-૮-૨૦૧૩ ના એક યુ.એસ. ડોલરની સામે રૂપિયાના ભાવ ૬૮.૭૫ ટચ થયો ત્યારે અર્થતંત્રમાં ખળભળાટ થયો હતો. સોનું ૨૪ કેરેટ વધીને રૂા. ૩૪,૫૦૦ અને ચાંદી રૂા. ૫૯,૫૦૦ થઈ હતી. આ મોટાં મોટાં આંતરાષ્ટ્રીય સટોડિયા સાથે દેશના કેટલાક વગદાર પણ સાથે હોવાની શંકાની ચર્ચા મુંબઈમાં છે. **આ સટોડિયાઓ વાયદામાં મોટા પ્રમાણમાં નીચા ભાવે લીધેલાં સોના-ચાંદીનું લેણ તા. ૨૮-૮-૨૦૧૩ ના રોજ ઊંચા ભાવે વેચી ગયા.** આ રમતમાં ઘણા નાના વેપારીઓ ફસાઈ ગયા. તેથી તે જ દિવસે ડોલર ૬૭.૫૦ બંધ આવ્યો. સોનું રૂા. ૧૫૦૦ પ્રતિ ૧૦ ગ્રામ અને ચાંદી રૂા. ૩૦૦૦ પ્રતિ કિલોએ તેજ દિવસે ઘટી હતી.

એ દિવસે યુ.એસ. ડોલરની સામે રૂપિયો ૬૮.૭૫ થયો હતો, જ્યારે બ્રિટિશ પાઉન્ડ સામે રૂા. ૧૦૬, યુરો રૂા. ૯૨, સ્વીસ ફ્રાન્ક રૂા. ૭૫, કેનેડિયન ડોલર રૂા. ૬૫, ઓસ્ટ્રેલિયન ડોલર રૂા. ૬૦, ન્યુઝીલેન્ડ ડોલર, બ્રુનેઈ ડોલર, સિંગાપોર ડોલર વગેરે રૂા. ૫૦ ની આસપાસ રહ્યા હતા. લિબિયન દીનાર પણ રૂા. ૫૦ થયો હતો. સૌથી મોંઘી કરન્સીમાં કુવૈતી દીનાર છે. તેનો ભાવ તે દિવસે રૂા. ૨૪૦, બહેરીન દીનાર રૂા. ૧૮૦, ઓમાન રિયાલ રૂા. ૧૭૫ અને લટવિયા લાટ રૂા. ૧૩૦ હતા.

આની સામે કેટલાંક દેશોનાં ચલણની સામે મે-જૂન ૨૦૧૨ માં ભારતીય રૂપિયાની કિંમત વધી છે. જેમકે પનામા, ટોન્ગો, તેજાકિસ્તાન, સુરિનામ, સાલ્વાડોર, સોલોમન આઈલેન્ડ, હૈતી, કિરગીસ્તાન, લાઈબેરિયા, સીરિયા, કોન્ગો, સોમાલિયા, સીયેરા લિયોન, ગુયેના વગેરે.

આજે ૧૦૧ દેશ એવા છે જે જેનાં ચલણની કિંમત ભારતીય રૂપિયા કરતાં વધારે છે, તો અમુક દેશો એવા પણ છે જેનાં ચલણની કિંમત આપણા રૂપિયા કરતાં સસ્તી છે. જેમકે બાંગ્લાદેશ, લાઈબેરિયા, આર્જેન્ટિના, સર્બિયા, કેન્યા, એંગોલા, જાપાન, નેપાળ, સીરિયા, આઈસલેન્ડ, ઉત્તર અને દક્ષિણ કોરિયા, શ્રીલંકા, નાઈજીરિયા, ગુયાના, યમન, હંગેરી, મલાવી, ઝિમ્બાબ્વે, કોસ્ટારિકા, ચીલી, રવાન્ડા, લેબનોન, બરૂન્ડી, મોંગોલિયા, તાન્ઝાનિયા, કોલંબિયા, ઉઝબેકિસ્તાન, યુગાન્ડા, કમ્બોડિયા, પરાગુઆમ, લાવો, બેલારુસ, ઈન્ડોનેશિયા, ઈરાન – આ બધા દેશોની કરન્સીની કિંમત આપણા રૂપિયા કરતાં ઓછી છે.

*પ્રેમચંદ મોતા - કોલકત્તા*

# સાર સમાચાર

સંકલનકર્તા : શાંતિલાલ સંઘવી

(૧) આપણા દેશમાં રામનાં નામ ધરાવતા ૩૬૨૬ ગામો છે અને કૃષ્ણના નામ ધરાવતા ૩૩૦૯ ગામો છે. *(સાધના, તા. ૩-૮-૧૩)*

(૨) ૧૯૬૪ની ઓલિમ્પિક વખતે ભારતના દોડવીર મિલ્ખાસિંહે જે ફાટેલા જૂતા પહેરેલાં તે જૂતાની લીલામી થતાં તેના રૂા. ૨૪ લાખ ઉપજયા. *(સાધના, તા. ૩-૮-૧૩)*

(૩) ભારતમાં અંદાજે ત્રણ કરોડથી પણ વધારે લોકો પોતાની પાસે ગન રાખે છે. જેમાં માત્ર ૬૩ લાખ જેટલી જ ગન રજિસ્ટર્ડ થયેલી છે. *(સાધના, તા. ૩-૮-૧૩)*

(૪) 'કચ્છ લડાયક મંચ'ના R.T.I. એક્ટીવિસ્ટ રમેશભાઈએ તા. ૨૩-૧-૨૦૧૨થી અત્યાર સુધીમાં ગુજરાત સરકારને ૯૧૬૨ R.T.I. કરી છે. તેમાંની ૯૯% અરજીઓનો ગુજરાત સરકારે જવાબ જ આપેલ નથી. *(લોક સ્વરાજ, ઓગસ્ટ-૨૦૧૩)*

(૫) સદ્‌ભાવના મિશન વખતે નરેન્દ્ર મોદી ૩૩ સ્થળે પ્રતીક ઉપવાસ પર બેઠા હતા. **૨૪ જિલ્લાના વિકાસ માટે તેમણે આશરે ૩૯,૦૦૦ કરોડ રૂપિયાના આર્થિક પેકેજની જાહેરાત કરી હતી. પરંતુ વાસ્તવમાં હજી સુધી કોઈને એક રૂપિયો પણ મળ્યો નથી.** *(લોક સ્વરાજ, ઓગસ્ટ-૨૦૧૩)*

(૬) સદ્‌ભાવના મિશન વખતે એસ.ટી. બસોના ભાડા પેટે ભચાઉ (કચ્છ)નું રૂા. ૪૪૮૩૭૭૮/-નું બીલ થયું. ભરૂચમાં રૂા. ૬૮૮૦૨૩૧/-નું બીલ થયું. જૂનાગઢનું આશરે ૯૮ લાખ બીલ થયું. આ તમામ સ્થળોના કલેક્ટરોએ એસ.ટી.ને જણાવ્યું છે કે ગાંધીનગરથી જ્યારે ગ્રાંટ મળશે ત્યારે રકમ ચૂકવી આપીશું! *(લોક સ્વરાજ, ઓગસ્ટ-૨૦૧૩)*

(૭) લોકસભાના સ્પીકર મીરાંકુમારીએ તાજેતરમાં અજમેરમાં દરગાહ શરીફ પર ચાદર ચઢાવી અને દુઆ માગી. પરંતુ આ ચાદર સરકારી પ્રોટોકલ બ્રાંચે સરકારી ખર્ચે ખરીદેલી! *(દિવ્ય ભાસ્કર, તા. ૧૨-૮-૧૩)*

(૮) વિશ્વ બેંકના કહેવા મુજબ રોજના રૂા. ૧૨૦/- કમાનાર માણસ ગરીબ ગણાય. **ભારતના આયોજન પંચના કહેવા મુજબ ગામડાંમાં રૂા. ૨૭/- રોજના તથા શહેરમાં રૂા. ૩૩/- રોજના કમાનાર માણસ ગરીબ ન ગણાય.** આયોજન પંચના જ કહેવા મુજબ ગરીબીની દૃષ્ટિએ ગુજરાત દેશનું ૧૮મા ક્રમનું રાજ્ય છે. *(નયા માર્ગ, તા. ૧-૮-૧૩)*

(૯) **આયોજન પંચના કહેવા મુજબ ગુજરાતમાં અત્યારે એક કરોડ બે લાખ લોકો ગરીબીની રેખા નીચે જીવી રહ્યા છે. (એમની આવક ગામડાંમાં રૂા. ૨૭/- તથા શહેરમાં રૂા. ૩૩/- કરતાં ઓછી છે.)** *(નયા માર્ગ, તા. ૧-૮-૧૩)*

(૧૦) વર્ષ ૧૯૭૫માં તે વખતના રેલવે પ્રધાન એલ.એન. મિશ્રાની હત્યા થયેલી. તેનો આરોપી તે વખતે ૨૭ વર્ષનો હતો. તેનો કેસ ચાલ્યો ત્યારે પોતાને નિર્દોષ સાબિત કરવા તેણે ૩૯ સાક્ષીઓનાં નામ આપેલા. તેમાંથી ૩૧ આજ સુધીમાં મૃત્યુ પામ્યા છે. કેસ ૩૮ વર્ષથી ચાલે છે. આરોપી ૬૫ વર્ષનો થયો. તે હજુ જેલમાં જ છે! કેસની સુનાવણી અલગ અલગ ૨૦ જજો સમક્ષ થઈ ચૂકી છે. કોર્ટ કહે છે કે ૩૮ વર્ષનો સમય કંઈ વધુ ન ગણાય!!! *(નયા માર્ગ, તા. ૧-૮-૧૩)*

(૧૧) ગુજરાત વિધાનસભામાં ચર્ચા સમયે મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીએ અગાઉથી તૈયાર કરી મંજૂર કરેલા પ્રશ્નો સિવાયના પ્રશ્નો ધારાસભ્યો પૂછી શકતા નથી. *(નયા માર્ગ, તા. ૧-૮-૧૩)*

(૧૨) ગુજરાતમાં છેલ્લા વર્ષમાં ધાન્યના ઉત્પાદનમાં આઠ ટકાનો અને મગફળીના ઉત્પાદનમાં ૨૪ ટકાનો ઘટાડો થયો છે અને છેલ્લા ૧૦ વર્ષમાં ખેડૂતોની સંખ્યા ત્રણ લાખ ને પંચાવન હજાર જેટલી ઘટી ગઈ છે કારણકે ખેતીની જમીન ઉદ્યોગોને ફાળવવામાં આવી છે. *('પર્યાવરણ મિત્ર', મે-જૂન ૨૦૧૩)*

(૧૩) ભાનુ પટેલ નામનો એક માણસ જેને આર્થિક ગુના માટે જેલની સજા થયેલી, તેણે જેલમાં રહીને જુદાજુદા વિષયોનો અભ્યાસ કરીને ૩૧ ડિગ્રી મેળવી છે. *(નયા માર્ગ, તા. ૧-૮-૧૩)*

(૧૪) સરકારે કુલ ૫૮ કેટેગરીમાં સૌથી વધુ ભેળસેળ થતી હોવાનું કબૂલ્યું છે. એમાં દૂધ, ચા, તેલ, કઠોળ, ફ્રૂટ, જ્યુસ, ફેસ વોશ, બાળકો માટેની ચીજો, સૌંદર્ય પ્રસાધનો, સ્કીમ ફૂડ, પ્રોસેસ ફૂડ વગેરેનો સમાવેશ થાય છે. *(દિવ્ય ભાસ્કર, તા. ૧૯-૮-૧૩)*

(૧૫) આપણા દેશમાં છેલ્લા ૧૨ વર્ષમાં ૯૧૨૦૨ સ્ત્રીઓ દહેજના ખપ્પરમાં હોમાઈ ગઈ છે. આ આંકડા તો પોલીસ ચોપડે નોંધાયેલા કિસ્સાઓ છે. વણનોંધાયેલાની સંખ્યા ઘણી મોટી છે. *(દિવ્ય ભાસ્કર, તા. ૨૧-૮-૧૩)*

(૧૬) રાજકોટના વીસા શ્રીમાળી જૈન સમાજ જ્ઞાતિમાંથી એક પણ વડીલને વૃધ્ધાશ્રમમાં જવાની જરૂર પડી નથી. *(દિવ્ય ભાસ્કર, તા. ૨૮-૮-૧૩)*

(૧૭) આઈ.એ.એસ. ઓફિસર્સ એસોસિએશન દ્વારા જાહેર કરાયેલા આંકડા મુજબ છેલ્લા ૨૦ વર્ષમાં ૨૦૦ જેટલા આઈ.એ.એસ. અધિકારીઓને વિવિધ સરકારોએ સસ્પેન્ડ કર્યા છે. માત્ર ઉત્તર પ્રદેશ સરકારે જ ૧૦૫ જેટલા આઈ.એ.એસ. અધિકારીઓને સસ્પેન્ડ કર્યા છે. *(સાધના, તા. ૧૭-૮-૧૩)*

(૧૮) ગુજરાતના સુરતના મિતુલ ત્રિવેદી માત્ર બી.કોમ. સુધી જ ભણેલા છે. પરંતુ તેમની વૈદિક ગણિતમાં પારંગતતાના કારણે અમેરિકાની નાસા અવકાશ સંસ્થાએ તેમની એક સાથે ત્રણ વિભાગના વડા તરીકે નિમણૂક કરેલ છે. *(સાધના, તા. ૧૭-૮-૧૩)*

(૧૯) બોલીવુડના અભિનેતા આમીરખાન અને તેના પત્ની કિરણ રાવે પોતાના મૃત્યુ બાદ શરીરને બાળવા કે દફનાવવાને બદલે શરીરના મહત્ત્વનાં અંગોનું દાન કરવાની જાહેરાત કરી છે. *(સાધના, તા. ૧૭-૮-૧૩)*

# જાણવા જેવું

***સંકલન : રજનીકાંત પારેખ***

નવરાત્રી એટલે શક્તિની પૂજા. આ નવરાત્રીમાં વિવિધ દેવી-દેવતાઓના પૂજન અને અર્ચન કરવામાં આવે છે. હોમ હવન અને યજ્ઞ કરવામાં આવે છે. સ્ત્રોતોના પાઠ કરવામાં આવે છે અને આ સ્ત્રોતના પાઠના અંતે અષ્ટસિદ્ધિ અને નવનિધિ પામવા માટે વિનંતી કરવામાં આવે છે. આવો આપણે જોઈએ આ અષ્ટસિદ્ધિ અને નવનિધિ.

અષ્ટ સિદ્ધિઓને સિદ્ધ થયેલી આઠ વિશિષ્ટ શક્તિઓ ગણવામાં આવે છે. આ સિદ્ધિઓ છે.

૧. અણિમા : જેમાં યોગી પોતાની ઈચ્છા મુજબ અણું જેવડું સૂક્ષ્મરૂપ ધારણ કરી શકે છે.
૨. મહિમા : આ પ્રકારની સિદ્ધિ મેળવનાર પોતાનું વિશાળ રૂપ ધારણ કરી શકે છે.
૩. ગરિમા : જેમાં સિદ્ધ વ્યક્તિ પોતાની ઈચ્છા મુજબનું 'ગુરુ' એટલે કે ભારે રૂપ ધારણ કરી શકે છે.
૪. લઘિમા : જેમાં યોગી પોતે ઈચ્છે તેવું લઘુ એટલે નાનું કે હલકું રૂપ ધારણ કરવાની ક્ષમતા ધરાવે છે.
૫. પ્રાપ્ત : આ પ્રકારની સિદ્ધિ પ્રાપ્ત કરનાર મનોવાંછિત વસ્તુ કે પદાર્થ પ્રાપ્ત કરી શકે છે.
૬. પ્રાકામ્ય : આ પ્રકારની સિદ્ધિ પ્રાપ્ત કરનાર ઈચ્છાનુસાર આકાશમાં ઊડી શકે છે કે ધરતીમાં સમાઈ શકે છે.
૭. ઈશિત્વ : આ પ્રકારની સિદ્ધ વ્યક્તિ પોતાની ઈચ્છા અનુસાર સર્વ લોકો પર શાસન કરવાનું સામર્થ્ય પ્રાપ્ત કરી શકે છે.
૮. વશિત્વ : વશિત્વની શક્તિ સંમોહક સ્વરૂપ છે. વશિત્વની સિદ્ધિ પ્રાપ્ત કરનાર બીજી વ્યક્તિને પોતાના વશમાં લાવવાની શક્તિ પ્રાપ્ત કરી શકે છે.

અષ્ટ સિદ્ધિની જેમ નવનિધિનો પણ ઉલ્લેખ પ્રાપ્ત છે. નિધિ શબ્દનો શાબ્દિક અર્થ ખજાનો કે ભંડાર થાય છે. પરંતુ પુરાણા શાસ્ત્રોમાં નવનિધિ શબ્દ વિશિષ્ટ અર્થમાં વપરાયો છે. નવનિધિ એટલે કુબેરનાં નવ પ્રકારનાં રત્નો.

કુબેર રાવણનો ઓરમાન ભાઈ હતો. તેને ઈન્દ્રના નવનિધિનો ભંડારી દેવતા ગણવામાં આવે છે. તેના નવ રત્નના નામ આ પ્રમાણે છે : (૧) કચ્છપ, (૨) મુકુંદ, (૩) નંદ અથવા કુંદ, (૪) વર્ચ્ય, (૫) મકર, (૬) નીલ, (૭) શંખ, (૮) પદ્મ અને (૯) મહાપદ્મ

## ટોચની ટ્રેન

અમેરિકામાં આવેલ ઈન્ટરનેશનલ રેલવે ટ્રાવેલ્સ દ્વારા વિશ્વની ટોચની ૧૫ ટ્રેનોની યાદીમાં હવે ભારતની ત્રણ ટ્રેનોએ સ્થાન મેળવ્યું છે. આ યાદીમાં સમાવેશ માટેના ધોરણો ખૂબજ કડક છે. ટ્રેનોમાં પ્રદાન કરવામાં આવતી સેવાઓ, રહેવાની સુવિધા, આવરી લેવામાં આવેલા સ્થળો, પ્રાકૃતિક સૌંદર્ય દર્શન તથા પ્રવાસીઓના આનંદ પ્રમોદ જેવાં વિશેષ પાસાને લક્ષમાં લઈને પસંદ કરવામાં આવેલી આ ટ્રેનો છે.

૧. પેલેસ ઓન વ્હીલ્સ
૨. દાર્જિલીંગની ટોય ટ્રેન
૩. મહારાષ્ટ્રની કોંકણ ઓડિસી ટ્રેન

પેલેસ ઓન વ્હીલ્સ ટ્રેન ભારતની સૌથી મોભાદાર ટ્રેનની મુસાફરી ખૂબજ વૈભવશાળી છે અને દુનિયાભરમાંથી આવતા ટુરિસ્ટો આનો લાભ લે છે. રાજસ્થાનના ઐતિહાસિક સ્થળોની મુલાકાત આ ટ્રેનના પ્રવાસ દ્વારા લઈ શકાય છે.

દાર્જિલીંગ હિમાલયન રેલવેની ટોય ટ્રેનના હુલામણા નામે ઓળખાતી આ ટ્રેન સીલીગુડી અને દાર્જીલીંગ વચ્ચે બે ફીટ પહોળી રેલવે લાઈન પર દોડે છે. આ ટ્રેનનું નિર્માણ ૧૮૭૯થી ૧૮૮૧ દરમ્યાન કરવામાં આવ્યું હતું. ૮૬ કિમી લાંબી ટ્રેનને ૧૯૯૯માં વર્લ્ડ હેરીટેજ સાઈટ તરીકે યુનેસ્કોની યાદીમાં શામિલ કરવામાં આવી હતી.

ડેક્કન ઓડિસી ટ્રેન - ચાર લકઝરી સ્યુટ કેબિનો, ૨૪ ટ્વીન બૅડવાળી ડિલક્સ કેબિનો, પાંચ ડબલ બેડવાળી કેબિનો ઉપરાંત બે ડાઈનિંગ કોચ, મીની જીમ અને સ્પા સલૂન ધરાવતી અ ટ્રેન શિવાજી ટર્મિનસથી ઉપડી ગણપતિ પૂળે, રત્નાગીરી, સિંધુદુર્ગ, ગોવા, પૂણે, ઔરંગાબાદ (અજંટા - ઈલોરા) જેવાં મહારાષ્ટ્રના અને ગોવાના રમણીય સ્થળોને આવરી લેવામાં આવે છે.

- **વિશ્વની ટોચની ૧૫ ટ્રેનો :**

૧. કેનેડિયન કેનેડા
૨. રોયલ પેસિફિક કેનેડા
૩. કેનેડિયન રોકીઝ સ્ટીમ એક્સપ્રેસ, કેનેડા
૪. રોકી માઉન્ટેનિયર કેનેડા
૫. ગ્રાન્ડ લક્સ એક્સપ્રેસ, અમેરિકા
૬. સીએરા માદરે, મેક્સિકો
૭. એન્ડિયન એક્સપ્લોરર, પેરૂ
૮. હી રામ બીધામ, પેરૂ
૯. બ્લ્યુ ટ્રેન, દક્ષિણ આફ્રિકા
૧૦. પ્રાઈડ ઓફ આફ્રિકા, દક્ષિણ આફ્રિકા
૧૧. પેલેસ ઓન વ્હીલ્સ, રાજસ્થાન ભારત
૧૨. ઈસ્ટર્ન એન્ડ ઓરીએન્ટલ એક્સપ્રેસ - અગ્નિ એશિયા
૧૩. શાંગ્રીલા એક્સપ્રેસ, ચીન/તિબેટ
૧૪. ટોય ટ્રેન, દાર્જિલીંગ, ભારત
૧૫. ડેક્કન ઓડિસી, મહારાષ્ટ્ર, ભારત

***ધર્મ મજાથી કરશો તો તરી જશો, પાપ મજાથી કરશો તો મરી જશો.***

## શબ્દ રમત-૮૭

*સંકલન : રજનીકાંત પારેખ*

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | | ૨ | ૩ | | ■ | ■ | ૪ | ■ | ■ | ૫ | ૬ |
| | ■ | ૭ | | ■ | ૮ | | ■ | ૯ | ૧૦ | ■ | |
| | ■ | | ■ | ■ | | ■ | ૧૧ | | | | ■ |
| ■ | ■ | ■ | ૧૨ | ૧૩ | | ■ | | ■ | | ■ | ૧૪ |
| ૧૫ | ૧૬ | ૧૭ | ■ | | ■ | ૧૮ | | | ■ | ૧૯ | |
| ■ | ૨૦ | | | ■ | ૨૧ | ■ | | ■ | ૨૨ | | |
| ૨૩ | | ■ | ■ | ૨૪ | | ૨૫ | | ■ | ૨૬ | | ■ |
| | ■ | ૨૭ | ૨૮ | ■ | ૨૯ | | ■ | ૩૦ | | ■ | ૩૧ |
| ૩૨ | | ■ | ૩૩ | | ■ | ■ | ૩૪ | ■ | ■ | ૩૫ | |
| | ■ | ■ | | ■ | ૩૬ | | | | ■ | ■ | |
| ૩૭ | ૩૮ | ■ | ૩૯ | ૪૦ | | ■ | | ■ | ૪૧ | ૪૨ | |
| ૪૩ | | | ■ | ૪૪ | | | ■ | ૪૫ | | | ■ |

શબ્દ રમત ભરનારનું નામ : ____________________

સરનામું : ____________________

____________________ ફોન/મો. ____________________

*આપશ્રીના જવાબો શ્રી કચ્છી જૈન ભવન - પાલડીના સરનામે મોકલવા વિનંતી. (શબ્દ રમતનો જવાબ મોકલવાની અંતિમ તારીખ : ૨૦-૧૦-૨૦૧૩)*

### આડી ચાવીઓ

૧. છોરુ કછોરુ થાય પણ માવતર _____ ન થાય. (૫)
૪. લાજ, શરમ, મર્યાદા (૧)
૫. મમતા, સ્નેહ, ધનદોલત (૨)
૭. વેર, દ્વેષ (૨)
૮. કેડ, સજ્જ (૨)
૯. તેલ જુઓ, તેલની _____ જુઓ (૨)
૧૧. હેતનો ઉભરો (૪)
૧૨. કૃપા, મહેરબાની (૩)
૧૫. દૈવી, ઈશ્વરી (૩)
૧૮. વહેમ (૩)
૧૯. પૈસો, નાણું, સોનું, કસબ (૨)
૨૦. રોગનું ફેલાવવું તે, ભાર, સમાચાર (૩)
૨૨. સમાવેશ (૩)
૨૩. પંચ મહાભૂતોમાંનું એક તત્ત્વ (૨)
૨૪. વહીવટ, કારોબાર (૪)
૨૬. અભિપ્રાય (૨)
૨૭. આકાશ (૨)
૨૯. ચરણ (૨)
૩૦. ડાહ્યું, સમજદાર (૨)
૩૨. તોફાન (૨)
૩૩. અસ્તિત્વ, હયાતી (૨)
૩૫. ચાતુરી, ખાસ ગુણ (૨)
૩૬. સોબતી, જોડીદાર (૪)
૩૭. શોક, દુઃખ (૨)
૩૯. સહાય (૩)
૪૧. જે અણધારી આવે તે (૩)
૪૩. અવતારી પુરુષ, ઉધ્ધારક (૩)
૪૪. રત્ન (૩)
૪૫. _____ થી નખ વેગળા (૩)

### ઊભી ચાવીઓ

૧. આભાસી, જોડી કાઢેલું (૩)
૨. પ્રશંસા (૩)
૩. તૃમ, દહીં દૂધ પરની મલાઈની પોપડી (૨)
૬. ત્રણ કલાક, પહોર, પ્રહર (૨)
૮. લેખકોનું હથિયાર (૩)
૯. તીર્થ સ્થાન (૨)
૧૦. કમાવું (૩)
૧૧. ગુજરાતના એક સુપ્રસિધ્ધ સાહિત્યકાર (૫)
૧૩. નીચે (૨)
૧૪. સદાય જોડીમાં ફરતું એક પક્ષી (૩)
૧૬. દાવાનળ (૩)
૧૭. આદમની જોડીદાર (૨)
૧૯. સમૂહ, સમુદાય (૩)
૨૧. સારાપણું, સજ્જનતા (૩)
૨૨. સ્વપ્નું (૩)
૨૩. વેદ અને શાસ્ત્ર (૬)
૨૫. ભાગ્યમાં કોઈનો _____ નહીં (૨)
૨૮. મોટામાં મોટું (૪)
૩૧. (તંદુરસ્તી બાબતની) શરીરની હાલત (૪)
૩૪. અણસમજુ, મૂર્ખ (૩)
૩૬. સાદાપણું, સાદાઈ (૩)
૩૮. કાજળ, મેશ (૨)
૪૦. દિવસ (૨)
૪૧. અગ્નિ (૨)
૪૨. ફળિયું (૨)

આપણા વડીલોનો વારસો
**શુધ્ધ કાંસાના વાસણ**
પ્રાપ્તિ સ્થાન :
**પારસ મેટલ વર્ક્સ**
૯૦, કંસારા ચાલ,
કાલબાદેવી રોડ, મુંબઈ-૨.
ફોન : ૨૨૪૨૧૫૯૧, ૨૨૪૨૨૮૬૮



અષાઢી બીજ પર્વ નિમિત્તે સર્વે કચ્છીજનોને હાર્દિક શુભેચ્છા.....
नीलम स्टेनलेस स्टील का सरताज - वही है बडा विश्वास !
STAINLESS STEEL
PRESSURE
COOKER
AND PRESSURE PAN
IS-2347
CM/L-9495910
NEW ARRIVAL
neelam
STAINLESS STEEL
Available Sizes :
Pressure Cooker 2.5, 3.5, 5.5, 7.5 Ltrs.
Belly Pressure Cooker 3, 5, 7.5 Ltrs.
Pressure Pan Junior & Senior
Features
Heavy Bottom Thickness
Long-Lasting Stainless Steel Vent Tube
Strong Rim For Enhanced Protection
Anti-Bulging Thermal Base
Energy Saver Base
Induction Base Encapsulated Sandwich Bottom
Made From 18/8 Salem Steel
5 Years Warranty
NEELAM APPLIANCES PVT. LTD.
Innovators in exclusive range of quality stainless steel utensils

**ઓગસ્ટ-૨૦૧૩ના અંકમાં છપાયેલ સુડોકુ-૧૦૪૧નો સાચો ઉકેલ સમય મર્યાદા બાદ મોકલનારના નામ**

૧૦. ઉષા ભારત સંઘવી - રૂરકેલા
૧૧. સરોજ અનુપ ચંદુરા - સુરત
૧૨. સ્મિતા વિશાલ શાહ - અમદાવાદ
૧૩. ઉષ્મા વિશાલ શાહ - અમદાવાદ

**સપ્ટેમ્બર-૨૦૧૩ના અંકમાં છપાયેલ સુડોકુ-૧૦૪૨નો સાચો ઉકેલ મોકલનારના નામ**

૧. પ્રભા મહેન્દ્ર શેઠિયા - વલસાડ
૨. કલ્પના નીતિન પાલાણી - અમદાવાદ
૩. અરવિંદ જે. ભટ્ટ - અમદાવાદ
૪. સરોજ જયેશ શાહ - અમદાવાદ
૫. સ્મિતા વિશાલ શાહ - અમદાવાદ
૬. ઉષ્મા વિશાલ શાહ - અમદાવાદ
૭. સંકેત હસમુખ મહેતા - ભુજ
૮. ઉષા ભરત સંઘવી - રૂરકેલા
૯. પ્રતાપ નારાણજી દંડ - અમદાવાદ

☺ બિચારા ડોક્ટરો આમેય બહુ મોડા મોડા પરણે છે. પણ પરણે છે ત્યારે બધાને શી રીતે ખબર પડે કે કોઈ ડોક્ટર પરણી રહ્યો છે? તો ડોક્ટરના મેરેજમાં નવા રિવાજ હોવા જોઈએ.
(૧) જાન એમ્બ્યુલન્સમાં આવે. (૨) લગ્ન ઓપરેશન થિયેટરમાં થાય. (૩) રીસેપ્શન હોસ્પિટલના ઓ.પી.ડી. વોર્ડમાં થાય. (૪) ફોટા એક્સ-રે માં પડે. (૫) મહેમાનોને બુફેમાં વિટામીનની ગોળીઓ અપાય. (૬) પાણી અને પાણીની જગ્યાએ ગ્લુકોઝ અને ઓ.આર.એસ. અપાય. (૭) વરરાજા નવવધૂને હારને બદલે સ્ટેથોસ્કોપ પહેરાવે. અને (૮) લગ્ન પતે પછી વરરાજા બોલે 'નેક્સ્ટ પ્લીઝ.'

# સુડોકુ

રજનીકાંત પારેખ (૯૮૯૮૦ ૫૩૫૨૧)

સુડોકુ ક્રમાંક-૧૦૪૩ અત્રે રજૂ કરવામાં આવેલ છે. તેના ચારે ભાગ ભરીને 'મંગલ મંદિર' કાર્યાલય પર તા. ૨૦-૧૦-૨૦૧૩ સુધીમાં મોકલી આપવા વિનંતી. તદ્દન ખરા જવાબો મોકલનારનાં નામ નવેમ્બર-૨૦૧૩ના અંકમાં પ્રસારિત કરવામાં આવશે.

**શરતો :** 1. ૧થી ૯ના આંકડા ઊભી-આડી લાઈનમાં ફક્ત એક જ વખત હોવા જોઈએ.
2. ૧થી ૯ના આંકડા 3 X 3ના ચોકઠામાં પણ એક જ વખત હોવા જોઈએ.

સુડોકુ ભરનારનું નામ : ______________________

સરનામું : ______________________

## ક્રમાંક - ૧૦૪૩

**A**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૪ | | | ૧ | | | | | ૫ |
| | | ૮ | | | | | | ૨ |
| | ૯ | | | ૫ | ૮ | | | |
| | ૨ | | ૫ | | | | | ૬ |
| | | ૪ | ૬ | | ૨ | ૧ | | |
| ૮ | | | | | ૧ | | ૪ | |
| | | | ૪ | ૨ | | | ૬ | |
| ૨ | | | | | | ૭ | | |
| ૬ | | | | | ૩ | | | ૧ |

**B**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | ૧ | | ૬ | | | ૫ | |
| ૫ | | | | | | ૭ | | ૧ |
| ૩ | | | ૫ | | ૧ | | ૮ | |
| | | ૯ | | | ૩ | | | |
| | ૫ | | | ૮ | | | ૯ | |
| | | | ૧ | | | ૪ | | |
| | ૭ | | ૬ | | ૨ | | | ૪ |
| ૬ | | ૨ | | | | | | ૮ |
| | ૩ | | | ૪ | | ૯ | | |

**C**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૩ | | | | ૪ | | ૯ | | ૧ |
| | | ૯ | ૭ | | | | | |
| | | | ૩ | | ૯ | ૬ | ૫ | |
| | ૩ | | | ૬ | | | | ૮ |
| | | ૭ | ૪ | | ૧ | ૩ | | |
| ૧ | | | | ૩ | | | ૬ | |
| | ૬ | ૫ | ૧ | | ૮ | | | |
| | | | | | ૩ | ૪ | | |
| ૮ | | ૩ | | ૨ | | | | ૯ |

**D**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૩ | | | | ૭ | | | ૫ | |
| | | ૪ | ૨ | | | | | ૧ |
| ૧ | | | | | ૫ | ૭ | | |
| | ૭ | ૧ | | | | | ૮ | ૩ |
| | | | ૭ | ૧ | ૮ | | | |
| ૮ | ૯ | | | | | ૧ | ૨ | |
| | | ૮ | ૩ | | | | | ૯ |
| ૬ | | | | | ૯ | ૪ | | |
| | ૧ | | | ૮ | | | | ૫ |

## ઉકેલ : ક્રમાંક - ૧૦૪૨

**A**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૮ | ૨ | ૪ | ૯ | ૩ | ૫ | ૬ | ૭ |
| ૫ | ૭ | ૬ | ૧ | ૨ | ૮ | ૪ | ૯ | ૩ |
| ૩ | ૪ | ૯ | ૬ | ૭ | ૫ | ૮ | ૨ | ૧ |
| ૭ | ૨ | ૮ | ૯ | ૬ | ૪ | ૧ | ૩ | ૫ |
| ૪ | ૩ | ૧ | ૫ | ૮ | ૨ | ૯ | ૭ | ૬ |
| ૬ | ૯ | ૫ | ૩ | ૧ | ૭ | ૨ | ૮ | ૪ |
| ૮ | ૬ | ૩ | ૨ | ૪ | ૧ | ૭ | ૫ | ૯ |
| ૨ | ૫ | ૪ | ૭ | ૩ | ૯ | ૬ | ૧ | ૮ |
| ૯ | ૧ | ૭ | ૮ | ૫ | ૬ | ૩ | ૪ | ૨ |

**B**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૭ | ૯ | ૮ | ૧ | ૫ | ૩ | ૬ | ૪ | ૨ |
| ૧ | ૨ | ૩ | ૪ | ૯ | ૬ | ૭ | ૮ | ૫ |
| ૪ | ૬ | ૫ | ૭ | ૨ | ૮ | ૯ | ૧ | ૩ |
| ૮ | ૪ | ૧ | ૯ | ૩ | ૭ | ૫ | ૨ | ૬ |
| ૨ | ૫ | ૭ | ૬ | ૧ | ૪ | ૮ | ૩ | ૯ |
| ૯ | ૩ | ૬ | ૫ | ૮ | ૨ | ૪ | ૭ | ૧ |
| ૫ | ૮ | ૨ | ૩ | ૭ | ૯ | ૧ | ૬ | ૪ |
| ૬ | ૭ | ૯ | ૨ | ૪ | ૧ | ૩ | ૫ | ૮ |
| ૩ | ૧ | ૪ | ૮ | ૬ | ૫ | ૨ | ૯ | ૭ |

**C**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૯ | ૭ | ૪ | ૧ | ૬ | ૫ | ૩ | ૨ | ૮ |
| ૬ | ૫ | ૧ | ૨ | ૮ | ૩ | ૭ | ૯ | ૪ |
| ૩ | ૨ | ૮ | ૯ | ૭ | ૪ | ૧ | ૫ | ૬ |
| ૮ | ૩ | ૯ | ૬ | ૨ | ૧ | ૪ | ૭ | ૫ |
| ૧ | ૬ | ૫ | ૭ | ૪ | ૯ | ૮ | ૩ | ૨ |
| ૨ | ૪ | ૭ | ૫ | ૩ | ૮ | ૬ | ૧ | ૯ |
| ૪ | ૯ | ૨ | ૩ | ૧ | ૬ | ૫ | ૮ | ૭ |
| ૫ | ૮ | ૩ | ૪ | ૯ | ૭ | ૨ | ૬ | ૧ |
| ૭ | ૧ | ૬ | ૮ | ૫ | ૨ | ૯ | ૪ | ૩ |

**D**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૬ | ૨ | ૩ | ૪ | ૭ | ૫ | ૮ | ૯ |
| ૯ | ૭ | ૩ | ૮ | ૬ | ૫ | ૧ | ૪ | ૨ |
| ૫ | ૮ | ૪ | ૯ | ૨ | ૧ | ૬ | ૩ | ૭ |
| ૨ | ૪ | ૭ | ૬ | ૫ | ૯ | ૩ | ૧ | ૮ |
| ૮ | ૫ | ૯ | ૧ | ૭ | ૩ | ૪ | ૨ | ૬ |
| ૬ | ૩ | ૧ | ૨ | ૮ | ૪ | ૯ | ૭ | ૫ |
| ૪ | ૯ | ૮ | ૭ | ૧ | ૬ | ૨ | ૫ | ૩ |
| ૭ | ૧ | ૬ | ૫ | ૩ | ૨ | ૮ | ૯ | ૪ |
| ૩ | ૨ | ૫ | ૪ | ૯ | ૮ | ૭ | ૬ | ૧ |

*સાચવવા પડે એ સંબંધો કદી સાચા નથી હોતા, સાચા સંબંધો કદી સાચવવા નથી પડતા.*

# જાણવા જેવું — (૨)

*સંકલન : મગનલાલ સંઘવી*

## જ્વાળામુખી

દર વરસે દુનિયામાં ક્યાંક ને ક્યાંક જ્વાળામુખી ફાટવાના બનાવો નાના મોટા બનતા રહે છે. છેલ્લો મોટો બનાવ હાલમાં ૨૦૦૮માં આઈસલેન્ડમાં બન્યો હતો. જેની રાખ આકાશમાં પ્રસરવાના કારણે દિવસો સુધી યુરોપમાં હવાઈ સેવાઓ બંધ થઈ ગઈ હતી.

દુનિયામાં અમુક વિસ્ફોટ એવા છે કે જેણે ઈતિહાસમાં નવા કીર્તિમાનો (Records) સ્થાપિત કર્યા છે. આવા મહાવિસ્ફોટની વિગત ટૂંકમાં જોઈએ.

● **માઉન્ટ વિસુવિયસ - ઈટાલી :** ઈસુની પહેલી જ સદી, ઈ.સ. ૭૯માં થયેલા આ વિસ્ફોટથી તેની તળેટીમાં આવેલ પોમ્પી અને હરક્યુલિનમ નામના બે શહેરો મોટાભાગની વસતિ સહિત બળબળતી રાખ અને લાવામાં દટાઈ ગયા.

● **માઉન્ટ તંબોરા - ઈન્ડોનેશિયા :** ઈ.સ. ૧૮૧૫ના એપ્રિલમાં થયેલો આ વિસ્ફોટ માનવ ઈતિહાસમાં Most Violent ગણાય છે. વિસ્ફોટ સાથે તેની રાખ ૬૦ કિ.મી. ઉપર ઊડી. ૩ દિવસ સુધી ૫૦૦ કિ.મી.ના ઘેરાવામાં અંધકાર છવાઈ ગયો. એ વરસે આકાશમાં લગભગ ૧ વર્ષ સુધી રહેલી રાખના કારણે અને સૂર્યપ્રકાશ ન પડવાના કારણે પાક થયો નહિ. ભૂખમરાના કારણે ૮૦ હજાર જેટલા મૃત્યુ થયા.

● **માઉન્ટ પિલી - વેસ્ટઈન્ડિઝ :** વેસ્ટ ઈન્ડિઝના પારીનિક ટાપુ ઉપર આવેલ આ જ્વાળામુખી ઈ.સ. ૧૯૦૨ના ૮મી મે ના રોજ ૪ મોટા ધડાકા સાથે ફાટતાં તેની બળબળતી રાખ એટલી ઝડપથી નીચે આવેલ સેંટ પાયરે નામના શહેર ઉપર ફરી વળી કે ૩૦ હજારની વસતિ સાથે શહેર ૨ મિનિટમાં જ દટાઈ ગયું.

● **કાકાટોઆ - ઈન્ડોનેશિયા :** જાવા અને સુમાત્રાની વચ્ચે આવેલ આ ટાપુમાં છેલ્લા ૨૦૦ વર્ષથી કોઈ હિલચાલ ન હતી. ૧૮૮૩ના મે થી ઓગસ્ટ સુધીમાં ૨ વખત ધડાકાઓ થયા અને તેથી પડેલ ફાટમાંથી દરિયાનું પાણી અંદર જવા લાગ્યું. અંદર ઉકળતો લાવા અને પાણી જવાથી જમા થયેલી વરાળના દબાણથી તા. ૨૭-૮-૧૮૮૩ના રોજ જે પ્રચંડ ધડાકો થયો એ અત્યાર સુધીના માનવ ઈતિહાસનો સૌથી પ્રચંડ અવાજ હતો. ૨૫૦૦થી ૩૦૦૦ કિ.મી.ના ઘેરાવામાં ઓસ્ટ્રેલિયા સુધી ૪ કલાકે એ અવાજ સંભળાયો. સમુદ્રમાં થયેલી જબરદસ્ત ઉથલપાથલમાં સુનામીના મોજા ૧૨૦ ફૂટ ઉછળ્યા અને અન્ય ટાપુઓના કિનારે વરેસાલ ૩૦૦ જેટલા ગામોમાં તબાહી મચાવીને ૩૬,૦૦૦ જેટલી વસતિનો ભોગ લીધો. આકાશમાં ૫૦ કિ.મી. ઉપર ઉડેલી રાખથી ૨૭૫ માઈલના ઘેરાવામાં અંધકાર છવાઈ ગયો અને ૩ દિવસ પછી રાખ પ્રશાંત મહાસાગરમાં ૧૬૦૦ માઈલ દૂર આવેલા જહાજો ઉપર વરસી. ૧ વર્ષ સુધી ઝીણી રાખ વાતાવરણમાં રહી. કાકાટોઆ ટાપુનો ૫૦% ભાગ આ વિસ્ફોટમાં ઊડી ગયો. આમ, આ વિસ્ફોટ ઈતિહાસમાં સીમાચિહ્ન ગણાય છે.

● **માઉન્ટ BEZYMYANNAYA - સાઇબીરિયા (રશિયા)** નજીકના ભૂતકાળમાં થયેલ આ વિસ્ફોટ પણ Most Violentની કક્ષામાં આવે છે. અતિશય ઓછી વસતિવાળા વિસ્તારમાં થયો હોતાં અને વૈજ્ઞાનિકો આગાહી કરી શક્યા હોતાં જાનહાનિના અભાવે આની નોંધ ઓછી લેવાઈ છે. ૧૯૫૫ના ઓક્ટોબરથી રાખ ફેંકવાનું શરૂ થયા બાદ ૩૦-૩-૫૬ના વિસ્ફોટ થયો અને પાતાળમાંથી લગભગ ૨૪૦ કરોડ ટન જેટલો મલબો (Debris) બહાર ફેંકાયો, જે ૨૫૦ માઈલના ઘેરાવામાં પથરાઈ ગયો. આટલા મલબામાં પેરીસ જેવડું શહેર ૩૨ ફૂટ જેટલા માટીના થરમાં દટાઈ જાય.

*(માહિતી સ્રોત : 'રીડર્સ ડાઈજેસ્ટ')*

## શબ્દ રમત-૮૬નો ઉકેલ

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ■ | પ | ડ | કા | ર | ■ | ભો | ર | ■ | ક | ર્ણ | ■ |
| અ | ■ | ર | ■ | સ | મા | જ | ■ | મ | મ | ■ | ક |
| ના | ક | ■ | સ | ક | લ | ■ | લ | ગ | ન | સ | રા |
| જ | ઠ | ર | ર | સ | ■ | હ | વ | ન | ■ | લિ | ■ |
| ■ | ણ | ■ | બ | ■ | જ | જ | ■ | ■ | ની | લ | ■ |
| ઓ | ■ | મ | સ | કો | ■ | ■ | કિં | ક | ર | ■ | ઉ |
| મ | ઝ | ધા | ર | ■ | તા | રો | ■ | ■ | ■ | ક | લા |
| કા | ટ | ■ | ■ | છ | ગ | ■ | ■ | શા | ખા | ■ | ળ |
| રે | કો | ર્ડ | ■ | ■ | ■ | વ | ટ | હુ | ક | મ | ■ |
| શ્વ | ■ | ■ | ■ | ચ | વ | ■ | કા | કા | ■ | હા | ર |
| ર | ફુ | ચ | ક્ક | ર | ■ | ■ | ઉ | ર | ■ | કા | જ |
| ■ | દી | પ | ■ | બી | મા | રી | ■ | ■ | ■ | લ | ત |

*ઓગસ્ટ-૨૦૧૩ના અંકમાં છપાયેલ શબ્દ રમત-૮૫ના સમય મર્યાદા બાદ ઉકેલ મોકલાવનારના નામ*

૧૪. જયચંદ માણેકજી લોડાયા - મુંબઈ બધા સાચા

*સપ્ટેમ્બર-૨૦૧૩ના અંકમાં છપાયેલ શબ્દ રમત-૮૬ના ઉકેલ મોકલાવનારના નામ*

| | | | |
|---|---|---|---|
| ૧. | પ્રભા મહેન્દ્ર શેઠિયા | - વલસાડ | બધા સાચા |
| ૨. | શાંતિભાઈ વ. શાહ | - અમદાવાદ | બધા સાચા |
| ૩. | શ્રીમતી ચંદ્રાબેન મહેન્દ્ર શાહ | - ભદ્રા, અમદાવાદ | બધા સાચા |
| ૪. | અજિત એમ. મહેતા | - અમદાવાદ | બધા સાચા |
| ૫. | કિશોર જે. શાહ | - ભુજ | બધા સાચા |
| ૬. | પ્રતાપ નારાણજી દંડ | - અમદાવાદ | બધા સાચા |
| ૭. | અનસુયા કોન્ટ્રાક્ટર | - અમદાવાદ | ૧ ભૂલ |
| ૮. | સરોજ જયેશ શાહ | - અમદાવાદ | ૩ ભૂલ |

★ **પ્રથમ મહિલા પોલીસ અધિક્ષક :** પશ્ચિમ કચ્છ પોલીસ જિલ્લાના પ્રથમ મહિલા પોલીસ અધિક્ષક તરીકે કાર્યભાર સંભાળનાર આઈ.પી.એસ. અધિકારી કુ. વિધિ ચૌધરીએ તાજેતરમાં જણાવ્યું હતું કે સરહદ સલામતી અને મહિલાઓની સુરક્ષાને પ્રાધાન્ય આપવા ઉપરાંત કાયદો અને વ્યવસ્થાની સુદ્રઢ જાળવણી અને વણઉકેલ્યા ગુનાઓનું સંશોધન અગ્રતાક્રમે કરવાનો તેમનો અભિગમ રહેશે. આ તબક્કે તેમણે સેફ સિક્યોર પશ્ચિમ કચ્છની ઈચ્છા વ્યક્ત કરી હતી. લોકો અને પોલીસ સજાગ રહે તો સલામત સમાજનું નિર્માણ કરી શકાય તેવું તેમણે કહ્યું હતું. પોલીસ અધિક્ષક તરીકેની આ પ્રથમ નિમણૂક પશ્ચિમ કચ્છ જેવા સરહદી જિલ્લામાં થવાની ઘટનાને પડકાર લેખાવતાં તેમણે આ જવાબદારી સુપેરે પાર પાડવાનો વિશ્વાસ વ્યક્ત કર્યો હતો. મૂળ રાજસ્થાનના વતની એવા કુ. વિધિ ચૌધરી સુરત ખાતેથી મદદનીશ કમિશનર પદથી બઢતી સાથે પશ્ચિમ કચ્છમાં મુકાયા છે.

★ **ગોધરા તીર્થના દાતા ટ્રસ્ટીના પરિવારજનનું નિધન :** કચ્છ ગોધરામાં પ્રસિદ્ધ તીર્થ અંબેધામના દાતા ટ્રસ્ટી નાગડા પરિવારના શ્રી જિગર જયંતીલાલ ખેતશીનું યુવાનવયે મુંબઈ ખાતે આઘાતજનક નિધન થતાં પંથકમાં શોક પ્રસરી ગયો હતો. અઢી દાયકાના આયુષ્ય દરમ્યાન સ્વ. જિગરભાઈએ સંસ્કાર વારસાનું જતન કરતાં તીર્થધામ વિકાસ ક્ષેત્રે મહત્ત્વનું યોગદાન આપ્યું હતું. તેમના નિધનના સમાચાર સાંભળીને ગોધરાની વિવિધ જ્ઞાતિ - સમુદાયોએ ઊંડો આઘાત પ્રદર્શિત કર્યો હતો.



**સંકલન : દિનેશ આર. મહેતા**

★ **'શિફ્ટિંગ સેન્ડ્સ : કચ્છ અ લેન્ડ ઇન ટ્રાન્ઝીશન' :** જૂના રિવાજો બદલે તે પહેલાં લખવું જોઈએ એવું જણાતાં 'શિફ્ટિંગ સેન્ડ્સ : કચ્છ અ લેન્ડ ઈન ટ્રાન્ઝીશન' પુસ્તક નવી પેઢીને પોતાનું પુસ્તક એક ભેટ સ્વરૂપે છે તેવું કુકમા સ્થિત ખમીર ક્રાફ્ટ પાર્ક ખાતે આયોજિત વિમોચન કાર્યક્રમમાં લેખિકા અર્ચનાબેન શાહે જણાવ્યું હતું. અમદાવાદની નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઑફ ડિઝાઈનના અભ્યાસ દરમ્યાન ૧૯૭૬માં પહેલીવાર તેઓ કચ્છ આવ્યા હતા. કચ્છની કળા સંસ્કૃતિ, વસ્ત્ર પરંપરાનો ઇતિહાસ અને લોકજીવનને અંગ્રેજી પુસ્તિકાના રૂપે મૂક્યા છે. જેથી વિશ્વભરના કલારસિકો કચ્છથી વિશેષરૂપે અવગત થશે તેવું તેમણે જણાવ્યું હતું. તેઓ હસ્તકળા સાથે સંકળાયેલા 'બંધેજ'ના નામે વિવિધ શહેરોમાં પ્રતિષ્ઠાનો ધરાવે છે.

★ **ઉમરસર ખાણ :** લિગ્નાઈટ ક્ષેત્રની પાનન્ધ્રો ખાણ ૨૦૦૮માં બંધ કરાઈ અને ટ્રાન્સપોર્ટ ઉદ્યોગ માટે મૃત્યુઘંટ વાગી ગયો. ત્યારબાદ માતાના મઢ ખાણને ચાલુ કરાઈ પણ આ ખાણ પાનન્ધ્રોનો વિકલ્પ સાબિત થઈ શકી નહીં અને ઉમરસર ખાણને ચાલુ કરવાની વાત થઈ ત્યારે પુનઃ કચ્છ અને ખાસ લખપત તાલુકાના લોકોમાં જાણે જીવ આવ્યો કે હવે પુનઃ ધમધમાટ શરૂ થશે. પરંતુ હજુ સુધી તે દિશામાં કાંઈ થયું ન હતું. હવે ટૂંક સમયમાં ઉમરસર ખાણ ચાલુ થશે તેવી માહિતીથી ફરી લોકોમાં આશા જાગી છે. દરવર્ષે ૧૦ લાખ ટન લિગ્નાઈટનો જથ્થો ઉત્ખનન કરાશે. જાહેર થયેલ વિગત મુજબ ૭૯૧ માનવબળની જરૂરિયાત આ ખાણમાં પડશે. ૨૧ મિલિ. ટન લિગ્નાઈટનો જથ્થો ધરબાયેલો છે, જે લાંબા સમય સુધી ચાલશે. આ કારણે લખપત તાલુકામાં પુનઃ ધમધમાટ થશે તેવી આશા લોકો સેવી રહ્યા છે.

★ **ચરિયાણ જમીન ઉપર વાવેતર :** ભુજ તાલુકાના સુમરાસર ગામે ગામની ઉત્તરે આવેલી ચરિયાણ જમીન ઉપર વાવેતર કરીને દબાણ કરવાનો મુદ્દો ફરી ફરિયાદના રૂપમાં બહાર આવ્યો હતો. થોડા સમય પહેલાં રાજ્યની હાઈકોર્ટના આદેશના પગલે ખાલી કરાવાયેલી આ જમીન ઉપર હાલે ફરી વાવેતર કરીને કેટલાક તત્ત્વોએ દબાણ કરી નાખ્યું છે. દબાણ કરનારા તત્ત્વો ટોળામાં હાથમાં હથિયારો લઈને ઊભા રહી જતાં હોવાની ગામ રહેવાસીઓએ ફરિયાદ કરી હતી. ગ્રામજનોએ જણાવ્યું હતું કે આ મામલે અગર યોગ્ય કરવામાં નહીં આવે તો તેઓ ફરી હાઈકોર્ટના દ્વાર ખખડાવશે.

★ **જૈનાચાર્ય પંન્યાસપ્રવર યશોવિજયજી :** કચ્છ મુંદ્રામાં પ્રથમ વખત ચાતુર્માસ કરવા આવેલા જૈનાચાર્ય પંન્યાસપ્રવર યશોવિજયજી મ.સા.ની જિનવાણી શ્રોતાઓ ઉપર વરસી રહી છે. તેઓશ્રી રચનાત્મક, કાંઈક અલગ અને કાંઈક વર્તમાન સમયને અનુરૂપ વિચારો વ્યક્ત કરી રહ્યા છે. દરેક ધર્મમાં થાય છે તેમ જૈન સંપ્રદાય પણ સમયાંતરે અનેક ગચ્છ - ફીરકા - શાખામાં પણ વહેંચાઈ ગયો છે. મૂળભૂત તત્ત્વજ્ઞાન યથાવત્ રહ્યું છે પણ વાડા મજબૂત થતાં ગયા છે. જૈનાચાર્ય યશોવિજયજી જ્યાં પણ ચાતુર્માસ હોય ત્યાં એમનું પ્રથમ લક્ષ જૈનોમાં એકતા, સંપ અને સહયોગ વધે એ માટેના પ્રયાસો રહ્યા છે. અલગ અલગ ગચ્છોને એક કરવાના પ્રયાસની શરૂઆત છે. સારો સહકાર મળે છે. ભુજ, જામનગર વગેરે શહેરોના ઉદાહરણ સાથે મ.સા. જણાવે છે કે આમ કરવા પાછળનો હેતુ યુવા પેઢીમાં એકતાની ભાવનાને પ્રબળ કરવાનો છે. ચાતુર્માસનો પ્રવેશ સાથે

*સાહસ અને સંગઠન સફળતા અપાવે છે.*

મળીને કરવો, અન્યના ધર્મસ્થાનકોમાં જવું અને ત્યાં જિનવાણીના પ્રવચનો કરવા એ વર્તમાનની જરૂરિયાત છે. જૈનેતર લોકોને સંદેશો આપતાં તેમણે જણાવ્યું કે પોતાની લાગણી, વિચાર અને વર્તનને પવિત્ર રાખી પ્રભુની નજીક રહેવાનો પ્રયત્ન જૈન અને જૈનેતર સૌએ કરવો રહ્યો. *(લેખક, પત્રકાર શ્રી અશ્વિન ઝિંઝુવાડિયાએ મ.સા.ની લીધેલી એક મુલાકાત દરમ્યાન થયેલા વાર્તાલાપના આધારે.)*

★ **મસ્કામાં અદ્યતન લેબોરેટરી :** જિંદગી તો બધા જીવે છે. પોતાની પીડા તો દરેકને પીડે પરંતુ પારકાની પીડા જે જાણે તેનું જીવન સાર્થક ગણાય છે. **સર્વ સેવા સંઘ પરિવારે પારકાની પીડા માત્ર જાણી નથી પણ નિવારવા આરોગ્ય યજ્ઞ આદર્યો છે** તેવું મસ્કા એન્કરવાલા હોસ્પિટલમાં અદ્યતન લેબોરેટરીનું લોકાર્પણ કરતા જાણીતા કચ્છી ઉદ્યોગપતિ શ્રી દામજીભાઈ એન્કરવાલાએ જણાવ્યું હતું.

★ **પોલીટેકનિકમાં અનામત નાબૂદ :** એકબાજુ કચ્છને મળેલી મેડિકલ કોલેજમાં સ્થાનિકને અનામત બેઠકો માટેની લડત હજુ જારી છે પણ કચ્છી વિદ્યાર્થીઓને પડેલા એક મોટા ફટકામાં સરકારે ભુજની પોલીટેકનિકમાં સરહદી વિસ્તાર વિકાસ યોજના અન્વયે ફાળવાયેલી તમામ અનામત બેઠકો રદ કરી નાખી છે. ૧૯૮૬માં રાજીવ ગાંધીના સમયમાં મળેલી કચ્છને ભેટ એ હવે ઈતિહાસ બની ગઈ છે. **ડિપ્લોમા ફાર્મસીની આદિપુર તોલાણી કોલેજ ખાતેની તમામ ૩૦ બેઠકો તો ગત વર્ષે જ અનામતમાંથી જનરલમાં ફેરવી નખાઈ હતી. આ બાબતે સ્થાનિકે કોઈ નેતાએ હરફ પણ ઉચ્ચાર્યો નથી.**

★ **મીઠાં ઉદ્યોગને ફટકો :** દેશની મીઠાની જરૂરિયાત સામે ૭૦ ટકા મીઠું ઉત્પાદિત કરતા ગુજરાતમાં પણ ૭૫ ટકા જેવો ઉત્પાદનનો હિસ્સો ગાંધીધામ સંકુલમાં ધમધમતા નમક ઉદ્યોગકારોને આભારી છે. આવા સંજોગોમાં છેલ્લા થોડાં વર્ષોથી કંડલા પોર્ટ ટ્રસ્ટ દ્વારા ઉદ્યોગકારો સામે કાનૂની કાર્યવાહી ભારે બાધારૂપ બની છે. લીઝ હોલ્ડર જમીનો કે.પી.ટી.એ પરત લઈ લીધા બાદ જ્યાં સુધી લીઝ હતી ત્યાં સુધી પ્રથમ ૧૩ હજાર પછી ૨૩ હજાર અને હવે ૨૭ હજારના ભાવે જૂનાં લેણાં ચૂકવવા નોટિસો જારી કરવામાં આવી છે. એક તરફ ૨૩ હજારના ભાવનો મુદ્દો વડી અદાલતમાં પડતર છે ત્યાં ૨૭ હજારનો ભાવ કરાતાં સંકુલમાં આશ્ચર્ય ફેલાયું છે.

★ **જમીન કેસ :** ભુજ નગરપાલિકાના કથિત ભાજપના સભ્યની સંડોવણીવાળા મુંદ્રા વિસ્તારના અલગ અલગ પાંચ ફોજદારી કેસની તપાસ પોલીસ પાસેથી આંચકી લઈને સી.આઈ.ડી. ક્રાઈમને સોંપવાનો નિર્ણય રાજ્ય સરકારના ગૃહખાતાએ તાજેતરમાં લીધો છે.

★ **૧૦૦ કિ.મી.ની વિક્રમી દોડ :** કચ્છ ગાંધીધામના દોડવીર શ્રી ધનંજયકુમારે લદ્દાખમાં ૧૦૦ કિ.મી.ની દોડમાં પ્રથમ સ્થાન મેળવીને આ દોડ પૂર્ણ કરનાર પ્રથમ ભારતીયની સિદ્ધિ મેળવી હતી. ૧૦૦ કિ.મી.ની દોડ તેણે ૧૬ કલાક ૨૯ મિનિટ અને ૬ સેકન્ડમાં પૂર્ણ કરી હતી. ઝેન્ડ્યુરન્સ નામની સંસ્થાના માધ્યમથી ૫-૨૧-૪૨ અને ૧૦૦ કિ.મી. એમ ચાર વિભાગમાં દોડની હરીફાઈ યોજાય છે. ૧૬,૦૦૦ ફીટની ઊંચાઈથી શરૂ થયેલી દોડ ૧૮,૩૮૦ ફીટની ઊંચાઈ સુધી લઈ ગઈ હતી. **લદ્દાખમાં અત્યાર સુધી ૧૦૦ કિ.મી.ની દોડ કોઈએ પૂર્ણ નહીં કરી હોવાથી ગાંધીધામના આ ખેલાડીએ તાજેતરમાં નવું કીર્તિમાન સ્થાપ્યું હતું.**


★ **હરિયાળો - ખડીર પંથક :** કુદરતના અમૂલ્ય ખજાના સમો ખડીર પંથક સારા વરસાદને પગલે સોળે કળાએ ખીલી ઊઠ્યો છે. જાણે કે ધરતીએ નવજોબન રૂપ ધારણ કર્યું હોય અને નવોઢાની જેમ લીલા કલરની ઓઢણી ઓઢી હોય તેવો નજારો આંખ ઠારે તેવો છે. અનેક પ્રકારના વૃક્ષો, સરગવો, કળાપો, કલમ ગુંદી, બોરડી, સીસલી, ઝીંક, કુંદેરી, ગણગેટી, ઉમરો, ખીજડો, ગોરખ, ગુગળ, વીકો ઉપરાંત અસંખ્ય વૃક્ષોથી આખેઆખો રખાલ વિસ્તાર ખીલી ઊઠ્યો છે. તે સાથે આસપાસ વિસ્તારમાં તળાવો પણ નજરે પડે છે. રણ તેમજ ડુંગરનો મિલાપ અદ્ભુત દૃશ્ય ખડું કરે છે. ચોમાસામાં પડેલા વરસાદના કારણે નવપલ્લવિત ખડીર પંથક હાલે એકદમ હરિયાળો બની ગયો છે.

★ **ભરણપોષણ અંગે હાઈકોર્ટનો મહત્ત્વનો ચુકાદો :** પતિ પાસેથી પત્ની પોતાની અપરિણીત પુખ્તવયની બે પુત્રીઓનું ભરણપોષણની માંગ કરવા સંદર્ભે ગુજરાત હાઈકોર્ટમાં કરાયેલી અરજીને ગ્રાહ્ય રાખીને પિતા તરીકે બંને પુત્રીઓને ભરણપોષણ આપવાનો કચ્છના ભરણપોષણ અંગેના એક દાવામાં હાઈકોર્ટે મહત્ત્વપૂર્ણ હુકમ તાજેતરમાં કર્યો હતો. કોર્ટે અવલોકન કર્યું હતું કે જ્યાં સુધી પુત્રીઓ પોતાના પગભર ન બને અથવા પરણે નહીં એટલે કે પોતાની રીતે પોતાનું ભરણપોષણ કરવા સક્ષમ ન થાય ત્યાં સુધી પિતા દ્વારા તેમના ભરણપોષણ માટે હક્કદાર બને છે.

★ **મેજર પોર્ટ ઓફ ધી યર :** દેશના પ્રથમ હરોળના કંડલા મહાબંદરે પુનઃ પ્રતિષ્ઠિત મેરીટાઈમ એન્ડ લોજિસ્ટિક ઍવોર્ડ (માલા) ૨૦૧૩ તાજેતરમાં હાંસલ કર્યો હતો. કંડલા પોર્ટે સતત ચાર વર્ષથી પ્રથમ નંબરનું સ્થાન જાળવી રાખ્યું છે. મંત્રાલયના ૮૯ મિલિયન મેટ્રિક ટનના લક્ષ્યાંક સામે કે.પી.ટી.એ વર્ષ ૨૦૧૨-૧૩ના નાણાકીય વર્ષમાં ૯૩.૬૩ એમ.એમ.ટી. કાર્ગો હેન્ડલ કર્યો હતો. ગત વર્ષે ૮૨.૫૦૧ મિલિયન મેટ્રિક ટન સામે આ વર્ષે લગભગ ૧૩ ટકાની વૃદ્ધિ સાથે એક ઈતિહાસ સર્જ્યો છે.

★ **અબડાસા વિસ્તારની કફોડી હાલત :** અબડાસાના ધરતીપુત્રો અને આમવર્ગની જાણે પરીક્ષા લેતા હોય તેમ મેઘરાજાએ દાદ આપી નથી. આ વિસ્તારના કાંઠાળના દસ ગામોમાં પ્રારંભિક સારા વરસાદને પગલે પાંચ હજાર એકર જમીનમાં મગફળી અને રામમોલનું થયેલું વાવેતર નિષ્ફળ જવાનો ભય ઊભો થયો છે. તેવી રીતે ગરડા વિસ્તારના ૨૫થી ૩૦ ગામોના વીસ હજાર એકરમાં વાવેતર નિષ્ફળ જવાની દહેશતના પગલે આ ગામોમાં દુષ્કાળ જેવી પરિસ્થિતિના સંકેત મળી રહ્યા છે. ■

*જે વ્યક્તિ કોઈને રચનાત્મક વિચાર આપે છે તે હંમેશ માટે તેને સંપન્ન કરી દે છે.*




## સરનામા ફેરફાર

- **ધૈર્ય નરેશભાઈ વોરા**
  એ-૫૪, પ્રેરણા વિરાજ ટાવર-૧, રોઝવુડ ટાવરની પાછળ,
  પ્રેરણાતીર્થ દેરાસર પાસે, સેટેલાઈટ,
  અમદાવાદ-૩૮૦ ૦૧૫.
- **પીયૂષ હરિલાલ મોરબિયા**
  બી-૯, ઉદય ફ્લેટ, નીરવ એપાર્ટમેન્ટની સામે,
  શાંતિવન, પાલડી, અમદાવાદ-૩૮૦ ૦૦૭.
  મો. ૯૪૨૬૮ ૩૮૦૦૧
- **સંદીપ તારાચંદ મોતા**
  ૨૨/બી, સૂર્યકિરણ સોસાયટી,
  પી.ડી. પંડ્યા કૉલેજ પાસે, સ્મૃતિ મંદિર રોડ,
  ઘોડાસર, અમદાવાદ-૩૮૦ ૦૫૦.
  મો. ૯૮૨૪૦ ૩૫૫૦૧

## અવસાન નોંધ

- **પ્રમીલાબહેન જયંતભાઈ મેઘજી ધરમશી (મંજલ રેલડિયા - અમદાવાદ)** (ઉં.વ. ૭૧) સોમવાર, તા. ૧૫-૮-૨૦૧૩ના રોજ અરિહંત શરણ થયેલ છે.

*સદ્‌ગતના આત્માના શ્રેયાર્થે પ્રાર્થના.*

## 'નાસા' દ્વારા સિલેક્શન



**સિધ્ધાર્થ શાહ (ઉં.વ.-૧૪)**

શ્રી શાંતિલાલ છગનલાલ શાહ (તુંબડી - અમદાવાદ) એ શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના શુભેચ્છક છે અને હંમેશને માટે તેઓ સમાજની સાથે ખભેખભા મિલાવીને ચાલે છે.

તેઓના સહુથી મોટા પુત્ર શ્રી કેતન શાંતિલાલ શાહ ધંધાના વિકાસાર્થે છેલ્લા કેટલાક વર્ષોથી બેંગ્લોરમાં વસવાટ કરે છે.

શ્રી કેતનના સુપુત્ર ચિ. સિધ્ધાર્થ (ઉં.વ.-૧૪) બેંગ્લોરની "બીશપ કોટન બોયઝ સ્કૂલ"માં અભ્યાસ કરે છે. દુનિયાભરમાંથી વિજ્ઞાનમાં જે વિદ્યાર્થીઓ હોશિયાર હોય તેની પસંદગી કરી 'નાસા' (નેશનલ એરોનોટીકલ સ્પેસ એકેડેમી, ઓરલેન્ડો, અમેરિકા) આ વિદ્યાર્થીઓને પોતાને ત્યાં ૧૫ દિવસ માટે બોલાવી જરૂરી તાલીમ આપે છે. સિધ્ધાર્થ ત્યાં જઈને રોબોટની ડિઝાઈન તૈયાર કરશે અને ત્યાંના વૈજ્ઞાનિકો સાથે આ પ્રકારના વિષયે ચર્ચા કરશે. સિધ્ધાર્થ બીજી ઓક્ટોબર, ૨૦૧૩ના બેંગ્લોરથી અમેરિકા જવા પ્રયાણ કરશે.

શ્રી સિધ્ધાર્થને શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની ખૂબ ખૂબ શુભેચ્છા.

શ્રધ્ધાબેન કેતનભાઈ શાહને ખૂબ ખૂબ અભિનંદન.

કમલબેન શાંતિલાલ શાહને પણ ખૂબ ખૂબ અભિનંદન.

---

★ શૂરાતન ઉછાળા મારતો ફુવારો હોય છે. પ્રસંગ મળતાં જ તે સ્વયંભૂ ઊછળી આવે છે. કેટલીક વાર તો પ્રસંગ ન હોય તો વગર પ્રસંગનો પ્રસંગ ઊભો કરીને પણ શૂરાતન ઊછળી આવતું હોય છે. ઊછળતા શૂરાતનને નિયંત્રણમાં રાખવાનું કામ ડહાપણ કરે છે. પણ જો ડહાપણ હોય જ નહિ અને માત્ર શૂરાતન જ હોય, તો શૂરાતન નિયંત્રણ વિનાનું થઈ જતું હોય છે. ડહાપણ વિનાના શૂરાતનની પ્રથમ નિશાની વારંવાર શરતો લગાવવી તે છે. ડાહ્યા માણસ શરતો ન લગાવે, પણ કદાચ લગાવે તો પૂરી કરી શકાય તેવી જ લગાવે. ડહાપણ વિનાના લોકો ઊછળતા પરાક્રમવાળા હોય તો ગમે તેવી અસંભવિત શરતો લગાવે અને તેને પૂરી કરવા ઈતિહાસ રચી નાખે, જેમાં કશો સાર ન હોય.

★ રાજપૂતોમાં મોટા ભાગનાં વેર-ઝેર નજીવી બાબતને વળ ચઢાવવાથી વધેલાં દેખાય છે. બધા જ વટના કટકા. કોઈ જરાય નમતું ન જોખે. અંતે મહાવિનાશ નોંતરી બેસે તોપણ વાંધો નહીં. ડહાપણ વિનાનું શૂરાતન ઘણીવાર મહા અનર્થ કરી બેસે.

★ વ્યવહાર કરતાં આદર્શ થોડો ઊંચો હોવો જોઈએ, જેથી લોકોને ઉન્નત જીવનની પ્રેરણા મળે. પણ આદર્શ જ્યારે અતિઆદર્શ થઈ જાય ત્યારે તેનો વ્યવહારિકતાથી સંબંધ કપાઈ જાય. વ્યવહારિકતાથી જેનો સંબંધ રહે જ નહીં તેવો આદર્શ અપ્રસ્તુત થઈ જાય. જેમ કે લગ્ન કર્યા પછી પણ પતિ-પત્ની બંનેએ જીવનભર બ્રહ્મચર્ય પાળ્યું.

આ અતિ આદર્શ કહેવાય. એ અપ્રસ્તુત કહેવાય. લગ્ન પછી પતિ-પત્ની સંયમ પામે અર્થાત્ માપસરના જ ભોગ ભોગવે તે પ્રસ્તુત આદર્શ કહેવાય. કોઈ પણ ભોગે વ્યવહારિકતાની ઉપેક્ષા કે અવજ્ઞા ન થવી જોઈએ.

***- સ્વામી સચ્ચિદાનંદજી***
***(કચ્છી કથાઓમાંથી)***

---

*નૈતિકતા અને પ્રામાણિક્તા હોય ત્યાં ધાર્મિકતાની કોઈ જરૂરત નથી.*

# સાભાર સ્વીકાર

*શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની સક્રિય વિવિધ યોજનાઓ માટે નીચે મુજબ દાતાશ્રીઓ તરફથી દાન / ભેટ પ્રાપ્ત થયેલ છે.*

## જનરલ ડોનેશન ખાતે

રૂા. ૧૦૦૦૦/- શ્રી સુમતિભાઈ વિશનજી મોતા - અમદાવાદ

## શ્રી કચ્છી જૈન સેવા સમાજને ભેટ

રૂા. ૧૦૦૧/- શ્રીમતી વર્ષા રામજી અનિલ હરિયા (બાડા - અમદાવાદ) (સુપુત્ર અને પુત્રવધૂ શ્રીમતી કૃતિકા પ્રતીક હરિયાને ત્યાં પુત્ર જન્મની ખુશાલી પ્રસંગે)

## વૈયાવચ્ચ ખાતે

રૂા. ૫૧/- શ્રી નિકુંજ ગાલા - મુંબઈ
રૂા. ૩૫૧/- શ્રી પ્રદીપ દોશી - રાજકોટ
રૂા. ૫૦૧/- શ્રી નરેન્દ્ર હરિલાલ સંઘવી - અમદાવાદ
રૂા. ૨૦૦/- શ્રી જિનય ગાલા - મુંબઈ
રૂા. ૧૦૦/- શ્રી કુણાલ પ્રફુલ્લ શાહ - મુંબઈ
રૂા. ૫૦/- શ્રી ધ્રુવ પારેખ - ભુજ
રૂા. ૩૦૦/- શ્રી કૌશિક ભાઈચંદ શાહ - અમદાવાદ
રૂા. ૧૫૦/- શ્રી વિપુલ કાંતિલાલ મહેતા - ભચાઉ
રૂા. ૫૦૦/- શ્રી હેતલ સમીર - અમદાવાદ
રૂા. ૨૫૦/- શ્રી રતિલાલ છેડા - સુરત
રૂા. ૨૦૦/- શ્રી જ્યોતેન્દ્ર સંઘવી - અમદાવાદ
રૂા. ૫૦૦/- શ્રી ધીરેન્દ્ર હેમેન્દ્ર શાહ - ભાવનગર
રૂા. ૧૦૦/- શ્રી લહેરચંદ હીરજી શાહ - બેંગ્લોર

## શૈક્ષણિક સહાય ખાતે

રૂા. ૨૦૦/- શ્રી દિલીપ અમૃતલાલ શાહ - ભુજ
રૂા. ૫૦૦/- શ્રી શાંતિલાલ સોમચંદ શેઠ - અમદાવાદ
રૂા. ૧૫૦/- શ્રી લલિતભાઈ મહેતા - મુંબઈ
રૂા. ૫૦/- શ્રી કલ્પેશ નવીનચંદ્ર ધરોડ - માંડવી

## સાધર્મિક સહાય ખાતે

રૂા. ૨૫૦૦/- શાંતાબેન પોપટલાલ નેણશી ધરોડ પરિવાર (પત્રી - અમદાવાદ) તરફથી સ્વ. શ્રી પોપટલાલ નેણશી ધરોડની તા. ૭-૯-૨૦૧૩ના રોજ પ્રથમ વાર્ષિક પુણ્યતિથિ નિમિત્તે
રૂા. ૧૧૦૦/- શ્રી અંકુર નરેન્દ્ર દેઢિયા - અમદાવાદ
રૂા. ૧૦૦૧/- સ્વ. અલકાબેન હીરજી શાહ - અમદાવાદ

## શ્રી જલારામ અન્નક્ષેત્ર ખાતે

રૂા. ૨૫૦૦/- શાંતાબેન પોપટલાલ નેણશી ધરોડ પરિવાર (પત્રી - અમદાવાદ) તરફથી સ્વ. શ્રી પોપટલાલ નેણશી ધરોડની તા. ૭-૯-૨૦૧૩ના રોજ પ્રથમ વાર્ષિક પુણ્યતિથિ નિમિત્તે
રૂા. ૧૧૦૦/- શ્રી અંકુર નરેન્દ્ર દેઢિયા - અમદાવાદ
રૂા. ૧૦૦૦/- શ્રી ભાવિનભાઈ છેડા - મુંબઈ

## 'મંગલ મંદિર'ને ભેટ

રૂા. ૨૦૦/- શ્રીમતી મિત્તલબેન દર્શન સંઘવી - અમદાવાદ
રૂા. ૩૦૦/- શ્રી મહેન્દ્ર દેવજી ખોના - અમદાવાદ
રૂા. ૧૦૦૧/- ચિ. સિધ્ધાર્થની બીશપ કોટન બોયઝ સ્કુલ - બેંગ્લોરમાંથી 'નાસા'ની ૧૫ દિવસની ટ્રેઈનિંગ માટે પસંદગી થતા અને તેથી તે તા. ૨-૧૦-૨૦૧૩ના રોજ અમેરિકા જવા પ્રયાણ કરતા, શ્રીમતી કમલબેન શાંતિલાલ છગનલાલ શાહ (તુંબડી - અમદાવાદ) તરફથી સપ્રેમ ભેટ.

*સંસ્થા ઉપરોક્ત તમામ દાતાશ્રીઓનો ખૂબ ખૂબ આભાર માને છે.*

# સ્વ. શ્રી ધીરજભાઈ સોમપુરા

સ્વ.શ્રી ધીરજભાઈ સોમપુરાનું ગત તા. ૧૫-૮-૨૦૧૩ના અમદાવાદ ખાતે દુઃખદ અવસાન થયેલ હતું. 'મંગલ મંદિર'ના ગત અંકમાં તેમના વિશે એક શ્રધ્ધાંજલિ લેખ પ્રકાશિત કરવામાં આવેલ હતો.

સ્વ. શ્રી ધીરજભાઈ સોમપુરા તેમની કારકિર્દીના અંતિમ ચરણમાં ગુજરાત સ્મોલ ઈન્ડસ્ટ્રીઝ કોર્પોરેશનના જનરલ મેનેજરના પદે રહી નિવૃત્ત થયેલ હતા.

તેમના નિધન નિમિત્તે તા. ૧૭-૮-૨૦૧૩ના તેમના પરિવાર તરફથી અમદાવાદ ખાતે ભજન સંધ્યાનું આયોજન કરવામાં આવેલ હતું. ભજન સંધ્યા બાદ તેજ સ્થળે શ્રી કચ્છી સમાજ - અમદાવાદ તરફથી શ્રધ્ધાંજલિ સભાનું આયોજન કરવામાં આવેલ હતું.

ઉપરોક્ત માહિતી પ્રાપ્ત કરાવવા બદલ તેમના સુપુત્ર શ્રી પ્રશાંત સોમપુરાનો આભાર.

**– તંત્રી મંડળ**

*'તકો' સૌ કોઈ માટે એકસરખી જ હોય છે, તફાવત ફક્ત એટલો જ હોય છે કે 'સફળ' વ્યક્તિઓ 'પરિણામ' આપે છે જ્યારે 'નિષ્ફળ' વ્યક્તિઓ 'કારણ' આપે છે....*

*સફળતા પર સફળતાની ઈમારત નથી ચણાતી. નિષ્ફળતારૂપી ભંગાર પર જ સફળતાની અડીખમ ઈમારત ઊભી થાય છે.*

## શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદનું શ્રી કચ્છી જૈન ભવન પર ચાલતું

# મેડિકલ સેન્ટર

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના મેડિકલ સેન્ટરની રચના વર્ષ ૧૯૯૭માં કરવામાં આવ્યું કે જયારે શ્રી કચ્છી જૈન ભવનનું ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું. ત્યારબાદ છેલ્લા ૧૫ વર્ષમાં તેમાં ધાર્યા કરતાં પણ વધુ પ્રગતિ થવા પામેલ હતી કે જેનો મુખ્ય શ્રેય અહીંના ડૉક્ટરો દ્વારા અપાતી ઉચ્ચ પ્રકારની સારવાર, લગભગ દરેક વિભાગના પરીક્ષણની વ્યવસ્થા તથા કુશળ સ્ટાફ દ્વારા ઉત્તમ કક્ષાના મેનેજમેન્ટને જાય છે. સાથે સાથે તબીબી સેવા સમિતિ લગભગ દર અઠવાડિયે પોતાની મિટીંગ ભરી ઉદ્‌ભવતા પ્રશ્નોનો નિકાલ કરી, સમગ્ર પ્રક્રિયા પર ચાંપતી દેખરેખ રાખતી હોવાના કારણે આ મેડિકલ સેન્ટર ઉત્તરોત્તર પ્રગતિ સાધતું આવેલ છે.

મેડિકલ સેન્ટરના અનેક દાતાશ્રીઓ અને તેમાં પણ મુખ્યત્વે નવનીત ગ્રુપ અને શ્રી કાંતિલાલ વેલજી સાવલા પરિવારનો આર્થિક સહયોગ પણ આ સેન્ટરની પ્રગતિના મુખ્ય સ્રોત ગણી શકાય.

દિવસો દિવસ વધતી જતી દર્દીઓની સંખ્યાના કારણે આ સેન્ટરમાં ખૂબ જ ભીડ અનુભવાતી હતી અને તબીબી સેવા સમિતિના કાર્યકરો છેલ્લા બે વર્ષથી તેનો ઉપાય શોધવામાં લાગી ગયેલ હતા.

ત્યારબાદ આ સંપૂર્ણ સેન્ટરને રીનોવેટ કરવાના પ્લાનિંગ કરવામાં આવ્યા. પરંતુ તે દરમ્યાન સુવર્ણ જયંતી મહોત્સવનું વર્ષ આવી જતાં, રીનોવેશનનું કાર્ય મોકૂફ રાખવામાં આવેલ હતું.

સુવર્ણ જયંતી વર્ષની પૂર્ણાહુતિ બાદ આ કાર્ય હાથ પર લેવામાં આવ્યું અને લગભગ બધી જ શાખાઓ, જરૂરિયાતના સમયે તેના સ્થળ બદલીને પણ ચાલુ રાખવામાં આવી અને અન્ય તરફ પીસ મિલમાં આ સેન્ટરને રીનોવેટ કરવાનું શરૂ કરવામાં આવ્યું. લગભગ છેલ્લા છ મહિનાથી અવિરતપણે ચાલતું આ કાર્ય પૂર્ણાહુતિના આરે આવીને ઊભું છે. તેના દરેક રૂમને એ.સી. કરવામાં આવેલ છે. જરૂરિયાત મુજબની નવી મશીનરી પણ વસાવી લેવામાં આવેલ છે. રીનોવેટ કરવાનો સંપૂર્ણ ખર્ચ લગભગ રૂા. એક કરોડની આજુબાજુ થવા સંભાવના છે.

રીનોવેટ કાર્યના મુખ્ય આર્કિટેક્ટ, કન્સલ્ટન્ટ, ડિઝાઈનર અને એક્ઝીક્યુશન કરવાનો એક જ વ્યક્તિને ઍવોર્ડ આપવામાં આવે તો તે ઍવોર્ડના એકમાત્ર અધિકારી તરીકે શ્રી પ્રતાપ નારાણજી દંડનું નામ ઉપસી આવે છે. તે બદલ તેમને અભિનંદન આપવા જોઈએ. તેમની કાર્યશક્તિને બિરદાવવી જોઈએ. છેલ્લા છ મહિનાથી તેમની ધગશ, ખંત અને મહેનતનું આ પરિણામ શ્રી કચ્છી જૈન સેવા સમાજને મળી રહેલ છે. તેઓ આ સમાજના માનદ્ મંત્રીના પદે બિરાજમાન છે.

રીનોવેટ કરેલ મેડિકલ સેન્ટરનું ઉદ્‌ઘાટન રવિવાર, તા. ૨૦-૧૦-૨૦૧૩ના રાખવામાં આવેલ છે. તેના માટે અનેક મહાનુભાવોને નિમંત્રણ આપવામાં આવી રહેલ છે. અનેક મહાનુભાવો ઉદ્‌ઘાટનના સમયે મુખ્ય મહેમાનશ્રી તરીકે સમાજના આંગણે પધારવાના છે. આપણને ખુશ થવાનો ફરી એક અવસર પ્રાપ્ત થઈ રહેલ છે.

***અત્યાર સુધી નીચે મુજબના બહારગામના મહાનુભાવોએ આપણે ત્યાં અતિથિ વિશેષશ્રી તરીકે ઉપસ્થિત રહેવાની સહમતિ આપેલ છે.***

- શ્રી ડુંગરશીભાઈ ગાલા (રાયણ - મુંબઈ)
- શ્રી દામજીભાઈ એંકરવાલા (કુંદરોડી - મુંબઈ)
- શ્રી ચંદ્રકાંતભાઈ ગોગરી (નાના ભાડિયા - મુંબઈ)
- શ્રી હિતેશભાઈ માણેકજી મોતા (રાપર ગઢવારી - મુંબઈ)
- શ્રી શાંતિલાલ ડુંગરશી મારુ (ડેપા - મુંબઈ)
- શ્રી મૂકેશભાઈ ઝવેરી (ભુજ)
- શ્રી બિપીનચંદ્ર કાનજી જૈન (નાની ખાખર - મુંબઈ)
- શ્રી સુશીલ ધીરજલાલ કાપડિયા (પત્રી - હૈદ્રાબાદ)
- શ્રી ડુંગરશી ટોકરશી વોરા (નવીનાર - મુંબઈ)
- શ્રી રમેશચંદ્ર પ્રેમચંદ મહેતા (બિદડા - મુંબઈ)
- શ્રી દીપકભાઈ માલશીભાઈ ભેદા (મોખા - મુંબઈ)
- શ્રી ભદ્રેશભાઈ બાબુભાઈ શાહ (ભુજ)
- શ્રી વાડીલાલ રતનશી સાવલા (સુવઈ - રાપર)

*નીચે મુજબના સ્થાનિક મહાનુભાવોએ પણ આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહેવા સહમતિ આપેલ છે.*

- શ્રી નરેન્દ્ર રામજી દેઢિયા
- ડૉ. મધુભાઈ મોહનલાલ શાહ
- શ્રી હરીશભાઈ રંગવાલા
- શ્રી મહેન્દ્રભાઈ ભાનુશાલી

**ઉપરોક્ત ઉદ્‌ઘાટનની આમંત્રણ પત્રિકાઓ અનેક મહાનુભાવોને મોકલવામાં આવી રહેલ છે. આમંત્રિત મહાનુભાવોને આ કાર્યક્રમમાં પધારવાનું હાર્દિક નિમંત્રણ છે. આ કાર્યક્રમ આમંત્રિત મહાનુભાવો પૂરતું નિયંત્રીત રાખવામાં આવેલ છે.**

*મેડિકલ સેન્ટરના રીનોવેશન ખર્ચને પહોંચી વળવા એક નકરાની યોજના વિચારવામાં આવેલ છે કે જે નીચે મુજબ યોજેલ છે :*

| | |
|---|---|
| ■ પેથોલોજી લેબોરેટરી નામની તક્તી સામે | રૂા. ૧૫.૦૦ લાખ |
| ■ સોનોગ્રાફી વિભાગના નામની તક્તી સામે | રૂા. ૧૧.૦૦ લાખ |
| ■ એક્સ-રે વિભાગના નામની તક્તી સામે | રૂા. ૧૧.૦૦ લાખ |
| ■ ૨-ડી ઈકો વિભાગના નામની તક્તી સામે | રૂા. ૧૧.૦૦ લાખ |
| ■ આઈ ઓપરેશન થિયેટરના નામની તક્તી સામે | રૂા. ૧૧.૦૦ લાખ |
| ■ જનરલ ઑપરેશન થિયેટરના નામની તક્તી સામે | રૂા. ૭.૦૦ લાખ |
| ■ ડેન્ટલ વિભાગના નામની તક્તી સામે | રૂા. ૭.૦૦ લાખ |
| ■ ફીઝિયોથેરાપી વિભાગના નામની તક્તી સામે | રૂા. ૭.૦૦ લાખ |
| ■ મેડિસીન-૧ વિભાગના નામની તક્તી સામે | રૂા. ૫.૦૦ લાખ |
| ■ મેડિસીન-૨ વિભાગના નામની તક્તી સામે | રૂા. ૫.૦૦ લાખ |
| ■ ગાયનેક વિભાગના નામની તક્તી સામે | રૂા. ૫.૦૦ લાખ |
| ■ પીડિયાટ્રીક વિભાગના નામની તક્તી સામે | રૂા. ૫.૦૦ લાખ |
| ■ સ્કીન વિભાગના નામની તક્તી સામે | રૂા. ૫.૦૦ લાખ |
| ■ આઈ વિભાગના નામની તક્તી સામે | રૂા. ૫.૦૦ લાખ |
| ■ ઈ.એન.ટી. વિભાગના નામની તક્તી સામે | રૂા. ૫.૦૦ લાખ |
| ■ જનરલ સર્જરી વિભાગ પર નામની તક્તી સામે | રૂા. ૫.૦૦ લાખ |
| ■ ઓર્થોપેડિક વિભાગના નામની તક્તી સામે | રૂા. ૫.૦૦ લાખ |
| ■ ટી.એમ.ટી. વિભાગના નામની તક્તી સામે | રૂા. ૫.૦૦ લાખ |
| ■ સુપર સ્પેશિયાલિટી વિભાગના નામની તક્તી સામે | રૂા. ૫.૦૦ લાખ |
| ■ મેડિકલ સ્ટોર પર નામની તક્તી સામે | રૂા. ૫.૦૦ લાખ |

*શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના સેવા યજ્ઞમાં ઉપરોક્ત નકરાની યોજનામાં ભાગ લઈ સહુ દાતા પ્રેમીઓને સહકાર આપવા અપીલ કરવામાં આવે છે.*

**અશોક મહેતા**
**મેનેજિંગ ટ્રસ્ટી અને પ્રમુખ**
**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ**

*ઈશ્વર દરેક પંખી માટે ચણ તો પેદા કરે જ છે, પણ એના માળામાં નથી નાંખી આવતો. તે શોધવા પંખીએ જાતે નીકળવું પડે છે.*

# શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ

## સ્નેહ મિલન સમારંભનો અહેવાલ

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદનો ૫૧મો વાર્ષિક સ્નેહ મિલન સમારંભ રવિવાર, તા. ૨૨-૯-૨૦૧૩ના સવારના ૧૦ વાગે શ્રી કચ્છી જૈન ભવન - પાલડી મધ્યે યોજવામાં આવેલ હતો. આ પ્રસંગે સમાજની ૧૭૦૦ વ્યક્તિ ઉપસ્થિત રહેલ હતી અને દરેકે સ્વામિવાત્સલ્યનો લાભ લીધેલ હતો.

સ્નેહ મિલન સમારંભમાં અતિથિ વિશેષશ્રી તરીકે હાઈકોર્ટ જજ અને મૂળ જંગીના શ્રી સતીષચંદ્ર હેમચંદ્ર વોરા તથા નવનીત એજ્યુકેશન લિમિટેડના જોઈન્ટ મેનેજિંગ ડાયરેક્ટર તથા ઈ-સેન્સ પ્રા.લિ.ના મેનેજિંગ ડાયરેક્ટર શ્રી રાજુભાઈ ગાલા ઉપસ્થિત રહેલ હતા.

અતિથિ વિશેષ શ્રી સતીષચંદ્ર હેમચંદ્ર વોરાએ આ પ્રસંગે જણાવેલ કે શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ તેમની પ્રવૃત્તિઓ ૪૦ જેટલી વિવિધ સમિતિઓ દ્વારા ચલાવી રહેલ છે તે ખૂબ જ આનંદની વાત છે. આપણે આ સમિતિઓના કન્વીનરશ્રીઓને વારાફરતી અલગ અલગ સમિતિઓના કન્વીનર બનાવીએ કે જેથી દરેકને અલગ અલગ પ્રવૃત્તિઓનો અનુભવ મળી શકે. પરિણામે સમાજને વિવિધ અનુભવવાળી વ્યક્તિઓનો સમૂહ મળી શકે અને સમાજ તેટલો મજબૂત બની શકે. અતિથિ વિશેષપદેથી બોલતા શ્રી રાજુભાઈ ગાલાએ જણાવેલ કે તેઓએ શાળાઓમાં ડિજિટલ ગવર્નિંગની યોજના માટે અમુક પ્રકારના ડિજિટલ સાધનો અને તેના સોફ્ટવેર બનાવેલ છે કે જેના કારણે વિદ્યાર્થીઓને અભ્યાસમાં ખૂબ જ મદદ મળી શકે. નવનીતના પ્રયાસથી અનેક શાળાઓના ક્લાસરૂમ કોમ્પ્યુટરાઈઝ્ડ પદ્ધતિથી સજ્જ થતા જાય છે.

વર્ષ ૨૦૧૨-૧૩ દરમ્યાન મંગલ મંદિરમાં આવેલ લેખો પૈકી પુરસ્કારના અધિકારી એવા કચ્છ યુનિવર્સિટીના પૂર્વ વાઈસ ચાન્સેલર ડૉ. કાંતિભાઈ ગોર તથા સિદ્ધહસ્ત લેખક ડૉ. કેશુભાઈ દેસાઈ પણ આ પ્રસંગે ઉપસ્થિત રહીને આપણા ઍવોર્ડનો સ્વીકાર કરેલ હતો. બંને મહાનુભાવોએ પોતાના જૈન તત્ત્વાચાર્યો સાથેના અનુભવો આ પ્રસંગે વર્ણવેલ હતા.

વર્ષ ૨૦૧૨-૨૦૧૩ દરમ્યાનની ઈતર પ્રવૃત્તિ પ્રતિભા પારિતોષિક યોજનાના દાતા શ્રીમતી પ્રભાબેન શાંતિલાલ મૂળજી સાવલા પરિવાર, નિબંધ હરીફાઈના દાતા શ્રી હરખચંદ કુંવરજી સાવલા પરિવાર, સંગીત હરીફાઈ (કંઠ્ય)ના દાતા શ્રીમતી તરુબેન નરેન્દ્રભાઈ શાહ પરિવાર, સુજાકો સંગીત હરીફાઈ (નૃત્ય)ના દાતા શ્રી દિગંત ભાઈલાલ ગોપાલજી શાહ પરિવાર, ડ્રોઈંગ હરીફાઈના દાતા શ્રીમતી વિમળાબેન શિરીષ કોરડિયા પરિવાર, રંગોળી હરીફાઈના દાતા શ્રી નવીનચંદ્ર લહેરચંદ સંઘવી પરિવાર, વાનગી (જૈન ફરસાણ) હરીફાઈના દાતા શ્રીમતી પ્રભાબેન કાંતિલાલ સાવલા પરિવાર, મિષ્ટાન્ન (મહિલાઓ માટે) હરીફાઈના દાતા શ્રી રામજી વેલજી સાવલા પરિવાર, લગ્નગીત હરીફાઈના દાતા માતુશ્રી દમયંતીબેન ખીમચંદ વેલજી ધરમશી પરિવાર, બ્યુટી હરીફાઈના દાતા ગૂર્જર પરિવાર, મંગલ મંદિર શબ્દરમત હરીફાઈના દાતા શ્રી પીયૂષ રવિલાલ પારેખ પરિવાર, ઉચ્ચ શિક્ષણ પ્રતિભા પારિતોષિક યોજનાના દાતા માતુશ્રી વિમળાબેન શાંતિલાલ કેશવજી શાહ પરિવાર તથા મંગલ મંદિર આંજો કાગર વિભાગ - ઉત્તમ પત્ર પારિતોષિક યોજનાના દાતા સુશ્રી ચૌલાબેન કુરુવા પરિવારના સભ્યો ઉપસ્થિત રહેલ હતા અને જે તે યોજનાઓના વિજેતાશ્રીઓનું શિલ્ડ, સન્માનપત્ર, રોકડ રકમના કવર વગેરેથી સન્માન કરેલ હતું. વિવિધ પારિતોષિક યોજના તથા હરીફાઈઓના વિજેતાઓના નામ આ લેખના અંતે પ્રકાશિત કરવામાં આવેલ છે.

આ પ્રસંગે સ્વામિવાત્સલ્યના અલગ અલગ ૪ દાતાશ્રીઓ વતી શ્રી વસંતભાઈ બાબુભાઈ નાગડા ઉપસ્થિત રહેલ હતા કે જેમનું પણ બુકેથી સ્વાગત કરવામાં આવેલ હતું.

યુવા વિકાસ સમિતિ આયોજિત સ્પોર્ટસ ડે હરીફાઈઓના વિજેતાઓને તથા ઉચ્ચ શિક્ષણ પ્રતિભા પારિતોષિક યોજનાના સરસ્વતી સન્માનના દિવસે બાકી રહી જતા વિજેતાઓનું પણ આ પ્રસંગે સન્માન કરવામાં આવેલ હતું.

પુરસ્કાર સમિતિ આયોજિત ધોરણ-૧ થી ૭ના વિદ્યાર્થીઓને પણ પુરસ્કાર આપવામાં આવેલ હતા.

જમણવાર સમિતિએ જમણવારની સુંદર વ્યવસ્થા ગોઠવેલ હતી. વરસાદી માહોલ અને સાથે સાથે વરસાદના અમી છાંટણાની પરિસ્થિતિમાં બદલાતા જતા વાતાવરણમાં આ સમિતિએ ત્વરીત નિર્ણયો લઈ ભોજનની વ્યવસ્થા ખૂબ જ સુંદર રીતે જાળવી રાખેલ હતી. ૩ કલાકના ગાળામાં ૧૭૦૦ જેટલી વ્યક્તિઓને ખૂબ જ સરસ રીતે અને કોઈપણ જાતના વિઘ્ન વગર જમાડ્યા હતા. ભોજનની વાનગી ઉત્તમ કક્ષાની રહેવા પામેલ હતી. ૪૦ જેટલા વોલંટિયર્સની મદદથી તેઓએ સમગ્ર કાર્યક્રમ સુપેરે પાર પાડેલ હતો. જમણવાર સમિતિ અને તેની વોલંટિયર ટીમ આ યશના ભાગીદાર કહેવાયેલ હતા.

*પરિવર્તન એ જીવનનો નિયમ છે. ભૂતકાળમાં રાચનારા અને વર્તમાનને સાચવનારાઓનું ભવિષ્ય ઉજ્જવળ હોતું નથી.*

ભવનની જે ટીમ વૈયાવચ્ચ કાઉન્ટર પર બેઠેલ હતી તેઓએ અંદાજિત રૂા. ૨૨,૦૦૦/-નું ફંડ વૈયાવચ્ચ માટે મેળવેલ હતું. તેઓશ્રીને અભિનંદન. આ પ્રસંગે બેઝમેન્ટના હોલમાં પુરસ્કાર સમિતિ, ગૃહ ઉદ્યોગ સમિતિ, મહિલા ઉત્કર્ષ સમિતિ, મેડિકલ કાર્ડ સમિતિ તથા સંકલ્પના કાઉન્ટરો મૂકવામાં આવેલ હતા. અનેક લોકોએ આ કાઉન્ટરોની મુલાકાત લઈ પોતાના કાર્યો પૂરા કરેલ હતા.

મેડિકલ કાર્ડ સમિતિના કાઉન્ટર પરથી અંદાજિત ૪૦૦ ફોર્મનું વિતરણ કરવામાં આવેલ હતું કે જેમાંથી ૧૦૦ ફોર્મ તો તે જ સમયે ભરાઈને પરત આવી ગયેલ હતા.

ગૃહ ઉદ્યોગ સમિતિએ દીપોત્સવી તહેવાર નિમિત્તે મીઠાઈ, ફરસાણ તથા ડ્રાયફ્રુટના વિતરણની જવાબદારી સ્વીકારેલ છે. તેઓએ દરેક આઈટમના સેમ્પલ પોતાના કાઉન્ટર પર તૈયાર રાખેલ હતા અને તે મેળવવાના ફોર્મ્સ પણ તૈયાર રાખેલ હતા. અનેક સભ્યોએ આ ફોર્મ મેળવી, નિયત સમય પહેલા ભરીને પરત આપી જવાનું સ્વીકારેલ હતું.

આ પ્રસંગે ભુજથી શ્રી કમલેશભાઈ પ્રેમચંદ સંઘવી પરિવાર તથા વલસાડથી પણ અન્ય મહેમાનો ખાસ ઉપસ્થિત રહેલ હતા.

આ પ્રસંગે યોજાયેલ સમારંભમાં શ્રી અશોક મહેતાએ આવકાર પ્રવચન, શ્રી રમણિકભાઈ ગોસરે સામૂહિક ક્ષમાપના, શ્રી પ્રતાપભાઈ દંડે વર્ષ દરમ્યાનની પ્રવૃત્તિઓનો અહેવાલ તથા શ્રી હસમુખભાઈ ખાંડવાલાએ આભારવિધિ કરેલ હતી.

**(સ્નેહ મિલન સમારંભની તસવીરી ઝલક માટે જુઓ : પાના નં. ૬૭ થી ૭૦)**

## વર્ષ દરમ્યાન યોજવામાં આવેલ વિવિધ હરીફાઈઓ તથા પારિતોષિક યોજનાઓના પરિણામો

### શિક્ષણ તથા ડેવલપમેન્ટ સમિતિ આયોજિત શ્રીમતી પ્રભાબેન શાંતિલાલ મૂળજી સાવલા ઇતર પ્રવૃત્તિ પ્રતિભા પારિતોષિક યોજના

૧. વિરલ પ્રકાશભાઈ શાહ
૨. ધીમંત પ્રકાશભાઈ શાહ
૩. આર્ષ કિરણભાઈ શાહ
૪. માનસી નિમેષ સંઘવી

### શ્રી હરખચંદ કુંવરજી સાવલા નિબંધ હરીફાઈ

પ્રથમ : રાજીવ નવીનચંદ્ર મહેતા
દ્વિતીય : નેહા ભાવેશ પારેખ

### શ્રીમતી તરુબેન નરેન્દ્રભાઈ છગનલાલ શાહ સંગીત હરીફાઈ (કંઠ્ય)

પ્રથમ : સ્તુતિ ઉદયભાઈ કારાણી
દ્વિતીય : કેતકીબેન નિખિલભાઈ મહેતા
તૃતીય : કુશ હીરેન શાહ

### શ્રી દિગંત ભાઈલાલભાઈ ગોપાલજી શાહ સુજાકો સંગીત હરીફાઈ (નૃત્ય)

પ્રથમ : રિયા મહેક સંઘવી
દ્વિતીય : હેત સંદીપ મહેતા

### શ્રીમતી વિમળાબેન શિરીષ કોરડિયા ડ્રોઇંગ હરીફાઈ

પ્રથમ : રચના મહેતા
દ્વિતીય : યોગિની શાહ

### શ્રી નવીનચંદ્ર લહેરચંદ સંઘવી રંગોળી હરીફાઈ

પ્રથમ : રચના મહેતા
દ્વિતીય : ધારા નાગડા
તૃતીય : યોગિની શાહ

### શ્રીમતી પ્રભાબેન કાંતિલાલ વેલજી સાવલા વાનગી હરીફાઈ (જૈન ફરસાણ)

પ્રથમ : પ્રાચી વીરા
દ્વિતીય : પ્રભા વીરા
તૃતીય : રચના મહેતા

### શ્રી રામજી વેલજી સાવલા વાનગી હરીફાઈ (મિષ્ટાન્ન)

પ્રથમ : ભાવના નંદુ
દ્વિતીય : સરલા શાહ
તૃતીય : પ્રફુલ્લા ગોગરી

### માતુશ્રી દમયંતીબેન ખીમચંદ વેલજી ધરમશી લગ્નગીત હરીફાઈ

પ્રથમ : શ્રીમતી કંચન મારુ
દ્વિતીય : શ્રીમતી મંજુલા શાહ

*બાળક આપણે કહીએ તેમ નહીં, આપણે કરીએ તેમ કરે છે.*

## ગૂર્જર પરિવાર બ્યુટી હરીફાઈ

પ્રથમ : શ્રીમતી અમી નીતિન શાહ
દ્વિતીય : શ્રીમતી જયાબેન નાગડા
તૃતીય : શ્રીમતી વિમળાબેન શાહ

## 'મંગલ મંદિર' શ્રેષ્ઠ લેખક

પ્રથમ : ડૉ. કાંતિ ગોર
દ્વિતીય : ડૉ. (પ્રા.) ગિરીશ વીછીવોરા અને
ડૉ. (પ્રા.) કેશુભાઈ દેસાઈ
તૃતીય : શ્રી દિનેશ પાંચાલ

## 'મંગલ મંદિર' તંત્રીમંડળ આયોજિત સુશ્રી ચૌલાબેન કુરુવા આંજો કાગર વિભાગ ઉત્તમ પત્ર પારિતોષિક યોજના

પ્રથમ : 'અંધશ્રધ્ધા - બધે જ લોલમલોલ' અને
'પ્રભુજીને ગુલાબનાં ફૂલો' — શ્રી શાંતિલાલ વ. શાહ
દ્વિતીય : 'મયૂરભાઈના લેખ માટે પ્રતિભાવ'
શ્રી મગનલાલ સંઘવી
તૃતીય : 'વડીલ વંદના - પ્રતિભાવ'
શ્રી હરખચંદ સાવલા

## મંગલ મંદિર' વ્યવસ્થાપક સમિતિ આયોજિત શ્રી પીયૂષ રવિલાલ પારેખ શબ્દરમત હરીફાઈ યોજના

પ્રથમ : શ્રી પ્રતાપ નારાણજી દંડ
શ્રીમતી પ્રભાબેન મહેન્દ્ર શેઠિયા
દ્વિતીય : શ્રી અરવિંદ જે. ભટ્ટ
શ્રી નવીન શામજી લાલકા
શ્રીમતી ચંદ્રાબેન મહેન્દ્ર શાહ - સેટેલાઈટ, અમદાવાદ
શ્રીમતી ચંદ્રાબેન મહેન્દ્ર શાહ - ભટ્ઠા, અમદાવાદ
તૃતીય : શ્રીમતી સરોજ અનુપ ચંદુરા
શ્રી શાંતિલાલ વ. શાહ

## માતુશ્રી વિમળાબેન શાંતિલાલ કેશવજી શાહ ઉચ્ચ શિક્ષણ પ્રતિભા પારિતોષિક યોજના

| | |
|---|---|
| જિજ્ઞેશ વોરા | સી.એ. |
| પ્રિયંકા વોરા | સી.એ. |
| ક્રતીન અનિસ સંઘવી | ધોરણ-૧૦, ૯૬% |
| શાશ્વત સંદીપ શાહ | ધોરણ-૧૦, ૯૨% |
| દિશાંત જિત શાહ | ધોરણ-૧૦, ૮૫% |
| રિધ્ધિ વિજય દેઢિયા | ધોરણ-૧૦, ૮૨% |
| પ્રતીક હસમુખ મહેતા | એમ.કોમ., યુનિવર્સિટીમાં પ્રથમ |

## યુવા વિકાસ સમિતિ આયોજિત સ્પોર્ટ્સ ડે

### ૬ થી ૧૦ વર્ષ (યુવતીઓ)

- **૫૦ મીટર દોડ**
  પ્રથમ : દિતિશા કોરડિયા
- **લાંબી કૂદ**
  પ્રથમ : દિતિશા કોરડિયા

### ૬ થી ૧૦ વર્ષ (યુવક)

- **૫૦ મીટર દોડ**
  પ્રથમ : હેત મારુ
  દ્વિતીય : હિતાંશુ દક્ષેશ સંઘવી
- **લીંબુ ચમચી**
  પ્રથમ : જિનય ગડા
  દ્વિતીય : મિત ગોસર

### ૧૧ થી ૧૫ વર્ષ (યુવતીઓ)

- **૧૦૦ મીટર દોડ**
  પ્રથમ : દેવાંશી મારુ
- **બોલ ફેંક**
  પ્રથમ : કેશવી નંદુ
- **લાંબી કૂદ**
  પ્રથમ : દેવાંશી મારુ

### ૧૧ થી ૧૫ વર્ષ (યુવકો)

- **૧૦૦ મીટર દોડ**
  પ્રથમ : મિલન મહેતા
- **બોલ ફેંક**
  પ્રથમ : મિલન મહેતા
- **લાંબી કૂદ**
  પ્રથમ : મિલન મહેતા
  દ્વિતીય : કુણાલ લોડાયા

### ૧૬ થી ૨૫ વર્ષ (યુવકો)

- **લાંબી કૂદ**
  પ્રથમ : પાર્થ મોતા
  દ્વિતીય : અંકિત મહેતા

*પપ્પા વ્યસ્ત હોય અને મમ્મી વ્યસ્ત થવા પ્રયત્નશીલ હોય ત્યારે સમૃદ્ધ ઘરનું પનોતું સંતાન ઘરમાં જ બેઘર બની શકે છે.*

- **૧૦૦ મીટર દોડ**

  પ્રથમ : પાર્થ મોતા

  દ્વિતીય : અંકિત મહેતા

- **ગોળા ફેંક**

  પ્રથમ : ધવલ મૈશેરી

**૧૬ થી ૨૫ વર્ષ (યુવતીઓ)**

- **ગોળા ફેંક**

  પ્રથમ : મમતા સંઘવી

**૨૬ થી ૩૫ વર્ષ (પુરુષો)**

- **લાંબી કૂદ**

  પ્રથમ : અમન સંઘવી

- **ગોળા ફેંક**

  પ્રથમ : દર્શન સંઘવી

**૨૬ થી ૩૫ વર્ષ (મહિલાઓ)**

- **૧૦૦ મીટર દોડ**

  પ્રથમ : મિત્તલ સંઘવી

- **કોથળા દોડ**

  પ્રથમ : ઈલા છાડવા

- **ગોળા ફેંક**

  પ્રથમ : કુંજલ ગોસર

**૩૫ થી ૫૦ વર્ષ (પુરુષો)**

- **૧૦૦ મીટર દોડ**

  પ્રથમ : અમિત કોરડિયા

  દ્વિતીય : અમિત લોડાયા

- **ગોળા ફેંક**

  પ્રથમ : અમિત કોરડિયા

- **લાંબી કૂદ**

  પ્રથમ : અમિત કોરડિયા

**૩૫ થી ૫૦ વર્ષ (મહિલા)**

- **લીંબુ ચમચી**

  પ્રથમ : ઈલા છાડવા

  દ્વિતીય : દિવ્યા મોતા

- **ગોળા ફેંક**

  પ્રથમ : ભાવિની જૈન

## શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ

## મેડિકલ કાર્ડ

મેડિકલ સેન્ટરના કોમ્પ્યુટર વિભાગમાં નવો પ્રોગ્રામ ચાલુ કરેલ હોવાથી, મેડિકલ કાર્ડ ધરાવતા બધા જ સભ્યો અને તેમના પરિવારજનોની વિગત પણ નવા પ્રોગ્રામ પ્રમાણે અપડેટ કરવાની હોતાં તા. ૩૦-૯-૨૦૧૩ સુધીમાં દરેક કાર્ડ ધારકોએ પોતાના મેડિકલ કાર્ડની બંને બાજુની ફોટો નકલ કાર્યાલયના કાઉન્ટર પર જમા કરાવવા માટે અગાઉ અપીલ કરવામાં આવેલ હતી.

અનેક લોકોએ પોતાના મેડિકલ કાર્ડની ફોટો નકલ મોકલી આપ્યા પછી ખ્યાલ આવ્યો કે પરિવારોના ઘરની સભ્ય સંખ્યામાં તફાવત જોવા મળે છે. જ્યારે તેઓ આ સમાજના સભ્ય બન્યા ત્યારે ફોર્મમાં ભરેલ કુટુંબીઓની સંખ્યા અને આજની પરિસ્થિતિમાં સારો એવો તફાવત ખ્યાલ આવવા પામેલ છે. તેથી સભ્યોને વ્યવસ્થિત રીતે સમાજની મેડિકલ યોજનાનો લાભ મળે તે હેતુથી સમાજના દરેક સભ્યોના મેડિકલ કાર્ડના ફોર્મ નવેસરથી ભરાવવાનું આ સમાજ દ્વારા નક્કી કરવામાં આવેલ છે.

તેથી આ સમાજના જેટલા પણ નોંધાયેલા સભ્યો છે તેઓ બધાએ પોતાના પરિવાર માટેના સમાજના મેડિકલ કાર્ડના ફોર્મ નવેસરથી ભરીને તા. ૩૦-૧૦-૨૦૧૩ સુધી શ્રી કચ્છી જૈન ભવન પર પરત મોકલી આપવા અનુરોધ કરવામાં આવે છે.

મેડિકલ કાર્ડનું ફોર્મ 'મંગલ મંદિર'ના આ જ અંકમાં પાના નંબર-૭૧ ઉપર પ્રસારિત કરવામાં આવેલ છે. શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના અમદાવાદ / ગાંધીનગર સ્થિત પરિવારોને અનુરોધ કરવામાં આવે છે કે તેઓ પોતાના પરિવારના નામો સહિતના ફોર્મ ભરીને મોડામાં મોડા તા. ૩૧-૧૦-૨૦૧૩ સુધી શ્રી કચ્છી જૈન ભવન પર પહોંચતા કરે કે જેથી આ ફોર્મ પ્રમાણેની માહિતી કોમ્પ્યુટરમાં ફીડ કરી, દરેકને નવા મેડિકલ કાર્ડ આપવાનું સુવિધાજનક બની રહે.

તા. ૧૬-૧૧-૨૦૧૩થી આ નવા મેડિકલ કાર્ડ પરથી જ મેડિકલ સેન્ટરમાં સુવિધાઓ આપવામાં આવશે. જે સભ્યોના નવા મેડિકલ કાર્ડ બનેલ નહીં હોય તેઓના નામ મેડિકલ સુવિધાઓમાંથી ઓટોમેટિક રદ થઈ જશે કે જેની સહુ સભ્યોએ નોંધ લેવા અપીલ કરવામાં આવે છે.

*કન્વીનર - સભ્યપદ તથા મેડિકલ કાર્ડ સમિતિ*
*શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ*

*સંતાનને જન્મ આપી દેવો એ એક ઘટના માત્ર છે. મા-બાપ બની શકવું તે એક સાધના છે.*

# શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ

## સ્નેહ મિલન કાર્યક્રમની તસવીરી ઝલક




મંચસ્થ બિરાજમાન મહાનુભાવો : (ડાબેથી) શ્રી પ્રતાપ નારાણજી દંડ, શ્રી હસમુખભાઈ ખાંડવાલા, શ્રી મનુભાઈ શાહ, શ્રી કાંતિલાલભાઈ સાવલા, અતિથિ વિશેષ શ્રી રાજુભાઈ ગાલા, શ્રી અશોક મહેતા, અતિથિ વિશેષ શ્રી સતીષચંદ્ર હેમચંદ્ર વોરા, અતિથિ વિશેષ શ્રી વસંતભાઈ બાબુભાઈ નાગડા, શ્રી કે.ડી. શાહ, શ્રી રમણિકભાઈ ગોસર



શ્રોતાગણમાં ઉપસ્થિત બહેનો. પ્રથમ હરોળમાં ડાબેથી શ્રીમતી પુષ્પાબેન ગડેચા, શ્રીમતી સંગીતાબેન ગાલા, શ્રીમતી પ્રભાબેન શાંતિલાલ સાવલા, શ્રીમતી પ્રભાબેન કાંતિલાલ સાવલા, શ્રીમતી મધુરીબેન ગાલા.



શ્રોતાગણમાં ઉપસ્થિત મહાનુભાવો. પ્રથમ હરોળમાં ડાબેથી શ્રી શાંતિલાલભાઈ ગાલા, ડૉ. ચંદ્રકાંત દેઢિયા, શ્રી મણિલાલભાઈ ગોસર, શ્રી નવીનભાઈ હરિયા, શ્રી નરેન્દ્ર છ. શાહ, શ્રી અશ્વિનભાઈ સાવલા.



સામૂહિક ક્ષમાપના કરાવતા સંસ્થાના સહ ખજાનચી શ્રી રમણિકભાઈ ગોસર.




અતિથિ વિશેષશ્રી તથા ગુજરાત હાઈકોર્ટના જજ શ્રી સતીષચંદ્ર હેમચંદ્ર વોરા (જમણે)નું સ્વાગત કરતા શ્રી અશોકભાઈ મહેતા



અતિથિ વિશેષશ્રી તથા નવનીત એજ્યુકેશન લિમિટેડના જોઈન્ટ મેનેજિંગ ડાયરેક્ટર શ્રી રાજુભાઈ ગાલા (જમણે)નું સ્વાગત કરતાં શ્રી કાંતિલાલભાઈ સાવલા



અતિથિ વિશેષ શ્રી વસંતભાઈ બાબુભાઈ નાગડા (ડાબે)નું સ્વાગત કરતા શ્રી મનુભાઈ શાહ



ગત વર્ષ દરમ્યાનની કામગીરીનો અહેવાલ આપતા માનદ્ મંત્રી શ્રી પ્રતાપભાઈ દંડ



પોતાનું વક્તવ્ય આપતા અતિથિ વિશેષ શ્રી સતીષચંદ્ર હેમચંદ્ર વોરા



પોતાનું વક્તવ્ય આપતા અતિથિ વિશેષ શ્રી રાજુભાઈ ગાલા



વર્ષ ૨૦૧૨-૧૩ના શ્રેષ્ઠ લેખના લેખક તરીકે મંગલ મંદિરના તંત્રી મંડળના શ્રી મનુભાઈ શાહ (ડાબે) પાસેથી એવોર્ડ સ્વીકારતા ડૉ. કાંતિભાઈ ગોર



વર્ષ ૨૦૧૨-૧૩ના દ્વિતીય શ્રેષ્ઠ લેખના લેખક તરીકે મંગલ મંદિરના તંત્રી મંડળના શ્રી મનુભાઈ શાહ (ડાબે) પાસેથી એવોર્ડ સ્વીકારતા ડૉ. કેશુભાઈ દેસાઈ



મંગલ મંદિર - 'આંજો કાગર વિભાગ'ના શ્રેષ્ઠ દ્વિતીય આંજો કાગર માટે શ્રી સતીષચંદ્ર વોરા (જમણે) પાસેથી એવોર્ડ સ્વીકારતા શ્રી મગનભાઈ સંઘવી



શ્રીમતી તરુબેન નરેન્દ્ર શાહ (જમણે) પાસેથી સંગીત હરિફાઈ (કંઠ્ય)ના શ્રેષ્ઠ તૃતીય ગાયક તરીકેનો એવોર્ડ સ્વીકારતા ચિ. કુશ હીરેન શાહ વતી તેમના નાનાજી ડૉ. ચંદ્રકાંત દેઢિયા



શ્રી રાજુભાઈ ગાલા (જખૌ) પાસેથી નૃત્ય હરીફાઈનો
દ્વિતીય શ્રેષ્ઠ એવોર્ડ સ્વીકારતા હેત મહેતા.



શ્રી નવીનચંદ્ર લહેરચંદ સંઘવી રંગોળી હરીફાઈના દિવ્યાબેન સંઘવીને
આવકારતા શ્રી રમણિકભાઈ ગોસર



શ્રીમતી પ્રભાબેન સાવલા (ડાબે) પાસેથી વાનગી હરીફાઈ (જૈન ફરસાણ)નો
તૃતીય શ્રેષ્ઠ એવોર્ડ સ્વીકારતા સુશ્રી રચનાબેન મહેતા.



શ્રી કાંતિલાલભાઈ સાવલા પાસેથી વાનગી હરીફાઈ (મિષ્ટાન્ન)નો
દ્વિતીય શ્રેષ્ઠ એવોર્ડ સ્વીકારતા શ્રીમતી સરલાબેન શાહ



શ્રીમતી મીરા રાજેશ ધરમશી તરફથી લગ્નગીત હરીફાઈનો
શ્રેષ્ઠ દ્વિતીય એવોર્ડ સ્વીકારતા શ્રીમતી મંજુલાબેન શાહ (જખૌ)



સ્નેહ મિલન સમારંભનું સંચાલન કરતા
શ્રીમતી અલ્પાબેન શાહ



આભારવિધિ કરતા સંસ્થાના સહમંત્રી
શ્રી હસમુખભાઈ ખાંડવાલા



ગૃહ ઉદ્યોગ કાઉન્ટર



પુરસ્કાર સમિતિ કાઉન્ટર












# GILL & CO. PVT. LTD.

**IMPORTERS - EXPORTERS & COTTON MERCHANT**

"5", Aishwarya-1, 68, B.M.M. Society, Old Sharda Mandir Railway Crossing,
Ellisbridge, Ahmedabad - 380 006.
Phone : 079 - (O) 2658 6088 (R) 2658 1733 Telefax : 079 - 2658 6088
Mobile : 98253 28836 / 93742 08010 / 93742 08011

**Registered Office** : NTC House, Narottam Morarjee Marg,
Ballard Estate, P.O. Box. No. 86, Mumbai - 400 038.
Phone : (022) 2261 5001 (4 Lines)
Fax : (022) 2262 0598, 2265 5069 Telegram : "GILLCO, MUMBAI"
Email : gillco@gillcot.com

**: BRANCHES :**

**ADONI / AHMEDABAD / AMRAVATI**
**BHATINDA / NEW DELHI / UJJAIN**

# શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ

શ્રી કચ્છી જૈન ભવન
નવચેતન હાઈસ્કૂલ સામે, પાલડી-એલિસબ્રિજ, અમદાવાદ - ૩૮૦ ૦૦૯.

સભ્ય ક્રમાંક

## તબીબી સારવાર યોજનાનું ફોર્મ

સભ્યનું પૂરું નામ ________________ પિતા / પતિ ________________

દાદા / સસરા ________________ અટક ________________

ઘરનું સરનામું ________________________________

________________________________

સભ્યશ્રીનો મોબાઈલ નંબર ________________________________

ઘરનો ફોન નંબર ________________ વ્યવસાયનો ફોન નંબર ________________

કચ્છમાં ગામ ____________ તાલુકો ____________ જ્ઞાતિ અને પેટા જ્ઞાતિ ____________

• કૌટુંબિક વિગત (એક જ ઘરમાં સાથે રહેતા) •

| ક્રમ | કુટુંબના સભ્યોના નામ | | | | પુરુષ / સ્ત્રી | મુખ્ય વ્યક્તિ સાથે સંબંધ | જન્મ તારીખ |
|---|---|---|---|---|---|---|---|
| | નામ | પિતા/પતિનું નામ | દાદાનું નામ | અટક | | | |
| ૧. | | | | | | સભ્ય પોતે | |
| ૨. | | | | | | | |
| ૩. | | | | | | | |
| ૪. | | | | | | | |
| ૫. | | | | | | | |
| ૬. | | | | | | | |
| ૭. | | | | | | | |
| ૮. | | | | | | | |

તારીખ ________________ સહી ________________

સભ્યનું નામ ________________

### કાર્યાલયના ઉપયોગ માટે

૧. સભ્યનું પૂરું નામ ________________________________

૨. મેડિકલ કાર્ડ નંબર અને તારીખ ________________________________

૩. સભ્યપદનો પ્રકાર અને સભ્ય થયા તારીખ ________________________________

૪. નોંધ ________________________________

# પરિવાર તબીબી સારવાર યોજના

## નિયમો

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના ટ્રસ્ટ બોર્ડની તા. ૨-૫-૧૯૯૯ના રોજ મળેલ મીટિંગમાં લેવાયેલા નિર્ણય અનુસાર સમાજના દરેક નોંધાયેલા સભ્ય પરિવારને "પરિવાર તબીબી સારવાર યોજના"નો લાભ નીચેના નિયમોને અધીન મળી શકશે :

૧. સમાજના દરેક નોંધાયેલા સભ્યના પરિવારને દર વર્ષે વધુમાં વધુ વ્યક્તિ દીઠ રૂા. ૧,૫૦૦/-ની મર્યાદામાં રહીને નિર્ધારીત ફી માં કન્સેશન આપવામાં આવશે અને તે માટે દરેક નોંધાયેલા પરિવારને એક કાર્ડ આપવામાં આવશે.

૨. એક જ ઘરમાં સાથે રહેતી બધી જ વ્યક્તિઓનો એક જ પરિવાર ગણવામાં આવશે.

૩. એક જ પરિવારના (એક જ ઘરમાં સાથે રહેતા) એકથી વધારે સભ્ય આ સમાજના નોંધાયેલા સભ્ય હશે તો પણ બધાને એક જ પરિવાર ગણીને એક કાર્ડ આપવામાં આવશે. દરેક નોંધાયેલા સભ્યને અલગ અલગ કાર્ડ ફાળવાશે નહીં.

૪. સભ્યે આપેલી માહિતીના આધારે, પરિવારના સભ્યોના નામ સાથેનું કાર્ડ આપવામાં આવશે. મેડિકલ સેન્ટર પર આ કાર્ડ અવશ્ય રજૂ કરવાનું રહેશે. તે સિવાય કન્સેશનનો લાભ મળી શકશે નહીં.

૫. મેડિકલ સેન્ટર પર જે તે સારવાર માટે નિયત કરેલ ચાર્જીસ સામે માત્ર ૨૫ ટકા રકમ સભ્યએ રોકડી જમા કરાવવાની રહેશે. એક વર્ષમાં આ કન્સેશનની રકમ વ્યક્તિ દીઠ રૂ. ૧,૫૦૦/-ની મર્યાદામાં રહેશે. વર્ષ પહેલી એપ્રિલથી એકત્રીસમી માર્ચ સુધીનું ગણાશે.

૬. આ કાર્ડ બીજાને તબદીલ કરી શકાશે નહિ.

૭. દરેક નોંધાયેલા સભ્યે પોતાના પરિવારના સભ્યના નામ (એક જ ઘરમાં સાથે રહેતા) અગાઉથી આ ફોર્મ ભરીને સંસ્થાના કાર્યાલયમાં આપવાનું રહેશે અને તે પ્રમાણે જ નામ કાર્ડ પર લખવામાં આવશે. કાર્ડમાં નોંધાયેલા ન હોય તેવા નામોને પરિવારની ગણતરીમાં લેવામાં આવશે નહિ. આવું ભરાયેલ ફોર્મ કાર્યાલયને મળ્યા બાદ દિવસ ૧૫ની અંદર કાર્ડ તૈયાર થશે. જે સભ્યે સમાજના કાર્યાલયમાંથી મેળવી લેવાનું રહેશે.

૮. શ્રી કચ્છી જૈન ભવન - પાલડીમાં ચાલતી મેડિકલ પ્રવૃત્તિઓ માટે જ આ કાર્ડનો ઉપયોગ થઈ શકશે. અન્યત્ર લીધેલ સારવારને આ યોજના નીચે લાભ મળી શકશે નહીં.

૯. કાર્ડ ખોવાઈ જાય, ફાટી જાય કે વાંચી ન શકાય તે રીતે ખરાબ થઈ જશે તો રૂ. ૫૦/- રોકડા જમા કરાવીને ડુપ્લિકેટ કાર્ડ લેવાનું રહેશે.

***કન્વીનર, તબીબી સેવા સમિતિ***

# ઉજવો દીપોત્સવી ઉમંગભેર : ૨૦૧૩

## ઓર્ડર ફોર્મ

નામ :

સરનામું :

ફોન નંબર :

| નામ | | પેકિંગ | નંગ | કિંમત | કુલ રકમ |
|---|---|---|---|---|---|
| **મીઠાઈ** | કાજુ કતરી | ૫૦૦ ગ્રામ | | રૂ. ૨૨૫/- | |
| | કેસર કાજુ કતરી | ૫૦૦ ગ્રામ | | રૂ. ૨૫૦/- | |
| | પીસ્તા રોલ | ૫૦૦ ગ્રામ | | રૂ. ૨૫૦/- | |
| | અંજીર રોલ | ૫૦૦ ગ્રામ | | રૂ. ૨૫૦/- | |
| | મોહન થાળ | ૫૦૦ ગ્રામ | | રૂ. ૧૫૦/- | |
| | મોતીચુર લાડુ | ૫૦૦ ગ્રામ | | રૂ. ૧૫૦/- | |
| | સોન પાપડી | ૫૦૦ ગ્રામ | | રૂ. ૧૫૦/- | |
| **ફરસાણ** | મઠીયા | ૫૦૦ ગ્રામ | | રૂ. ૭૫/- | |
| | ચોળાફળી | ૫૦૦ ગ્રામ | | રૂ. ૭૫/- | |
| | ખસ્તા કચોરી | ૨૫૦ ગ્રામ | | રૂ. ૩૫/- | |
| | ખારી બુંદી | ૨૫૦ ગ્રામ | | રૂ. ૩૦/- | |
| **ડ્રાયફ્રુટ** | કાજુ – ૩૨૦ ક્વોલિટી | ૨૫૦ ગ્રામ | | રૂ. ૧૫૦/- | |
| | કાજુ – ૨૪૦ ક્વોલિટી | ૨૫૦ ગ્રામ | | રૂ. ૧૯૦/- | |
| | બદામ (રેગ્યુલર) | ૨૫૦ ગ્રામ | | રૂ. ૧૭૫/- | |
| | બદામ (સ્પેશિયલ) | ૨૫૦ ગ્રામ | | રૂ. ૧૯૦/- | |
| | કિસમીસ દ્રાક્ષ (રેગ્યુલર) | ૨૫૦ ગ્રામ | | રૂ. ૪૫/- | |
| | કિસમીસ દ્રાક્ષ (સ્પેશિયલ) | ૨૫૦ ગ્રામ | | રૂ. ૮૦/- | |
| | અખરોટ (મગજ) (રેગ્યુલર) | ૨૫૦ ગ્રામ | | રૂ. ૨૭૫/- | |
| | અખરોટ (મગજ) (સ્પેશિયલ) | ૨૫૦ ગ્રામ | | રૂ. ૩૦૦/- | |
| | ખારા પીસ્તા (રેગ્યુલર) | ૨૫૦ ગ્રામ | | રૂ. ૨૦૦/- | |
| | ખારા પીસ્તા (સ્પેશિયલ) | ૨૫૦ ગ્રામ | | રૂ. ૨૨૦/- | |
| | અંજીર (મીડિયમ) | ૨૫૦ ગ્રામ | | રૂ. ૧૨૫/- | |
| | અંજીર (મોટા) | ૨૫૦ ગ્રામ | | રૂ. ૧૪૦/- | |
| | જરદાલુ (રેગ્યુલર) | ૨૫૦ ગ્રામ | | રૂ. ૯૦/- | |
| | જરદાલુ (સ્પેશિયલ) | ૨૫૦ ગ્રામ | | રૂ. ૧૩૦/- | |
| **કેડબરી ચોકલેટ** | સાદી કેડબરી | ૨૫૦ ગ્રામ | | રૂ. ૮૫/- | |
| | ડ્રાયફ્રુટ કેડબરી | ૨૫૦ ગ્રામ | | રૂ. ૧૪૦/- | |
| | | | | **ટોટલ રકમ** | |

**સભ્યની સહી :**

**તારીખ :**

**મળેલ એડવાન્સ રકમ :**

**ઓર્ડર લેનારની સહી :**

**તારીખ :**

# કચ્છ આવતી તથા જતી ટ્રેનોની માહિતી

| ટ્રેન નં. | ટ્રેનનું નામ | પ્રસ્થાન સ્ટેશન | ઉપડવાનો સમય | અંતિમ સ્ટેશન | પહોંચવાનો સમય | દિવસ | વાયા |
|---|---|---|---|---|---|---|---|
| ૫૯૪૨૫ | પાલનપુર પેસેન્જર | ભુજ | ૧૪.૦૫ | પાલનપુર | ૨૩.૧૦ | દરરોજ | રાધનપુર (૨૦.૦૮) |
| ૫૯૪૨૬ | ભુજ પેસેન્જર | પાલનપુર | ૦૪.૩૦ | ભુજ | ૧૩.૩૫ | દરરોજ | રાધનપુર (૦૬.૪૮) |
| ૧૪૩૨૧ | બરેલી-ભુજ એક્સ. | બરેલી | ૦૬.૨૫ | ભુજ | ૧૦.૧૫ (બીજા દિવસે) | સો,મં,બુ,શ | દિલ્હી, જયપુર, પાલનપુર |
| ૧૪૩૨૨ | બરેલી એક્સપ્રેસ | ભુજ | ૧૬.૨૦ | બરેલી | ૨૦.૨૫ (બીજા દિવસે) | સો,બુ,શુ,શ | પાલનપુર, જયપુર, દિલ્હી |
| ૧૪૩૧૧ | અલાહઝરત એક્સ. | બરેલી | ૦૬.૨૫ | ભુજ | ૧૪.૦૦ (બીજા દિવસે) | ગુ, શુ, રવિ | દિલ્હી, જયપુર, પાલનપુર |
| ૧૪૩૧૨ | અલાહઝરત એક્સ. | ભુજ | ૧૨.૨૫ | બરેલી | ૨૦.૨૫ (બીજા દિવસે) | મં,ગુ.રવિ | પાલનપુર, જયપુર, દિલ્હી |
| ૦૯૪૫૭ | Brc - ભુજ સ્પેશિયલ | વડોદરા | ૧૬.૫૫ | ભુજ | ૦૬.૦૦ (બીજા દિવસે) | રવિવાર | અમદાવાદ (૧૯.૧૦) |
| ૦૯૪૫૮ | ભુજ - Brc સ્પેશિયલ | ભુજ | ૦૫.૦૦ | વડોદરા | ૧૬.૧૦ | રવિવાર | અમદાવાદ (૧૩.૫૦) |
| ૧૧૦૯૧ | ભુજ - પુના એક્સ. | ભુજ | ૦૮.૩૦ | પુના | ૦૪.૪૫ (બીજા દિવસે) | બુધવાર | વસઈ (૧૨.૧૦), કલ્યાણ (૧.૪૫) |
| ૧૧૦૯૨ | પુના - ભુજ એક્સ. | પુના | ૧૯.૫૦ | ભુજ | ૧૫.૨૦ (બીજા દિવસે) | સોમવાર | કલ્યાણ (૨૨.૨૦), વસઈ (૨૩.૪૫) |
| ૧૬૩૩૫ | નાગરકોઈલ એક્સ. | ગાંધીધામ | ૦૫.૩૦ | નાગરકોઈલ | ૦૪.૪૫ (ત્રીજા દિવસે) | શુક્રવાર | વસઈ (૨૦.૩૦), પનવેલ (૨૨.૦૦) |
| ૧૬૩૩૬ | ગાંધીધામ એક્સ. | નાગરકોઈલ | ૧૩.૫૫ | ગાંધીધામ | ૧૬.૧૫ (ત્રીજા દિવસે) | મંગળવાર | પનવેલ (૨૧.૨૦), વસઈ (૨૨.૪૫) |
| ૧૫૬૬૭ | Gimb - કામાખ્યા એક્સ. | ગાંધીધામ | ૧૩.૧૫ | કામાખ્યા | ૦૬.૦૦ (ચોથા દિવસે) | શનિવાર | રતલામ, આગ્રા, પટણા |
| ૧૫૬૬૮ | કામાખ્યા - Gimb એક્સ. | કામાખ્યા | ૧૧.૦૦ | ગાંધીધામ | ૦૪.૦૦ (ચોથા દિવસે) | બુધવાર | પટણા, આગ્રા, રતલામ |
| ૧૨૯૯૩ | Gimb - પુરી એક્સ. | ગાંધીધામ | ૨૨.૪૫ | પુરી | ૧૬.૧૫ (ત્રીજા દિવસે) | શુક્રવાર | જળગાંવ, રાયપુર |
| ૧૨૯૯૪ | પુરી - Gimb એક્સ. | પુરી | ૧૯.૪૫ | ગાંધીધામ | ૧૩.૨૦ (ત્રીજા દિવસે) | સોમવાર | રાયપુર, જળગાંવ |
| ૧૯૧૫૧ | ગાંધીધામ એક્સ. | પાલનપુર | ૨૩.૪૫ | ગાંધીધામ | ૦૫.૧૫ | દરરોજ | રાધનપુર (૦૧.૩૨) |
| ૧૯૧૫૨ | પાલનપુર એક્સ. | ગાંધીધામ | ૨૨.૦૦ | પાલનપુર | ૦૪.૦૦ (બીજા દિવસે) | દરરોજ | રાધનપુર (૦૧.૩૩) |
| ૧૯૧૩૧ | કચ્છ એક્સપ્રેસ | બાંદ્રા ટર્મિ. | ૧૭.૧૦ | ભુજ | ૦૯.૨૫ (બીજા દિવસે) | દરરોજ | અમદાવાદ (૦૧.૪૦) |
| ૧૯૧૩૨ | કચ્છ એક્સપ્રેસ | ભુજ | ૧૯.૫૦ | બાંદ્રા ટર્મિ. | ૧૧.૨૦ (બીજા દિવસે) | દરરોજ | અમદાવાદ (૦૨.૩૫) |
| ૧૯૧૧૫ | સયાજી નગરી એક્સપ્રેસ | બાંદ્રા ટર્મિ. | ૧૪.૫૦ | ભુજ | ૦૭.૨૫ (બીજા દિવસે) | દરરોજ | અમદાવાદ (૨૩.૪૦) |
| ૧૯૧૧૬ | સયાજી નગરી એક્સપ્રેસ | ભુજ | ૨૨.૧૫ | બાંદ્રા ટર્મિ. | ૧૪.૦૫ (બીજા દિવસે) | દરરોજ | અમદાવાદ (૦૫.૦૫) |
| ૧૨૯૫૯ | દાદર - ભુજ એક્સ. | દાદર | ૦૦.૦૫ | ભુજ | ૧૭.૪૦ | બુધ, શનિ | પાલનપુર, મહેસાણા |
| ૧૨૯૬૦ | ભુજ - દાદર એક્સ. | ભુજ | ૧૮.૩૦ | દાદર | ૧૨.૦૦ (બીજા દિવસે) | સોમ, ગુરૂ | મહેસાણા, પાલનપુર |
| ૧૯૪૫૧ | Bdts - Gimb એક્સપ્રેસ | બાંદ્રા ટર્મિ. | ૨૩.૫૫ | ગાંધીધામ | ૧૭.૨૦ (બીજા દિવસે) | ગુરૂ | મોરબી, સુરેન્દ્રનગર |
| ૧૯૪૫૨ | Gimb - Bdts એક્સપ્રેસ | ગાંધીધામ | ૦૬.૩૦ | બાંદ્રા ટર્મિ. | ૨૨.૨૫ | ગુરૂ | મોરબી, સુરેન્દ્રનગર |
| ૦૯૦૨૫ | Bdts - ભુજ સુપરફાસ્ટ | બાંદ્રા ટર્મિ. | ૨૩.૫૫ | ભુજ | ૧૩.૧૫ (બીજા દિવસે) | શુક | અમદાવાદ (૦૬.૨૫) |
| ૦૯૦૨૬ | ભુજ - Bdts સુપરફાસ્ટ | ભુજ | ૧૫.૦૫ | બાંદ્રા ટર્મિ. | ૦૪.૫૫ (બીજા દિવસે) | શનિ | અમદાવાદ (૨૧.૫૦) |
| ૨૨૯૦૩ | Bdts - ભુજ એ.સી. એક્સ. | બાંદ્રા ટર્મિ. | ૨૩.૫૫ | ભુજ | ૧૩.૧૫ (બીજા દિવસે) | ★ ૩ દિવસ | અમદાવાદ |
| ૨૨૯૦૪ | ભુજ - Bdts એ.સી. એક્સ. | ભુજ | ૧૫.૦૫ | બાંદ્રા ટર્મિ. | ૦૪.૫૫ (બીજા દિવસે) | ★ ૩ દિવસ | અમદાવાદ |
| ૨૨૮૨૯ | ભુજ સન - શાલીમાર એક્સ. | ભુજ | ૧૩.૪૦ | શાલીમાર | ૧૦.૦૫ | # | # |
| ૨૨૮૩૦ | સન - શાલીમાર ભુજ એક્સ. | શાલીમાર | # | ભુજ | # | # | # |

★ આ દિવસો જાહેર થવાના બાકી છે.

# આ ટ્રેનના નંબર જાહેર થયેલ છે પણ ટાઈમ-ટેબલ જાહેર થવાનાં બાકી છે.

## શ્રી કચ્છી જૈન સમાજ કો.ઓપરેટીવ ક્રેડિટ સોસાયટી લિમિટેડ - અમદાવાદ

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના ઉપક્રમે રચાયેલ શ્રી કચ્છી જૈન સમાજ કો-ઓપરેટીવ ક્રેડિટ સોસાયટીને ગુજરાત રાજ્ય સરકારના જિલ્લા રજિસ્ટ્રારશ્રી, સહકારી મંડળીઓ અમદાવાદ તરફથી તેમના નોંધણી પ્રમાણપત્ર ક્રમાંક : નધણ/એ.એચ.એમ./સે (શ)/ ૪૧૧૧૮૧, તા. ૬-૭-૨૦૧૩થી માન્યતા મળી ગયેલ છે. અને તેના અનુસંધાને આ સોસાયટીની પ્રથમ સામાન્ય સભા તા. ૨૫-૮-૨૦૧૩ના રોજ મળેલ હતી. અને તેમાં નિમણૂક થયેલ વ્યવસ્થાપક મંડળની પ્રથમ બેઠક તા. ૧-૯-૨૦૧૩ના રોજ મળેલ હતી.

સોસાયટીની રોજબરોજની કાર્યવાહી માટે, વ્યવસ્થાપક મંડળના નીચે મુજબના હોદ્દેદારોએ પોતાની કામગીરી સંભાળી લીધેલ છે.

| | |
|---|---|
| ડૉ. ચંદ્રકાંત કાનજી દેઢિયા | - પ્રમુખ |
| શ્રી કાંતિલાલ વેલજી સાવલા | - ઉપપ્રમુખ |
| શ્રી કાંતિલાલ રામજી શાહ (કે.આર. શાહ) | - માનદ્ મંત્રી |
| શ્રી નલિનભાઈ કેશવજી મોમાયા | - ખજાનચી |
| શ્રી રજનીકાંત ધરમશી પારેખ | - સહમંત્રી |

વ્યવસ્થાપક મંડળની બેઠકમાં, શેરધારક સભ્યોને ધીરાણ (લોન) આપવા અંગેના નિયમો તેમજ સોસાયટીની શરૂઆતની કામગીરી અંગે વિસ્તૃત ચર્ચા વિચારણા કરવામાં આવી હતી અને એ મુજબ હાલમાં માત્ર નાના પાયે નવો વ્યવસાય શરૂ કરવા અથવા ચાલુ વ્યવસાયના વિકાસ માટે લોન આપવાની શરૂઆત કરવામાં આવી રહી છે. આ માટે જરૂરી ભંડોળ ઊભું કરવા સમાજના કેટલાક ઉદારદિલ સભ્યોએ સારા એવા પ્રમાણમાં સોસાયટીને ડિપોઝીટ આપવાની ઑફર કરી છે.

સોસાયટીને મળેલ ડિપોઝીટની રકમ પર ૮% (આઠ ટકા) વ્યાજ આપવાનું તેમજ લોન લેનાર પાસેથી ૧૧% (અગિયાર ટકા) પ્રમાણે વ્યાજ લેવાનું અને નિયત થયેલ હપ્તા પ્રમાણે સમયસર લોન પરત ભરપાઈ કરનારને વ્યાજમાં ૧% (એક ટકો) વળતર આપવાનું પણ નક્કી કરવામાં આવેલ છે.

આ સોસાયટીના એક શેરની કિંમત રૂા. ૧૦૦/- (અંકે રૂપીયા એકસો પૂરા) રાખવામાં આવેલ છે. સમાજના સભ્યોના આર્થિક ઉત્થાન માટેના ઉદ્દેશથી શરૂ કરવામાં આવેલ આ સોસાયટીને શરૂઆતથી જ મજબૂત અને અસરકારક બનાવવા માટે વધુમાં વધુ શેર મેળવી લેવા માટે શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના દરેક સભ્યને અપીલ કરવામાં આવે છે. તેમજ સાધર્મિક ભાઈઓ / બહેનોના ઉત્કર્ષ માટે સમાજના સાધનસંપન્ન પરિવારો વધુમાં વધુ રકમ ડિપોઝીટ તરીકે આ સોસાયટીને ફાળવશે એવી અપેક્ષા રાખવામાં આવે છે.

વ્યવસાય માટેની લોન મેળવવા ઈચ્છુક શેરધારક સભ્યોએ આ માટે નિયત થયેલ ફોર્મમાં અરજી કરવાની રહેશે. અરજી ફોર્મ મેળવવા અને લોન માટેના નીતિ નિયમો સમજવા માટે સોસાયટીની, શ્રી કચ્છી જૈન ભવન - પાલડી ખાતેની ઓફિસનો અથવા સહમંત્રી શ્રી રજનીકાંત ધરમશી પારેખ (મો. ૯૮૯૮૦ ૫૩૫૨૧)નો સંપર્ક સાધવા જણાવવામાં આવે છે.

વ્યવસાય સિવાય અન્ય લોન જેવી કે શૈક્ષણિક, વાહન, ઘરસામગ્રી વગેરે માટેની લોન આપવાનું ભવિષ્યમાં તબક્કાવાર શરૂ કરવામાં આવશે.

***ડૉ. ચંદ્રકાંત દેઢિયા***
***પ્રમુખ - શ્રી કચ્છી જૈન સમાજ કો.ઓ. ક્રેડિટ સોસાયટી લી. - અમદાવાદ***

## તમે અને હું આવું ન કરી શકીએ?

ઈંગ્લેન્ડની કોલસાની ખાણોમાં ઘણા મજૂરોનાં મૃત્યુ થતાં હતાં. ઑક્સિજનના અભાવે દીવા હોલવાઈ જતા હતા. મજૂરો શ્વાસ લઈ શકતા નહોતા. ત્યાંની પ્રયોગશાળાના એક પટાવાળાને વિચાર આવ્યો : 'કોઈપણ રીતે આ મરતા મજૂરોને ઉગારી લેવા જોઈએ. એ પટાવાળાનું નામ હતું ડેવીસ. એણે ખૂબ પરિશ્રમ કરી એક એવા દીવાની શોધ કરી કે જે ખાણમાં પણ હોલવાઈ ન જાય. ડેવીસે શોધ કરી. એણે એક એવો દીવો-લેમ્પ શોધી નાખ્યો! એ દીવા-લેમ્પનું નામ 'ડેવીસ સેફ્ટી લેમ્પ' પડ્યું. આ 'ડેવીસ સેફ્ટી-લેમ્પ' નામે ઓળખાતા આ દીવાને લીધે સેંકડો ખાણોમાં કામ કરતાં હજારો મજૂરોના જાન બચી ગયા!

આ એક સામાન્ય પટાવાળો જો આટલી મહાન શોધ કરી શકતો હોય તો તમે કે હું આવું માનવજાતના કલ્યાણનું કામ કરી ન શકીએ?

**બોધ વાક્યો :**

★ જે માનવ જીવનનું મહત્ત્વ સમજે છે તે સાચો માનવ ગણાય.
★ અન્ય જનોનાં દુઃખ નિવારવાં એ સાચો માનવધર્મ છે.
★ સામાન્ય માણસમાં પણ અસામાન્ય શક્તિ પડેલી હોય છે.
★ શોધ, મંથનને પ્રયત્નથી ઘણું બધું પ્રાપ્ત થાય છે.
★ મનુષ્યે પોતાના જીવનમાં એકાદ-બે શ્રેષ્ઠ કાર્યો કરવા જ જોઈએ.

***'સફળતાનાં સ્વાતિબિંદુ' માંથી***

*સપને વો નહીં હોતે જો સોતે વક્ત આતે હૈં, સપને વો હોતે હૈં, જો સોને નહીં દેતે.*

# સમાજ સુરક્ષા સમિતિ

## વીમાની પોલિસી માટે સભ્યપદ જરૂરી

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ દ્વારા તેના દરેક સભ્ય પરિવારની એક મુખ્ય વ્યક્તિનો રૂા. ૨.૫૦ લાખનો એક્સિડેન્ટનો વીમો છેલ્લા કેટલાક વર્ષોથી લેવામાં આવે છે.

ટ્રસ્ટ મંડળની તા. ૧-૯-૨૦૧૩ની મિટીંગમાં લેવાયેલ નિર્ણય અનુસાર હવેથી દરેક પરિવારની મુખ્ય સભ્ય વ્યક્તિનો રૂા. ૫.૦૦ લાખનો એક્સિડેન્ટનો વીમો લેવામાં આવશે અને જે મુખ્ય વ્યક્તિના બદલે અન્ય વ્યક્તિનો વીમો લેવાનો હોય તે વ્યક્તિએ પણ સમાજના સભ્ય બની જવું જરૂરી છે.

ઉપરોક્ત નિર્ણય અનુસાર અગર આપશ્રી (પરિવારની મુખ્ય વ્યક્તિ સિવાયની અન્ય વ્યક્તિ) સભ્ય નહીં બનો તો આપશ્રીના પરિવારની મુખ્ય વ્યક્તિનો વીમો ચાલુ વર્ષ દરમ્યાન લેવામાં આવશે. (જો વીમા કંપનીના નિયમ પ્રમાણે ઉંમરનો બાધ નહીં નડે તો) ૭૦ વર્ષથી ઉપરની ઉંમરની વ્યક્તિનો એક્સિડેન્ટ વીમો, વીમા કંપની સ્વીકારતી નથી, જેની નોંધ લેવા વિનંતી.

આપશ્રી (પરિવારની મુખ્ય વ્યક્તિ સિવાયની અન્ય વ્યક્તિ) અગર આ સમાજના સભ્ય ના બનેલ હો તો આપશ્રીને તરતમાં સભ્ય બની જવા આપશ્રીને ફરીથી અપીલ કરવામાં આવે છે.

સભ્ય પરિવારની જે વ્યક્તિઓએ વીમાનો લાભ લેવા માટે નવેસરથી સભ્ય બનવાનું છે તેઓના નામો આ સાથે આપેલ છે.

૧. જયેશ અજીત મનહરલાલ મહેતા
૨. પ્રશાંત અરુણકુમાર રસિકલાલ શાહ
૩. સંજય ભાણજી લીલાધર કેનિયા
૪. અશ્વિન ભવાનજી હીરજી સોની
૫. પ્રશાંત નયન હેમરાજ મોતા
૬. બકુલ હિંમતલાલ શાહ
૭. કૃશિલ ભોગીલાલ કાંતિલાલ શાહ
૮. હીરેન ભોગીલાલ પ્રેમચંદ કુબડિયા
૯. જય બિપેન્દ્ર મેઘજી ગોગરી
૧૦. સિધ્ધેશ ચીમનલાલ ટોકરશી લોડાયા
૧૧. સુકેતુ ચિત્રસેન રવજી શાહ
૧૨. ધર્મેશ દામજી હીરજી છેડા
૧૩. રાકેશ દામજી પ્રેમજી નીસર
૧૪. વીરેન દામજી પ્રેમજી નીસર
૧૫. કેતન ધનેશ ભવાનજી મૈશેરી
૧૬. મેહુલ દિનેશ મણિલાલ શાહ
૧૭. ખુશાલ ગુલાબચંદ ધારશી રાંભિયા
૧૮. જયેશ હરખચંદ પ્રેમજી શાહ
૧૯. મિતેશ હરીશ વીરચંદ નાગડા
૨૦. તેજસ હસમુખ બાબુલાલ શાહ (ખાંડવાલા)
૨૧. વિનોદ હરખચંદ લાલજી દંડ
૨૨. હેમંત હીરાલાલ જવેરચંદ કુબડિયા
૨૩. તેજસ જશવંત જયંતિલાલ કોઠારી
૨૪. જતીન જવેરચંદ લાલજી છેડા
૨૫. જયસુખ જયંતીલાલ મૂલચંદ વોરા
૨૬. અનિશ જિતેન્દ્ર નાનાલાલ શાહ
૨૭. દીપક કલ્યાણજી કાનજી છેડા
૨૮. રાહુલ કાંતિલાલ દેવરાજ ફુરિયા
૨૯. દિલીપ રતનશી શામજી સાયા
૩૦. પ્રવીણ રતિલાલ મંછાચંદ દોશી
૩૧. અંકુર કાંતિલાલ રતિલાલ ભણસાલી
૩૨. સંદીપ ખીમજી નાનજી ગાલા
૩૩. હરીશ ખીમજી રવજી છેડા
૩૪. જિજ્ઞેશ કિરણ બાબુલાલ વસા
૩૫. વિજય ઉમરશી માણેકજી ભારાણી
૩૬. અનિલ લક્ષ્મીચંદ દેવરાજ દંડ
૩૭. પ્રશાંત મહેન્દ્ર દેવજી ખોના
૩૮. તિમિર મહેન્દ્ર દેવજી ખોના
૩૯. નીરવ મહેન્દ્ર મોતીલાલ વસા
૪૦. રસિક પ્રેમજી મેઘજી નીસર
૪૧. ભાવેશ મણિલાલ નાનજી શાહ
૪૨. નયન ત્રિભુવન હરખચંદ શાહ
૪૩. ગૌતમ મહેશ લખમશી વીરા
૪૪. હિતેશ મુકેશ શાંતિલાલ મુનવર
૪૫. હેમાંગ નલિન મગનલાલ શાહ
૪૬. ઉમેશ નારાણજી નરશી મૈશેરી
૪૭. રાજન નરેન્દ્ર જીવરાજ શાહ (શિયાલ)
૪૮. જય નરેન્દ્ર રાયચંદ ખોના
૪૯. રાહુલ નટવરલાલ ઝવેરીલાલ શાહ
૫૦. હિતેશ પ્રભુદાસ પોપટલાલ મહેતા
૫૧. ચંદ્રેશ પ્રભુલાલ ભવાનજી શેઠ
૫૨. સંદીપ પ્રભુલાલ રાઘવજી વોરા
૫૩. કમલ પ્રફુલ્લ કાંતિલાલ સંઘવી
૫૪. જીગર પ્રફુલ્લ કાંતિલાલ સંઘવી

*'તારાથી એ નહીં થાય, લાવ હું કરી આપું' તેવા શબ્દો બાળકના વિકાસને રુંધનારા છે.*

૫૫. સંદીપ પ્રવીણચંદ્ર ચમનલાલ શાહ
૫૬. હરમેશ પ્રવીણચંદ્ર પાસુભાઈ શહાનંદ
૫૭. દીપક પ્રવીણચંદ્ર રવિલાલ સંઘવી
૫૮. પ્રકાશ બાબુલાલ ગોપાલજી શાહ
૫૯. જય ભરત વિશનજી ભેદા
૬૦. મનીષ રમેશ ઉમરશી સાવલા
૬૧. અંકિત રતિલાલ અમુલખ મહેતા
૬૨. મનીષ રવિલાલ મગનલાલ વોરા
૬૩. અનિક દેવજી ધારશી ગાલા
૬૪. સંજય સેવંતીલાલ ઈશ્વરલાલ સંઘવી
૬૫. દિલીપ શામજી હીરજી ગાલા
૬૬. નવીન અમૃતલાલ નેણશી મૈશેરી
૬૭. કેતન શાંતિલાલ છગનલાલ શાહ
૬૮. રાહુલ શાંતિલાલ છગનલાલ શાહ
૬૯. અજય શાંતિલાલ ઉજમશી સંઘવી
૭૦. અનિશ શશીકાંત પાનાચંદ સંઘવી
૭૧. વીરેન શાંતિલાલ સોમચંદ શેઠ
૭૨. ઉમેશ રાયચંદ ધનજી દંડ
૭૩. રાકેશ વાલજી હીરજી છેડા
૭૪. વીરેન વાડીલાલ મલુકચંદ મહેતા
૭૫. જીતેન વલ્લભજી પ્રેમજી નીસર
૭૬. ગિરીશ વર્ધમાન દેવજી છેડા
૭૭. કિરણ વસંતલાલ માણેકલાલ મહેતા
૭૮. દેવાંગ ઝુમખલાલ શિવરાજ શાહ

★ ધાર્મિક ક્ષેત્રથી વ્યક્તિને ઘણા લાભ થતા હોય છે. તેનામાં ઘણા સદ્‌ગુણો વધતા હોય છે અને ઘણાં સારાં કામ પણ થતાં હોય છે. પણ બુદ્ધિ વિનાની એકલી શ્રદ્ધા ઘણીવાર અંધશ્રદ્ધા બનીને લોકોને છેતરાવતી પણ હોય છે. ભોળા લોકોને છેતરવાના અને ગેરમાર્ગે દોરવાનાં અનેક નિમિત્તો છે, પણ તેમાં સૌથી પ્રબળ કારણ ગુરુપ્રથા છે. પ્રત્યેક વ્યક્તિએ ગુરુ તો કરવા જ પડે. ગુરુ વિના ચાલે જ નહીં. જેની કશી જ જરૂર નથી - અરે, જેમાંથી લાભ કરતાં હાનિ ઘણી થાય છે તેવી ગુરુપ્રથા ગળામાં કંઠી બનીને બેડીની માફક લોકોને જકડી દેતી હોય છે. હવે તે ઘાંચીના બળદ જેવો ડાબલા ધારણ કરીને જીવનભર એકની એક જગ્યાએ ગોળગોળ ફર્યા કરશે. તે વાડામાં પુરાયેલા ઘેટાં-બકરાં જેવો થઈ જશે. તેનું ઊન કપાતું રહેશે. કશું મળવાનું નથી.

★ ધાર્મિક ક્ષેત્રની પૂરી ગુરુપ્રથા પરલોક સુધારવા માટે જ રચાઈ હોય તેવું લાગે છે. જીવન કરતાં નરકનો ભય વધુ બતાવીને શિષ્યોનાં ટોળેટોળાં ઊભાં કરવાં અને પછી ખળાંની માફક ખળાં લણવાં એ જ સાધના કરતા રહેવાનું કામ ગુરુપ્રથા કરી રહી છે.

***– સ્વામી સચ્ચિદાનંદજી***
***(કચ્છી કથાઓમાંથી)***

## શિક્ષણ તથા ઈતર ડેવલપમેન્ટ સમિતિ

★ શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની શિક્ષણ તથા ઈતર ડેવલપમેન્ટ સમિતિ દ્વારા સ્ટુડન્ટ ડેવલપમેન્ટ વર્કશોપ (આગવી પ્રતિભા બનાવવા માટે)નો એક વર્કશોપ તા. ૧૮-૮-૨૦૧૩ના રોજ પ્રો. શ્રી જયરાજ પંડ્યાના માર્ગદર્શન હેઠળ યોજવામાં આવેલ. જેમાં શ્રી જયરાજ પંડ્યાએ વિદ્યાર્થીઓ તથા વાલીઓએ પોતાનો આત્મવિશ્વાસ કેવી રીતે વધારવો અને છૂપો ડર દૂર કરી રજૂઆત દ્વારા સામી વ્યક્તિની ઉપર કેવી રીતે પ્રભાવ પાડશો તે સમજાવ્યું હતું. તદુપરાંત જીવનમાં જરૂરી ભણતર અને કેરીયર માટે પોતાની આવડત વધારવા શું શું કરવું જોઈએ તે સંબંધી સુંદર પ્રવચન આપેલ હતું. તે ઉપરાંત ઓડિયો - વીડિયો દ્વારા પણ ખૂબ ઉપયોગી જાણકારી રજૂ કરી હતી. જેમાં ૧૪ સભ્યોએ ભાગ લીધો હતો અને તેમના પ્રશ્નોનું નિરાકરણ કરવામાં આવ્યું હતું.

★ સમિતિ દ્વારા સ્ટુડન્ટ ડેવલપમેન્ટ વર્કશોપનું તા. ૨૫-૮-૨૦૧૩ના રોજ પ્રો. શ્રી જયરાજ પંડ્યાના માર્ગદર્શન હેઠળ આયોજન કરવામાં આવેલ. જેમાં શ્રી જયરાજ પંડ્યાએ વિદ્યાર્થીઓને ભારતમાં આવેલ બેસ્ટ એજ્યુકેશન કેમ્પસ ક્યાં અને ત્યાં ચાલતા જુદા જુદા કોર્સિસ જેવા કે IIM, NID, MICA, EDI અને CEPT જેવા કેમ્પસમાં એડમિશન લેવા ક્યારથી અને કેવી રીતે તૈયારી કરવી, એની માહિતી આપી અને વિદ્યાર્થીઓ તેમજ વાલીઓને વિવિધ ફિલ્મો જેવી કે ભાગ મિલ્ખા ભાગ, ૩ ઈડીયટ્સ, ગાંધી, ચક દે ઈન્ડિયાની ક્લિપિંગ્સ ઓડિયો વીડિયો દ્વારા બતાવી હતી. આ કાર્યક્રમમાં ૨૩ સભ્યોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.

***હીરેન કુંવરજી શાહ***
***કન્વીનર - શિક્ષણ તથા ઇતર ડેવલપમેન્ટ સમિતિ***

## ગૃહ ઉદ્યોગ સમિતિ

ચાલુ વર્ષ દરમ્યાન પર્યુષણના દિવસોમાં ગૃહ ઉદ્યોગ સમિતિ દ્વારા લાડુ તથા ફુલવડીનું કિફાયતી દરે વિતરણ કરવામાં આવેલ હતું.

| | | |
|---|---|---|
| ચુરમાના લાડુ | : | રૂા. ૨૪૦/- પ્રતિ કિલો |
| મગસના લાડુ | : | રૂા. ૨૬૦/- પ્રતિ કિલો |
| ફુલવડી | : | રૂા. ૧૨૦/- પ્રતિ કિલો |

જો કે મંગલ મંદિરના સપ્ટેમ્બર-૨૦૧૩ના અંકમાં આ બાબતે જાહેરાત આપી શકવામાં મોડું થયેલ હોવાથી તેની સમસ્ત સમાજમાં જાહેરાત થઈ શકેલ ન હતી. તેમ છતાં જે જથ્થામાં શુધ્ધ અને સાત્વિક માલની વ્યવસ્થા કરવામાં આવેલ હતી તે સંપૂર્ણ માલનું વિતરણ શ્રી કચ્છી જૈન ભવન પરથી થઈ શકેલ હતું. છેલ્લા દિવસોમાં આ માલનો જથ્થો પૂરો થઈ ગયેલ હોવા છતાં તેની ઈન્કવાયરી રહેવા પામેલ હતી.

નહીં નફો - નહીં નુકસાનના ધોરણે આ માલની વિતરણ વ્યવસ્થા ગોઠવવામાં આવેલ હતી.

***સંદીપ મહેતા***
***કન્વીનર - ગૃહ ઉદ્યોગ સમિતિ***

# મહિલા ઉત્કર્ષ સમિતિ

## અનેક હરીફાઈઓ અને દરેકને ઈનામ – કાર્યક્રમનો અહેવાલ

સમિતિએ ઓગસ્ટ મહિનામાં પાલડી જૈન ભવન ખાતે અનેકવિધ હરીફાઈઓ ગોઠવી હતી જેમાં સભ્ય બહેનોએ બહોળી સંખ્યામાં ભાગ લીધો હતો.

વિવિધ હરીફાઈઓ પૈકી વાનગી હરીફાઈમાં નવીનતારૂપે કુકિંગ ક્વીઝ ગોઠવવામાં આવી હતી. જેમાં પ્રશ્નોત્તરી ગેમ્સ અને ક્વીઝની મદદથી નિર્ણાયકોએ વિજેતા જાહેર કર્યા હતા. કુકિંગને લગતા બધા જ વિષયો આવરી લઈને નિર્ણાયકોએ પ્રશ્ન પેપર અને ક્વીઝ તૈયાર કરી હતી. જેના માટે એમણે ઘણી જ જહેમત ઉઠાવી હતી. આ નવીન પ્રયાસને બહેનોએ માણ્યો અને વખાણ્યો.

રંગોળી હરીફાઈમાં આઝાદી દિવસને અનુરૂપ વિષયો અપાયા હતા.

લગ્નગીત હરીફાઈમાં ભાગ લેનાર બહેનોએ દરેક અવસરના ગીતો ગાયા હતા.

ડ્રોઈંગ હરીફાઈના વિષયોમાં કચ્છને અગત્યતા અપાઈ હતી.

બ્યુટી હરીફાઈમાં બહેનોએ સમય મર્યાદામાં રહીને સાડી પહેરી હતી.

આ બધી જ હરીફાઈમાં દરેકે દરેક હરીફને આશ્વાસન ઈનામો અપાયા હતા.

## મહિલા ઉત્કર્ષ સમિતિ – સ્પર્ધાઓની એક ઝલક

| હરીફાઈ | તારીખ | સૌજન્ય | વિજેતા | નિર્ણાયક |
|---|---|---|---|---|
| રંગોળી | ૧૫-૮-૧૩ | શ્રી નવીનચંદ્ર લહેરચંદ સંઘવી | (I) રચના મહેતા<br>(II) ધારા નાગડા<br>(III) યોગિની શાહ | શ્રીમતી ઉષા શુક્લ |
| લગ્ન ગીત | ૨૧-૮-૧૩ | શ્રીમતી દમયંતી ખીમચંદ ધરમશી | (I) કંચન મારુ<br>(II) મંજુલા શાહ | શ્રીમતી મીના કાવ્યા |
| ડ્રોઈંગ | ૨૧-૮-૧૩ | શ્રીમતી વિમળાબેન શિરીષ કોરડિયા | (I) રચના મહેતા<br>(II) યોગિની શાહ | શ્રીમતી વીણા પરીખ |
| બ્યુટી | ૨૩-૮-૧૩ | ગૂર્જર પરિવાર | (I) અમી નીતિન શાહ<br>(II) જયાબેન નાગડા<br>(III) વિમળાબેન શાહ | હર્ષા ત્રિવેદી |
| વાનગી (કુકિંગ) ફરસાણ | ૨૩-૮-૧૩ | શ્રીમતી પ્રભાબેન કાંતિલાલ સાવલા | (I) પ્રાચી વીરા<br>(II) પ્રભા વીરા<br>(III) રચના મહેતા | મીનાક્ષી માંકડ |
| મિષ્ટાન્ન | ૨૩-૮-૧૩ | શ્રી રામજી વેલજી સાવલા | (I) ભાવના નંદુ<br>(II) સરલા શાહ<br>(III) પ્રફુલ્લા ગોગરી | શ્રીમતી હેમા નારંગ |

*વ્યક્તિની ઈચ્છાશક્તિ પ્રબળ હોય તો કેટલીકવાર અસંભવિત દેખાતી વસ્તુ પણ સંભવિત કરી આપે. ભારતનું શ્રમણ અધ્યાત્મ ઈચ્છાશક્તિને મારવાનું બતાવે છે, કારણકે ઈચ્છા જ બધાં દુઃખોનું મૂળ કારણ છે. ઈચ્છા જ ન હોય તો દુઃખ પણ ન હોય. આવું સમાધાન આપતું અધ્યાત્મ હોવાથી પ્રજાનો ઉપરનો ક્રીમ વર્ગ ઈચ્છાહીન બની ગયો છે, તેથી મહાન કાર્યો થતાં નથી અને દુઃખદ આશ્ચર્ય તો જુઓ કે મહાન કાર્યો કર્યા વિના જ લોકો મહાન થઈ જાય છે - અરે! ભગવાન થઈ જાય છે! કશું ન કરનારા ભગવાન થઈ શકે તો પ્રજાની શી દશા થાય? શી પ્રેરણા મળે?*

***– સ્વામી સચ્ચિદાનંદજી (કચ્છી કથાઓમાંથી)***

***આપણા બાળકો આવતીકાલે શું થશે તેની આપણે ચિંતા કરીએ છીએ પણ આપણે એ ભૂલી જઈએ છીએ કે તેઓ આજે પણ કંઈક છે.***

## મહિલા ઉત્કર્ષ સમિતિના કાર્યક્રમોની તસવીરી ઝલક



લગ્નગીત હરીફાઈના નિર્ણાયકનું બહુમાન કરતાં કન્વીનર



ડ્રોઈંગ હરીફાઈના નિર્ણાયકનું બહુમાન કરતાં સમિતિના સભ્યો



ડ્રોઈંગ હરીફાઈના વિજેતાઓ



બ્યુટી હરીફાઈના નિર્ણાયક અને વિજેતાઓ



કુકિંગ ક્વીઝનું સંચાલન કરતાં નિર્ણાયકો



કુકિંગ ક્વીઝના વિજેતાઓ સાથે નિર્ણાયકો

JASH
Mercantile LLP

101, Manratna Business Park,
1st Floor, Junction of Derasar Lane,
Tilak Road, Ghatkopar (East),
Mumbai-400 077.

Tel. : +91.22.44229100 - 199
Fax : +91.22.44229119
E-mail : info@jashmercantile.com
Website : www.jashmercantile.com

# શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ સંચાલિત

## રતનવીર ગૃહ ઉદ્યોગ

### ગૃહઉદ્યોગ સમિતિ

આયોજિત

## દીપોત્સવી મહોત્સવ

**મીઠાઈ - ડ્રાય ફ્રુટ – ફરસાણ – કેડબરી ચોકલેટ**

સમાજના દરેક પરિવાર દિવાળી ઉમંગભેર ઉજવી શકે તે હેતુથી શુદ્ધ અને સાત્ત્વિક મીઠાઈ તથા ફરસાણ, ડ્રાયફ્રુટ, કેડબરી ચોકલેટ વગેરે ખૂબજ વ્યાજબી ભાવે વેચાણ કરવાનું નક્કી કરેલ છે. સમાજનાં દરેક પરિવાર સભ્યો આ સાથે પાના નં.-૭૩ ઉપર આપેલ ઓર્ડર ફોર્મ ભરી પોતાની જરૂરિયાત મુજબની ચીજવસ્તુઓ મેળવી આ તકનો લાભ લે તેવો અમે અનુરોધ કરીએ છીએ.

### મીઠાઈ (બ્રાન્ડેડ કંપની)

| નામ | પેકિંગ | વેચાણભાવ |
|---|---|---|
| કાજુ કતરી | ૫૦૦ ગ્રામ | રૂા. ૨૨૫/- |
| કેસર કાજુ કતરી | ૫૦૦ ગ્રામ | રૂા. ૨૫૦/- |
| પીસ્તા રોલ | ૫૦૦ ગ્રામ | રૂા. ૨૫૦/- |
| અંજીર રોલ | ૫૦૦ ગ્રામ | રૂા. ૨૫૦/- |

| નામ | પેકિંગ | વેચાણભાવ |
|---|---|---|
| મોહન થાળ | ૫૦૦ ગ્રામ | રૂા. ૧૫૦/- |
| મોતીચુર લાડુ | ૫૦૦ ગ્રામ | રૂા. ૧૫૦/- |
| સોન પાપડી | ૫૦૦ ગ્રામ | રૂા. ૧૫૦/- |

★ મોતીચુર લાડુ ડિલીવરી તારીખથી ચાર દિવસ સુધી વાપરી શકાશે. ★ સોનપાપડી ડિલીવરી તારીખથી પંદર દિવસ સુધી વાપરી શકાશે. ★ બાકીની મીઠાઈઓ ડિલીવરી તારીખથી આઠ દિવસ સુધી વાપરી શકાશે.

### ફરસાણ

| નામ | પેકિંગ | વેચાણભાવ |
|---|---|---|
| મઠિયા | ૫૦૦ ગ્રામ | રૂા. ૭૫/- |
| ચોળાફળી | ૫૦૦ ગ્રામ | રૂા. ૭૫/- |
| ખસ્તા કચોરી | ૨૫૦ ગ્રામ | રૂા. ૩૫/- |
| ખારી બુંદી | ૨૫૦ ગ્રામ | રૂા. ૩૦/- |

### કેડબરી ચોકલેટ (ચોકલેટ ફેન્ટસી)

| નામ | પેકિંગ | વેચાણભાવ |
|---|---|---|
| સાદી કેડબરી | ૨૫૦ ગ્રામ | રૂા. ૮૫/- |
| ડ્રાયફ્રુટ કેડબરી | ૨૫૦ ગ્રામ | રૂા. ૧૪૦/- |

ગીફ્ટ પેકેટ ઓર્ડર મુજબ બનાવી આપવામાં આવશે.

### ડ્રાય ફ્રુટ

| નામ | પેકિંગ | વેચાણભાવ |
|---|---|---|
| કાજુ – ૩૨૦ ક્વોલિટી | ૨૫૦ ગ્રામ | રૂા. ૧૫૦/- |
| કાજુ – ૨૪૦ ક્વોલિટી | ૨૫૦ ગ્રામ | રૂા. ૧૯૦/- |
| બદામ (રેગ્યુલર) | ૨૫૦ ગ્રામ | રૂા. ૧૭૫/- |
| બદામ (સ્પેશિયલ) | ૨૫૦ ગ્રામ | રૂા. ૧૯૦/- |
| કિસમીસ દ્રાક્ષ (રેગ્યુલર) | ૨૫૦ ગ્રામ | રૂા. ૪૫/- |
| કિસમીસ દ્રાક્ષ (સ્પેશિયલ) | ૨૫૦ ગ્રામ | રૂા. ૮૦/- |
| અખરોટ (મગજ) (રેગ્યુલર) | ૨૫૦ ગ્રામ | રૂા. ૨૭૫/- |
| અખરોટ (મગજ) (સ્પેશિયલ) | ૨૫૦ ગ્રામ | રૂા. ૩૦૦/- |

| નામ | પેકિંગ | વેચાણભાવ |
|---|---|---|
| ખારા પીસ્તા (રેગ્યુલર) | ૨૫૦ ગ્રામ | રૂા. ૨૦૦/- |
| ખારા પીસ્તા (સ્પેશિયલ) | ૨૫૦ ગ્રામ | રૂા. ૨૪૦/- |
| અંજીર (મીડિયમ) | ૨૫૦ ગ્રામ | રૂા. ૧૨૫/- |
| અંજીર (મોટા) | ૨૫૦ ગ્રામ | રૂા. ૧૪૦/- |
| જરદાલુ (રેગ્યુલર) | ૨૫૦ ગ્રામ | રૂા. ૯૦/- |
| જરદાલુ (સ્પેશિયલ) | ૨૫૦ ગ્રામ | રૂા. ૧૩૦/- |

ગીફ્ટ પેકેટ ઓર્ડર મુજબ બનાવી આપવામાં આવશે.

*ભારતના વડા પ્રધાનની જગ્યા બીજો કોઈ નાગરિક ભરી શકે છે, પણ મા-બાપ તરીકે આપણી જગ્યા કોઈ લઈ શકે નહીં.*

- **શ્રી કચ્છી જૈન ભવન પરના તા. ૨૨-૯-૨૦૧૩ના સ્વામિવાત્સલ્યના સમયે આ પ્રકારના ફોર્મનું વિતરણ કરવામાં આવેલ હતું અને અનેક સભ્યોએ તો ફોર્મ મેળવેલ હતા. ત્યારબાદ ગૃહ ઉદ્યોગ સમિતિએ ડ્રાયફ્રુટના અનેક હોલસેલ વેપારીઓ સાથે ભાવ બાબતે ચર્ચા કરતાં, ડ્રાયફ્રુટની અનેક આઈટમો આપણે ઓછા ભાવે ખરીદી કરી શકશું. એ પ્રમાણે આ ફોર્મમાં જે-તે આઈટમોના ભાવમાં ફેરફાર કરી સારા એવા ઘટાડવામાં આવેલ છે. મીઠાઈ, ડ્રાયફ્રુટ વગેરેનો લાભ લેનાર સભ્યોએ આ સાથે દર્શાવેલ ભાવ પ્રમાણે જ પેમેન્ટ ચૂકવવાનું રહેશે.**
- જરૂરિયાત મુજબ દરેક સભ્યોએ ઓર્ડર ફોર્મ ભરી પોતાનો ઓર્ડર નોંધાવવો આવશ્યક છે.
- ઓર્ડર ફોર્મ શ્રી કચ્છી જૈન ભવન - પાલડી, એસ.ટી. સ્ટેન્ડ સેવા ભવન અને શ્રી કચ્છી વિશ્રામ ગૃહ - શાહીબાગ ખાતે મૂકવામાં આવશે. આ ફોર્મ ભરીને દરેક સભ્યો તેના ઓર્ડર મુજબ ૫૦% પેમેન્ટ આપી પોતાનો ઓર્ડર બુક કરાવી શકે છે.
- **ફોર્મ પ્રમાણેના ઓર્ડરની ડિલીવરી તા. ૩૧-૧૦-૨૦૧૩ અને તા. ૧-૧૧-૨૦૧૩ના સવારે ૧૦.૦૦ વાગ્યાથી સાંજે ૫.૦૦ વાગ્યા સુધી શ્રી કચ્છી જૈન ભવન - પાલડીથી કરવામાં આવશે.** ડિલીવરી સમયે બાકી રહેતું પેમેન્ટ દરેક સભ્યોએ ચૂકતે કરવાનું રહેશે.
- ટેક્ષની રકમ અલગથી ગણવામાં આવશે.
- ઓર્ડર ફોર્મ સ્વીકારવાની **છેલ્લી તારીખ ૨૦-૧૦-૨૦૧૩** રહેશે. ત્યારબાદ ઓર્ડર આપનાર સભ્યને તે સમયે જે ભાવ હશે તે રીતે પેમેન્ટ કરવાનું રહેશે.
- વધુ વિગત માટે નીચેની વ્યક્તિઓનો સંપર્ક સાધવા વિનંતી.

| | | | |
|---|---|---|---|
| **પ્રદીપ મહેતા** | : ૯૮૨૫૦ ૬૧૧૬૦ | **પીયૂષ પારેખ** | : ૯૩૨૭૫ ૬૫૬૫૮ |
| **રાજેન્દ્ર વસા** | : ૯૦૯૯૯ ૨૬૭૬૦ | **દિલીપ સંઘવી** | : ૯૮૨૪૦ ૯૧૩૮૧ |
| **રોહિત સંઘવી** | : ૯૮૨૪૦ ૦૬૬૪૮ | **અમીબેન શાહ** | : ૯૦૯૯૩ ૪૬૬૯૫ |
| **ભાવેશ ગડા** | : ૭૬૦૦૮ ૩૨૨૮૧ | **શિલ્પીબેન શાહ** | : ૯૩૨૭૦ ૧૪૬૨૫ |
| **અનિલ હરિયા** | : ૯૮૭૯૫ ૨૮૦૧૮ | **જીગીષાબેન મહેતા** | : ૯૬૬૨૭ ૯૧૯૧૭ |

**દરેક સભ્યને વિનંતી કે સમયસર ઓર્ડર આપી, આ કાર્યને સફળ બનાવવામાં અમોને સાથ આપે.**

**સંદીપ એ. મહેતા (૯૮૯૮૯ ૩૩૦૦૦)**
**કન્વીનર - ગૃહ ઉદ્યોગ સમિતિ**

# કચ્છ ડેવલપમેન્ટ કાઉન્સિલ

કચ્છ ડેવલપમેન્ટ કાઉન્સિલની વાર્ષિક સામાન્ય સભા રવિવાર, તા. ૧૫-૯-૨૦૧૩ના સવારમાં ક.વી.ઓ. જૈન ભવન - ભુજ ખાતે મળેલ હતી કે જ્યારે આ સભામાં શ્રી અશોક મહેતા, શ્રી પ્રતાપભાઈ દંડ, શ્રી શશીકાંતભાઈ ઠક્કર, ડૉ. કાંતિભાઈ ગોર, શ્રી હંસરાજભાઈ કંસારા, શ્રી નિમેષ ફડકે, શ્રી રસિકભાઈ મામતોરા, શ્રી લીલાધર ગડા, શ્રી કૈલાસદાન ગઢવી, બહેનશ્રી વિજ્યાલક્ષ્મી શેઠ, શ્રી નરેન્દ્ર છ. શાહ, શ્રી વીરેન ધી. શાહ ઉપસ્થિત રહેલ હતા.

આ સભામાં વર્ષ ૨૦૧૨-૨૦૧૩ના ઓડિટેડ હિસાબો મંજૂર કરવામાં આવેલ હતા.

"કચ્છનો સર્વાંગ ઈતિહાસ"માં જરૂરી સુધારા કરી તેની બીજી પ્રત બહાર પાડવાનું નક્કી કરવામાં આવેલ હતું.

"કચ્છનો સર્વાંગ ઈતિહાસ"ને અંગ્રેજીમાં ટ્રાન્સલેટ કરી તેને અંગ્રેજીમાં બહાર પાડવાનું નક્કી કરવામાં આવેલ હતું.

ભુજ ખાતેની આર્કિટેક્ચરલ કોલેજ માટે જમીન સંપાદનની પ્રક્રિયા પર વધુ ધ્યાન આપવાનું નક્કી કરવામાં આવ્યું હતું.

કચ્છના વિવિધ વિષયે પરિચય પુસ્તિકા બહાર પાડવા નીચે મુજબની સમિતિની રચના કરવામાં આવેલ હતી :
(૧) શ્રી કીર્તિભાઈ ખત્રી - કન્વીનર, (૨) ડૉ. કાંતિભાઈ ગોર, (૩) શ્રી નરેશભાઈ અંતાણી તથા (૪) શ્રી હંસરાજભાઈ કંસારા.

વર્ષ ૨૦૧૩-૨૦૧૪થી શરૂ થતા આવતા ૩ વર્ષ માટે નીચે મુજબના હોદ્દેદારોની નિમણૂક કરવામાં આવેલ હતી.

| | |
|---|---|
| શ્રી અશોક મહેતા | ચેરમેન |
| શ્રી શશીકાંતભાઈ ઠક્કર | વાઈસ ચેરમેન |
| શ્રી પ્રતાપ દંડ | સેક્રેટરી |
| શ્રી બી.કે. પટેલ | ખજાનચી |

અત્યાર સુધી જેમણે ખજાનચી તરીકે પોતાની સેવા આપેલ છે તે શ્રી કે.ડી. શાહની સેવાને બિરદાવવામાં આવેલ હતી. સમૂહ ભોજન બાદ સહુ છૂટા પડ્યા હતા. ■

*સખત કામ એ પ્રાર્થના બરાબર છે. સખત પરિશ્રમનો કોઈ વિકલ્પ નથી.*

# શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદનો માસિક અહેવાલ

## ઓગસ્ટ / સપ્ટેમ્બર - ૨૦૧૩

● **શુક્રવાર, તા. ૨૩-૮-૨૦૧૩**

★ આજરોજ ગૃહ ઉદ્યોગ સમિતિની એક મિટીંગ શ્રી કચ્છી જૈન ભવન પર મળેલ હતી કે જ્યારે શ્રી સંદીપ મહેતા, શ્રી રોહિત સંઘવી, શ્રી દિલીપ સંઘવી, શ્રી રાજુભાઈ વસા, શ્રી અનિલ હરિયા, શ્રીમતી અમીબેન શાહ, શ્રી પીયૂષ પારેખ વગેરે ઉપસ્થિત રહેલ હતા. સ્વામિવાત્સલ્ય જમણવાર, ગૃહ ઉદ્યોગ શરૂ કરવા વગેરે બાબતે ચર્ચા કરવામાં આવેલ હતી.

● **રવિવાર, તા. ૨૫-૮-૨૦૧૩**

★ આજરોજ શ્રી કચ્છી જૈન ભવન પર શ્રી કચ્છી જૈન સમાજ ક્રેડિટ કો.ઓ. સોસાયટીની એક સામાન્ય સભા મળેલ હતી. ૩૦ વ્યક્તિ ઉપસ્થિત રહેવા પામેલ હતી. આ મિટીંગમાં ડૉ. ચંદ્રકાંત દેઢિયાને પ્રમુખ તરીકે તથા શ્રી કે.આર. શાહને સેક્રેટરી તરીકે સર્વાનુમતે નીમવામાં આવેલ હતા. ૧૨ સભ્યોની વ્યવસ્થાપક સમિતિ નક્કી કરવામાં આવેલ હતી. અન્ય હોદ્દેદારોની નિમણૂક કરવા વ્યવસ્થાપક સમિતિને કહેવામાં આવ્યું. જરૂરી પેટા નિયમો બનાવવાની જવાબદારી પણ વ્યવસ્થાપક સમિતિને સોંપવામાં આવેલ હતી. તા. ૩૧-૭-૨૦૧૩ સુધીમાં રજૂ થયેલ હિસાબોને મંજૂર રાખવામાં આવેલ હતા. પ્રમુખ / મંત્રીશ્રીને અત્યાર સુધીનું દફતર સુપરત કરવામાં આવેલ હતું.

● **સોમવાર, તા. ૨૬-૮-૨૦૧૩**

★ આજરોજ રાત્રે ગૃહ ઉદ્યોગ સમિતિની એક મિટીંગ શ્રી કચ્છી જૈન ભવન પર યોજવામાં આવેલ હતી. આ મિટીંગમાં શ્રી સંદીપ મહેતા, શ્રી રાજુભાઈ ગોળવાળા, શ્રી પ્રદીપ મહેતા, શ્રી રોહિત સંઘવી, શ્રી દિલીપ સંઘવી તથા શ્રી પીયૂષ પારેખ ઉપસ્થિત રહેલ હતા. પર્યુષણ પર્વ દરમ્યાન શ્રી કચ્છી જૈન ભવન પરથી સમાજના સભ્યો માટે તેમજ અન્ય સભ્યો માટે વાજબી દરે મગજના લાડુ, ચુરમાના લાડુ, ફુલવડી તથા ખડખડિયાનું વિતરણ કરવાનું નક્કી કરવામાં આવેલ હતું. દિવાળીના તહેવાર દરમ્યાન મીઠાઈ, ફરસાણ તથા ડ્રાયફ્રુટનું વિતરણ કરવાનું નક્કી કરવામાં આવેલ હતું.

● **ગુરુવાર, તા. ૨૯-૮-૨૦૧૩**

★ આજે રાત્રે મેડિકલ સમિતિની એક મિટીંગ શ્રી કચ્છી જૈન ભવન પર મળેલ હતી. શ્રી કાંતિભાઈ સાવલા, ડૉ. ચંદ્રકાંત દેઢિયા, શ્રી કે.આર. શાહ, શ્રી નરેન્દ્ર ખોના, શ્રી દિનેશ મહેતા, ડૉ. હિતુભાઈ, શ્રીમતી હાસ્યલતાબેન, શ્રીમતી દક્ષાબેન તથા શ્રી પીન્ટુ આ મિટીંગમાં ઉપસ્થિત રહેલ હતા. આ મિટીંગમાં શ્રી અશ્વિન સાવલાની દરખાસ્ત મુજબની કોઈ પણ વ્યક્તિ માટેની ફુલ બોડી ચેક-અપની વિવિધ ૬ સ્કીમો ફાઈનલ કરી, હવે પછી તેનો અમલ કરવાનું નક્કી કરવામાં આવેલ હતું. શ્રી કચ્છી જૈન સેવા સમાજના ૩૦ વર્ષથી ઉપરની વયના સભ્યો માટે વર્ષમાં એક વખત સંપૂર્ણપણે ફ્રી ચેક-અપ કરી આપવાનું નીચે મુજબ નક્કી કરવામાં આવ્યું હતું. (૧) ૩૦ થી ૪૦ વર્ષની વય માટે રૂા. ૬૦૦/-ની સ્કીમ, (૨) ૪૦થી ૫૦ વર્ષની વય માટે રૂા. ૧૨૫૦/-ની સ્કીમ અને (૩) ૫૦ વર્ષથી ઉપરની વય માટે રૂા. ૧૭૫૦/-ની સ્કીમ. આ યોજનાને મંજૂરી આપવા ટ્રસ્ટ મંડળ પર મોકલી આપવાનું નક્કી કરવામાં આવેલ હતું. ફીઝિયોથેરાપી વિભાગમાં મ્યુઝીક સિસ્ટમ મૂકવાનું નક્કી કરવામાં આવેલ હતું. ફાયર એક્ષ્ટીન્ગ્યુશર માટે ૩ કાર્બન ડાયોક્સાઈડના સિલિન્ડર ખરીદી લેવાનું નક્કી કરવામાં આવેલ હતું. શ્રી જૈન શ્વે.મૂર્તિપૂજક યુવક સંઘ માટે રૂા. ૬૫૦/-ની બોડી ચેક-અપની યોજનાને મંજૂરી આપવામાં આવેલ હતી.

● **શુક્રવાર, તા. ૩૦-૮-૨૦૧૩**

★ આજરોજ સવારમાં શ્રી કચ્છી જૈન ભવન પર સભ્યપદ સમિતિની એક મિટીંગ મળેલ હતી. જેમાં શ્રી રમણિકભાઈ ગોસર, શ્રી રજનીભાઈ પારેખ તથા શ્રી દિનેશભાઈ શાહ ઉપસ્થિત રહેલ હતા. સભ્ય બનવા માટે આવેલ અરજીઓની સ્ક્રુટીની કરી, જરૂરી અરજીઓ સભ્યપદ માટેની ભલામણ સહિત ટ્રસ્ટ મંડળને મોકલી આપવાનું નક્કી કરવામાં આવેલ હતું.

● **શનિવાર, તા. ૩૧-૮-૨૦૧૩**

★ શ્રી કચ્છી સમાજ કો-ઓપરેટીવ ક્રેડિટ સોસાયટીના હિસાબો માટે જરૂરી સોફ્ટવેર વસાવવાની વિચારણા ચાલતી હોવાના અનુસંધાને સોફ્ટવેર કંપની તરફથી તેનું ડેમોન્સ્ટ્રેશન શ્રી કચ્છી જૈન ભવન પર રાખવામાં આવેલ હતું. ડૉ. ચંદ્રકાંત દેઢિયા, સર્વશ્રી કે.આર. શાહ, રજનીકાંત પારેખ, અશોક મહેતા, પ્રતાપભાઈ દંડ, નલિનભાઈ મોમાયા, ચેતન ગોવિંદજી નાગડા, પરાશર વ્યાસ તથા કિશોર ઠક્કર ઉપસ્થિત રહેલ હતા. ત્યારબાદ તે અંગેના બંને પાસાની ચર્ચા વિચારણા કરવામાં આવી.

★ આજરોજ રાત્રે શ્રી કચ્છી જૈન ભવન પર યુવા વિકાસ સમિતિની એક મિટીંગ મળેલ હતી. શ્રી પીયૂષ સાવલા, શ્રી

*ચિંતાથી લોહીનું પાણી થાય, વ્યસનથી ધનનું પાણી થાય, કુસંગથી સમય અને શક્તિનું પાણી થાય.*

નીતિન શાહ, શ્રી વિશાલ શાહ, શ્રી આશિષ મહેતા, શ્રીમતી સ્મિતા શાહ, શ્રીમતી શિલ્પીબેન શાહ તથા શ્રીમતી અમીબેન શાહ ઉપસ્થિત રહેલ હતા. નવરાત્રિ કાર્યક્રમ તથા શરદપૂનમ કાર્યક્રમ અંગે ચર્ચા વિચારણા કરી, એ કાર્યક્રમો તથા તેના આયોજનો નક્કી કરવામાં આવ્યા હતા.

- **રવિવાર, તા. ૧-૯-૨૦૧૩**

★ આજરોજ શ્રી કચ્છી જૈન વન ૫૨ ટ્રસ્ટ મંડળની એક મિટીંગ મળેલ હતી. ૧૪ ટ્રસ્ટીશ્રીઓ ઉપસ્થિત રહેલ હતા. સભ્યપદ માટે આવેલ નવી અરજીઓ મંજૂર કરવામાં આવેલ હતી. ગીતા મંદિર - સેવા ભવનના રૂમોમાં થતા પાઈપ લાઈન લીકેજીસ તાત્કાલિક રીપેર કરાવવાના ખર્ચની મંજૂરી આપવામાં આવી. પર્યાવરણ સમિતિને ભુજપુર પાંજરાપોળ તથા તુંબડીમાં પ્રાઈવેટ પ્લોટ ૫૨ વૃક્ષારોપણના ખર્ચની મંજૂરી આપવામાં આવી. ઉત્તરાખંડમાં થયેલ અતિવૃષ્ટિ સામે શ્રી ચંદ્રકાંતભાઈ ગોગરીની એક ગામ દત્તક લેવાની અપીલને મંજૂરી આપવામાં આવી. શ્રી કચ્છી જૈન સમાજ ક્રેડિટ કો.ઓ. સોસાયટીને તેના શરૂઆતના ખર્ચને પહોંચી વળવા રૂા. ૧.૦૦ લાખ દાન આપવાનું મંજૂર કરવામાં આવ્યું. સમાજની ૩૦ વર્ષથી ઉપરની વયના સભ્યો માટે વર્ષમાં એક વખત ફ્રી મેડિકલ ચેક-અપની સુવિધા આપવાનું નક્કી કરવામાં આવ્યું. ગૃહ ઉદ્યોગ સમિતિની પર્યુષણ પર્વે લાડુ વગેરે વિતરણ કરવાની દરખાસ્તને મંજૂરી આપવામાં આવી. રીનોવેટેડ મેડિકલ સેન્ટરનું પુનઃ ઉદ્‌ઘાટન કરવાનું નક્કી કરવામાં આવ્યું.

★ આજે શ્રી કચ્છી જૈન સમાજ કો.ઓ. ક્રેડિટ સોસાયટીની વ્યવસ્થાપક સમિતિની એક મિટીંગ શ્રી કચ્છી જૈન ભવન ખાતે મળેલ હતી. ૭ સભ્યો ઉપસ્થિત રહેલ હતા. ઉપપ્રમુખ તરીકે શ્રી કાંતિલાલ વેલજી સાવલા, સહમંત્રી તરીકે શ્રી રજનીકાંત ધરમશી પારેખ તથા ખજાનચી તરીકે શ્રી નલિન કેશવજી મોમાયાની વરણી કરવામાં આવેલ હતી. આવેલ ડિપોઝીટને ૮ ટકાના દરે વ્યાજ ચૂકવવાનું અને ધીરાણ સામે ૧૧ ટકા વ્યાજ લેવાનું તથા જેઓ ધીરાણ નિયત કર્યા મુજબ નિયમિતપણે ચૂકવી દે તેને ૧ ટકો કન્સેશન આપવાનું નક્કી કરવામાં આવેલ હતું.

- **સોમવાર, તા. ૨-૯-૨૦૧૩**

★ અંદાજિત ૧૨૦૦ જેટલા સરનામા માટેનું કચ્છી યલો પેજિસનું પ્રથમ પ્રુફ ચેકિંગ કરવા માટે આજે આવી ગયેલ હતું. જે રીતે વિગતો ટાઈપ કરવામાં આવી, તેના બદલે બે કોઠામાં વિગતો ટાઈપ કરીને ફરીથી પ્રુફિંગ માટે આપવાનું કોમ્પ્યુટર સેટીંગ કરનારને જણાવવામાં આવ્યું.

- **ગુરુવાર, તા. ૫-૯-૨૦૧૩**

★ કચ્છી યલો પેજિસના આવેલ ફોર્મ્સની ચકાસણી માટે આજથી શ્રી રાજુભાઈ ગોળવાળાએ પોતાની સેવા આપવાનું શરૂ કરેલ હતું. અંદાજિત ૩૫ ફોર્મ્સની તેઓ દ્વારા ચકાસણી કરવામાં આવેલ હતી.

★ આજરોજ સાંજના ૬.૩૦ વાગે ગુજરાત મેગેઝિન ક્લબના કારોબારી સભ્યો તથા આમંત્રિતોની એક સભા સ્કૂમ (શ્રી કેળવણી ઉત્તેજન મંડળ)ના સંકુલ ખાતે મળેલ હતી. આ મિટીંગમાં શ્રી પી.કે. લહેરી, શ્રી ભીમજીભાઈ નાકરાણી, ડૉ. હર્ષદ પટેલ, શ્રી જોરાવરસિંહ જાદવ સહિત ૨૧ સભ્યો ઉપસ્થિત રહેલ હતા. શ્રી કચ્છી સમાજ તથા શ્રી ક.જૈ.સે.સ.ના શ્રી અશોક મહેતા, શ્રી મનુભાઈ શાહ, શ્રી ભરત ઓઝા, શ્રી હંસરાજ કંસારા તથા શ્રી અતુલભાઈ સોની ઉપસ્થિત રહેલ હતા. શ્રી પી.કે. લહેરીનું પ્રવચન મનનીય હતું. ભારતની આર્થિક પરિસ્થિતિ તથા નર્મદાના પાણી વિષયે નજદીકના ભવિષ્યમાં જે-તે નિષ્ણાતોની ઉપસ્થિતિમાં બે અલગ અલગ સેમિનારનું આયોજન ગોઠવવાનું નક્કી કરવામાં આવેલ હતું. સ્કૂમની શિક્ષણ સમિતિના ચેરમેન શ્રી પ્રભુદાસભાઈ પટેલ વગેરેએ આ મિટીંગ અને ત્યારબાદના ભોજન માટે ઉત્તમ પ્રકારનું કહી શકાય તેવું આયોજન ગોઠવેલ હતું.

- **શનિવાર, તા. ૭-૯-૨૦૧૩**

★ આજરોજ ગૃહ ઉદ્યોગ સમિતિની એક મિટીંગ મળેલ હતી. શ્રી સંદીપ મહેતા, શ્રી પ્રદીપ મહેતા, શ્રી રાજુભાઈ ગોળવાલા, શ્રી રોહિત સંઘવી, શ્રી દિલીપ સંઘવી, શ્રી પીયૂષ પારેખ, શ્રીમતી શિલ્પીબેન શાહ, શ્રીમતી અમીબેન શાહ, શ્રી નીતિન શાહ, શ્રી ભાવેશ ગડા તથા શ્રી અશોક મહેતા આ મિટીંગમાં ઉપસ્થિત રહેલ હતા. પર્યુષણ પર્વ દરમ્યાન ભવનના સ્ટોલ પર કિફાયતી દરે વિતરણ કરવા માટે મગજ લાડુ, ચુરમા લાડુ, ફુલવડી વગેરે બાબતે ચર્ચા કરવામાં આવેલ હતી. દીપોત્સવી મીઠાઈ, ફરસાણ તથા ડ્રાયફ્રુટ વગેરે બાબતે ચર્ચા કરી તેની વિગતો નક્કી કરવામાં આવેલ હતી.

★ આજરોજ યલો પેજિસ સમિતિના કન્વીનરશ્રી મનુભાઈ શાહ સાથે ચર્ચા કરવામાં આવી. જે ૧૨૦૦ ફોર્મ્સ પ્રિન્ટ થઈને પ્રુફ રીડિંગ માટે આવી ગયેલ છે એ ફોર્મમાં કોઈ ક્ષતિ રહી જતી હોય તો તે સુધારવા અંગે જરૂરી ચર્ચા કરવામાં આવેલ હતી. પ્રથમ બધા જ ફોર્મ્સ ચકાસી લેવાનું નક્કી કરવામાં આવેલ હતું.

- **સોમવાર, તા. ૯-૯-૨૦૧૩**

★ આજરોજ શ્રી અશોક મહેતા, શ્રી કાંતિલાલભાઈ સાવલા, ડૉ. ચંદ્રકાંત દેઢિયા, શ્રી કે. આર. શાહ, શ્રીમતી પુષ્પાબેન કાંતિલાલ શાહ, શ્રી નવીન

*જો તમે જિંદગીના અગોચર અર્થને ગોચર કરી શકો તો જિંદગી સ્વયં ઈશ્વર છે. – મહર્ષિ મહેશ.*

હરિયા વગેરે શ્રી કાંતિલાલભાઈ સાવલાને ત્યાં એકત્રિત થયેલ હતા. મોડેથી શ્રી અશ્વિનભાઈ સાવલા પણ આ મિટીંગમાં જોડાયા હતા. તેઓએ આવતા વર્ષના કાર્યક્રમો વિષે ચર્ચા કરેલ હતી. વિ.સં. ૨૦૭૦ એટલે કે નવું વર્ષ તા. ૪-૧૧-૨૦૧૩થી ક્રેડિટ સોસાયટીના ધીરાણના ફોર્મનું વિતરણ થઈ શકે એ રીતે ડૉ. ચંદ્રકાંત દેઢિયા ધીરાણના ફોર્મ તૈયાર કરી, મંગલ મંદિર, ઓક્ટોબર-૨૦૧૩ના અંકમાં પ્રસારિત કરવા આપી દેશે તેવું નક્કી કરવામાં આવેલ હતું. આગામી વૃક્ષારોપણની તૈયારી કરવા તા. ૧૬-૯-૧૩ના રોજ તુંબડી - ભુજપુરની મુલાકાત લેવાનું નક્કી કરવામાં આવેલ હતું. વૃક્ષારોપણ કદાચ તા. ૧૦-૧૧-૧૩ અથવા ૧૧-૧૧-૧૩ના રોજ શરૂ કરવાનું નક્કી કરવામાં આવેલ હતું. મુંબઈ અતિથિ ભવનના કાર્યો જાન્યુઆરી-૨૦૧૪માં શરૂ થઈ જાય એ રીતે પ્રયાસ કરવાનું નક્કી કરવામાં આવેલ હતું. શ્રી કચ્છી જૈન ભવન પર બે રૂમ અને શ્રી કચ્છી વિશ્રામ ગૃહ પર ચાર રૂમ ડિલક્ષ બનાવવા ચર્ચા વિચારણા કરવામાં આવેલ હતી. તદ્દુપરાંત આર્કિટેક્ચરલ કૉલેજ, કચ્છના સર્વાંગી ઈતિહાસની બીજી પ્રત, કચ્છના સર્વાંગી ઈતિહાસનું અંગ્રેજીમાં ટ્રાન્સલેશન, અમદાવાદની સ્કૂલોમાં વૃક્ષારોપણ, બોર્ડિંગ સ્કૂલની સ્થાપના, કચ્છ બ્રાંચ કેનાલ દર્શન, ગૃહ ઉદ્યોગમાં ઘર વપરાશની આઈટમો બનાવવી વગેરે અનેક બાબતે વિસ્તૃત ચર્ચા કરવામાં આવેલ હતી.

● **મંગળવાર, તા. ૧૦-૯-૧૩**

★ આજરોજ શ્રી પી.કે. લહેરીને મળીને કચ્છ બ્રાંચ કેનાલની યોજના વિષે તથા ગુજરાત મેગેઝીન ક્લબ વિષે શ્રી અશોક મહેતા તથા ડૉ. ચંદ્રકાંત દેઢિયાએ અનેકવિધ ચર્ચા કરેલ હતી. ત્યારબાદ શ્રી કિરીટભાઈ સંઘવી સાથે પણ નર્મદા કેનાલની કાર્યવાહી અંગે જાણકારી મેળવવામાં આવેલ હતી.

● **ગુરુવાર, તા. ૧૨-૯-૨૦૧૩**

★ આજરોજ ભવન પર શ્રી અશોક મહેતા, શ્રી કાંતિલાલભાઈ સાવલા, શ્રી પ્રતાપભાઈ દંડ, ડૉ. ચંદ્રકાંત દેઢિયા, શ્રી શાંતિલાલભાઈ સાવલા વગેરે એકત્રિત થયેલ હતા. રીનોવેટ કરવામાં આવેલ મેડિકલ સેન્ટરનું પુનઃ ઉદ્‌ઘાટન રવિવાર, તા. ૨૦-૧૦-૨૦૧૩ના રોજ કરવાનું વિચારવામાં આવ્યું. કચ્છમાં વૃક્ષારોપણ કરવાનું રવિવાર, તા. ૧૦-૧૧-૨૦૧૩ના રોજ વિચારવામાં આવ્યું. બંને કાર્યક્રમો વ્યવસ્થિત લોકોની ઉપસ્થિતિમાં પાર પાડવા તેવું પણ વિચારવામાં આવ્યું. તા. ૨૦-૧૦-૨૦૧૩ના કાર્યક્રમ માટે અતિથિ વિશેષશ્રીઓ નક્કી કરવા યોગ્ય આયોજનની શરૂઆત કરી દેવી, તેવું નક્કી કરવામાં આવ્યું.

● **શુક્રવાર, તા. ૧૩-૯-૨૦૧૩**

★ આજરોજ રાત્રે ગૃહ ઉદ્યોગ સમિતિની એક મિટીંગ શ્રી કચ્છી જૈન ભવન - પાલડી ખાતે મળેલ હતી. આ મિટીંગમાં શ્રી સંદીપ મહેતા, શ્રી અનિલ હરિયા, શ્રી પ્રદીપ મહેતા, શ્રી પીયૂષ પારેખ, શ્રી નીતિન શાહ, શ્રીમતી અમીબેન શાહ, શ્રી ભાવેશ ગડા, શ્રી અશોક મહેતા વગેરે ઉપસ્થિત રહેલ હતા. આ મિટીંગમાં દીપોત્સવી મીઠાઈ વગેરેની ખરીદીના ભાવ અને વિતરણના ભાવ અંગે ચર્ચા કરવામાં આવી હતી.

● **શનિવાર, તા. ૧૪-૯-૨૦૧૩**

★ આજરોજ શ્રી અશોક મહેતા, શ્રી પ્રતાપભાઈ દંડ તથા શ્રી નરેન્દ્ર છ. શાહ અમદાવાદથી ભુજ જવા નીકળ્યા. તા. ૧૫-૯-૧૩ના સવારમાં કચ્છ ડેવલપમેન્ટ કાઉન્સિલની વાર્ષિક સામાન્ય સભા, સાંજના જાયન્ટ્સ ગ્રૂપના સભ્યો સાથે કચ્છના પાણી પ્રશ્ને વાર્તાલાપ, તા. ૧૬-૯-૧૩ના વૃક્ષારોપણ માટે તુંબડી - ભુજપુરની મુલાકાત વગેરે કાર્યક્રમો માટે આ પ્રવાસ ગોઠવવામાં આવેલ છે.

● **રવિવાર, તા. ૧૫-૯-૨૦૧૩**

★ આજે સવારમાં ભુજ ખાતે કચ્છ ડેવલપમેન્ટ કાઉન્સિલની વાર્ષિક સામાન્ય સભા મળેલ હતી. આ સભામાં શ્રી અશોક મહેતા, શ્રી શશીકાંતભાઈ ઠક્કર, શ્રી પ્રતાપભાઈ દંડ, ડૉ. કાંતિભાઈ ગોર, શ્રી હંસરાજ કંસારા, બહેનશ્રી વિજયાલક્ષ્મી શેઠ, શ્રી નિમેષભાઈ ફડકે, શ્રી રસિકભાઈ મામતોરા, શ્રી કૈલાસદાન ગઢવી, શ્રી લીલાધરભાઈ ગડા, શ્રી નરેન્દ્ર છ. શાહ, શ્રી વીરેન ધી. શાહ વગેરે ઉપસ્થિત રહેલ હતા. ગત સભાની મિટીંગની મિનિટ્સને બહાલ રાખવામાં આવેલ હતી. ગત વર્ષના હિસાબો મંજૂર રાખવામાં આવેલ હતા. ચાલુ ઑડિટરશ્રીને પાંચ વર્ષ થઈ ગયેલ હોવાથી અન્ય કોઈ ઑડિટરશ્રીની નિમણૂક કરવાનું નક્કી કરવામાં આવેલ હતું. આવતા ૩ વર્ષ માટે ચેરમેન તરીકે શ્રી અશોક મહેતા, વાઈસ ચેરમેન તરીકે શ્રી શશીકાંતભાઈ ઠક્કર, સેક્રેટરી તરીકે શ્રી પ્રતાપભાઈ દંડ તથા ખજાનચી તરીકે શ્રી બી.કે. પટેલની વરણી કરવામાં આવી હતી. આર્કિટેક્ચરલ કૉલેજ માટે જમીન સંપાદનની કાર્યવાહી માટે વિશેષ ધ્યાન આપવાનું નક્કી કરવામાં આવેલ હતું. 'કચ્છનો સર્વાંગી ઈતિહાસ'ની બીજી આવૃત્તિ બહાર પાડવાનું અને તેના પરથી તેને ટ્રાન્સલેટ કરાવી અંગ્રેજીમાં બહાર પાડવાનું પણ નક્કી કરવામાં આવેલ હતું. કચ્છમાં ક્ષત્રપ સમયના ઉત્ખનન હાલે ન કરવાનું નક્કી કરવામાં આવેલ હતું. વિવિધ પરિચય પુસ્તિકાઓ બહાર પાડવા એક સમિતિની નિમણૂક કરવામાં આવેલ હતી. જેમાં શ્રી કીર્તિભાઈ ખત્રીની કન્વીનરપદે તેમજ શ્રી હંસરાજભાઈ કંસારા, ડૉ. કાંતિભાઈ ગોર, શ્રી નરેશ અંતાણી તથા

*જેનું મન ધર્મરત છે, તેને દેવ પણ નમન કરે છે.*

શ્રી રસિકભાઈ મામતોરાની સભ્યપદે વરણી કરવામાં આવેલ હતી.

★ આજરોજ સાંજના ભુજમાં જાયન્ટ હોલ ખાતે જાયન્ટ્સ ગ્રૂપના સભ્યો વચ્ચે શ્રી અશોક મહેતાએ કચ્છના પાણી પ્રશ્ને એક વક્તવ્ય આપેલ હતું કે જેમાં ૫૦ જેટલી વ્યક્તિ ઉપસ્થિત રહેવા પામેલ હતી. જાયન્ટ્સ ક્લબ ઑફ ભુજના અધ્યક્ષ શ્રી કાંતિભાઈ મીરાણી, શ્રી નરશી ગોગારી, શ્રી ગિરીશ વૈષ્ણવ, શ્રી નિષદ મહેતા, શ્રી ચંદુભાઈ એસ. પટેલ તેમજ આર્કિટેક્ટ શ્રી રજનીભાઈ પટવા, શ્રી વીરેન ધી. શાહ વગેરે ઉપસ્થિત રહેલ હતા. અમદાવાદ સમાજના શ્રી પ્રતાપભાઈ દંડ, શ્રી નરેન્દ્ર છ. શાહ તેમજ કચ્છ ડેવલપમેન્ટ કાઉન્સિલના શ્રી શશીકાંતભાઈ ઠક્કર પણ ઉપસ્થિત રહેલ હતા.

- **સોમવાર, તા. ૧૬-૯-૨૦૧૩**

★ આજરોજ સવારમાં શ્રી અશોક મહેતા, શ્રી પ્રતાપભાઈ દંડ, શ્રી નરેન્દ્ર છ. શાહ તથા ભુજના શ્રી રજનીભાઈ પટવા તેમજ શ્રી વીરેન શાહ તુંબડી ગામની મુલાકાતે ગયેલ હતા. તેઓ પ્રથમ તુંબડી મહાજનના પ્રમુખ શ્રી હસમુખભાઈ બૌઆને મળ્યા. ત્યારબાદ તુંબડી પંચાયતના સરપંચ શ્રી રણજિતસિંહ જાડેજા તથા તેમના વડીલબંધુ શ્રી ચંદુભા જાડેજાને મળ્યા. તેઓએ તુંબડી ગામના સર્વે નંબર ૧૬૦ની શ્રી નરેન્દ્રભાઈ પરિવારની અંદાજિત ૯ એકર જમીન બતાવી કે જેની બાઉન્ડ્રી પર ફરતે વૃક્ષારોપણ કરી શકાય. એ સિવાય શ્રી ચંદુભાએ તુંબડી ગ્રામ પંચાયતની પોતાની ૩૫ એકર જમીન વૃક્ષારોપણ કરવા માટે ઑફર આપી. ત્યાંની વાટાઘાટો તેના અનુસંધાને પૂર્ણ કરવામાં આવી. ત્યારબાદ ભુજપુર પાંગળાપોળની મુલાકાત લીધી. ભુજપુર પાંગળાપોળના શ્રી કનકસિંહ જાડેજા તથા ભુજપુરના માજી સરપંચ શ્રી મહેન્દ્રભાઈ ગઢવી સાથે અત્રે ચર્ચા કરવામાં આવી. સાથે ભુજપુરના શ્રી અમૃતલાલ ભેદા તથા શ્રી દિનેશ દેઢિયા ઉપસ્થિત રહેલ હતા. ભુજપુર પાંગળાપોળ સાથે ફાઈનલ નિર્ણય પર આવી શકાશે તો અહીંની ૧૭ એકર જમીન પર પણ શ્રી ક.જૈ.સે.સ. - અમદાવાદ તરફથી વૃક્ષારોપણ કરી તેને આવતા પાંચ વર્ષ સુધી ઉછેરી, મોટા કરી, પાંજરાપોળને પરત સોંપવામાં આવશે. ત્યારબાદ શ્રી નરેન્દ્ર છ. શાહે અદાણી ફાઉન્ડેશનને દાનમાં આપેલ ભદ્રેશ્વર ખાતેની જમીન પર અદાણી ફાઉન્ડેશન દ્વારા સમાજના આર્થિક રીતે નબળા વર્ગના બાળકો માટે જે શાળા બનાવવામાં આવેલ છે તેની મુલાકાતે ગયેલ હતા. આ શાળાની બધી જ વિગતો ફાઉન્ડેશનના અધિકારી શ્રી ગોપાલભાઈ દ્વારા વિગતવાર સમજાવવામાં આવેલ હતી. ત્યારબાદ ત્યાંથી નીકળી રાત્રે અમદાવાદ પરત પહોંચેલ હતા.

- **મંગળવાર, તા. ૧૭-૯-૨૦૧૩**

★ શ્રી ભુજપુર પાંગળાપોળ, શ્રી તુંબડી ગ્રામ પંચાયત તથા શ્રી નરેન્દ્ર છ. શાહની તુંબડી ગામની જમીન પર વૃક્ષારોપણ કરવા મૌખિક રીતે જે નક્કી કરવામાં આવેલ હતું તેના અનુસંધાને આજે તેઓ બધાને પત્રો લખી તેની લેખિત સ્વરૂપે મંજૂરી મંગાવવામાં આવેલ છે.

★ છેલ્લા કેટલાક સમયથી શ્રી રાજુભાઈ ગોળવાલાએ પોતાનાથી શક્ય, યલો પેજિસ ફોર્મ્સ જરૂરી પૂરવણી કરવાની જવાબદારી સ્વીકારી લીધેલ છે કે જે કાર્ય તેઓનું ચાલુ રહેવા પામેલ છે.

★ આજરોજ ગુજરાત રાજ્યના મુખ્યમંત્રી શ્રી નરેન્દ્ર મોદીનો ૬૪મો જન્મદિવસ હોવાથી તેમને અભિનંદન આપવા ગાંધીનગર ટાઉન હોલમાં સમાજ તરફથી શ્રી અશોક મહેતા, શ્રી કાંતિલાલભાઈ સાવલા, શ્રી નરેન્દ્ર છ. શાહ તથા શ્રી હસમુખ ગઢેચા ગયેલ હતા. ટાઉન હોલ ખીચોખીચ ભરાઈ ગયેલ હતો અને અંદર ઉપસ્થિત લોકો હતા તેના કરતાં બહાર વધુ લોકો રહી ગયેલ હોવાથી અભિનંદન સમારોહમાં ઉપસ્થિત રહ્યા વગર જ પરત આવવું પડેલ હતું.

★ આજરોજ રાત્રે શ્રી કચ્છી જૈન ભવન પર ગૃહઉદ્યોગ સમિતિની એક મિટીંગ મળેલ હતી. આ મિટીંગમાં શ્રી સંદીપ મહેતા, શ્રી રાજેન્દ્ર વસા, શ્રી પીયૂષ પારેખ, શ્રી દિલીપ સંઘવી તથા શ્રીમતી અમીબેન શાહ ઉપસ્થિત રહેલ હતા. દિવાળી મીઠાઈ માટે આઝાદ હલવાઈ, રસબહાર વગેરેના ભાવ લેવામાં આવેલ હતા. વિવિધ ચર્ચા કર્યા બાદ ફાઈનલ નિર્ણય લેવાનું બાકી રહેલ હતું. ડ્રાયફ્રુટની વિવિધ દુકાનોએ જઈ તે બાબત જરૂરી નિર્ણય લેવાનું નક્કી કરવામાં આવેલ હતું. ફરસાણ માટે શ્રી ભાવેશભાઈ ગડાની સલાહ સૂચના અનુસાર નિર્ણયો લેવામાં આવેલ હતા. કેડબરી ચોકલેટના પેકેટ્સ અંગે જરૂરી નિર્ણયો લેવામાં આવેલ હતા. આવતા ચારેક દિવસમાં આ બધી આઈટમોના ભાવ નક્કી કરી તેના સેમ્પલ અને ભાવપત્રક સહિત તા. ૨૨-૯-૧૩ના સ્વામિવાત્સલ્ય જમણવારના સમયે સભ્યોના ઓર્ડર લેવાનું નક્કી કરવામાં આવેલ હતું.

★ આજરોજ રાત્રે શ્રી કચ્છી જૈન ભવન પર જમણવાર સમિતિની એક મિટીંગ મળેલ હતી. શ્રી સંદીપ મહેતા, શ્રી રાજેન્દ્ર વસા, શ્રી વીરેન્દ્ર રાઘવજી લોડાયા, શ્રી કિશોરભાઈ લાલકા, શ્રી પીયૂષ પારેખ તથા શ્રીમતી અમીબેન શાહ ઉપસ્થિત રહેલ હતા. સ્વામિવાત્સલ્ય જમણવાર અંગે આવેલ વિવિધ કોન્ટ્રાક્ટરોના ભાવ અંગે ચર્ચા કરી, આ વર્ષે શણગાર ડેકોરેટર્સના ભાવ સહુથી ઓછા હોવાથી તેઓને કામ આપવાનું નક્કી કરવામાં આવ્યું. સ્વામિવાત્સલ્ય જમણવાર સમયે સંકલ્પ

*જેમને સ્મારકની જરૂર હોતી નથી તેઓ જ એને યોગ્ય હોય છે.*

સાથે વોલન્ટિયર બાબતે વિવિધ ચર્ચા કરવામાં આવી. યુવા વિકાસ સમિતિના નવરાત્રિ કાર્યક્રમ તથા શરદ પૂનમના કાર્યક્રમના સમયે રાખવામાં આવેલ નાસ્તાના મેન્યુ તથા ખર્ચ બાબતે ચર્ચા કરવામાં આવી. આ બાબતની દરેક પ્રકારની વિચારણા કર્યા બાદ ફાઈનલ નિર્ણય હવે પછી લેવાનું નક્કી કરવામાં આવ્યું. મહિનામાં એક રવિવારે શ્રી કચ્છી જૈન ભવન પર સંધ્યા રેસ્ટોરન્ટ ચાલુ કરવા બાબતે ચર્ચા કરવામાં આવી. ■

## ઊડતી નજરે....

**ઓગસ્ટ-૨૦૧૩ દરમ્યાન શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની વિવિધ સેવાઓનો લાભ લેનાર વ્યક્તિઓ**

| ક્રમ | | સેવાઓ | લાભ લેનાર વ્યક્તિઓ |
|---|---|---|---|
| ૧. | | શ્રી નવનીત મેડિકલ સેન્ટર તથા<br>શ્રીમતી પ્રભાવતીબહેન કાંતિલાલ વેલજી સાવલા મેડિકલ ચેક-અપ સેન્ટર, પાલડી, અમદાવાદ. | |
| | (અ) | કુલ લાભ લેનાર વ્યક્તિઓ ...........<br>જેમાંથી – | **૧૧,૨૩૭** |
| | (બ) | શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની વ્યક્તિઓ ........... **૫૪૦** | |
| | (ક) | સાધુ-સાધ્વીજી મહારાજ સાહેબો ........... **૪૭** | |
| | (ખ) | મોતિયા - આંખનાં ઑપરેશન (સાપ્તાહિક બે દિવસ) ........... **૦૬** | |
| | (ગ) | સોનોગ્રાફી ........... **૮૬૧** | |
| | (ઘ) | ટી.એમ.ટી. (માત્ર ડૉક્ટર દ્વારા ભલામણથી) ........... **૨૧** | |
| | (ચ) | બોડી ચેક-અપ ........... **૩૬૫** | |
| | (છ) | અન્ય ........... **૯,૩૯૭** | |
| ૨. | | જી.એમ.ડી.સી. પ્રાયોજિત શ્રી કચ્છી વિશ્રામ ગૃહ - શાહીબાગ, અમદાવાદ<br>કુલ લાભ લેનાર વ્યક્તિઓ ........... **૨,૧૭૫**<br>શ્રી કચ્છી વિશ્રામ ગૃહ - શાહીબાગની કેન્ટીનમાં લાભ લેનાર વ્યક્તિઓ ........... **૫,૬૦૫**<br>શ્રી જલારામ અન્નક્ષેત્રમાં લાભ લેનાર વ્યક્તિઓ ........... **૩૭૧**<br>કચ્છ સંસ્કૃતિ મ્યુઝિયમની મુલાકાત લેનાર કુલ વ્યક્તિઓ ........... **૧,૭૨૩** | **૯,૮૭૪** |
| ૩. | | માતુશ્રી કંકુબહેન કાનજીભાઈ રવજી (નાની ખાખરવાલા) અતિથિ ભવન,<br>પાલડી, અમદાવાદ<br>કુલ લાભ લેનાર વ્યક્તિઓ ........... **૮૭૩**<br>શ્રી કચ્છી જૈન ભવન - પાલડીની કેન્ટીનમાં કુલ લાભ લેનાર વ્યક્તિઓ ........... **૩,૩૬૫** | **૪,૨૩૮** |
| ૪. | | માતુશ્રી કંકુબહેન કાનજીભાઈ રવજી (નાની ખાખરવાલા) સેવા ભવન,<br>ગીતા મંદિર, અમદાવાદ<br>કુલ લાભ લેનાર વ્યક્તિઓ ........... **૪૮૫** | **૪૮૫** |
| | | ઓગસ્ટ - ૨૦૧૩ દરમ્યાન વિવિધ પ્રકારની સેવાઓનો લાભ લેનાર કુલ વ્યક્તિ ........... | **૨૫,૮૩૪** |

*નોંધ : ★ મોતિયા - આંખના ઑપરેશન સપ્તાહમાં બે દિવસ કરવામાં આવે છે. ★ અહેવાલના સમય દરમ્યાન મેડિકલ સેન્ટરના રીનોવેશન કામકાજના કારણે કેટલાક વિભાગોમાં તેની કામગીરી મોકૂફ રાખવામાં આવી હતી.*

*સત્ય માટે સાહસ કરો. અસત્યનો કોઈ ઉપયોગ નથી. જે ભૂલને સત્યની સૌથી વધુ જરૂર છે તે અસત્યથી બેવડાય છે.*



# જીવદયાપ્રેમીઓ દાનવીર દાતાઓ



## આપના અમૂલ્ય દાનની સરવાણીનો મોટો પ્રવાહ પાંજરાપોળો તરફ વાળો

- આપનો કે આપના પરિવારજનોનો, બાળકોનો જન્મદિવસ.
- લગ્નદિવસ, લગ્નતિથીની ઉજવણી, લગ્નના ૨૫ કે ૫૦ વર્ષની ઉજવણી.
- આપની જીંદગીના ૫૦/૭૫ વર્ષની ઉજવણી.
- આપના સ્વજનની પૂણ્યતિથી, દેવ-દેવીના પહેડી પ્રસાદનો દિવસ વગેરે પ્રસંગોને નિરાધાર-મુંગા જીવો માટે અભયદાનનો અવસર બનાવો.
- વર્તમાનકાળે પાંજરાપોળોને મુશ્કેલ પરિસ્થિતિ ઉદ્‌ભવી છે.
- વધુ વરસાદના કારણે લીલા દુકાળની પરિસ્થિતિ ઉદ્‌ભવી છે.
- ઘાસ-ચારા-દાણખાણના ભાવ વધતા જાય છે. ખુબ તંગી વર્તાય છે.
- હાલમાં પરિસ્થિતિ વિકટ છે તો ઉનાળામાં શું થશે ? પરિસ્થિતિ વધુ બગડશે.
- વધતા જતા વહિવટી ખર્ચ-મોંઘવારી અને ઘટતા જતા વ્યાજદરથી બે પાસા ભેગા કરવા મુશ્કેલ બન્યા છે.
- દરેક પાંજરાપોળોના બજેટખર્ચ દોઢાથી બમણા થઈ જવાની શક્યતા છે.
- વર્તમાનકાળમાં નવા નવા કતલખાના ખોલાતા પાંજરાપોળોની જરૂરિયાત વધી છે.
- યાંત્રિકરણ, શહેરીકરણ, વાહન વ્યવહાર વધવાથી પશુઓનો વપરાશ ઘટતો જાય છે.
- ચરિયાણ ગૌચરની જમીનો ઉદ્યોગોને અપાતા મોંઘી થતી જાય છે.
- ખેતીની પેદાશમાં રોકડીયા પાક તરફ ખેડૂતોનું વલણ વધી ગયુ છે. ચરિયાણ ગૌચર જમીનો પર દબાણ થતા જાય છે.
- ખેડૂતો તરફથી ભેટમાં મળતું ઘાસ ઓછું થવા લાગ્યું છે.
- આપણો વસવાટ શહેરોમાં થતા પશુઓ પ્રત્યે દયા-ભાવના લાગણી ઘટી છે.
- માંસાહારનો પ્રચાર વધતા, માંસની નિકાસ વધતા પશુઓની બેફામકતલ વધી છે.
- પશુ બચશે તો દેશ બચશે, ખેતી બચશે, પર્યાવરણ બચશે, ગરીબી, ભૂખમરો ઘટશે.

કચ્છની કોઈપણ ૮૦ પાંજરાપોળમાં દાન મોકલવા માર્ગદર્શન અને પશુસંખ્યા જાણવા ફોન કરી શકશો,
લિસ્ટ મંગાવી શકશો અથવા પ્રતિનિધીને રૂબરૂ બોલાવી લેશો.

### શ્રી કચ્છ જિલ્લા પાંજરાપોળ ગૌશાળા સંગઠન

માતુશ્રી મેઘબાઈ અને પિતાશ્રી ધારશી માલશી ભેદા-મોખા (થાણા)

કાર્યાલય : શ્રી આશાપુરા રીંગરોડ, સોનીવાડ, સોનીવાડ કોમ્પલેક્ષ, પહેલા માળે, ઓફિસ નં. ૧૨૭/૧૩૦. ભુજ-કચ્છ (ગુજરાત) ૩૭૦ ૦૦૧.

ભુજ ઓફિસ : ૦૨૮૩૨-૨૨૭૩૦૪. મો. ૦૯૯૦૭૪૮ ૩૧૫૧૪ (શ્રી ભરતભાઈ સંઘરવા)

**સૌજન્ય દાતા : દીપક તથા ગીરીશ ધારશી માલશી ભેદા - મોખા (થાણા)**

: મુંબઈ ઓફિસ :

માતુશ્રી મેઘબાઈ અને પિતાશ્રી ધારશી માલશી ભેદા-મોખા (થાણા)

૩૦૭/૩૧૧, સરદાર વલ્લભભાઈ પટેલ રોડ, ૧૩ કાનજી મેન્શન, ગોકુલધામ હોટલની બાજુમાં, મુંબઈ-૪૦૦ ૦૦૪.

ટે. નં. ૨૩૮૧૩૭૩૩ / ૬૬૩૮૦૫૦૦. મો. ૯૯૨૦૨ ૯૮૭૨૬ / ૯૯૧૩૯ ૫૩૮૫૬


Since 1958
Leading. Innovating. Growing.
Winner of Excellence Awards
CEAT 2010 & 2011
CFBP - 2011
Apollo CV - 2012
ISO 9001 : 2008
V-Trans offers unmatched service edge to all its customers
Our Divisions
V-Trans
Reliable Hard Freight Transport
V-Xpress
Timebound Multimodal Express Cargo Service
V-Logis
Warehousing & Inventory Management
• Specialized in swift, safe movement of parcels from a small 10 kg parcel to bulk sundry, Full truck Loads, ODC and Projects at most cost effective rates
• Expertise in multi point door pickup and door delivery
• Next Day Delivery Service on select 25 routes and scheduled dispatches to major locations
• Geographical presence across India at 400 locations in 26 states - further expanding
• Unique V-Trans advantages: Full transit insurance, centralized Customer Service Cell with Toll Free Nos. Specialized Key Accounts Management for multi location servicing, fully computerized operations, all logistic solutions under one roof
Corporate Office : V-Trans (India) Limited
5-A, Novre Apartments, S. V. Marg, Sion (West),Mumbai - 400 022. Tel: 022 - 2402 0880. Fax: 022-24043144
Email: info@vtransgroup.com Web: www.vtransgroup.com
V-Trans Toll Free no. : 1800-220-180
V-Xpress Toll Free no. : 1800-220-240

*With*

*Best Compliments*

ASHAPURA

GROUP OF INDUSTRIES

**ASHAPURA GROUP OF INDUSTRIES**

Jeevan Udyog Building, 3rd Floor, 278, Dr. D. N. Road,
Fort, Mumbai - 400 001, INDIA.

Tel. : +91-22-6665 1700 Fax : +91-22-2207 9395 / 2207 4452

E-mail : ashapura@vsnl.com

Website : www.ashapura.com

"Mangal Mandir" - Regd. under Postal Registration No. GAMC-315/2012-2014 Valid upto 31st December, 2014.
Published on 1st of Every Month and Permitted to Post at Ahmedabad PSO on 5th of Every Month.
R.N.I. No. of RNP is 33266/1978


# A World Class Exterior & Interior Acrylic Paints




*You Can't Buy Better Even At Higher Price !*

**INDOCEM (INDIA) PVT. LTD.**

(An ISO 9001: 2000 Certified Company)

**Ahmedabad** : 27541226, 27544161, 25743401, Fax : 079-27544199, **Bangalore** : 080-26758800, 26758028, **Baroda** : 0265-2412446, 2434041, **Bhopal** : 0755-2556785, **Bhuj** : 02832-223290, 250959, **Goa** : 0832-2752582, **Hubli** : 0836-2251415, **Hyderabad** : 040-24740401, 55598874, **Mangalore** : 0824-2410320, 4252325, **Mumbai** : 022-26858636, 26858639, **Nasik** : 0253-2511247, **Pune** : 020-26110951, **Rajkot** : 0281-2222766, **Surat** : 0261-2543332,